॥ ૐ ॥

ઉપહાર.

______________________ તરફથી

______________________ રૂપે

______________________ ભેટ.

તા૦ ____________ } સહી ____________

____________ } ____________

સ્પષ્ટીકરણ:—ઉપહારપત્રની પ્રથમ પંક્તિમાં ભેટ આપનારે પોતાનું નામ લખવું, બીજી પંક્તિમાં "પ્રેમોપહાર" રૂપે કિંવા મૈત્રીના ચિન્હ સ્વરૂપે અથવા શ્રી   ના સ્મરણ રૂપે ઈત્યાદિ શબ્દોમાંથી જે પોતાને વ્યાજબી લાગે તે શબ્દો લખવા; અને ત્રીજી પંક્તિમાં જે સજ્જનને આ પુસ્તક ભેટ રૂપે મોકલવામાં આવતું હોય તે સજ્જનનું નામ લખવું.

આ ગ્રંથ ભાવનગર—ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ
ગુલાબચંદ લલ્લુભાઇએ મેસર્સ મેઘજી હીરજી
બુકસેલર પાયધુની મુંબઇ વાળા માટે છાપ્યો.

મારા જીવન ઉદ્ધારક.



પ્રસિદ્ધવક્તા. શ્રીયુત શિવજી દેવસિંહ શાહ, મઢડા (કાઠીયાવાડ.)
(મનુષ્ય ઉદ્ધારક સંસ્થાઓના સંસ્થાપક.)
જન્મ સં. ૧૯૩૨ ના વૈશાખ વદ ૮ ને મંગળ.

મનુષ્યની દશ અવસ્થાઓ.



નૂતન વર્ષાભિનંદન.

(મુખ પૃષ્ટ ચિત્ર પરિચય.)

૧. કેવી નીર્દોષાવસ્થા !

સબળ—નીરોગ અને કુદરતી જીવન ગાળનાર માત—પિતાનું સંતાન કેવું આરોગ્ય-મનોહર અને આશાપ્રદ હોય છે તેનો વિચાર કરો !

૨. કેવું સુખી જીવન !

સંસારના સમસ્ત પ્રપંચોથી અજ્ઞાત હેવી શિશુ અભયાસની સાથે આનંદ કરતો કેવો નયનાનંદ આપે છે ? બાળ-લગ્નની ધગધગતી અગ્નિચિંતામાં ફેંકી હર્ષ પામનાર માબાપો ? પુત્રનું સત્યાનાશ વાળશો માં ?

૩. પ્રેમનો પૂર્વાભાસ !

પ્રેમની પવિત્ર રજ્જુથી જોડાએલાં બે હૈયાં સુખદુઃખમાં પરસ્પરને સહાયતા આપવાની કેવી કબુલાતો આપી રહ્યાં છે ? કજોડાની ઉંડી ખાઇમાં હડસેલી દઇ તમારાં સંતાનોના જીવનની મટ્ટી ખરાબ કરશો મા દેવોપમ માતપિતાઓ !

૪. પ્રેમની પરાકાષ્ટા !

દંપતીની સ્નેહગ્રંથીને વિશેષ દ્રઢ કરનાર બાળ શિશુ

ગૃહસ્થ જીવનને કેવું અજવાળે છે ? સંસાર-ધર્મની સફળતાનું કેવું ઉજ્જવળ ચિત્ર દૃશ્યમાન થાય છે ?

૫. જીવનનો મધ્યાન્હ ?

બ્રહ્મચર્યાવસ્થા અને ગૃહસ્થાવસ્થા જેઓ સ્વાભાવિક રીતે પસાર કરે છે, તેમના જીવનનો મધ્યાન્હકાળ કેવો તેજસ્વી અને પ્રભાવશાલી હોય છે તે આ ચિત્રદ્વારા તપાસો. સબળ દેહ તથા પરિણામદર્શી બુદ્ધિની સાથે ઉમંગ અને ઉત્સાહપૂર્વક વ્યાપારી જીવન ખેડનાર મનુષ્યો ટુંકી મુદતમાં સારૂં દ્રવ્ય પ્રાપ્ત કરી પોતાના શેષ જીવનનો તથા દ્રવ્યનો કેવો સદુપયોગ કરે છે તે હવેના ચિત્રોમાં જોઇ શકશો.

૬. દેશસેવા-જનસેવા.

જીવનનો સૂર્ય હવે નમે છે, એમ માની સુજ્ઞ મનુષ્યો યથાશક્તિ દેશસેવામાં અને જનસેવામાં તન-મન-ધનનો ભોગ આપવાની તત્પરતા દર્શાવે છે. ભારત-સંતાનો આ ભૂમિકાનો અંતઃકરણપૂર્વક ક્યારે સ્વીકાર કરશે ?

૭. સમષ્ટિ-જીવન.

સ્વાર્થી સુખની પાછળ રાત-દિવસ તરફડીયાં મારનાર બંધુઓ વ્યક્તિગત ભોગોને તિલાંજલી આપી સમષ્ટિના-દેશના કલ્યાણ અર્થે આવું જાહેર જીવન, સાદું જીવન, પરોપકારી જીવન ગુજારવાનું ક્યારે શીખશે ?

૮. શાંત–એકાંત જીવન.

પોતાના દ્રવ્યનો તથા તન–મનનો દેશને સંપૂર્ણ લાભ આપી નિશ્ચિતમને પરકાળ સંબંધી પ્રશ્નો ઉકેલવા અં આત્મવિચારણા જાગૃત રાખવી એ આ અવસ્થાનો મુખ ઉદ્દેશ છે. વર્તમાન ભારતવર્ષ એ ઉદ્દેશની સાર્થકતા સાધ ભાગ્યશાળી થાય એજ અમારી અભિલાષા છે.

૯. અંતિમ જીવન.

કાળનાં પગલાં સંભળાય છે! શરીરની સમસ્ત શક્તિ ક્ષીણ થઈ ગઈ છે; છતાં જનસેવા અને ધર્મસેવાવડે પ્રા કરેલી શાંતિ ક્ષીણ થઈ નથી. જીવનની ક્ષણિકતા કોણ ન જાણતું? પરંતુ એ ક્ષણિક જીવનની સાર્થકતા સાધી લેના વીરલાઓજ ધન્યમાન્ય અને પૂજ્ય છે એમ કહેવાની જરૂર છે?

૧૦ સૂર્યાસ્ત !

જીવન નય અસ્ત પામવાની તૈયારી કરી રહ્યું. [illegible]

તથા ગૌરવશાળી બનાવવાને સમર્થ છે. દેશનો
આવી પ્રબલ ભાવનાથી ક્યારે પ્રેરાશે ?

૧૧ માનવરાજ !

સો વર્ષની સંસાર–યાત્રામાં તમારે કઈ ભૂ
કેટલો કાળ શોભવાનું છે ? અને પરકાળ માટે તેમ
માટે કેવી જાતની તૈયારીઓ કરવાની છે ? તે આ
જીવનની " દશ ભૂમિકાઓ દ્વારા દર્શાવવામાં
આર્યશાસ્ત્રના નિયમાનુસાર વર્તન તમોને સો વ
તેમજ સુખી આયુષ્ય અર્પે અને સંસારની સમસ્ત
આનંદ અને સંતોષપૂર્વક ભજવી જીવન સાર્થક ક
અમારી એકમાત્ર આ નવલવર્ષે અભ્યર્થના છે ! ત

થી લી૦

ના વંદેમાતરમ્.



પાંચમી આવૃત્તિ.

આ ગ્રંથને સર્વજનપ્રિય અને સર્વોપયોગી બનાવવા માટે મેં જે પરિશ્રમ કર્યો છે તે આ ગ્રંથમાં સ્પષ્ટ જણાઇ આવે તેમ હોવાથી તે વિષે આત્મપ્રશંસા કરવાનું હું ઉચિત ધારતો નથી. આ વખતે કાગળો ઉંચી જાતના વાપરવામાં આવ્યા છે; છતાં પ્રેસની ભૂલથી ફારમ જરા હલકા કાગળ ઉપર છપાઇ ગયો છે, તે બદલ વાંચકો ક્ષમા આપશે એવી હું આશા રાખું છું.

પાયધુની
મુંબઈ
તા. ૧-૪-૨૩

લી૰ સેવક,
મેઘજી.

હમેશાં યાદ રાખવા યોગ્ય—

એક સૂચના.

તમોને કોઇ પણ વખતે કોઇ પણ પુસ્તકની જરૂર પડે ત્યારે

મુંબઇમાં પ્રસિદ્ધ થયેલી અમારી દુકાને પહેલા ખબર આપજો.

બહાર ગામના ઓર્ડરો બહુજ કાળજી પુર્વક અને તાકીદે રવાના કરી ગ્રાહકોને સંતોષ આપવામાં આવે છે. તેની નોંધ લેવી વીસરશો નહિ.

લખો:—મેઘજી હીરજી.
પુસ્તકો વેચનાર અને પ્રસિદ્ધ કરનાર,
પાયધુની નં. ૫૬૬—મુંબઈ.

તૈયાર છે ! **પાક શાસ્ત્ર.** તૈયાર છે !

લેખક—ગં. સ્વ. લલિતાગૌરી સામરાવ
તથા
ગં. સ્વ. વિમલાગૌરી મગનલાલ.

કિંમત રૂ. ૩-૦-૦

લખો:—મેઘજી હીરજી બુકસેલર.
એન્ડ પબ્લીશર પાયધુની નં. ૫૬૬—મુંબઈ.

કિંચિત્ વક્તવ્ય.



આ ગ્રંથની પાંચમી આવૃત્તિ નવીન શૈલીમાં પ્રગટ થાય છે એ સૌભાગ્યનો વિષય છે. છાપખાનાની અગવડો તથા મોંઘવારીને લીધે ઉપસ્થિત થએલી વિચિત્ર પરિસ્થિતિને લીધે, ધારેલી મુદત ઉપરાંત અમારા ગ્રાહકોને ધૈર્ય રાખવું પડ્યું છે તે બદલ અમને દુઃખ પણ થાય છે. અમારે અમારા સુજ્ઞ ગ્રાહકો કે જેમણે અગાઉથી મ્હોટી સંખ્યામાં નામ નોંધાવી અમારા ઉત્સાહને શિથિલ નથી થવા દીધો તેમનો આ સ્થળે ઉપકાર માનવો જોઇએ.

પ્રસ્તુત પુસ્તક જો કે વિવેક-વિલાસની ચોથી આવૃત્તિ રૂપજ લેખાય. તો પણ પ્રથમની આવૃત્તિઓ કરતાં આમાં પ્રાસંગિક વિવેચન અને વ્યવસ્થિતપણાનો જે સહેજ સાથે વધારો કરવામાં આવ્યો છે તે ઉપરથી મૂળ ગ્રંથનું સ્વરૂપ ઘણું આકર્ષક બનવા પામ્યું હોય એમ અમને લાગે છે. ખરું જોતાં અમારા પોતાના અભિપ્રાયની કંઇ કીમત ન હોઈ શકે અને અભિપ્રાય આપવો એ અસંગત છે તો પણ અમોએ લોકશિક્ષણ-પ્રચારના ઉચ્ચ હેતુથી આ પ્રકારાંતર કરાવ્યું છે એમ કહી નાંખવું જોઇએ. ગ્રાહકો અને વાંચકો એ જ દ્રષ્ટિબિં

[illegible] અને તેઓએ બ્રાહ્મણોને જૈન ધર્મ અંગીકાર [illegible] ' [illegible] ' માં આવી ત્યાર પછી વસતી પ્રબો- [illegible] આચાર્યોની પરિક્ષા કરી, તેમાં વિશેષ શુદ્ધતા શ્વેતા- મ્બરોની [illegible] કહ્યું કે " શ્વેતાંબરો શુદ્ધ છે. [illegible] નથી, તે શાસ્ત્ર કહે છે તેજ પ્રમાણે પાળે છે, [illegible] આનંદની પ્રકાશ કર, [illegible] " [illegible] " વચન અંગીકાર કરી સુવર્ણ કીર્તિ શ્વેતા- મ્બર [illegible] શિષ્યનાં સમુદાયમાં શ્રીજીવદેવસૂરિ [illegible] ' ગ્રન્થકાર શ્રી જિનદત્તસૂરિ આચાર્ય [illegible] છે. '

શ્રીજિનદત્તસૂરિ [illegible] ક્યા વખતમાં હતા તે [illegible] છે. કારણ કે તેઓશ્રી અંતમાં તે બાબતનો [illegible] નથી, એટલુંજ નહીં પણ આ ' વિવેક-વિલાસ ' સિવાય તેઓની કૃતિનો બીજો કોઈ ગ્રન્થ [illegible] નથી, અને [illegible] પણ એવી [illegible] તેઓનો રચેલો આ એકજ ગ્રન્થ છે. છતાં પણ એટલું તો અનુમાન [illegible] કહીએ કે તેઓ વિક્રમના [illegible] હતા.

આ અનુમાન [illegible] એટલુંજ કે [illegible] [illegible] [illegible] હતા. તે [illegible]

રચંદ કવિ, ગુર્જરના રાજા વીસળદેવની કચેરીમાં તેના તેડાવ-
વાથી પોળકે આવ્યા હતા. વીસલદેવે ગુજરાતપર અણહિલ-
વાડમાં રહીને સંવત ૧૩૦૦ થી ૧૩૧૭ સુધી રાજ્ય કર્યું તે
પહેલાં તે સં. ૧૨૯૫ માં ધોળકાની ગાદી ઉપર આવ્યો હતો.
આ ઉપરથી આપણે જોઈ શકીશું કે વીસળદેવના વખતમાં શ્રી
અમરકવિ ધોળકે આવ્યા હતા, અને શ્રી જિનદત્તસૂરિ તેઓનાં
ગુરૂ થતા હતા. તે ઉપરથીજ તેરમા સૈકાનું અનુમાન આપણે
શ્રી જિનદત્તસૂરિ માટે કાઢીશું તો ખોટું ગણાશે નહીં. આથી
વિશેષ ખાત્રી કરી શકાય તેવું કોઈ સાધન આપણને જોવામાં
આવતું નથી.

વાયડગચ્છ હાલમાં તો ગુજરાતમાં હૈયાતી ધરાવતો હોય
તેવું દેખાતું નથી, પછી ભલે કદાચ મારવાડ વિગેરેમાં તે ગ-
ચ્છના કોઇ શ્રીપૂજ્યો અને ગોરજીઓ હયાત હોય! સૂરિ માટે
આટલો ટુંકો હેવાલ જણાવ્યા બાદ અત્રેથીજ વિરામ પામીશું.

(પ્રથમાવૃત્તિમાંથી



પ્રસ્તાવના.

પૂર્વાચાર્યના કોઇ એક માનસ—સંતાનની અકસ્માત્ કાયા પલટી નાંખવી એ કોઇ કોઇની દૃષ્ટિમાં કદાચ ગંભીર ગુન્હો ગણાશે, હું એક અભિયુક્ત તરીકે બચાવનામામાં એટલું જ જણાવું છું કે મેં આ ગ્રંથને સંશોધિત તેમજ સુવર્દ્ધિત બનાવવામાં મુખ્યત્વે બે બાબતો ખાસ લક્ષમાં રાખેલ છેઃ—

(૧) સર્વ સ્થળે બનતાં સુધી મૂળ આચાર્યના જ શબ્દો ટાંકવા અને (૨) નકામું પીંજણુ ન કરવું.

પહેલી પ્રતિજ્ઞામાં તો હું સફળ થયો છું. બીજી પ્રતિજ્ઞા કેટલે અંશે પળી છે તે વિચારવાનું કામ મારૂં નથી.

ગ્રંથનું બાહ્ય સ્વરૂપ પલટાવા છતાં આંતર સ્વરૂપ તો જેમનું તેમ જ રહેવા પામ્યું છે. કદાચ એમ બન્યું હોય કે હું મૂળ આચાર્ય મહારાજનો ઉદ્દેશ ન સમજી શકયો હોઉં અને તેથી તે વિષે સ્પષ્ટિકરણુ કરવા જતાં આડે માર્ગે દોરાઇ ગયો હોઉં; પરંતુ મૂળ પુરૂષના શબ્દો અને વાકયો મારૂં ઉત્તરદાયિત્વ ન્યુન કરશે એવી આશા છે,

શ્રીમદ્ જીનદત્તસૂરિજીએ આ ગ્રંથમાં ભિન્ન ભિન્ન વિષયો એવી રીતે ચર્ચ્યા છે કે મારા જેવો એક સામાન્ય માણુસ તે સર્વ વિષયો સંબંધે સ્પષ્ટીકરણુ ન જ કરી શકે. મૂળ આચાર્ય મહારાજને જ્યોતિષ, શુકનશાસ્ત્ર, તથા સ્વરશાસ્ત્ર વિગેરે શાસ્ત્રીય વિષયોનું જે જ્ઞાન હોવું જોઇએ તેના પ્રમાણુમાં મારામાં એ વિષયોનું બિંદુ માત્ર પણુ જ્ઞાન નથી એમ કહેવામાં હું નમ્રતા કે વિનય નથી બતાવતો; પણુ વસ્તુસ્થિતિજ કહી

રહ્યો છું. મને આ પુસ્તક ફરીથી જોતાં વખતે એમ લાગ્યું કે આવા વિધ વિધ વિષયો એક જ ગ્રંથમાં શા માટે દાખલ કરી દેવામાં આવ્યા હશે? એક સ્થળે સર્પના વિષના ઉતારની વાત આવે છે તો તુરત જ પાછી પાપ-પુણ્ય સંબંધી કે એવી બીજી વાત શરુ કરવામાં આવે છે. આમ બનવાનું શું કારણ હશે? એ પ્રશ્ન મેં યથામતિ વિચારી જોઈને મૂળગ્રંથ—'વિવેક વિલાસ' માં જે જે ભિન્ન-ભિન્ન-સૂત્રરૂપ એવા ભાગ પાડી વિષયોને વહેંચી નાખવામાં આવ્યા છે. તોપણ એ યોજના આખર સુધી બરાબર સચવાઈ રહે એમ નથી બન્યું. આનું કારણ મને એટલું જ લાગે છે કે મૂળ આચાર્ય મહારાજને પોતાની દેશ-કાળ સંબંધી પરિસ્થિતિને અનુસરીને જે કહેવાનું હતું તેને જોઈને જુદા જુદા વિષયો સાથે સંબંધ હતો કે તેઓ ક્રમે તે એક પ્રસંગ ઉભો કરી તે બધું કહી નાંખે જ રહે! એક જ વિષય જુદા જુદા પ્રસંગે ચર્ચાયેલો હોય એમ પણ કદાચિત્ જોવામાં આવે છે. આનું કારણ પણ મેં ઉપર કહ્યું તે જ લગભગ હોવું જોઈએ. આચાર્ય મહારાજનો ઉદ્દેશ પોતાના કાળમાં પરંપરાથી ચાલી આવેલી અથવા તો સાધની વાતો—વિધિઓ લિપિબદ્ધ કરી દેવી અને એ રીતે એક સંહિતા તૈયાર કરી અભ્યાસીઓને તે સોંપવા જેવું એવો જ કંઈક હોવો ઘટે છે. મેં આ સંવાદ-શૈલીના રૂપમાં તૈયાર કરતી વખતે બની શક્યું ત્યાં સુધી વિષયોને એક જ વાર્તાલાપમાં પુરા કરવાનો પ્રયત્ન કર્યો છે, તેમાં પણ કેટલીક ખામીઓ રહી જવા પામી છે એ વાત હું સારી રીતે જાણું છું. મારે આ ગ્રંથ બહુ ઉતાવળથી લખી નાંખવાનો હતો તેથી જોઈએ તેટલી કાળજી છેવટ સુધી ન રાખી શક્યો હોઉં એ પણ બનવા જોગ છે. વિદ્વાનો તે વિષે ઉહાપોહ કરશે તો એ પછીની આવૃત્તિને માટે પ્રકાશકને ઉપયોગી થઈ પડશે. પ્રકરણની વિભાગ સંખ્યામાં તથા અન્યત્ર મુદ્રણદોષો રહી જવા પામ્યા છે તે સુજ્ઞ ગણી લેશે એવી મારી નમ્ર વિજ્ઞપ્તિ છે

"વિવેક-વિલાસ" ની સંસ્કૃતમાં એક મ્હોટી ટીકા છે એમ સાંભળ્યું છે. પરંતુ તેનો ઉપયોગ કરવા જેટલો સમય મને નથી મળી શક્યો વળી મારે ચોક્કસ સીમાઓની અંદર રહીને જ વિવેચન વિગેરે લખવાનું હતું તેથી ક્યાંઈ ઉણપ જેવું જણાય તો વાચકોએ ક્ષંતવ્ય ગણી લેવું એવી મારી નમ્ર પ્રાર્થના છે.

વીલેપારલે (મુંબઈ.) | સર્વદા સર્વનો સેવક.
તા. ૯ માર્ચ ૧૯૨૦ | સુશીલ.

મનવાંછીત સંતતિ મેળવવા,
પ્રજા નિરોગી રાખવા-અને
ગૃહસંસારનું સ્વર્ગ રચવા માટે
દરેકે

મહીલા મહોદય

વાંચવું જ જોઇએ, જે દુનિયાનો દિલાસો, સુવાવડીનો સાથી, દર્દીનો ડોકટર અને સ્ત્રી બાળકનો સર્જન છે.

૧૪૮ વિવિધ વિષયોથી ભરપૂર થાળ-ચિત્રોના શણગાર સાથે પાકા કપડાના બાઇન્ડીંગથી બંધાએલ કીં. **ફક્ત બે રૂપીયામાં** મળશે. પોષ્ટ ખર્ચ અલગ.

લખો:-મેઘજી હીરજી બુકસેલર, મુંબઈ નં. ૩.

સમયનો સદ્ ઉપયોગ.



ડા. મેઘજીભાઈ — તેમના માતુશ્રી જેતલીબાઈ અને તેમની દીકરી સરસ્વતી — તેમના ભાઈ લાલજી અને તેમની દીકરી નરગ.

સમયનો સદ્ ઉપયોગ.

मातृदेवो भव:



પ્રાતઃ સ્મરણીય—ચિરવંદનીય માતુશ્રી—જેવલીબાઈ.

જે માતાએ પોતે ભીનામાં સૂઈ મને સૂકામાં સૂવાડ્યો હોય, જે વંદનીય માતાએ મારા હજારો દોષો અને વાંકોની ઉપેક્ષા કરી સતત સ્નેહામૃતનું પાન કરાવ્યું હોય તેમના ઉપકારોનો બદલો મારા જેવા પામર પુત્ર શી રીતે વાળી શકે ! ઉપકારનો બદલો તો દૂર રહ્યો, એ ઉપકારોની સંખ્યા અને સ્વરૂપ વિચારતાં પણ આત્મા ગદ્‌ગદ થઈ જાય છે !

હજી પણ જેઓ મારા દુઃખમાં શાંતિ–હિમ્મત–ધૈર્ય અને દઢતાના ધ્રુવ તારા સમાન પ્રકાશી રહ્યાં છે; તેમનાં કરકમળમાં સંપૂર્ણ ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક આ ગ્રંથ અર્પણ કરવામાં હું કાંઈ વિશેષ નથી કરતો.

ઋણી છોરૂ મેઘજી.

Krishna Press Bombay No 2.

અનુક્રમણિકા.

[૧] પ્રાતઃકૃત્ય.

[૨] સ્નાન વસ્ત્ર-પરિધાન વિધિ.

[૩] શ્રેષ્ઠ વણિકનાં લક્ષણો.

[૪] રાજાનો પરિચય તથા રાજાના નોકરનો ધર્મ.

[૫] ભોજન વિધિ.

[૬] સામુદ્રિક શાસ્ત્ર.

દીપક તથા પલંગ વિગેરે કેવા હોવા જોઈએ, સુતા પહેલાં શું શું કરવું ? પૃથગ શય્યાથી લાભ, શયન વિધિ, રાત્રીએ કેટલાં વાના શા માટે ન કરવાં ? લગ્ન એ પાશવવૃત્તિને સંતોષવા માટે નથી; કન્યાવિક્રય વિષે સંક્ષેપ, કન્યા કેવા પાત્રને આપવી ? અપાત્ર વિષે સ્પષ્ટીકરણ, વિદ્યાવાન પાત્રની પસંદગી કરવાનો આગ્રહ, શુરવીર નરને કન્યા કેમ ન આપવી ? મુમુક્ષુને કન્યા આપવાથી હાની, ભવ્યાકૃતિ પુરૂષનાં લક્ષણો, પૂજ્યપાત્ર પુરૂષ, સુખશીલ મનુષ્ય, ધન્યવાદને પાત્ર પુરૂષ, ઉન્નતીશીલ પુરૂષ, કાર્યસાધક પુરૂષ આદિ પુરૂષોના બાહ્ય ચિન્હો કેવાં હોય, ગતિ વર્ણ સ્નેહ સ્વર તેજ અને સત્વ ઉપરથી મનુષ્ય પરિક્ષા કરવાની કળા, દેવોની મનુષ્યોની તિર્યંચોની તથા નારકીમાંથી અવતરી આવેલા મનુષ્યો કેવી રીતે પારખવા ? મનુષ્યત્વ કોને કહેવાય ? આકૃતિ ઉપરથી પ્રકૃતિ તપાસવાની વિદ્યા, માનવદેહ ઉપરનાં કુદરતી લક્ષણો, સ્ત્રી અને પુરૂષનાં લક્ષણોમાં વિભિન્નતા, હાથ અને હાથની રેખાઓ વિષે વિવેચન, આંગળીઓના વિચિત્ર નામો પડવાનાં કારણો, ઉત્તમ હાથ કયો કહેવાય ? હથેળીના રંગો ઉપરથી અનુમાન, મણિબંધની પરીક્ષા, આંગળીઓ ઉપરથી થતું ભાવી સૂચન, સામુદ્રિક શાસ્ત્ર, ઉર્ધ્વ રેખા આયુષ્ય રેખા, ધન રેખા, પુત્ર રેખા આદિનાં સ્થાનો, વજ્ર વત્સ હાથી ભગદ તથા આયુષ્યની રેખાનો પ્રભાવ, તે રેખાઓ ક્યાં આવેલી હોય છે, રેખાઓ ઉપરથી મૃત્યુનું સૂચન, નખ ઉપરથી સૂચવાતું ભાવી. પૃષ્ટ ૮૫–૧૩૧.

[૭] સ્ત્રી પરીક્ષા.

વધુનાં લક્ષણો, સ્ત્રીની નિંદા કરવાના કારણો, અન્યુવાળી કન્યા પરણવાનું કારણ, કન્યા વિવાહ યોગ્ય ક્યારે ગણાય ? બાળ લગ્ન

—હેમંતચર્યા, આખા વર્ષમાં કેવી રીતે વર્તવું તે સંબંધી હિતોપદેશ, ધર્મધ્યાન કરવા વિષે ખાસ આગ્રહ, કેવા દેશમાં શ્રાવકે વસવું. નિમિત્તશાસ્ત્ર, રાષ્ટ્રને શિરે આફત પડવાની હોય તો કેવાં ચિન્હો દેખાય? ઉપદ્રવ થવાનો હોય તો પ્રથમ શું થાય? ઇન્દ્ર ધનુષ્ય તથા વનસ્પતિમાં વૈચિત્ર્ય જણાય તો શું થાય? દુષ્કાળનું અગ્રસૂચન કેવી રીતે જાણવું? દેશમાં ઉત્પાત થવાનો હોય તો પશુ પક્ષીઓમાં કેવું પરિવર્તન થાય? ઉત્પાત સાથે નક્ષત્રોનો સંબંધ, અતિવૃષ્ટિ, મોંઘવારી, સોંઘવારી કે દુષ્કાળનું જ્ઞાન અગાઉથી શી રીતે મેળવી શકાય? મહામારી, વ્યાધિ, આદિનું અગ્રસૂચન, દીવાળીના દિવસે જે વાર આવે તે પરથી બંધાતું અનુમાન; ગૃહ નવું બંધાવવું હોય તો કયો મહિનો તથા કઇ દિશા પસંદ કરવી? પ્રથમ આંકણી કયા નક્ષત્રમાં કરાવવી? આય, વ્યય તથા લગ્નાંશ વિષે સ્પષ્ટીકરણ, ઘરના ભેદો, પાણીઆરૂં ક્યાં રાખવું? વેધદોષ કયા કયા ગણાય? વૃક્ષ તથા ધ્વજાની છાયા વિષે ખુલાસો, ઉત્તમ ગ્રહનું લક્ષણ, પાડોશીઓ કેવા હોવા જોઇએ? ઘરમાં ફરનીચર અથવા શોભન સામગ્રી કેવી રાખવી? આપણો વૈરી અતિથિ તરીકે આવે તો શું કરવું? ઘરની આસપાસ વૃક્ષો કેવાં પ્રકારનાં હોવા જોઇએ? મંદિરની ભૂમિ તથા પ્રતિમા વિષે વિવેચન—પ્રતિમાધિકાર વિગેરે—કઇ પ્રતિમા પૂજ્ય ગણાય? પ્રતિમાના ખંડિતપણા ઉપરથી અનુમાન—કઇ પ્રતિમા ઘરમાં અને કઈ પ્રતિમા દેરાસરમાં રાખવી? પ્રાસાદ રચના—પ્રતિમાની દષ્ટિનું ધોરણ—શિલ્પ પરીક્ષા—પ્રાસાદની ઉચાઇ—પહોળાઇ—લંબાઇ અને ધ્વજા જીર્ણોદ્ધારનુ વાસ્તુ કયારે લઇ શકાય? ભામંડળ પ્રકટાવવાનો વિધિ—કાષ્ટ પરીક્ષા.

પૃષ્ટ ૨૦૯—૨૬૪

[૧૦] ગુરૂ-શિષ્ય સંબંધ.

[૧૧] વિષ ચિકિત્સા.

[૧૨] ષડ્દર્શન મિમાંસા.

અમારા તરફથી હાલમાં છપાતાં

સચિત્ર પુસ્તકો.

૧ જૈન સતીમંડળ ભાગ ૧–૨–૩–૪–૫–૬

૨ અદ્‌ભૂત સુદ્રષ્ટાંતમાળા.

૩ શ્રીમદ્ રાજચંદ્ર.

૪ નારચંદ્ર જ્યોતિષ ભાગ ૧–૨

૫ આનંદ મંદિર નોવેલ.

૬ કુમારપાળ ચરિત્ર.

૭ જૈન ધર્મ પહેલી તથા બીજી ચોપડી.

૮ ધર્મવીર જયાનંદ.

૯ માનવ ધર્મ સંહિતા.

૧૦ ચંદરાજા અને રાણી ગુણાવળી.

૧૧ માનતુંગ માનવતી.

૧૨ શ્રાદ્ધવિધિ ભાષાંતર.

૧૩ જગદુદ્ધારક પરમાત્મા શ્રી મહાવીર જયંતીના વ્યાખ્યાનો.

ઇત્યાદિ પુસ્તકો સચિત્ર તૈયાર થાય છે જેમાંથી સતી મંડળ થોડા વખતમાં બહાર પડશે.

લખો:—


મેઘજી હીરજી બુકસેલર–મુંબઈ નં. ૩.



मृदुवचनसुशील: कोमलांग: सुकेश:।
सकलगुणनिधान: सत्यवादी शशोऽयम् ॥

Krishna Press Bombay

(रतिमंजरी)



સ્ત્રી–પુરૂષોનો સાચો સલાહકાર

✺ વિવેક વિલાસ ✺

યાને

સૂરિ શિષ્ય સંવાદ.

---

(૧) પ્રાતઃકૃત્ય.

સૂરિ— તમે બરાબર વખતસર જ મ્હારી પાસે આવી પહોંચ્યા છો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થની

[illegible] મનુષ્યોએ રાત્રીનો આઠમો પહોર બાકી રહે તે વખતે અર્થાત્ લગભગ સાડા ચાર વાગે પથારીમાંથી જાગૃત થવું જોઈએ.

શિષ્ય—પણ કેટલીક વખત રાત્રી ઊંઘનીમાં અને સ્વપ્ન[illegible] સ્થિતિમાં પસાર થાય છે, તેનું શું કારણ હશે? ગુરૂદેવ!

ગુરૂ—કોઈ અનુભવેલી વાત મનમાં રહી જવાથી, અમુક જોયેલી વસ્તુનું ધ્યાન કર્યાં કરવાથી તેમજ અજીર્ણ, ચિંતા અને સ્વભાવદોષ આદિ કારણોને લીધે મનમાં વ્યાકુળતા રહ્યા કરવાથી મનુષ્યો પુરી નિદ્રા લઈ શકતા નથી; તેથી તેમની રાત્રી સ્વપ્નાઓ લેવામાં જ પસાર થઈ જાય છે.

શિષ્ય—એ સ્વપ્ન સાચાં પડતાં હશે કે નહીં?

ગુરૂ—મેં ઉપર જે કારણો દર્શાવ્યાં તે કારણોના પરિણામે જે સ્વપ્ન આવ્યાં હોય તો તે બિલકુલ નિષ્ફળ જાય છે, પણ તે ઉપરાંત સ્વપ્ન આવવાનાં બીજાં કેટલાંક દૈવી કારણો હોય છે. ધર્મ[illegible] પ્રભાવથી તેમજ દેવતાદિકના જે સ્વપ્ન આવે છે, તે [illegible] પડે છે.

શિષ્ય—દૈવી કારણો વિનાનાં જે સ્વપ્નાં આવે તે બધાં નિષ્ફળ જતાં હશે?

ગુરૂ—નહીં. [illegible] પ્રાચીન [illegible]

તેવું બલ કહ્યું કે જેઓ નરક નીંદરાવી હોય છે. જેઓ ઇન્દ્રીયોને સંયમમાં રાખી શકે છે અને જેઓ નિર્દોષ તથા પવિત્ર ચિત્તવાળા હોય છે, તેમનાં સ્વપ્ન કંઈ નિષ્ફળ જતાં નથી.

શિષ્ય—એજ સંબંધમાં બીજી એક વાત પૂછું છું. સઘળાં સ્વપ્ન તુરતમાં જ પોતાનો પ્રભાવ બતાવતા હશે ?

સૂરિ—સામાન્ય રીતે એવો નિયમ છે કે રાત્રીના પ્રથમ પહોરે જે સ્વપ્ન આવે તે પ્રાયઃ એક વર્ષે પોતાનો પ્રભાવ બતાવે, બીજા પહોરનું સ્વપ્ન છ માસે, ત્રીજા પહોરનું ત્રણ માસે, ચોથા પહોરનું એક માસે અને રાત્રીની છેલ્લી બે ઘડીએ દીઠેલું સ્વપ્ન દશ દહાડે અને સૂર્યોદયના વખતનું સ્વપ્ન તુરતમાં જ ફળ આપે છે.

શિષ્ય—અમુક સ્વપ્નનું ફળ સારૂં વા માઠું આપશે, તે કેવીરીતે જાણી શકાય ?

સૂરિ—એ વિષય જરા ગંભીર છે. એટલા માટે ગુરૂની સાનિધ્યમાં તેનો અભ્યાસ થવો જોઈએ. સ્વપ્નના અર્થ સમજવામાં બહુજ બુદ્ધિમત્તાની અને વિવેકની જરૂર પડે છે. આવી બુદ્ધિમત્તા અને વિવેક ન હોય તો ઘણીવાર તેનું માઠું પરિણામ આવે છે. શાસ્ત્રમાં ફરમાવવામાં આવ્યું છે કે સ્વપ્ન સંબંધી વાતો જેની તેની પાસે ન કર્યા કરવી. બની શકે તો સદ્‌ગુરૂ પાસે જઈ સ્વપ્નનો ખુલાસો મેળવવો.

શિષ્ય—ચોક્કસ પ્રકારના સ્વપ્નનું પરિણામ ચોક્કસ

કરવો સુધી દઈ આરોગ્ય અને સુખને માટે સંપૂર્ણ આડાં-અવળાં ફાંફાં મારે છે, તેઓ કદાપિ સંપૂર્ણ આરોગ્ય અને સુખ મેળવી શકતાં નથી. બીજી વાત કરવાથી વિષયાંતર થશે. હાલ પ્રસંગોપાત એટલુંજ કહીશ કે મળશુદ્ધિને માટે આપણા આર્ય શોધકોએ જે એક સરળ અને અસરકારક ઉપાય શોધી કાઢ્યો છે, તે ઉપાય જો નિયમિતપણે ચાલુ રાખવામાં આવે તો હું ધારૂં છું કે પેટનાં અને માથાનાં અસંખ્ય દર્દો દૂર થયા વિના ન રહે ? એ ઉપાય પણ એવો સહજ અને સરલ છે કે એક ઝુંપડીમાં વસનાર તદ્દન કંગાળ પણ તેનો લાભ લઈ શકે.

શિષ્ય—તે ઉપાય કૃપા કરીને જલદી બતાવી દ્યો. હું તે સાંભળવાને બહુ ઉત્સુક છું.

સૂરિ—તારી ઉત્સુકતા જોતાં મને લાગે છે કે, જ્યારે તું તે ઉપાય સાંભળશે ત્યારે તારા આશ્ચર્યનો પાર નહીં રહે. લોકોને સ્વાભાવિક અને સહજસાધ્ય કુદરતી ઉપાયોમાં બહુ શ્રદ્ધા રહેતી નથી, એ ખરેખર દુર્ભાગ્યનો વિષય છે.

શિષ્ય—મને આપની ઉપર સંપૂર્ણ શ્રદ્ધા છે. આપ જે કહેશો તે વ્યાજબીજ હશે, એમ હું અંતઃકરણથી સ્વીકારૂં છું.

સૂરિ—સાંભળ ત્યારે. પ્રાતઃકાળમાં ઉઠી જળપાન કરવાથી મળ-દોષ અનાયાસે દૂર થઈ જાય છે. જળપાન કેટલું કરવું એ પ્રકૃતિ ઉપર આધાર રાખે છે કેટલાકો તો ઘણાંજ જળપાન કરવાનું કહે છે, જ્યારે કેટલાકો આઠ ખોબા પાણી

પીવાનું કહે છે. પ્રારંભ કરનારાઓએ ધીરે ધીરે જળપાન
અભ્યાસ કરવો જોઇએ.

શિષ્ય—જળપાનનો કાંઇ વિધિ હશે કે નહીં ?

સૂરિ—જળ એવી નિર્દોષ વસ્તુ છે કે, તે સંબંધે બહુ
રાખવાનું કારણ રહેતું નથી. અલબત્ત, આટલી વાત ધ્યાન
રાખવી જોઇએ, કે જળપાન કર્યા પછી નિદ્રા ન કરવી જોઇ
તેમજ પરિશ્રમ પડે એવું કાર્ય ન કરવું જોઇએ. પ્રાતઃકાળ
સમયમાં શાસ્ત્રીય વાતોનો વિચાર કરવાથી તેમજ પવિત્ર
ષોના જીવન ચરિત્રોનું સ્મરણ કરવાથી આત્માની સઘળી ગ્લા
દૂર થાય છે. એટલા માટે જળપાન કર્યા પછી સ્વસ્થ ચિ
બેસી ધાર્મિક વિષયોનું મનન કરવું, એ વધારે હિતાવહ છે

શિષ્ય—ઠંડા જળને બદલે ગરમાગરમ પાણી પીવા
જો મળશુદ્ધિ થતી હોય તો ગરમ જળ પીવામાં
હરકત ખરી ?

સૂરિ—પ્રારંભમાં કદાચ ગરમ જળ આંતરડાઓ ઉ
અસર કરે અને સ્વસ્થતાના જેવું જણાય, પરંતુ એકંદરે તે
અસર બહુ નુકશાન કર્ત્તા થાય છે. કારણ કે ગરમજળનો અભ્ય
થઈ જવાથી આંતરાડાઓ તદ્દન દુર્બળ અને હઠીલા બની
છે. દુર્બળ અશ્વને ઉપરાઉપરી ચાબુકના પ્રહારો પડે તો
પ્રહારને લીધે ઘડીભર દોડવા લાગે, પણ તે તેની સ્વાભા
ગતિ તો નજ કહેવાય. પ્રહારનું પરિણામ એ આવે કે
તે અશ્વ છેક શક્તિ રહિત બની જાય. ગરમ જળ જેવા ઉપ

તેમજ એવા બીજા કેટલાક ઉપચારો શરૂઆતમાં સુફળ બતાવે, તો પણ ડાહ્યા પુરૂષો તેને યથાસાધ્ય વર્જવાનું જ પસંદ કરે છે.

શિષ્ય—મળશુદ્ધિને માટે ચોક્કસ સમય મુકરર કરી શકાય કે કેમ ?

સૂરિ—મળોત્સર્ગ એ એક સ્વાભાવિક ક્રિયા છે. તેનો અસ્વાભાવિક રીતે રોધ કરવાથી ભયંકર દર્દો ઉત્પન્ન થાય છે. અધોવાત, વિષ્ટા, તૃષા, છીંક, હેડકી, નિદ્રા, ઉધરસ, શ્રમજનિત શ્વાસોચ્છ્વાસ, બગાસું, અશ્રુપાત વિગેરે સ્વાભાવિક ક્રિયાઓ ઉપર બળાત્કાર નહીં કરવો જોઇએ. મનુષ્યો કામ–ધંધામાં મશગુલ બની કેટલીકવાર એ સ્વાભાવિક હાજતો ઉપર અકુદરતી દબાણ મુકે છે, પણ તેનું પરિણામ વિવિધ વ્યાધીઓ રૂપે એવું તો જીવલેણ નીવડે છે કે, પછી હજારો ઉપાયો કરવા છતાં એ જીવલેણ વ્યાધીઓ નિવારવાનું દુઃસાધ્ય થઇ પડે છે. નિયમીત અને શુદ્ધ સાત્વિક આહાર–પાન, તેમજ નિયમિત અને ધર્મ–નીતિમય વ્યવહાર એજ આપણું આર્યાવર્ત્તનું એક મ્હોટામાં મ્હોટુ ગૌરવ છે. જ્યાં એ માર્ગનું રક્ષણ થાય છે, ત્યાં આધિ, વ્યાધિ, ઉપાધિ પ્રવેશ કરી શકતા નથી.

શિષ્ય—સમજ્યો. સર્વ રોગોનું મુખ્ય કારણ મળપ્રકોપજ હોય છે, એમ મેં પ્રથમ સાંભળ્યું હતું. પણ તેવા મળપ્રકોપ ન થવા પામે એવો કોઇ સહજ, સરળ અને ઘરગતુ ઉપાય મારા જાણવામાં ન હતો. આપની કૃપાથી આજે એ જ્ઞાન

થયું. મળોત્સર્ગ કરી આવ્યા પછી ગૃહસ્થ પુરૂષોએ શું કરવું જોઇએ ?

સૂરિ—તું એમ માની લેતો જણાય છે કે હું જે કાંઈ અત્યારે કહું છું, તેથી અધિક કંઈ જાણવાપણું રહેતું જ નથી. ખરી હકીકત એ છે કે હું અત્યારે તને જે કહી રહ્યો છું, તે તો મહાસાગરના એક બિંદુરૂપ પણ નથી. એક માત્ર આરોગ્યનો જ વિષય જે આપણા પૂર્વ પંડિત પુરૂષોએ એવી સૂક્ષ્મતાથી અને વિશાળતાથી ચર્ચ્યો છે કે, આખી જીંદગી તેનો અભ્યાસ કરવામાં ગુજારીએ તો પણ તે વિષય પુરેપુરો બુદ્ધિગમ્ય ન થાય. દાખલા તરીકે મળોત્સર્ગ સંબંધી જ તેમણે એવા ઉંડા સ્પષ્ટીકરણો કર્યાં છે કે, જો હું તને તે કહેવા લાગું તો તને તે નિરર્થક પ્રલાપ અને ગાંડપણ જેવાં જ લાગે.

શિષ્ય—કૃપા કરીને મને એ બધું ટુંકામાં સમજાવો. અમને પોતાને તો એવો અવકાશ ક્યાંથી જ હોય કે અમે જાતે તે સઘળા ગ્રંથોનો પાઠ કરી શકીએ? આપના જેવા પરોપકારી પુરૂષો દુધમાંથી માખણ બનાવીને આપે, તેના ઉપરજ અમારો તો નિર્વાહ ચાલે.

સૂરિ—જો તને કંટાળો આવતો ન હોય અને પૂર્વ પુરૂષોના કથન ઉપર શ્રદ્ધા હોય તો સાંભળ. એક મળોત્સર્ગના વિષયમાંજ કેટલું બધું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે? "રાખ અથવા છાણ જ્યાં પડયું હોય, જ્યાં ગાયો ફરતી-હરતી હોય, જ્યાં રાફડા આવેલા હોય, વિષ્ટા વિગેરે મલિન વસ્તુઓ જ્યાં પડેલી હોય, ઉત્તમ વૃક્ષ નીચે અથવા જ્યાં અગ્નિ સળગતો હોય,

જ્યાં પાણી ભરવાનું કે વિસામો લેવાનું સ્થાનક હોય, એવે ઠેકાણે અથવા રાજમાર્ગ ઉપર, સ્મશાન નજીક કે નદીના કાંઠે, બનતાં સુધી મળ-મૂત્રોનો ત્યાગ કરવો નહીં." તેની સાથે વળી એમ પણ કહેવામાં આવ્યું છે કે-પવનનો પ્રવાહ જે દિશામાંથી આવતો હોય, તે દિશા તરફ પોતાની પુંઠ ન કરવી જોઇએ, સ્ત્રીઓ અથવા પૂજ્ય પુરૂષોની દૃષ્ટિબ્હાર જવું જોઇએ, તેમજ પત્થર ઉપર બે પગ એવી રીતે મુકવા કે, જેથી ધીરે ધીરે મળ-મૂત્રનો ત્યાગ કરી શકાય. તે પછી કાંટો કે કાંકરો ન હોય એવી માટી લઇ મળદ્વારની શુદ્ધિ કરવી. પછી બીજાં આડાં-અવળાં કામો રહેવા દઇ હસ્ત-પાદાદિકનું પ્રક્ષાલન કરવું." આ બધી શાસ્ત્રિય વિધિ છે. બુદ્ધિમાન્ અને સુખની ઇચ્છાવાળા પુરૂષો દેશ-કાળ પ્રમાણે એ વિધિને માન આપે તો બહુ લાભ પ્રાપ્ત કરે એમાં શક નથી.

શિષ્ય—અત્યારે લોકોનો મ્હોટો ભાગ ભાગ્યેજ એ વિધિને અનુસરતો હશે.

સૂરિ—એનું પરિણામ પણ પ્રત્યક્ષ જ છે. કેટલા બધા લોકો પેટના દર્દો અને ચેપી રોગોથી પીડાય છે ? લોકો બ્હારથી સ્વચ્છ દેખાવાના હદ ઉપરાંતના પ્રયત્ન કરે છે, પણ આરોગ્યના સંરક્ષણ માટે જે પ્રયત્ન ખાસ આવશ્યક છે, તે તો કોઈ વિરલ નરજ કરતા હશે. મળોત્સર્ગની ક્રિયા પતી ગયા પછી મનુષ્ય માત્રે થોડી ઘણી વ્યાયામ-કસરત કરવી જોઈએ. વ્યાયામથી દેહ કસાય છે અને અંગમાં સ્ફુર્તિ આવે છે

શિષ્ય—જેને અંગમહેનતનું કામ કરવું પડતું હોય તેને કસરતની જરૂર પડે, પણ અમારા જેવા માણસો કે જેને માત્ર દુકાનમાં કે ઘરમાં બેસી રહેવાનું હોય તેમને કસરતની શી જરૂર ?

સૂરિ—દેહની જ્યાંસુધી જેટલી જરૂર હોય, ત્યાંસુધી કસરતની પણ તેટલીજ જરૂર સૌ કોઈએ સ્વીકારવી જોઈએ. અંગ-મ્હેનત કરનારા તો હજીયે પોતાની કમાણી અર્થે શારીરિક મહેનત કરે, પણ જેમને આખો દિવસ બેસી જ રહેવાનું હોય, તેમણે તો હરકોઈ ઉપાયે પ્રાતઃકાળે કે સંધ્યાકાળે થોડી હરવા-ફરવાની ને દોડવા વિગેરેની કસરત કરવી જોઇએ.

શિષ્ય—ગાડીમાં કે અશ્વ ઉપર સવારી કરીને ફરવા જઇએ, તે કસરત કહેવાય કે નહીં ?

સૂરિ—ગાડીમાં જવાથી ખુલ્લી હવાનો લાભ મળે, પણ તેથી દેહને કસાવાપણું મળતું નથી. અશ્વ ઉપર બેસીને બ્હાર મેદાનમાં નીકળી પડવું એ અલબત્ત ઉપયોગી છે. તેમ કરવાથી આપણા અંગને તથા અશ્વને પણ કસરત મળે છે, પરંતુ સૌ કરતાં સરસ રીત તો એજ છે કે, જે વડે શરીરના તમામ અંગોપાંગોને મહેનત પહોંચે અને પસીનો છુટવા પામે, એવી વ્યાયામ કરવી જોઇએ. જુઓ, આજે તમારૂં શરીર કેટલું દુર્બળ તથા નિસ્તેજ જણાય છે ? પાંચશેર ભાર હાથમાં ઉપાડી પાંચ પગલાં ચાલતાં પણ તમે હાંફી જાઓ છો ? કયાં ગયો તમારો પૂર્વનો જુસ્સો ? કયાં ગયું તમારૂં પૂર્વનું અંગબળ ?

વૈભવમાં પડવાથી અને નિત્ય ગાદી ઉપર પડ્યા રહેવાથી તમે તમારૂં અંગબળ તથા તેની સાથે મનોબળ પણ ગુમાવી દીધું છે. તમને આજે બ્હારનું જગત્ મનુષ્યત્વહીન માની બેઠું છે અને ખરૂં જોતાં તમારામાં કોઇપણ પ્રકારનું એવું સામર્થ્ય નથી રહ્યું કે, જગતની ઈતર પ્રજા તમને એક પ્રજા તરીકે મત આપે.

શિષ્ય—અમારાં દેહ દુર્બળ બન્યાં છે, એ વાત કબૂલ કરીએ, પણ તેની સાથે અમારાં મનમાં દુર્બળતાએ પ્રવેશ કર્યો છે, એમ કેવીરીતે કહી શકાય ?

સૂરિ—દેહ અને મનને પરસ્પરમાં કેવો નિકટનો સંબંધ છે તે તમે નથી જાણતા, તેથીજ આવા ઉદ્ગાર કહાડો છો. એક–બીજાની દુર્બળતાની અસર પરસ્પરને કદિ પણ થયા વિના રહેતી નથી. તમે જ્યારે અશક્ત બની માંદગીને બીછાને પડ્યા હો છો, ત્યારે તમારૂં મન કેટલી જાતના તરંગો કર્યા કરે છે ? તમારી અશક્તાવસ્થામાં તમે વાત–વાતમાં કેટલા બધા ચીડાઇ જાઓ છો ? તમારી બીજી વાસનાઓ કેટલી બધી ઉગ્ર બની જાય છે ? જો તમે લક્ષપૂર્વક આ બધી બાબતનો વિચાર કર્યો હશે, તો તમને દેહની સાથે મન અને આત્માને કેવો ગાઢ સંબંધ છે. તે સમજાયા વિના નહીં રહ્યું હોય. મારી કહેવાની મતલબ એજ છે કે. મનુષ્યમાત્રે કેવળ શરીરના સુખને અર્થે નહીં. પણ મન અને આત્માની સબળતા સાચવી રાખવાની ખાતર પણ વ્યાયામ કરવી જોઇએ, વ્યાયામથી શરીર સ્ફુર્તિમા રહે છે. તેમ મન પણ પ્રફુલ્લિત થાય છે. મન એજ પાપ–પુ

ણ્યમાં કારણભૂત છે, એમ તમે અત્યારપૂર્વે સાંભળ્યું હશે. તમારામાં પુરતું શરીર સામર્થ્ય હોય તોજ તમે મનોનિગ્રહ કરી શકો. મન ઉપર સંયમ રાખવો એ કાંઇ કંગાળ–દરિદ્ર કે દુર્બળ કાગડા–કીડાઓનું કામ નથી, તેને માટે તો મનુષ્યત્વ જોઇએ. શરીરને કેળવ્યા વિના વિધિ પરિસહો સહન કરી શકાતા નથી.

શિષ્ય—હવેથી હું વ્યાયામ કરવાનું લક્ષમાં રાખીશ.

સૂરિ—તમે એકલા તમારા શરીરને કસો એજ બસ નથી. તમારી પ્રજા તથા તમારા સંબંધીજનોને પણ તમારે વ્યાયામના ફાયદા તમારા પોતાના પ્રત્યક્ષ દષ્ટાંતથી બતાવી આપવા જોઇએ. તમે પ્રથમ જે એવી શંકા કરી કે "અમને વ્યાયામની શી જરૂર છે? અમારે ક્યાં રણક્ષેત્રમાં લડવા જવું છે? અમારે ક્યાં મજુરી કરવા જવું છે?" એવી શંકાઓ ઘણાંને થાય છે. લડવા જનારને અથવા મજુરી કરનારને જ દેહબળની જરૂર હોય, એમ માનવું એ મોટી અજ્ઞાનતા છે. કસરતી મનુષ મ્હોટે ભાગે નિર્ભય અને નિડર બને છે. અને નિર્ભયતા ‍ર આત્માનો ગુણ હોવાથી તેનું આત્મબળ ધીમેધીમે ખીલ‍ લાગે છે. વ્યાયામને એટલાજ માટે હું ધાર્મિક મહત્વ આપ‍ પ્રેરાયો છું.

શિષ્ય—મારી એ શંકા તો દૂર થઇ. હવે વ્યાયામ છીનો વિધિ કૃપા કરીને બતાવશો ?

સૂરિ—વ્યાયા. પછી દંતધાવનનો વિધિ જાણવો જોઇ

પાચનશક્તિનો ઘણોખરો આધાર દાંત ઉપર જ રહેલો છે. જેના દાંત સારા હોય છે અને જેઓ દાંતનો સારી રીતે ઉપયોગ કરે છે, તેમને વ્યાધિઓ હેરાન કરતા નથી. દાંતના સંરક્ષણ અર્થે દંતધાવનનો વિધિ સૌએ જાણી લેવો જોઇએ.

શિષ્ય—દાતણ તો અમે બનતાં સુધી રોજ કરીએ છીએ. છતાં અમારી દાંતસંબંધી ફરીયાદ હમેશાં ચાલુ જ રહે છે, તેનું શું કરવું ?

સૂરિ—એકજ કાર્ય બે જુદા જુદા માણસો કરે તેમાં ઘણો ફેર પડે છે. ડાહ્યો માણસ જે કાર્ય કરે છે તે દીપી નીકળે છે. તેનો શ્રમ અને સમય સાર્થક થાય છે, જ્યારે અણુઅ માણસ તે ને તેજ કાર્ય કરવા છતાં, તેનો લાભ મેળવવામાં પછાત રહે છે. તમે બધા દાતણ કરો છો એ વાત ખરી, પણ દાતણ કેવું લેવું જોઇએ, કેવી શાંતિથી દાતણ કરવું જોઇએ અને દાતણ કર્યા પહેલાં તથા પછી દંતશુદ્ધિ માટે શું કરવું જોઇએ, એ વિષય ભાગ્યે જ કોઇ જાણતું હશે.

શિષ્ય—અમે તો પ્રાતઃકાળમાં ઉઠતાંજ દાતણ મ્હોમાં નાખી જરા ચાવ્યું ન ચાવ્યું કરી કહાડી નાંખીએ છીએ. દાતણ કરવું એમા તે વળી વિધિ કે શાંતિની જરૂર જ શી ?

સૂરિ—પ્રાતઃકૃત્યો સંપૂર્ણ શાંતિ અને ઉદ્દેશ પુરઃસર જ થવા જોઇએ, એ વાત ઘણા લોકો ભૂલી ગયા છે. દાતણ મ્હોમા નાખતા પહેલા પોતાની ટચલી આંગળીથી દાંતના પેઢા ઘસવા જોઇએ એમ કરવાથી પેઢા મજબુત થાય છે. દાતણ

પણ સીધું, ગાંઠ વિનાનું, સારો કૂચો થાય તેવું,
ભાગ કોમળ હોય એવું, બાર આંગળ લાંબુ, ટચ
જેટલું જાડું, જાણીતા વૃક્ષનું તથા સારી ભૂમિમ
ક્ષનું દાતણ મનુષ્યે પસંદ કરવું જોઇએ. દાતણને
ગળી અને તેની જોડેની આંગળી એ બેની વચ્ચે પક
અથવા ડાબી દાઢે ધીમેથી સારી રીતે ઘસવું. દાંત
ખતે બીજી વાતોનો તર્ક-વિતર્ક નહીં કરતાં દંતશુ
બરાબર સાચવવું જોઇએ. દાતણ કરતી વખતે દાંતન
જીના માંસને પીડા ન થાય એ ધ્યાનમાં રાખવું. દુર્ગ
દરથી પોલું, સુકું તથા મીઠું ખાટું-ખારૂં દાતણ વ

શિષ્ય—દાતણ કદાચ ન મળી શકે તો ?

સૂરિ—દાતણના અભાવે કોગળાથી મુખ
લેવી; પરંતુ જીભ ઉપરનો મેલ તો હમેશાં ઘસી
જોઇએ. દાતણ હોય તો તેના ચીરીઆ કરી જીભ
પછી તે ધોઇ શુદ્ધભૂમિ ઉપર નાંખી દેવી.

શિષ્ય—દાતણ હમેશાં ગમે તેવી અવસ્થા
જોઇએ, એવો કાંઇ નિયમ છે ?

સૂરિ—નહીં. દાતણનો ઉદ્દેશ મુખશુદ્ધિ
વિજ્ઞાન કહે છે કે-ખાંસી, શ્વાસ, જ્વર, અજીર્ણ,
મુખપાક તથા માથાના, નેત્રના, હૃદયના અને

શિષ્ય—કેટલાક નાક વાટે પાણી પીવાનું કહે છે, તેનો શું ઉદ્દેશ હશે ?

સૂરિ—પ્રાતઃકાળમાં ધીરે ધીરે નાક વાટે ચોખ્ખું પાણી પીવાથી ઘણા રોગોનો નાશ થાય છે. પ્રારંભમાં એમાં અભ્યાસ કરનારને જરા મુશ્કેલી જેવું જણાય છે. પણ ધીમે ધીમે એ મુશ્કેલી દૂર થઇ શકે છે. વૈદકશાસ્ત્ર કહે છે કે, જે પુરૂષ હમેશાં નાક વાટે પાણી ઉતારે છે, તેમના મુખમાં સુગંધી, સ્વરમાં સ્નિગ્ધતા તથા ઇંદ્રિયોમાં નિર્મળતા અને દેહમાં કોમળતા રહે છે. જુઓ, હાથીઓ નાક વાટે પાણી પીએ છે, તેથી તેઓ કેવા નીરોગી અને બળવાન્ રહી શકે છે ? યોગીઓ આ વિષયનું માહાત્મ્ય બહુ વર્ણવે છે.

શિષ્ય—દંતધાવન પછી આપ કયા અગત્યના કાર્યને સ્થાન આપો છો ?

સૂરિ—મુખશુદ્ધિને મેં પ્રથમ સ્થાન આપ્યું છે, એટલે તે સર્વ કરતાં વધુ ઉપયોગી છે અને તેની પાસે બીજા વિષયો ગૌણ છે, એમ માની લેવાની ઉતાવળ કરવી ઘટતી નથી. પ્રાતઃકાળમા પથારીમાંથી ઉઠતા સૌ પ્રથમ માત-પિતાને તથા ઘરનાં વૃદ્ધ-વડીલોને નમસ્કાર કરવો જોઇએ. માત-પિતાની સેવા એ દેવસેવા જેટલીજ મહત્વની છે માત-પિતાને તથા આચાર્યને દેવતુલ્ય વર્ણવવામા આવ્યા છે તેઓ આપણા ઉપર જે ઉપકારો કરે છે અને કર્યા છે, તેનુ વર્ણન કોઇ કરી શકયુ નથી આવા ઉપકારીઓના [illegible] [illegible] તેમના અંતઃકરણના

આશિર્વાદ આપણા ઉપર ઉતરે છે અને તેથી સુખ અને ધર્મની પ્રાપ્તિ થાય છે. માતા-પિતા તથા વૃદ્ધ પુરૂષોની સેવા કરવી અને તીર્થયાત્રા કરવી એ બન્ને સરખા છે, એમ પણ કોઇ કોઈ સ્થળે ઉપદેશવામાં આવ્યું છે.

શિષ્ય—માત-પિતાની સેવાભક્તિ સૌ સુસંતાનો કરે એ સ્વાભાવિક છે. જેઓ તેમ નથી કરતાં તેઓ આ લોકમાં નિંદાય છે અને પરલોકમાં પણ દુઃખી થાય છે. જેઓ પોતાના વડીલો અને વૃદ્ધોનો અનાદર કરે છે, તેઓ વૃદ્ધાવસ્થામાં પોતાના સંતાનો તરફથી એવોજ અનાદર મેળવી દુઃખી થાય છે અને પશ્ચાતાપમાં જીંદગી પુરી કરે છે. આવા ઘણા દાખલાઓ અમારા સંસાર વ્યવહારમાં જોવામાં તથા સાંભળવામાં આવે છે.

સૂરિ—એટલાજ માટે મનુ જેવાને એટલે સુધી કહેવું પડયું છે કે-" વૃદ્ધ મા-બાપ, શીળવતી ભાર્યા અને અજ્ઞાન પુત્રનું ભરણ-પોષણ સેંકડો અકાર્યો કરીને પણ કરવું."

શિષ્ય—અકાર્યો કરીને પણ માત-પિતાદિને સંતોષ આપવો એવું વિધાન કરવાનું શું કારણ ?

સૂરિ—માત-પિતાની સેવા એ પણ એક ધર્મકાર્ય છે. ધર્મની ખાતર અધર્મ કરવો એ જો કે અનુચિત છે, પણ અહીં અકાર્યો કરવાં જ એવો કાંઇ આગ્રહ નથી. મતલબ એ છે કે પોતે જાતે દુઃખો સહીને-ગમે તે ભોગે પણ માત-પિતાની સેવા કરવી જ જોઇએ. તે અર્થે કદાચ ન કરવા યોગ્ય કાર્યો કરવાં પડે તો પણ કરવાં. મનુ મહારાજનો આશય એ ભક્તિનું ગૌરવ

બતાવવાનો છે, આજકાલ જેઓ અસત્ય અને અપ્રમાણિકતાથી શ્રીમંત બની પોતાના વૃદ્ધ વડીલોનો અનાદર કરે છે, તેઓ જો એટલું સમજે કે તેમની શ્રીમંતતા અને સંપત્તિનો ખરો સદુપયોગ વડીલોની સેવામાંજ રહેલો છે, તોપણ ઘણું છે. શાસ્ત્રોમાં એમ સ્પષ્ટપણે પ્રબોધવામાં આવ્યું છે કે-જેઓ વૃદ્ધ-વડીલોની સેવા કરતા નથી, તેમનાથી ધર્મ વેગળો રહે છે અને જેઓ રાજાની સેવા કરતા નથી, તેમનાથી દ્રવ્ય વેગળું રહે છે.

શિષ્ય—આપશ્રીએ પ્રાતઃકૃત્યોનું વર્ણન કરતાં પ્રસંગોપાત પિતૃભક્તિનો જે ઉપદેશ આપ્યો છે, તે મારા અંતઃકરણમાં ઉંડા ઉતરી ગયો છે. હું કુદરતી રીતેજ મારાં વૃદ્ધ માત-પિતા અને સગાં-સંબંધીઓની સેવા કરવા ઉત્સુક રહ્યા કરું છું. કારણ કે હું માનું છું કે દેવ-દેવીઓ કરતાં પણ માત-પિતા પોતાનાં સંતાનો ઉપર અનેકગણા ઉપકારો કરે છે. દેવો તો જ્યારે એકાગ્રતા પૂર્વક તેમની સેવા-ભક્તિ અને સાધના કરીએ ત્યારેજ પ્રસન્ન થઇ આપણું કલ્યાણ કરે, પરન્તુ માત-પિતા તો આપણા અનેક દોષો નીહાળવા છતાં આત્મવત્ ગણી પાલન-પોષણ કરી મનુષ્ય બનાવે છે.

સૂરિ—જેઓ દિલથી વડીલ અને વૃદ્ધોની સેવા કરનારાઓ યથાર્થ સેવકો બની શકે છે, તેઓ જ વિશ્વની સેવા કરી પરમ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે માટે હવે તમને એ સંબંધે વિશેષ કંઈ કહેવાપણું રહેતું નથી. આજે એ વિષયને અહીંથી બંધ કરી, ચાલો દેવ દર્શન કરી આવીએ

(૨) સ્નાન વસ્ત્ર પરિધાન વિધિ.

શિષ્ય—આપે ગઈ કાલે દેવદર્શનનિમિત્તે તૈયાર થવાની સૂચના આપી તેજ વખતે મને એ વિષે આપની પાસેથી કેટલુંક જાણી લેવાની ઈચ્છા ઉદ્દભવી હતી, પરંતુ અનુકૂળતા ન હોવાથી મેં તત્ સંબંધે કાંઇ પ્રશ્ન કર્યો ન હતો.

સૂરિ—શ્રાવકનાં પ્રાત:કૃત્યોમાં સ્નાનવિધિ પણ આવી જાય છે. દેવમંદિરમાં જતાં પહેલાં દરેક શ્રાવકે પોતાનાં અંગોપાંગો જળસ્નાનવડે શુદ્ધ કરી લેવા જોઇએ. સ્નાન કરવાનું સ્થાન જીવ–જંતુથી રહિત અને સ્વચ્છ હોવું જોઇએ. સ્નાન ત્રણ પ્રકારનાં છે; શિર:સ્નાન—એટલે મસ્તક પર્યંતનું સ્નાન, બીજું કંઠસ્નાન—એટલે ગળા સુધીનું સ્નાન અને ત્રીજું અવયવ સ્નાન—એટલે મલિન અવયવોની જ શુદ્ધિ કરી લેવી તે. અર્થાત્ આ ત્રણ સ્નાનમાં આરોગ્યને અનુકૂળ આવે તેવું સ્નાન કરી લેવું. કદાચ એ ત્રણ સ્નાનમાંથી એક પણ સ્નાનની અનુકૂળતા ન હોય તો પછી મનમાં પવિત્ર મંત્રનું ચિંતન કરી શુદ્ધ વસ્ત્રો પહેરી મંદિરમાં જવું. મંત્રસ્નાન એ પણ એક પ્રકારનું સ્નાન જ છે. કારણ કે તેથી મન અને દેહ પવિત્ર થાય છે.

શિષ્ય—ચોક્કસ તિથિઓમાં સ્નાન કરવાનો નિષેધ દર્શાવવામાં આવ્યો છે એ વાત શું સત્ય છે ?

સૂરિ—બીજ, આઠમ, દશમ, તેરસ વિગેરે તિથિઓમાં

સ્નાન વર્જવાનું કહેવામાં આવ્યું છે. પણ દેવપૂજા નિમિત્તે શુદ્ધ જળવડે સ્નાનાદિ કરવામાં કંઈ હરકત નથી. રોગી, મુસાફરી કરી આવેલા, ભોજન કરી રહેલા અને કાંઈપણ માંગલિક કાર્ય કરી રહેલા મનુષ્યે સ્નાન કરવાનું મુલતવી રાખવું જોઈએ. કારણ કે તેમાં વૈદ્યક દૃષ્ટિએ અને શુકનશાસ્ત્રની દૃષ્ટિએ કેટલાક બાધ આવે છે.

શિષ્ય—સ્નાન પહેલાં કેટલાકો તૈલાભ્યંગની ભલામણ કરે છે તેનું શું કારણ હશે ?

સૂરિ—તૈલાભ્યંગનો અર્થ શરીરે તેલનું મર્દન કરવું એવો થાય છે. પ્રાચીન કાળમાં આ મર્દનની પરંપરા પ્રચલિત હતી. આજકાલ સમયના સંકોચને લીધે કે બીજા ગમે તે કારણે ગૃહસ્થો તૈલાભ્યંગને બહુ મહત્ત્વ આપતા નથી. શ્રી મહાવીર સ્વામીના ચરિત્રમાં પણ આપણે વાંચીએ છીએ કે તે વખતે મહા બળવાન મહા પ્રભુના દેહ ઉપર તેલનું મર્દન કરી તેમને સ્નાન કરાવતા હતા. તેલના મર્દનથી શરીર પુષ્ટ અને [illegible] બને છે. શરીરના સૂક્ષ્મ છિદ્રો ખુલ્લા થઈ જવાથી તે [illegible] બહાર [illegible] છે અને તેથી દેહમાં વિકાર [illegible] જાય છે. [illegible]શાસ્ત્રમાં તૈલાભ્યંગનું બહુ [illegible]

શિષ્ય [illegible] [illegible]

સૂરિ [illegible] શરીરને

કસરત મળે છે તેથી અંગોપાંગો સુદ્રઢ બને છે. વૈદ્યક શાસ્ત્રમાં કહ્યું છે કે આખા શરીરે તેલનું મર્દન ન થઇ શકે તો પછી હાથ-પગની પેની તથા કર્ણદ્વયમાં યથાવિધિ તેલ મર્દન કરવું એ આવશ્યક છે. જેઓ નિત્ય આવા તૈલાભ્યંગની સાથે સ્નાનાદિ ક્રિયાઓ કરે છે, તેમને ત્વચાના સંબંધી કદિ ફરીયાદ કરવી પડતી નથી. આજકાલ આપણી શારીરિક સ્થિતિ નબળી થતી આપણે પ્રત્યક્ષ નીહાળીએ છીએ. લોકોને સાત્વિક-શુદ્ધ દ્રવ્યો મળી શકતાં નથી; છતાં બીજી તરફ શરીરને નુકશાન કરે એવાં વ્યસનો અને ઉત્તેજક ખાનપાનનો છુટથી પ્રચાર થતો જાય છે. લોકો જો તૈલાભ્યંગની સાથે આહાર-વિહારની વ્યવસ્થા રાખે તો શરીર સંબંધી ફરિયાદો દૂર થયા વિના રહે નહીં.

શિષ્ય--આપે શુદ્ધજળથી સ્નાન કરવાનું સૂચવ્યું, પણ તે શુદ્ધ જળ કોને કહેવું ?

સૂરિ--ચંડાળોએ અથવા હલકાં કામો કરનારાઓએ જે જળ ડોળી અને બગાડી નાંખ્યું હોય, જે જળ વૃક્ષોથી સદા ઢંકાયેલું રહેતું હોય અને જેમાં શેવાળ બાઝી ગઇ હોય તેવા જળાશયમાં સ્નાન કરવાથી શુદ્ધ જળસ્નાનનો લાભ મળી શકતો નથી. વળી અજાણ્યા તથા વિષમ માર્ગવાળા જળાશયમાં સ્નાન કરવાનું સાહસ ન કરવું જોઇએ.

શિષ્ય—સ્નાન કર્યા પછી કેટલાક લોકો તુરત જ જમવા બેસી જાય છે એ ઉચિત છે ?

સૂરિ--ઠંડા પાણીથી ન્હાયા પછી તુરત ઉષ્ણ ભોજન

કરવું ન જોઇએ. તેવીજ રીતે ઉષ્ણ જળથી સ્નાન કર્યા પછી શીતળ ભોજન ન કરવું.

શિષ્ય—સ્નાન પછી કેટલાક લોકો શુકન જુએ છે તે શું હશે ?

સૂરિ—તેને શુકન નહીં પણ વ્યાધીનું એક સૂચક ચિન્હ કહેવું તે વધારે યોગ્ય છે. વાત એમ છે કે ન્હાએલા પુરૂષને જો પોતાની છાયા છિન્ન ભિન્ન અથવા ઉલટી જણાય, દાંત પરસ્પર ઘસાવા લાગે અને શરીરમાંથી મડદા જેવી દુર્ગંધ આવવા લાગે તો એ રોગીનું ત્રણ દિવસમાં મરણ થાય એમ કહેવાય છે. વળી ન્હાઈ રહ્યા પછી જો તુરત જ છાતી અને પગ સુકાઇ જાય તો છઠ્ઠે દિવસે તેનું મરણ થાય એમ પણ મનાય છે, પણ તે વાતને આપણે અત્યારે જવા દઈશું.

શિષ્ય—નક્ષત્રોને સ્નાન સાથે કંઇ સંબંધ હશે ખરો ?

સૂરિ—જેઓ રોગથી છુટા થવા માગતા હોય તેમણે શુક્રવારે અથવા સોમવારે તથા રેવતી, આશ્લેષા, ત્રણ ઉત્તરા, સ્વાતિ, પુનર્વસુ અને મઘા એટલા નક્ષત્રોમા ન્હાવું નહીં એવું વિધાન જોવામા આવે છે

શિષ્ય—ત્યારે કયા નક્ષત્રોમા સ્નાન કરવાથી નીરોગ થવાય ?

સૂરિ—રિક્તા તિથિ એટલે ચોથ, નવમી અને ચૌદસ, મંગળ તથા શનિવાર, ક્ષીણ ચંદ્રમા, અસ્થિર લગ્ન અને [illegible] [illegible] [illegible] તથા [illegible] સ્થાને [illegible] [illegible],

એવો યોગ હોય તો રોગવિમુક્તિને અર્થે ન્હાવું ફળદાયક મનાય છે.

શિષ્ય—સ્નાનની ખાસ આવશ્યક્તા ક્યા ક્યા પ્રસંગોમાં ગણાય છે ?

સૂરિ—સ્રીસંગ કર્યા પછી, ઉલટી થયા પછી, સ્મશાનમાં ચીતાનો ધુમાડો લાગ્યા પછી, ખરાબ સ્વપ્ન આવ્યા પછી અને ક્ષૌરકર્મ કરાવ્યા પછી ગળેલા શુદ્ધ જળથી સ્નાન કરવું જોઇએ.

શિષ્ય—ક્ષૌરકર્મના સંબંધમાં જ્યોતિષીઓનો શું મત છે ?

સૂરિ—ચોથ, છઠ, આઠમ, નવમી, ચૌદશ અને અમાવાસ્યા એ છ તિથિઓમાં હજામત–ક્ષૌરકર્મ ન કરાવવું એવો જ્યોતિષવિદ્યાના પંડિતોનો અભિપ્રાય છે.

શિષ્ય—વારને માટે એ વિષે શો નિયમ છે ?

સૂરિ—બુધ, ગુરૂ, શુક્ર અને સોમ ક્ષૌરકર્મને વિષે ક્ષેમ, આરોગ્ય અને સુખને આપવાવાળા છે એમ પંડિત પુરૂષો કહે છે.

શિષ્ય—અને નક્ષત્રોના સંબંધમાં એવો કંઇ નિયમ છે ?

સૂરિ—મૃગ, પુષ્ય, ચર નક્ષત્ર, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, જ્યેષ્ઠા, અશ્વિની, હસ્ત, ચિત્રા અને રેવતી એટલા નક્ષત્રોને વિષે ક્ષૌરકર્મ કરાવવું શુભ છે એમ પણ વિદ્વાન લોકો કહે છે.

શિષ્ય—ક્ષૌરકર્મનો ખાસ નિષેધ ક્યારે બતાવ્યો ?

સૂરિ—રાત્રિએ, સંધ્યાકાળને વિષે, વિદ્યાભ્યાસના આરંભમાં, તૈલમર્દન, ભોજન અને સ્નાન કરી રહ્યા પછી તથા યાત્રાએ અથવા સંગ્રામને વિષે જતાં, ઉત્સવના દિવસમાં કે પર્વમાં તો ક્ષૌરકર્મ નજ કરાવવું.

શિષ્ય—સ્નાનાદિકથી પરવારી, સ્વચ્છ વસ્ત્રો પહેરો પહેલું કર્ત્તવ્ય શ્રાવકે કયું કરવું ?

સૂરિ—એમ ઉતાવળ કરવાની જરૂર નથી. સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરવા એ તારી વાત અલબત સત્ય છે; પણ કયારે અને કેવી રીતના વસ્ત્રો પહેરવા એ વાત પણ શાસ્ત્રદૃષ્ટિએ જરા વિચારવા જેવી છે.

શિષ્ય—સ્વભાવદોષને લીધે ઉતાવળ થઇ ગઇ હોય તો તે માટે ક્ષમા માગું છું. કેવાં વસ્ત્રો કઇ રીતે પહેરવાં તે સમજાવવાની પ્રથમ કૃપા કરો.

સૂરિ—પોતાની પાસે જેટલું ધન હોય તેને શોભતો પોષાક મનુષ્યમાત્રે ધારણ કરવો જોઇએ. કહેવાનો આશય એવો છે કે આર્થિક સ્થિતિ સારી ન હોય તે છતાં કીંમતી વસ્ત્રાભૂષણો પહેરી પોતાને પરમ ધનવાન બનાવવાનો દંભ કરવો એ સજ્જનોને માટે ઉચિત નથી. તેવીજ રીતે યોગ્ય ધનપાત્ર વ્યક્તિઓએ છેક દરિદ્રતાવાળો અને હીનતાભર્યો કંગાળ પોષાક પહેરવો એ પણ અનુચિત છે. પોષાક પોતાની સ્થિતિ અને પ્રતિષ્ઠાને બંધબેસતાજ હોવા જોઇએ, તે ઉપરાંત શીત-

કાળ-ઉષ્ણકાળ વિગેરેનો પણ વિચાર કરવો જોઇએ. કેટલાક લોકો સખ્ત તાપના દિવસોમાં પણ શીતઋતુને બંધબેસતો થાય એવો ઉનનો પોષાક પહેરી પોતે હેરાન થાય છે, જ્યારે કેટલાકો શીયાળામાં પણ ઝીણાં વસ્ત્રો પહેરી વિવિધ વ્યાધીઓના ભોગ થઇ પડે છે. તે ઉપરાંત પોતાની ઉમ્મરને અનુસરતો હોવો જોઇએ. એક યુવક વૃદ્ધપુરૂષના જેવો પોશાક પહેરે તો તે કેવો કઢંગો લાગે ? આ બધી વાતો નિરૂપયોગી જેવી જણાશે; પરંતુ ઉપયોગી સત્યો હમેશાં એવાંજ સાદા અને સરળ હોય છે એ તમારે ભૂલવાનું નથી. એવા સત્યોનો જ્યારે અનાદર થાય છે, ત્યારેજ મનુષ્યો આધિ, વ્યાધિ અને ઉપાધિને ભોગ થઇ પડે છે.

શિષ્ય—નવાં વસ્ત્રો પહેરવામાં વાર-નક્ષત્રની કાંઈ વ્યવસ્થા છે ?

સૂરિ—નવું વસ્ત્ર પહેરવું હોય તો બુધ, રવિ, શુક્ર અને ગુરૂ એ ચાર વાર શુભ ગણાય છે. ફક્ત રાતું વસ્ત્ર પહેરવું હોય તો મંગળવાર પણ શુભ જાણવો. શ્વેતવસ્ત્ર-પરિધાન કરવું હોય તો ધનિષ્ઠા, રોહિણી અને ત્રણ ઉત્તરા, રેવતી, અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા અનુરાધા, પુષ્ય અને પુનર્વસુ એટલાં નક્ષત્રો શુભ ગણાય છે.

શિષ્ય—સ્ત્રીને કુસુંબી વસ્ત્ર પહેરવું હોય તો ?

સૂરિ—તો તેણે પુષ્ય, પુનર્વસુ, રોહિણી, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરા ભાદ્રપદા એટલાં નક્ષત્રો વર્જવાં. કારણકે તેમ નહીં કરવાથી પતિને અસુખ થાય છે.

શિષ્ય—વચમાં એક શંકા કરવા બદલ ક્ષમા આપો તો કેટલીક ખુલાસો કરી લઉં.

સૂરિ—જે સ્થળે શંકાનું સમાધાન થઇ શકે તેમ હોય તેવે સ્થળે મનમાં શંકાનું શલ્ય રાખી મુકવું એ તદ્દન અનુચિત છે. હું તમારી શંકાઓનું સમાધાન કરવા તૈયાર છું. ખુશીથી બોલો.

શિષ્ય—સ્નાન, ક્ષૌરકર્મ અને વસ્ત્રપરિધાન જેવી બાબતોમાં આટલાબધા વિધિઓ અને નિષેધો મુકવાનું શું કારણ હશે તે મારી બુદ્ધિમાં ઉતરતું નથી. એવી બાબતોની સાથે ગ્રહ–નક્ષત્રો વિગેરેનો કાંઇ સંબંધ હશે કે શાસ્ત્રકારોએ પોતાની મતિ પ્રમાણે વિધિ–નિષેધો ઘડી કહાડ્યા હશે?

સૂરિ—આપણે જે પૃથ્વીમાં વસીએ છીએ તેની આસપાસ અનેકાનેક ગ્રહો, ઉપગ્રહો અને નક્ષત્રો આવી રહેલાં છે. પૃથ્વીતળ ઉપર વસનાર દરેક પ્રાણી તેની સારી–નરસી અસરનો અનુભવ કરે છે. ઋતુનો ફેરફાર એ વસ્તુતઃ ગ્રહો, નક્ષત્રો અને વાતાવરણનોજ ફેરફાર છે. એ ફેરફારને લીધે આપણા જીવન ઉપર કેવી અસર થાય છે તેનો થોડો–ઘણો અનુભવ સૌ કોઇને થઇ ચુકયો હોય છે. એક રાત્રી–દિવસમાજ કેટલું બધુ વૈચિત્ર્ય જોવામા આવે છે ઘણાખરા દુષ્કર્મો તથા પાપો મ્હોટે ભાગે રાત્રીના સમયમાજ થાય છે. આત્મઘાત જેવા અપકૃત્યોનુ પ્રમાણ ચોક્કસ ઋતુમા વધારે પડતુ આવે છે એમ કેટલાક શોધકોએ પુરવાર કર્યું છે કહેવાની મતલબ એજ છે

કે નક્ષત્ર વિગેરેના ફેરફારથી શરીર અને મન ઉપર તેની યથા-યોગ્ય અસર થયા વિના રહેતી નથી. આપણા પૂર્વજો અને વિદ્વાન આચાર્યોની દૃષ્ટિમાં આ વાત આવી હતી અને તેથી તેમણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિવર્ત્તનને લક્ષમાં લઈ વિધિ-નિષેધો ઘડી રાખ્યા છે.

શિષ્ય—તો પછી એ વિધિ-નિષેધનો લેશમાત્ર પણ ભંગ કરનારને તત્કાળમાંજ તેનું કટુફળ પ્રાપ્ત કરવું જોઇએ. પરન્તુ તે તો જોવામાં આવતું નથી.

સૂરિ—જ્યાં આખી જીંદગી અકુદરતી રીતે પસાર થઇ જતી હોય, ત્યાં ન્હાના ન્હાના દોષોનું દુષ્પરિણામ જોવામાં ન આવે તે તદ્દન બનવાજોગ છે. આજે તો શ્વાસોચ્છવાસની ક્રિયાથી લઇ જીવનની તમામ ક્રિયાઓ લગભગ બેદરકારી અને અવિવેક પૂર્વક કરવામાં આવે છે. લોકોને યોગ્ય વિધિપૂર્વક આહાર કરવાનો કે શુદ્ધ વાયુ સેવવાનો પણ અવકાશ ભાગ્યેજ મળતો હશે. પરિણામ એ આવ્યું છે કે લોકોના શરીરનાં બાંધા દિન-પ્રતિદિન નબળા થતા જાય છે, મનમાં અનેક પ્રકારના વિકૃતભાવો સ્થાન લેતા જાય છે અને તેની અસર આખા જમાના ઉપર થાય છે. મહામારી, અકાળમૃત્યુ તથા મોંઘવારી વિગેરે શું છે ? એ બધું અસ્વાભાવિક જીવનનુંજ પરિણામ છે.

શિષ્ય—આપ સ્વાભાવિક અને કુદરતી જીવન કોને કહો છો ?

સૂરિ—તે વિષે વિસ્તાર કરવાથી વિષયાંતર થઈ જવાય અને બીજી ઉપયોગી વાતો રહી જાય એવો ભય રહે છે; છતાં

કુદરતી જીવન કેવું હોય તે પ્રશ્નના ઉત્તરમાં હું આજ આપણા પૂર્વજોનાં જીવન ઉપર દ્રષ્ટિ કરવાની તમને ભલામણ કરૂં છું. તેઓ બની શકે તેટલી સાદાઈથી અને પવિત્રતાથી પોતાનું જીવન ગાળી શકતા હતા. તેઓ જીવનના અને સૂક્ષ્મ વસ્તુઓના પણ ઉંડા અભ્યાસી હતા. તેમના કેટલાક વિધિ-નિષેધો વાંચતાં આપણને નવાઈ લાગે એ કુદરતી છે, પરંતુ આપણે એટલું નથી ભુલવું જોઈતું કે તેઓ કેવળ સ્થુળ વસ્તુમાં જ શ્રદ્ધા ધરાવતા ન હતા. સૂક્ષ્મ અસરોના પણ તેઓ ઉંડા અભ્યાસી હતા અને તેથી તેમણે, આપણને જે વાત છેક નજીવી લાગે તે વાતનો પણ વિચાર કરી પોતાનું જીવન વ્યવસ્થિત રાખવા ઉપરાંત આપણને તેનો વારસો ગ્રંથો દ્વારા આપતા ગયા છે.

શિષ્ય—પૂર્વના પુણ્યશાળી અને પ્રતિભાશાળી પુર્વજોને યાદ કરી હું મારૂં મસ્તિષ્ક ઝુકાવું છું અને અંતઃકરણથી તેમની ભક્તિ કરૂં છું. વિધિ-વ્યવસ્થા પાળવી એ પ્રત્યેક આર્યસંતાનનું પવિત્ર કર્ત્તવ્ય છે, પરંતુ વસ્ત્ર પરિધાન જેવી બાબતમાં એવી વિધિ કેવી રીતે સચવાય ? ધારો કે ઉપરીની આજ્ઞાને લીધે કે બીજા કોઈ ઉત્સવ નિમિત્તે નવા વસ્ત્રો પહેરવાં હોય અને ક્ષૌરકર્મ કરાવવું હોય તો તે વખતે નક્ષત્ર આદિના બાધ કેવી રીતે પરીહરવો ?

સૂરિ—તેનો પણ ખુલાસો છે. શાસ્ત્રમાં ખુલ્લું કહેવામાં આવ્યું છે કે ઉત્તમ પુરૂષની આજ્ઞા હોય, વિવાહ-ઉત્સવ હોય

અને પોતાનો સ્વામી આપે તો તે વસ્ત્ર પહેરવામાં તિથિ, વાર, નક્ષત્ર, ચંદ્રમા કે વિષ્ટિ ઇત્યાદિકનો વિચાર ન કરવો. વળી રાજાની આજ્ઞાથી ક્ષૌરકર્મ કરાવવું પડે તો નક્ષત્ર જોવાય નહીં, કેટલાક શુભાર્થી લોકોએ કહ્યું છે કે તીર્થને વિષે અથવા શોકને લીધે ક્ષૌર કરાવવું હોય તો એ નક્ષત્રનો બાધ જોવો નહીં.

શિષ્ય—વસ્ત્રનો જ વિષય જ્યારે નીકળ્યો છે ત્યારે હું પુછી લઉં છું કે કોઇના ઉતરેલાં વસ્ત્રો તથા પગરખાં વિગેરે ન પહેરવાનો જે રીવાજ છે તેમાં શું હેતુ હશે ?

સૂરિ—કારણ કે તેમ કરવાથી લેનારના મનમાં દીનતાનો પ્રવેશ થાય છે. પોતે દરિદ્ર હોઇ બીજાની કૃપાને લીધે પોતે નભી શકે છે એવી નબળાઇ તેના આત્મામાં આવે છે. બીજાનાં ઉતરેલાં વસ્ત્ર તથા પગરખાં પહેરનાર માણસ સદા દીન–દરિદ્રજ રહે છે, એમ કહેવામાં નીતિકારનો કંઇક ઉંડો આશય હોય એમ સમજાય છે.

શિષ્ય—તો પછી કેવા વસ્ત્રનું દાન કરવું ?

સૂરિ—વસ્ત્રદાન એ બહુ ઉપકારક દાન છે. પણ જે વસ્ત્ર દાનાર્થે આપવું હોય તે વસ્ત્ર દાન કરનારના પોતાના પરિશ્રમથી તૈયાર થયેલું હોવું જોઇએ એ વાત ભાગ્યેજ કોઇ જાણતું હશે. પ્રથમના સમયમાં આટલા યંત્રો કે કારખાનાઓ નહોતાં. તે વખતે લોકોનો મ્હોટો ભાગ પોતાને ત્યાં જ રૂ વિગેરે કાંતી વસ્ત્રો તૈયાર કરાવતાં. આવાં વસ્ત્રોનું દાન કરવું એજ યથાર્થ

દાન છે. બાકી ગમે તેવું ઉતરેલું, હલકું અને આપણી આર્થિક સ્થિતિને ધક્કો પહોંચાડનારૂં વસ્ત્ર દાનમાં આપવાથી કંઈ ખરૂં દાન ન ગણાય.

શિષ્ય—પહેલાના વખતમાં લોકો પોતે જાતે વસ્ત્રાદિ સામગ્રી તૈયાર કરતા અને તેમ નહીં તો પોતાના ગામ કે પ્રાંતમાં જ તે ઉપજાવી લેતા એમ મેં ગ્રંથોમાં વાંચ્યું છે. પોતાના પસીનાના ટીપાથી તૈયાર થયેલું દ્રવ્ય કે વસ્ત્ર દાનમાં અપાય તોજ તે યથાર્થ દાન છે. આપણને જે વસ્તુ ન ગમતી હોય અથવા જે વસ્તુ સહેલાઇથી મળી શકતી હોય તે વસ્તુ અન્યને અર્પણ કરવી તે અલબત્ત ઉદારતા છે; પરંતુ તેમાં સ્નેહ અર્પણતા કે ભક્તિના અંશો નથી આવી શકતા; એટલું તો હું પણ કબુલ કરૂં છું. હવે આપણે પ્રસ્તુત વિષયમાં આગળ વધીએ.

સૂરિ—કેટલાક લોકો નવા વસ્ત્રના નવ ભાગ કલ્પી તે ઉપરથી ફળાફળ જાણવાને પ્રયત્ન કરે છે. કંઈક નવું જાણવાનું મળે અને તેની સાથે મનોરંજન થાય એટલા માટે પ્રસંગોપાત એ વાત પણ આજ સ્થળે કહી દઉં છું.

એક વસ્ત્રના નવ ભાગ કરવા તે એ રીતે કે ચાર ખુણાનાં ચાર ભાગ, બે કિનારીના બે ભાગ, બે છેડાના બે ભાગ, અને એક વચલો ભાગ એમ નવ ભાગમાં. પહેલા ચાર ભાગ દેવતાના, બીજા બે ભાગ દૈત્યના ત્રીજા બે ભાગ મનુષ્યના, અને [illegible] છે તે રાક્ષસને [illegible] —

દેવ	દૈત્ય	દેવ
મનુષ્ય	રાક્ષસ	મનુષ્ય
દેવ	દૈત્ય	દેવ

હવે જો નવું વસ્ત્ર દેવતાના ભાગમાં કાદવથી ખરડાએ તથા ફાટેલું હોય તો ઉત્તમ લાભ થાય, દૈત્યના ભાગમાં હો તો રોગનો સંભવ થાય, મનુષ્યના ભાગમાં હોય તો મધ્ય લાભ થાય અને રાક્ષસના ભાગમાં હોય તો મરણ થાય.

શિષ્ય—હવે વસ્ત્ર પરિધાન પછી આપ કયો વિષ ચર્ચવા માગો છો ?

સૂરિ—સુખી પુરૂષોએ સારાં વસ્ત્રો તથા આભુષણો પહેર મંદિર, ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનકે જવું એવું મુખ્ય વિધાન દે

શિષ્ય—મંદિર અને ઉપાશ્રયમાં જતાં ઉત્તમ અલંકારે અને વસ્ત્રો ધારણ કરવા તેનું શું કારણ ?

સૂરિ—મંદિર અથવા ઉપાશ્રય એ રાજદરબાર કરત કોઇ રીતે ઉતરતી પંકિતના નથી. જેવી રીતે રાજા સમિપ જત આપણે ઉત્તમ વસ્ત્રાલંકારો સજીએ છીએ, તેવીજ રીતે સદ્‌ગુ પાસે જતાં કિંવા પ્રભુના મંદિરમાં જતાં બહુમૂલ્ય વસ્ત્રો ધારણ કરવાં જોઇએ. એમ કરવાથી પોતાનું પૂર્વભવનું પુણ્ય પ્રેક્ષકોન દૃષ્ટિએ ચડે છે અને પુણ્યના ફળ સ્વરૂપ પ્રાપ્ત થતી સંપત્તિ જોઇ લોકો પુણ્યની મહત્તા પીછાણવા લાગે છે.

શિષ્ય—મંદિરમાં જતાં સાથમાં બીજી કઈ સામગ્રી રાખવી ?

સૂરિ—ખાલી હાથે મંદિર જેવા પવિત્ર સ્થાનોમાં ન જવું જોઈએ. ફળ, ફૂલ અથવા અક્ષત જેવી વસ્તુઓ દેવ સમીપ ધરવાથી આત્મા ઉલ્લાસ પામે છે. જો કે દેવને તે વસ્તુની કશી જરૂર નથી હોતી, તથાપિ આપણા ચિત્તની શુદ્ધિ અને ભાવબળ ખીલવવામાં એ નિમિત્તભૂત થાય છે.

શિષ્ય—રોગાદિ કારણથી મંદિરમાં ન જવાય તો પ્રતિનિધિ મોકલવાથી ગરજ સરે ખરી ?

સૂરિ—કેટલાક લેભાગુ પંડિતો એકની બાધા બીજા પાસે પળાવવાની વ્યવસ્થા લોભ–લાલચને વશીભૂત થઈ આપે છે, એમ સાંભળવામાં આવ્યું છે; પરંતુ તેમ કરવું એ દયાજનક અજ્ઞાનતા છે. એકની પ્રતિજ્ઞા અન્ય મનુષ્ય પાળે એથી મૂળ પ્રતિજ્ઞા કરનારને કેવી રીતે લાભ મળે ? તેવીજ રીતે તમે ધર્મકાર્ય ન કરો પણ તમારા નોકર–ચાકર પાસે કરાવો તો તેથી તમારી આત્મપરિણતિ કેવી રીતે સુધરે ? સ્થુળ વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તો પ્રતિનિધિથી બની શકે, પરંતુ આત્મશુદ્ધિ અને ધર્મભાવ જેવી અત્યંતસૂક્ષ્મ વસ્તુ પ્રતિનિધિ દ્વારા મેળવી શકાય એવી કલ્પના કરવી એ ઘોર અજ્ઞાનતા છે. શાસ્ત્રમાં ખુલ્લી રીતે કહેવામાં આવ્યું છે કે " આપણી સ્ત્રીને વિષે પુત્ર ઉત્પન્ન કરવા, સ્વામીની સેવા કરવી, વૃદ્ધ માત-પિતાનું પાલન કરવું અને ધર્મકૃત્ય આદરવું એ ચાર કાર્યોમાં પ્રતિનિધિપણું ચાલી

શકતું નથી. રોગાદિ કારણે કદાચ ન જવાય તો તેથી બહુ હાની નથી, પરંતુ એવા ધર્મકાર્યો પ્રતિનિધિ મારફત થઈ શકે છે એ વિચારને હૃદયમાં સ્થાન સરખું પણ ન મળવું જોઇએ.

શિષ્ય—સ્નાન કર્યા પછી તુરત મંદિરે જઈ પૂજા કરવી હોય તો તે કેવી વિધિથી કરવી તે જરા કહેશો ?

સૂરિ—શુદ્ધ વસ્ત્ર પહેરી, મન શુદ્ધ કરી, નાસ્તીક, વ્યસની વિગેરે લોકોની દૃષ્ટિથી વેગળા રહી પૂજાગૃહની અંદર ફુલ વિગેરે સામગ્રી બરાબર રાખી દ્વારની જમણી બાજુએ ઉભા રહી ઉંબરાનું પૂજન કરવું. પછી ઉંબરાને પગનો સ્પર્શ થવા ન દેતાં જમણો પગ આગળ મુકીને અંદર જવું. પૂર્વ અથવા ઉત્તર દિશામાં મુખ કરીને સુગંધી તથા મધુર સામગ્રીથી મૌનપણે દેવની પૂજા કરવી.

શિષ્ય—ઘરમંદિર કરાવવું હોય તો ખાસ કરીને કયો ભાગ પસંદ કરવો જોઇએ ?

સૂરિ—ઘરમાં પ્રવેશ કરતાં ડાબા હાથ ઉપર દેવમંદિર કરવું. તેની રચના મનોહર હોવી જોઇએ, એટલુંજ નહીં પણ ઘરની ભૂમિથી મંદિરની ભૂમિ દોઢ હાથ ઉંચી જોઇએ.

શિષ્ય—એ કથનનો હેતુ સહેલાઇથી સમજી શકાય છે. હવે પૂજાનો વિધિ સંક્ષિપ્તમાં સંભળાવો.

સૂરિ—પૂજા કરનારે પ્રથમ બે પગોએ, પછી અનુક્રમે બે જાનુએ, બે હાથે, બે ખભાએ અને મસ્તકે પૂજા કરવી. કેસર, ચંદન વગર જીન પ્રતિમાની પૂજા કોઇ કાળે પણ કરવી નહીં.

કપાળ, કંઠ, હૃદય, ઉદર વિગેરે અંગે અનુક્રમે તીલક કરવું. આવી રીતે હંમેશાં નવ તિલક કરી જીન પ્રતિમાની પૂજા કરવી. વિધિના જાણ પુરૂષો પ્રભાત કાળમાં પ્રથમ વાસક્ષેપપૂજા પણ કરે છે. પૂજા વખતે ભગવાનની ડાબી બાજુએ ધુપધાણું રાખવું. આગળ સન્મુખ નૈવેદ્ય ધરવું અને સામે બેસી ધ્યાન કરવું. ચૈત્યવંદન કરવું હોય તો દક્ષિણ ભાગમાં કરવું. દીપક પણ પ્રતિમાની દક્ષિણ બાજુએજ રાખવાનો વિધિ છે. બાકી ચૈત્યવંદન અને ભાવના આદિ શાસ્ત્રીય વિધિ-વિધાનો તો તે વિષયના ગ્રંથોનો અભ્યાસ કરી જાણી લેવા જોઇએ. વાર્ત્તાલાપથી તે વિષય એકાએક યાદ રહી શકે નહીં એટલે તે સંબંધી અત્રે વિચાર કરવો નિરર્થક છે.

શિષ્ય—જીન પ્રતિમાના સંબંધમાં આપ કંઇ વિશેષ સંભળાવવાની કૃપા કરશો ?

સૂરિ—એ વિષય શિલ્પશાસ્ત્રને લગતો છે, છતાં શ્રાવકોએ પણ તે વિષે ઉપયોગી જ્ઞાન મેળવી લેવું જોઇએ એટલે ટુંકામાં આજે કહી દઉં છું. ભગવાનની બેઠી અથવા ઉભી બન્ને પ્રકારની પ્રતિમાઓ યૌવન અવસ્થામાંજ હોવી જોઇએ. તેમાં પહેલી અર્થાત્ બેઠી પ્રતિમા પર્યંકાસનવાળી હોવી જોઇએ.

શિષ્ય—પર્યંકાસન એટલે શું ?

સૂરિ—પ્રથમ જમણી જાંઘ અને જમણા સાથળ ઉપર ડાબો પગ અને ડાબો હાથ સ્થાપન કરવો. પછી ડાબી જાંઘ

અને ડાબા સાથળ ઉપર જમણો પગ અને જમણો હાથ મુકવે તે પર્યંકાસન કહેવાય.

શિષ્ય—અને પ્રતિમાજી ઉભા હોય તો ?

સૂરિ—તો તેના બે ભુજ ઢીંચણ સુધી લાંબા હોવ જોઇએ. બંને પ્રતિમાઓ શ્રીવત્સ, ઉષ્ણીષ અને ત્રણ છ ઇત્યાદિ પરિવાર યુક્ત હોવી જોઇએ.

શિષ્ય-પ્રતિમાના પ્રમાણના સંબંધમાં શાસ્ત્રોક્ત નિયમે હશે કે કેમ ?

સૂરિ—મેં આગળ જણાવ્યું તેમ એ વિષય ખા અભ્યાસ કરવા જેવો છે. વિદ્વાન પુરૂષો અને શિલ્પશાસ્ત્રન વેત્તાઓ જ તે યથાર્થપણે સમજી શકે છે. તો પણ તે પ્રમા ણના સંબંધમાં એટલું કહેવું બસ થશે કે નાસીકાના અગ્રભા ઉપર ત્રણ છત્રના અગ્ર ભાગની સમરેખા આવે તો ત્રણ છ સર્વોત્તમ જાણવા, તેમજ નાસિકા અને કપાળ એના મધ્ય ભ ગમાં આડી રેખાથી કપોળનો વેધ થવો જોઇએ. પ્રતિમા પરિવારમાં પત્થરનો વર્ણશંકર ન થાય તેની સંભાળ રાખવ તેમજ પ્રતિમાનું પ્રમાણ પણ બે, ચાર, છ, આઠ ઇત્યા સમસંખ્યામાં હોય તો તે ઇષ્ટ ન જાણવું. એકથી બીજા ઢી ચણ સુધી આડું એક સૂત્ર, જમણા ઢીંચણથી ડાબા ખં સુધી બીજું સૂત્ર, ડાબા ઢીંચણથી જમણા ખંધ સુધી ત્રીજ સૂત્ર અને નીચેથી મસ્તક સુધી ચોથું સૂત્ર—એ ચારે સૂત્ર પ્રમાણ સરખું આવે તો પ્રતિમા સમચતુરસ્ર કહેવાય. બે ઢીંચ

વચ્ચે આડું સૂત્ર દેવું અને સૂત્રથી નાભિ સુધી એક કંબિકા રાખવી. એ રીતે નાભિથી સૂત્ર સુધી અઢાર આંગળનું પ્રમાણ જોઈએ.

શિષ્ય—પ્રતિમાની અને મંદિરની રચનામાં આટલી બધી કળા–કુશળતાની જરૂર પડે છે તે તો હું આજેજ સમજ્યો. ને એટલી કળા–કુશળતાથી પ્રતિમા તથા મંદિર ન રચાય તો તે ભક્તજનોના ચિત્તને આહ્‌લાદક ન થાય એ સ્વાભાવિક છે. જુના સમયની પ્રભાવશાળી પ્રતિમાઓ જોતાં આત્મામાં જે ઉલ્હાસ વ્યાપી રહે છે તે આપે કહ્યા તેવા કારણોને જ આભારી હશે એવી હવે મને ખાત્રી થાય છે. ધન્ય છે તે પૂર્વના પ્રતિભાશાળી કળાધરો અને ધર્મધુરંધર આચાર્યોને કે જેમની કૃપાથી આજે પરમોપકારી જીન–પ્રતિમાના દર્શન અને પૂજા–ભક્તિનો અનંત લાભ મળી શકે છે. આપે આજે જૂદા જૂદા વિષય ઉપર વિસ્તારથી વિવેચન કરી મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનો બદલો હું કોઇ રીતે વાળી શકું તેમ નથી.

સૂરિ—બદલાની આશાથી જ આ વાર્તાલાપ થાય છે એમ માની લેવાની જરૂર નથી. કોઇ જીજ્ઞાસુ પ્રશ્ન કરે તેનો યથોચિત ઉત્તર આપવો એ અમારૂં પવિત્ર કર્તવ્ય છે. જેઓ લાભ કે પાખંડને વશીભૂત થઇ ખરી વાત છુપાવે છે, તેઓ નથી પોતાનું કલ્યાણ કરી શકતા કે નથી અન્યનું કરી શકતા. એવા ગુરૂઓને મુક્તિપુરીના અર્ગલાની જે ઉપમા આપી છે તે યથાર્થ જ છે

શિષ્ય—જીજ્ઞાસુઓને યથાશક્તિ-યથામતિ સંતોષવા એ જેમ આપનું કર્તવ્ય છે, તેમ આપના સંયમ નિર્વાહમાં ભક્તિ-પ્રીતિપૂર્વક યથાશક્તિ સહાય કરવી એ અમારી પણ ફરજ છે. એ ફરજ બજાવવામાં જો કોઇ જાતની ખામી આવી હોય અથવા કોઇ પણ પ્રકારનો અવિનય થયો હોય તો હું અંતઃકરણપૂર્વક ક્ષમા માગી આજને માટે રજા લઉં છું.

સૂરિ—અસ્તુ, કાલે વળી તમને રસ પડે અને વ્યવહાર-જીવનમાં ઉપયોગી થાય એવોજ વિષય ચર્ચીશું. આજે એ વાત એટલેથીજ સમાપ્ત કરીએ.



(૩) શ્રેષ્ઠ વણિકનાં લક્ષણો-તાંબુલ ભક્ષણનો વિધિ વિગેરે

સૂરિ—આજે તમારા મુખના રંગ અને સુવાસ ઉપરથી તમે તાંબુલ ભક્ષણ કર્યું હોય એમ જણાય છે.

શિષ્ય—આપનું અનુમાન બરાબર છે. આપે જ એક વખત આયુર્વેદની દ્રષ્ટિએ કહ્યું હતું કે છએ રસના આધાર સ્વરૂપ, ઉષ્ણ, કાંતિપ્રદ, કફ-કૃમિ-દુર્ગંધ અને વાયુનો નાશ કરનાર, મુખને શોભા અર્પનાર એવા તાંબુલને જે માણસ ખાય છે તેના ઘરને શ્રીકૃષ્ણના ઘરની પેઠે લક્ષ્મી છોડતી નથી

સૂરિ—બીજું એની સાથે મેં શું કહ્યું હતું તે યાદ છે કે

શિષ્ય—તાંબુલથી મુખની શુદ્ધિ થતી હોવાથી નિદ્રા

ઉલટી અને સ્નાન તેમજ ભોજન પછી તેનું સેવન કરવું જોઇએ. સભામાં જતાં પહેલાં પણ ગૃહસ્થ પુરૂષો તાંબુલ સેવન કરે છે.

સૂરિ—વિશેષમાં મેં એમ પણ કહ્યું હતું કે રક્તપિત્તવાળા, વાત રોગવાળા, રૂક્ષ અને ક્ષીણબળ થયેલા, આંખના રોગી, વિષથી પીડાતા અને ઘેલા તથા શોષ, ક્ષયરોગવાળા માણસોને માટે તાંબુલ હિતકારક નથી.

શિષ્ય—તે ઉપરાંત તાંબુલના ચોક્કસ ભાગોના ગુણ–દોષ પણ આપે કહી બતાવ્યા હતા.

સૂરિ—વનસ્પતિશાસ્ત્રના અભ્યાસીઓ કહે છે કે પાનના મૂળમાં વ્યાધી અને અગ્રભાગમાં પાપનો સમૂહ રહેલો છે. સુકાયેલું અને સડેલું પાન ખાવાથી આયુષનો નાશ થાય છે. પાનની નસ બુદ્ધિનો નાશ કરે છે.

શિષ્ય—છતાં દેવ–ગુરૂ પાસે જતાં પહેલાં મુખશુદ્ધિ કરી લેવી જોઇએ તે વાત આપે ખાસ કરીને લક્ષમાં રાખવાનો આગ્રહ કર્યો હતો.

સૂરિ—અસ્તુ! હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ. મેં આજે દ્રવ્યોપાર્જન વિષે બે શબ્દો કહેવાનું ગઇ કાલે છુટા પડતી વખતે વચન આપ્યું હતુ.

શિષ્ય—એ વિષય અમારા જેવા ગૃહસ્થોને માટે પરમ ઉપયોગી છે. કહ્યુ પણ છે કે દ્રવ્ય જ છે તેજ સર્વ પુરૂષાર્થનું મૂળ કારણ છે દ્રવ્યથી રહિત માણસો જીવતા છતા મુવા સરખા

મનાય છે. આપે એક વાર જણાવ્યું હતું કે સુગંધી વિનાના ફુલ સરખા, જળ વિનાના તળાવ સરખા અને જીવ વિનાના કલેવર સરખા નિર્ધન માણસની કોણ સેવા કરે ?

સૂરિ—પરન્તુ એટલા ઉપરથી ગમે તે રીતે દ્રવ્યનું ઉપાર્જન કરવું જ જોઇએ એવો અર્થ કાઢવાનો નથી. દ્રવ્ય અલબત્ત ગૃહસ્થોને માટે ઉપયોગી છે, પરંતુ તે દ્રવ્ય પ્રાપ્ત કરવામાં જે સાધન વાપરવામાં આવે તે તદ્દન નિર્દોષ અને નિષ્પાપ હોવા જોઈએ. ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય એજ યથાર્થ દ્રવ્ય છે. બાકી અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય એ તો પાપનો પોટલો જ સમજવો.

શિષ્ય—એક માણસ અન્યાયથી દ્રવ્યોપાર્જન કરી તેનો ઉપયોગ ધર્મકાર્યમાં કરે તો ?

સૂરિ—એવી દલીલ તમારા જેવા ગૃહસ્થ અને સાધુને સહવાસ સેવનારા પુરૂષોએ કરવી એ ઉચિત નથી. બુદ્ધિશાળી માણસો ધર્મને કોઇપણ પ્રકારનો વિરોધ ન આવે એવી રીતે કુલની મર્યાદા સાચવતા થકા પરિશ્રમથી પૈસો પ્રાપ્ત કરે છે. ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય જ ધર્મકાર્યમાં વાપરવા યોગ્ય છે. તેવું થોડું દ્રવ્ય પણ મહાન્ કલ્યાણ સાધી શકે છે, જ્યારે એથી ઉલટું અધર્મથી કમાયેલું દ્રવ્ય ઘણું વાપરે તો પણ તે નિષ્ફળ જ જાય છે.

શિષ્ય—ગૃહસ્થોએ દ્રવ્યોપાર્જન કરવું જ જોઇએ એવો કંઇ નિયમ છે ?

સૂરિ—એક ગૃહસ્થ કેટલો પુરૂષાર્થી છે, તે તેની દ્રવ્યોપાર્જન કરવાની શક્તિ ઉપરથી સામાન્યતઃ સૂચવાય છે. જો કે એજ એક માત્ર પુરૂષાર્થ છે એમ માની લેવાનું નથી. સંસારમાં જે ગૃહસ્થ દ્રવ્ય વિના દરિદ્ર દશા ભોગવે છે તે જીવતાં છતાં મુવા જેવો ગણાય છે. વળી કહ્યું પણ છે કે સુગંધી વિનાના ફુલ જેવા, જળ વિનાના તળાવ જેવા અને જીવ વિનાના કલેવર જેવા નિર્ધન માણસની કોણ સેવા કરે ? સારાંશ એ છે કે જગતમાં આદર-માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાં હોય તો ગૃહસ્થોએ યથાશક્તિ દ્રવ્યોપાર્જન કરવું જોઈએ.

શિષ્ય—જેઓ આંખો મીંચીને કેવળ દ્રવ્યસંચય કર્યા કરે છે તેને " લોભી " " કંજુસ " અને " ભવાભિનંદી " કહી લોકો નિંદે છે, તેનું શું કારણ હશે ?

સૂરિ—સંચયની સાથે જો ત્યાગ ન હોય તો તે સંચય સુખ આપવાને બદલે ઉલટો દુઃખદાયકજ થઈ પડે છે. જેઓ ઉપાર્જન કરેલા દ્રવ્યનો ઉપયોગ પરોપકારાર્થે નથી કરી શકતા તેમને લોકો કંજુસ અને લોભી કહે એમાં કાંઇ આશ્ચર્ય નથી. દ્રવ્યનો સંચય એટલા માટે કરવાનો છે કે તેનો, ઈચ્છામાં આવે ત્યારે સદ્ઉપયોગ કરી શકાય. તેને બદલે જો દ્રવ્યજ આપણી વિવેકબુદ્ધિને મુંઝવી નાખે અને ગુલામ જેવી સ્થિતિમા મુકી દે તો પછી એ દ્રવ્યની વાસનાજ સંસારમા ભમાવી મારે છે.

શિષ્ય—તે કેવી રીતે ?

સૂરિ—સૌ કોઈ જાણે છે કે દ્રવ્યોપાર્જન કરવા માટે મોટા આરંભ-સમારંભો કર્યા વિના ચાલતું નથી. આવા આરંભ-સમારંભવડે પ્રાપ્ત થયેલું દ્રવ્ય જો ધર્મગુરૂ અને જ્ઞાનની સેવામાં ન વપરાય તો એ દ્રવ્યની વાસના ભૂતની માફક આપણા ઉપર ચડી બેસે અને ચતુર્ગતિમાં ભમાવે એમાં શું તમને કંઈ નવાઈ લાગે છે? દ્રવ્ય કરતાં પણ દ્રવ્યની વાસના સંસારીઓને બહુ બહુ રીતે રંજાડે છે. એ વાસના રૂપી જાળમાંથી છુટવાને માટે દ્રવ્યનો "દાન" સિવાય બીજો ઉત્તમ સદ્વ્યય નથી.

શિષ્ય—દ્રવ્ય ઉપાર્જવાના કયા કયા રસ્તાઓ છે તે વિષે હું પ્રશ્ન કરી શકું?

સૂરિ—ખુશીથી, જેવી સરળતાથી તમે પૂછો છો તેવીજ રીતે હું તેનો ઉત્તર આપવાનો યત્ન કરૂં છું. તમારા જેવા વિવેકી પુરૂષો પાસે કોઈ વાત છુપાવવાની કે દંભથી અન્યથા વર્ણવવાની મારી ઇચ્છા નથી. એટલાજ માટે હું સ્પષ્ટતા પૂર્વક કહી દઉં છું કે દ્રવ્ય ઉપાર્જવાને કૃષી કિંવા ખેતી વિગેરે જેવો બીજો ઉત્તમ માર્ગ નથી.

શિષ્ય—આપ ખેતીને અગ્રપદ આપો છો તે સાંભળી મને અજાયબી લાગે છે. ખેતીમાં તો પશુઓ વિગેરે પાળવા પડે છે. અર્થાત્ તેમને બંદીખાને નાંખવા પડે છે તે ઉપરાંત તેમને પ્રસંગોપાત ન છુટકે પ્રહાર પણ કરવો પડે છે.

સૂરિ—તે તો હું પ્રથમજ કહી ગયો છું કે પાપસ્થાનકના સેવન વિના દ્રવ્યોપાર્જન અસંભવિત છે. પરંતુ વિવેકી અને અજ્ઞાની મનુષ્યોમાં એટલોજ ભેદ છે કે વિવેકી ગૃહસ્થ સંસારના વ્યાપારોમાં પડવા છતાં અનુકંપા અને ધર્મવૃત્તિને કિંચિત્ માત્ર પણ ત્યજતો નથી. જ્યારે અજ્ઞાની મનુષ્ય દયા, માયા, પ્રીતિ જેવી દૈવી ભાવનાઓને ભૂલી જઇ અધિકાધિક પાપ-પંકથી ખરડાતો જાય છે.

શિષ્ય—કૃષિને અગ્રપદ આપવાનું કારણ ?

સૂરિ—પૃથ્વીમાંથી પેદા થતી અન્ન સામગ્રી ઉપર જ સંસારનો મ્હોટો આધાર છે એ વાત નવેસરથી કહેવાની જરૂર નથી. જો કૃષિ તરફ છેક ઉપેક્ષા બતાવવામાં આવે તો લોકોને ઉદરનિર્વાહ ચલાવવો ભારે થઈ પડે અને તેનું પરિણામ એ આવે કે જગતમાં દુરાચાર-પાપ-અન્યાય અને અત્યાચાર વધી પડે. ભુખ્યો માણસ પાપ કરવામાં પાછું વાળીને જોતો નથી એવી સામાન્ય કહેવત પણ છે. ખેતી વિષેનું જ્ઞાન જ્યારે લોકોને ન હતું, ત્યારે તેઓ પશુ-પ્રાણીઓની હિંસા કરતા અચકાતા નહોતા એમ જુના ઇતિહાસ ઉપરથી જણાય છે. જે કૃષિએ લોકોને સાત્વિક પ્રકૃતિવાળા બનાવ્યા છે, તે કૃષિને અગ્રપદ આપવામાં શું કાંઈ ખોટું છે ? ગાય, ભેંસ, બળદ જેવા પશુઓ પાળવા પડે તો કૃષિ કરનારા સુજ્ઞ ગૃહસ્થોએ હૃદયમાંથી દયાને તિલાંજલી ન આપવી જોઇએ. પશુઓ ભૂખ, તરસથી કે એવી બીજી કોઇ વેદનાથી ન રીબાય તેની સતત સાવધેતી રાખવી જોઇએ.

શિષ્ય—કૃષિથી અન્ન પેદા થાય છે એ વાત ખરી; પણ ધર્મને અને અન્નને શું સંબંધ ?

સૂરિ—ધર્મથી કલ્યાણ થાય છે એ વાત જેટલી સત્ય છે, તેટલીજ દેહથી અને દ્રવ્યથી ધર્મ થાય છે એ વાત સત્ય છે. દેહ અને દ્રવ્યોપાર્જનનો આધાર અન્ન ઉપર છે. અન્નસામગ્રીના સંચય અને વ્યાપાર ઉપર જ જીવનની પ્રતિષ્ઠા થયેલી છે. ખાદ્ય સામગ્રી ન હોય તો અનુકંપાદાન અને પાત્રદાન કેવી રીતે સંભવે ? વિચાર કરશો તો જણાશે કે કૃષિ જેવી ઉપકારક વ્યવહારિક પ્રવૃત્તિ ભાગ્યેજ બીજી કોઇ હશે. વ્યાપાર પણ કૃષિને જ અનુસરે છે. એકલો વ્યાપાર ખેતી પ્રમુખ વિના સંભવે જ શી રીતે ?

શિષ્ય—ખેતી લાભકારી ક્યારે થાય ?

સૂરિ—ખેડુતોએ વાવવાનો યોગ્ય અવસર જાણી લેવો જોઇએ. કઇ ભૂમિમાં કયો પાક વાવવાથી પરિશ્રમ સફળ થશે તે વિષયનો બારિકીથી અભ્યાસ કરવો જોઇએ. ઋતુઓના પરિવર્તન અને પ્રભાવનું સંપૂર્ણ જ્ઞાન ખેડુતોને માટે અત્યાવશ્યક છે.

શિષ્ય—ખેતીની પેદાશના સંબંધમાં વ્યાપારીઓની શી ફરજ છે ?

સૂરિ—અન્ન જેવી ઉપયોગી સામગ્રીનો સંગ્રહ કરી રાખવો અને યોગ્ય બુદ્ધિમત્તા પૂર્વક તેના દેશને સમૃદ્ધ બનાવવો એ વેપારીઓની ફરજ છે. અનાજની ઉત્પત્તિ થતા

જ તેનો કુશળ વ્યવહારીઓએ સંગ્રહ કરી લેવો જોઇએ. અન્નનો જો સંગ્રહ કરી રાખ્યો હોય તો જરૂરીઆતના પ્રસંગોમાં તે સામગ્રીનો સદ્વ્યય થઈ શકે. પરંતુ જો સંગ્રહ જ ન હોય તો પછી લોકો ભૂખે મરે અને ભૂખે મરતાં અનાચારો –દુરાચારો સેવે એમાં કંઇ આશ્ચર્ય નથી. એવી મતલબનું હું આગળ જણાવી ગયો છું. વ્યાપારીઓ જો અન્ન જેવી સામગ્રી સંઘરી ન રાખે અને તેની યથાયોગ્ય પ્રમાણમાં વહેંચણી ન કરે તો તેમની વ્યાપારી કુનેહ શું કામની ?

શિષ્ય—અન્નનો સંગ્રહ જ કરવો. વેચવાથી લાભ થતો હોય તો પણ તે લાભ ન લેવો, શું એમ આપ કહેવા માગો છો ?

સૂરિ—નહીં, અન્ન વેચવાથી લાભ થતો હોય તો તે લાભ લેવો; પરંતુ તેવા લાભની ખાતર ભૂખમરો કે દુકાળ ન વ્હોરી લેવાય એની સાવચેતી રાખવાની હોય છે. તથાપિ એટલું તો ચોક્કસ યાદ રાખવું જોઈએ કે બની શકે ત્યાં સુધી એવી સામગ્રી ઉધારે વેચવી ન જોઇએ. કારણ કે તેમ કરવાથી ઘણું કરીને વૈર તથા કલહનાં બીજો વવાય છે અને તે પણ સગા-સંબંધી અને મિત્રજનોમાં જ્યારે ઉધારનો વહેવાર વધી પડે છે, ત્યારે તો ખરેખર બહુ દુઃખદાયક થઇ પડે છે.

શિષ્ય—આપ શ્રેષ્ઠ વણિક કોને કહી શકો ?

સૂરિ—કરિયાણાના સઘળા પ્રકારને સારી રીતે જાણતો હોય, દેશ-પરદેશમાં ચાલતા નાણાંની ઝીણી ઝીણી બાબતો સમજી શકતો હોય. વિવિધ પ્રાંત અને પ્રદેશોની ભાષામાં

કુશળ હોય અને તે ઉપરાંત હસ્તસંજ્ઞા તથા ગણિતશાસ્ત્રથી પૂર્ણ વાકેફ હોય એને હું શ્રેષ્ઠ વણિક કહી શકું.

શિષ્ય—હસ્તસંજ્ઞા એટલે આપ શું કહેવા માગો છો?

સૂરિ—હસ્તસંજ્ઞાથી મૌનપણે સંખ્યાનું સૂચન થઇ શકે છે. મુખગણિતમાં પણ તેનો છુટથી ઉપયોગ કરી શકાય છે. દાખલા તરીકે તર્જની આંગળીથી માંડીને ચાર આંગળીઓ ગ્રહણ કરવાથી અનુક્રમે એક, બે, ત્રણ અને ચાર એવી સંજ્ઞા થાય છે. તેની સાથે અંગુઠો લીધાથી પાંચની સંજ્ઞા થાય છે. તેવીજ રીતે કનિષ્ઠા આંગળીથી માંડીને ચાર આંગળીઓના તળને સ્પર્શ કરવાથી અનુક્રમે છ, સાત, આઠ અને નવની સંજ્ઞા તથા તર્જનીને વિષે સ્પર્શ કરે તો દશની સંજ્ઞા જાણવી. તેજ આંગળીઓના નખોને સ્પર્શ કરવાથી અનુક્રમે અગ્યાર, બાર, તેર અને ચૌદની સંજ્ઞા અને હથેલીને સ્પર્શ કરવાથી પંદરની સંજ્ઞા જાણવી. આવી રીતે હજાર, લાખ અને ક્રોડની પણ ગણતરી થઇ શકે છે.

શિષ્ય—આપે કહ્યું કે મિત્રતા અને સંબંધ સાચવી રાખવો હોય તો મિત્રો અને સંબંધીઓ સાથે પૈસા સંબંધી લેવડ-દેવડનો બહુ વ્યવહાર ન રાખવો. આ વાત લગભગ તમામ વ્યવહારીઓને અનુભવમાં આવી ગઈ હોય છે. ઘણે સ્થળે એવા વ્યવહારથી મિત્રતા અને સંબંધનો લોપ થયો છે; એટલુંજ નહીં પણ નાણાની બરબાદી પણ થયેલ છે.

સૂરિ—એવાં બીજાં પણ સ્થળો છે કે જ્યાં વ્યવહાર

બાંધતાં પહેલાં પરિણામનો પુખ્ત વિચાર કરી લેવો જોઈએ. ઉદાહરણ તરીકે એટલું કહેવું બસ થશે કે લક્ષ્મીની વાંછનાવાળો વ્યાપારી બનતા સુધી કરિયાણું નજરે નીહાળ્યા વિના બાનું આપી દેતો નથી; એટલુંજ નહીં પણ કરિયાણું દીઠા પછી પણ બીજા ઘણા વ્યાપારીઓની સાથે બાનું આપવાનું વાજબી માને છે. વ્યવહાર કુશળતા એ વ્યાપારીઓને માટે બહુજ આવશ્યક છે. તેની સાથે પ્રતિષ્ઠાનો ખ્યાલ જો રાખવામાં ન આવે તો એ કુશળતાની કીમ્મત એક ફુટી બદામ જેટલી પણ અંકાતી નથી. મતલબ કે દ્રવ્યની સહિસલામતી અને આબરૂ એ બે વાનાં વ્યાપારમાં સંપૂર્ણ રીતે સચવાવા જોઈએ.

શિષ્ય—એક તો મિત્રો અને બીજા સંબંધીઓ સાથે બહુ વધારે પડતો દ્રવ્ય-વ્યવહાર ન રાખવો તેવાં બીજાં પણ સ્થાનો હશે ખરા ?

સૂરિ—શસ્ત્રધારી લોકો સાથે, નટની સાથે, વેશ્યાસકત, જુગારી અને વ્યસની પુરૂષો સાથે ઉધારનો વ્યવહાર રાખવાથી પણ કોઇકવાર આફત આવી પડે છે. વળી પુણ્યનો અર્થી પુરૂષ ધર્મને હાની પહોંચે અને કુટુંબની નિર્મળ કીર્ત્તિને કલંક લાગે એવા વ્યાપાર ગમે તેવા લોભની આશાથી પણ કરતો નથી.

શિષ્ય—કેટલાક વણિકો ખોટાં તોલાં અને માપ રાખી ધનોપાર્જન કરે છે,તેમના સંબંધમાં આપનો શું અભિપ્રાય છે?

સૂરિ—એવા વણિકો વ્યાપારીની નિર્મળ કીર્ત્તિને મહાન કલંક લગાડે છે. ખોટા કાટલા રાખી સમાજને છેતરનાર વણિક

ન્હેડો–મ્હોટો તેનું દુષ્પરિણામ પ્રાપ્ત કર્યા વિના રહેતો નથી. છતાં ધારો કે ક્ષણ ભરને માટે તે ધનવાન્ થાય તો પણ તે ધન નષ્ટ થતાં વાર લાગતી નથી. જેવી રીતે તપેલી તાવડી ઉપર જળનું બિંદુ પડતામાંજ અદૃશ્ય થઈ જાય છે, તેવી રીતે અનીતિથી પેદા કરેલું દ્રવ્ય જોતજોતામાં લુપ્ત થઇ જાય છે.

શિષ્ય—ખરા વ્યાપારીઓ કદાપિ કોઇને છેતરતા નથી અને મને લાગે છે કે તેથીજ વ્યાપારીઓની આટલી કીર્ત્તિ આજે પણ રહી ગઈ છે.

સૂરિ—વ્યાપારનો સઘળો આધાર સત્ય અને વિશ્વાસ ઉપર રહેલો છે. જેઓ નીતિ, ન્યાય, સત્ય અને વિશ્વાસનો સંબંધ સાચવી શકે છે, તેઓ દ્રવ્યોપાર્જનની સાથે નિર્મલ કીર્ત્તિ પણ સંપાદન કરી શકે છે. સંપૂર્ણ નિર્મળતા ન સચવાય તો પણ પોતાના ઉપર વિશ્વાસ રાખનારા, નિર્મળ સ્વભાવ વાળા પોતાના ગુરૂ, નાયક, બાળક કે વૃદ્ધપુરૂષને તો કદિપણ ન છેતરવા જોઇએ.

શિષ્ય—પહેલાના સમયમાં નગરશેઠો અને સંઘના આગેવાનોને રાજદરબાર વિગેરેમાં જે બહુમાન મળતું તે પણ તેમની ન્યાયપ્રિયતા અને સત્યપરાયણતાને લીધે જ હશે?

સૂરિ—અલબત્ત, તે દીર્ઘદર્શી વ્યવહારિક પુરૂષો કોઇની કોર્ટમાં દરબારે કદિ પણ ખોટી સાક્ષી આપતા નહોતા, તેમજ પોતાના મનુષ્ય લોકો અનીતિ આચરતા નહોતા, ખોટા સોગંદ ખાવું તે તેઓ સમજતાજ નહોતા. રાજદરબારમાં જે તેમના

માન-પ્રતિષ્ઠા જળવાઇ રહ્યા હતા તે ઉપર્યુક્ત કારણોનેજ મુખ્યત્વે આભારી હતું. હજી પણ આપણા વ્યાપારીઓ જો સત્યનિષ્ટ બને તો તે માન-પ્રતિષ્ઠાની વરમાળ તેમના કંઠમાં પડે એ નિઃશંક છે.

શિષ્ય—કેટલાક માણસો જ્યારે નિર્ધનપણાથી કંટાળી છેવટે જુગાર અને પ્રપંચ કરવા પ્રેરાય છે, ત્યારે તો ખરેખર તેમના પ્રત્યે દયા આવ્યા વિના રહેતી નથી.

સૂરિ—નિર્ધનાવસ્થા એક રીતે પોતાના ઉદ્યમની અથવા પુરૂષાર્થનીજ ખામી સૂચવી આપે છે. શક્તિમાન પુરૂષો ધનોપાર્જનના યોગ્ય માર્ગો શોધી કાઢવામાં પ્રમાદ કરતા નથી. અશક્ત, પામર અને નિરૂત્સાહી વ્યાપારીઓજ જુગાર અને પ્રપંચના માર્ગે ઘસડાઇ જાય છે. તેમની અજ્ઞાનતા ખરેખર દયાને પાત્ર છે. ખરૂં જોતાં જે વ્યવસાયી પુરૂષોના મન ઉપર ટાઢ, તાપ, કામ, મોહ, ક્ષોભ અને ભૂખ-તરશની પણ અસર થતી નથી અને જેઓ કંટાળીને નિરાશ બની જતાં નથી, તેઓજ એક વ્યવસાયી તરીકે અમર નામના મેળવી જાય છે. વ્યાપાર ખેડવો એ લગભગ ધર્મસંગ્રામ જેવીજ પ્રવૃત્તિ છે. ધર્મસંગ્રામમાં જેમ અધર્મ ચાલતો નથી તેમ દ્રવ્યોપાર્જનમાં પણ અધર્મ યુક્ત સાધનો ફત્તેહમંદ નીવડતા નથી. કહ્યું પણ છે કે જેઓ જુગાર અથવા દીમીયાથી ધન મેળવવાની ઇચ્છા કરે છે, તેઓ પોતાના ઘરને મસીની પીછીથી સફેદ કરવા જેવું વિપરીત આચરણ દર્શાવી જગતમાં હાસ્યાસ્પદ બને છે.

વળી જેઓ અન્યાયી, પાખંડી અને કૃપણ જીવોના ધનથી ધનવાન બનવાનો પ્રયત્ન કરે છે, તેઓ જીવવાની ઇચ્છાથી ઝેર ખાવા જેવું સાહસ કરે છે એમજ સમજવું જોઇએ.

શિષ્ય—એ વાત જરા વિસ્તારથી સમજાવશો ?

સૂરિ—નિર્ધનાવસ્થા દૂર કરવાને ભૂખ, તરસ જેવા પરિસહો સહન કરવા જોઇએ. જેઓ એવા દુઃખો સહન કરી શકતા નથી અને છતાં ધનની આશાનો ત્યાગ કરી શકતા નથી, તેઓ હાયવોયમાં જીંદગી પુરી કરે એમાં કાંઇ આશ્ચર્ય નથી. પ્રયત્ન કરવો તે મનુષ્ય માત્રનો અધિકાર છે. જુગાર અને કીમીયાથી ધનવાન બનવાની આશા આજ સુધીમાં કોઇની સંપૂર્ણ પ્રકારે પાર પડી હોય એમ જણાતું નથી અને તેથીજ શાસ્ત્રકારે જુગારના ધનને મસીની ઉપમા આપી છે. મસીથી જેમ ઘરની ઉજવળતા થતી નથી, ઉલટી મલીનતા વૃદ્ધિ પામે છે, તેમ જુગાર જેવા હલકા સાધનોથી દ્રવ્યપ્રાપ્તિ થતી નથી, ઉલટું દરિદ્રતામાં સવિશેષ વૃદ્ધિ થાય છે તે નફામાં. અન્યાયી, પાખંડી અને કૃપણ પુરૂષોથી પ્રાપ્ત થયેલો પૈસો પણ લગભગ ઝેર જેવોજ હોય છે; કારણ કે તે પૈસો આપણને જંપીને બેસવા દેતો નથી.

શિષ્ય—તે પૈસાને ઝેરની ઉપમા આપવાનું શું કારણ?

સૂરિ—જેઓ સ્વભાવથીજ કૃપણ, લોભી અને પ્રપંચી હોય તેઓ પોતાનું દ્રવ્ય પારકાના હાથમાં ગયેલું ન જોઈ શકે.

ગમે તે રીતે તે દ્રવ્ય પડાવે ત્યારેજ તેમને શાંતિ વળે. અન્યાયી અને કૃપણ પુરૂષોની પ્રકૃતિજ એ રીતની હોય છે તે તમે ક્યાં નથી જાણતા ? હવે જો આવા મનુષ્યો પાસેથી દ્રવ્ય કઢાવવામાં આવે તો પ્રાયઃ વિષ સમાનજ જીવલેણ થાય એમા તમને કંઈ શંકા જેવું જણાય છે ? વ્યવહાર તો હંમેશા બને ત્યાં સુધી સરખે સરખા, આબરૂદાર અને પ્રતિષ્ઠિત સમાજમા જ રાખવો જોઈએ.

શિષ્ય—ધનના ઉપાર્જનની સાથે તેનો સદ્‌વ્યય કરવાની આપે સૂચના કરી તે મારા સ્મરણમાં જ છે, તથાપિ તેવા વ્યયનો કંઇ નિયમ શાસ્ત્રકારોએ બાંધ્યો છે ?

સૂરિ—વ્યવસાય કરતાં જે લાભ થાય તેના સામાન્યંતઃ ચાર ભાગ કરવાના કહ્યા છે. તેમાં એક ભાગ ભંડારમાં, બીજો ધર્મમાં, ત્રીજો ભોગમાં અને ચોથો કુટુંબના પોષણમાં લગાડવો જોઇએ.

શિષ્ય—લક્ષ્મીની પ્રાપ્તિ થવી તેને કેટલાક લોકો પ્રારબ્ધવશ માની આળસુ થઈ પડ્યા રહે છે તે શું વ્યાજબી છે ?

સૂરિ—જેવી રીતે પાણી સીંચવાથી વૃક્ષ ફળ-ફુલવાળુ બને છે, તેવી રીતે પૂર્વભવના પુણ્યને મનુષ્યની નિપુણતા અને ઉદ્યોગશીલતા રૂપી જળનું સીંચન મળવાથી વ્યાપાર વગેરે ફાયદાયક બને છે. એકલા પ્રારબ્ધ ઉપર આધાર રાખી બેસી રહેવુ એ અનુચિત છે. કેટલાક આળસુ માણસો પુણ્યવાનના આંગણે આટા મારતા વ્યાપારીઓને જોઇ એવો નિશ્ચય બાંધી

લે છે કે લક્ષ્મીનો આધાર કેવળ કર્મ ઉપર જ છે, પરંતુ
વાત એક તરફી છે. પુણ્ય પણ સર્વથા ઉદ્યમ વિના સફળ થ
હોય એવું આ લોકમાં કોઈ કાળે દેખાતું નથી.

શિષ્ય—ત્યારે આપ કર્મ કરતાં પુરૂષાર્થ ઉપર વધુ ભા
મૂકો છો ?

સૂરિ—હું એમ કહેવા માગું છું કે વર્ષાકાળના મેઘથ
જેવી રીતે વનશ્રી ખીલી નીકળે છે; તે પ્રમાણે ઉદ્યમ કરવાથ
લક્ષ્મી વૃદ્ધિને પામે છે. પૂર્વભવનું પુણ્ય અને પુરૂષાર્થ એ
બન્ને ભેગાં લક્ષ્મીના કારણ છે. જેમ એક ચક્રથી રથ ચાલ
શકતો નથી તેમ એકલા કર્મ કે પુરૂષાર્થથી કાર્યસિદ્ધિ થ
નથી. ગૃહસ્થોએ પ્રતિદીન ઉદ્યમશીલ રહેવું જોઈએ.

શિષ્ય—આપની કૃપાથી આજે ઘણી વાતોના ખુલાસ
થઈ ગયા. આપની સરળ અને નિરાડંબર વાણી પુનઃ પુન
સાંભળવા છતાં તૃપ્તી થતી નથી. નવા નવા પ્રશ્નો પૂછવાની જ
જ્ઞાસા નિરંતર વધતીજ જાય છે, પરંતુ આજે કામ પ્રસંગે ન
રના નૃપતિ પાસે જવાનું હોવાથી આટલેથીજ પતાવવું પડે છે

સૂરિ—ભલે, તેમાં કંઈ વાંધો લેતા નથી. ચંદ્ર જેવી રી
પોતાનું તેજ મેળવવા માટે સૂર્ય પાસે જાય છે, તેવી રીતે ડાહ્
ગૃહસ્થો પોતાના કલ્યાણની સિદ્ધિ અર્થે પોતાના નૃપતિ
[illegible] જાય એમાં કાંઈ અયોગ્ય નથી. આવતીકાલે આપણ
[illegible] અને [illegible] વિનોદની પસંદગી
[illegible] વાર્તાલાપ કર્યો.

---

(૪) રાજાનો પરિચય તથા રાજાના નોકરોનો ધર્મ.

શિષ્ય—આપે ગત પ્રસંગે રાજા-પ્રધાન-મંત્રી વિગેરે વિષે વિવેચન કરવાનું જે કહ્યું હતુ, તે આપના સ્મરણમાંજ હશે. કેટલાકોને મેં એમ કહેતા સાંભળ્યા છે કે વ્યાપારીઓ અને ગૃહસ્થોએ પોતાના નૃપતિ પાસે શા માટે જવું જોઇએ ? રાજાની દરકાર આપણે શા માટે રાખવી જોઇએ ?

સૂરિ—તે તેમની ભુલ છે. અહંકારી પુરૂષો ભલે રાજા પાસે ન જાય; પરંતુ સ્પષ્ટવક્તા અને નીતિપરાયણ ગૃહસ્થોએ રાજા પાસે જતાં લેશ માત્ર પણ સંકોચાવું નહીં જોઇએ. રાજાનો આશ્રય મળવાથી પોતાના કુટુંબનો ઉદ્ધાર થાય છે. એટલુંજ નહીં પણ તે નિમિત્તે પોતાના સમાજ અને ધર્મનું પણ કલ્યાણ સાધી શકાય છે.

શિષ્ય—ધર્મ અને સમાજનું કલ્યાણ કેવી રીતે સધાય?

સૂરિ—રાજા એ સર્વોપરિ સત્તાધીશ ગણાય છે. લાખો રૂપીયા ખર્ચવાથી ધર્મનું જે કાર્ય નથી થઈ શકતુ, તે રાજાની સહેજ કૃપાથી થઈ શકે છે. નીતિપરાયણ ગૃહસ્થો જો રાજા પાસે જતા-આવતા રહે અને પોતાના ધર્મના સિદ્ધાન્તો અને [illegible] તેમને માહિતગાર બનાવે તો પ્રજાને અનેક જાતના [illegible] નું રક્ષણ થઈ શકે છે [illegible] [illegible] પોતે જમાનાને પણ ઉદ્ધારી શકે છે. [illegible]

વાના હેતુથી અથવા સમાજની ઉન્નતિ કરવાના અભિલાષ રાજાને તેમજ રાજના અમલદારોને હળતા-મળતાં થવું તે કાંઇ અનુચિતતા નથી.

શિષ્ય—આપ રાજાશ્રયની આટલી બધી પ્રશંસા ક છો, તો પછી રાજા પણ ઉત્તમ લક્ષણવાળો હોવો જોઇએ ને ?

સૂરિ—રાજામાં આટલા ગુણો તો ખાસ કરીને હો જોઇએ. પ્રથમ તો એ કે તે કાચા કાનનો ન હોવો જોઇએ. અર્થાત્ પોતાના નોકરો અને અમલદારો કહે તેજ કેવળ સત્ય હોવું જોઇએ, એમ માની લેનાર રાજા પ્રજાને સુખ આપી શકતો નથી. બીજું તે કૃતજ્ઞ હોવો જોઇએ. અર્થાત્ કયો રાજસેવક અથવા પ્રજાજન કેટલી સેવા કરે છે, તેનો સતત્ જાણકાર હોવો જોઇએ. ત્રીજું તે ઉદાર અને ગુણાનુરાગી પણ હોવો જોઇએ. ટુંકામાં કહું તો રાજા અને સંતમાં બહુ ભેદ નથી. સંત પુરૂષ જેવી રીતે પોતાના આત્મસુખનો ભોગ આપી જગત્‌ના હિતાર્થે નિશદિન પ્રવૃત્તિ કરે છે, તેવી રીતે રાજાએ પણ પોતાના અંગત સ્વાર્થો અને સુખોને તિલાંજલી આપી પ્રજાહિતમાં સતત્ પ્રયત્નશીલ રહેવું જોઇએ.

શિષ્ય—કેટલાક નૃપતિઓ પોતે તો બહુજ ભલા અને વિદ્વાન્ હોય છે, પરંતુ તેમની આસપાસનો નોકરવર્ગ બહુ હલકી કોટીનો હોય તો શું કરવું ?

સૂરિ—રાજા અથવા તો આપણો સ્વામી (શેઠ, અધિકારી વિગેરે) ગમે તેટલો વિદ્વાન્ હોય તો પણ જો તે મૂર્ખ

માણસોનો પરિવાર અને સંગ રાખતો હોય તો તેને છોડી દેવો જોઇએ. તેથી ઉલટું જો પ્રભુ પોતે મૂર્ખ હોય, છતાં પોતાની આસપાસ વિદ્વાન્ તથા અનુભવી માણસોનો સમૂહ રાખતો હોય તો તે પણ સેવવા યોગ્ય છે.

શિષ્ય—રાજા તો ઘણીવાર પોતાના સલાહકારોના દોરવ્યાથી દોરાય છે. સલાહકારો જો યોગ્ય, વિદ્વાન અને અનુભવી હોય તો રાજતંત્ર ઘણી ફત્તેહમંદીથી ચાલી શકે છે. સલાહકારોમાં મુખ્ય આગેવાન મંત્રી ગણાય છે. માટે એ મંત્રી કેવો હોવો જોઇએ ?

સૂરિ—મંત્રી તો રાજા કરતાં પણ વિશેષ:અનુભવી અને વિવેકી હોવો જોઇએ. પોતાના સ્વામી પ્રત્યે અહોનિશ વફાદાર રહેનાર, પરમ ઉત્સાહી, કૃતજ્ઞ, શ્રદ્ધાળુ, પવિત્ર, કોમળ અંતઃકરણવાળો, ખાનદાન કુળનો, શાસ્ત્રોના મર્મને જાણનાર, સત્યવાદી, વિનય-વિવેક સંપન્ન, ઉદાર, વ્યસનરહિત, વૃદ્ધપુરૂષો પ્રત્યે બહુમાન રાખનાર, આલસ્યરહિત, સાત્વિક, બુદ્ધિશાળી, શૂરવીર, કાર્યકુશળ, સદાચરણપરાયણ, નિષ્પક્ષપાત તથા રાજનીતિમાં કુશળ એવો વંશપરંપરાએ ઉતરી આવેલા વણિક પુત્રને મંત્રી તરીકે નીમવો જોઇએ.

શિષ્ય—વણીકપુત્ર પ્રત્યે આપ કંઇક અધિક પક્ષપાત દર્શાવતા હો એમ લાગે છે ?

સૂરિ—કદાચ તે પક્ષપાત પણ હોય. પરંતુ તે ગુણને અવલંબીને છે, એ ભુલી જવાનું નથી. પ્રથમના સમયમાં વણિ-

શાળી પુરૂષોજ પ્રાપ્ત કરી શકે. મ્હોટે ભાગે સૌને પ્રથમ સામાન્ય નોકરીથીજ શરૂઆત કરવી પડે છે. આવા સામાન્ય નોકરોમાં કયા ખાસ ગુણો હોવા જોઈએ કે જેનાથી તે પોતે માન-મરતબામાં ઉન્નતિ કરી શકે ?

સૂરિ—ઠરેલ સ્વભાવવાળો, બુદ્ધિશાળી, મધુર વચન બોલનારો, પરાક્રમી, નિર્લોભી, પવિત્ર અંતઃકરણવાળો, પોતાના સ્વામીને સ્વપ્નમાં પણ ન છેતરનારો અને વફાદાર નોકર સૌ કોઈનું મન જીતી લે છે.

શિષ્ય—આપે જેટલા ઉચ્ચ ગુણો હતા તે બધા એકીશ્વાસે વર્ણવી નાંખ્યા. વ્યવહારિક ઉપાય સૂચવો તોજ અમારા જેવા બાળજીવો સમજી શકે. દાખલા તરીકે એક માલીક, નોકરને પોતાની પાસે બોલાવે તો તેણે કેવી રીતે જવું, કેવી રીતે બેસવુ અને કેવી રીતે મહેરબાની મેળવી લેવી, એ વાત તો સૌ કોઇ નોકરે અવશ્ય જાણવી જ જોઈએ.

સૂરિ—પહેલી આ વાત તો નોકરે માત્ર યાદ રાખવી [illegible] પોતાના [illegible]

શિષ્ય—આપ તો " ઉચિત સ્થાન " કહીનેજ અટકી ગયા. પણ તેવું ઉચિત સ્થાન કેવી રીતે પસંદ કરવું ?

સૂરિ—સેવકે પોતાના ઉપરીની બહુ નજીક તેમજ બહુ દૂર નહીં બેસવું જોઇએ. જો બહુજ નજીક બેસે તો ઉપરીને હરકત થાય અને બહુ દૂર બેસે તો વાતચીત કરવામાં હરકત પડે. વળી આસન પણ એવું હોવું જોઇએ કે જે ઉપરીના આસન કરતાં ઉંચુ કે સરખું પણ ન હોવું જોઈએ.

શિષ્ય—નોકરે કેવી જાતનાં વસ્ત્રો પહેરવાં જોઈએ?

સૂરિ—સેવકવર્ગે પોતાના માલીક કરતાં અધિક સારો અથવા સરખો વેષ પહેરવો એ યોગ્ય નથી. એથી સેવકનો ખોટો દંભ માલેકની દ્રષ્ટિમાં તરી આવે છે, અલબત્ત શેઠે પોતે રાજી-ખુશીથી જે વસ્ત્રો તથા અલંકારો સપ્રેમ ભેટ કર્યાં હોય તે પહેરવામાં કોઇ જાતની હરકત નથી.

શિષ્ય—રાજસભામાં કે કોઇ બીજા એવા સ્થાને અમારે કઇ વાતની ખાસ કાળજી રાખવી જોઈએ ?

સૂરિ—સભામાં કદાચ છીંક, બગાસું કે ઓડકાર આવે તો એટલાવાનાં મુખ ઢાંકીને કરવાં. બહુ મ્હોટા અવાજથી હસવું નહીં. હસવું રોકાય તેમ ન હોય તો મુખ આડું વસ્ત્ર રાખી હસવું. કેટલાંક સભામાં બેસી નાક-કાન ખોતરે છે, તે પણ ઠીક નથી. હાથ-પગના આંગળાના ટચાકા ફોડવા તે પણ અયોગ્ય છે.

શિષ્ય—વાર્ત્તાલાપ કરતી વેળા કેવી જાતની સાવચેતી રાખવી ?

સૂરિ—વાર્ત્તાલાપ કરતાં પોતાના ઉપરી–અધિકારી શું કહેવા માગે છે તે બરાબર સમજી લેવું. અર્ધું સમજાયું ન સમજાયું કે તુરત જવાબ આપી દેવાથી "હીરો ઘોઘે જઈ આવ્યો" જેવું હાસ્યાસ્પદ પરિણામ આવે છે. ઉત્તર આપતી વખતે સ્વામીને તુંકારથી ન બોલાવાય, એની પણ સાવધાની રાખવી ઘટે છે.

શિષ્ય—શેઠને સલાહ કે ઉપદેશના બે શબ્દો કહેવાની જરૂર પડે તો તે વેળા શું કરવું ?

સૂરિ—જો પોતાનો ઉપરી કાંઈ ખોટું કામ કરતો હોય અથવા કરવાનો હોય તો સુજ્ઞ અને વફાદાર સેવકે બહુ નમ્રતાથી તે વિષે યોગ્ય ઉપદેશ આપવો જોઈએ. એવે વખતે શરમ કે ભય રાખવાથી સેવકની ફરજ બરાબર અદા થઈ શકતી નથી. પરંતુ તેવી સલાહ કે ઉપદેશ સ્વામીને એકાંતમાં લઈ જઇ મધુર વાણીથી આપવો એજ સેવકની ખરી ખુબી છે.

શિષ્ય—સ્વામી યોગ્ય વાતને પણ ધિક્કારી કહાડે તો ?

સૂરિ—એવે વખતે બની શકે તેટલી શાંતિ અને સંયમ રાખવો. ઉપરીની સામે ક્રોધ કરવાથી કે ઉગ્રતા દર્શાવવાથી આપણો ઈષ્ટ હેતુ પાર પડતો નથી. સમયને ઓળખી મૌન ગ્રહણ કરી એકાંત મળતાં સેવકે પોતાના વિચારો દર્શાવવા જોઇએ.

શિષ્ય—ઉપરીનું મન પ્રસન્ન છે કેઅપ્રસન્ન છે તે શી રીતે જણાય. ?

સૂરિ—સેવકને જોતાંજ જો તે હર્ષ પામે, પાસે બોલાવે અને બેસવાને આસન અપાવે, તેમજ સ્નેહભીનાં શબ્દો ઉચ્ચારે તો સમજવું કે અત્યારે આપણા ઉપરીનું મન બહુ પ્રસન્ન છે. તેથી ઉલટું જો સેવકને જોતાં છતાં મૌન રાખી બેસી રહે, પ્રત્યેક વાતમાં ઉપેક્ષા દર્શાવે અને રોષયુક્ત વચનો ઉચ્ચારે તો સમજવું કે અત્યારે માલીકનું મન પ્રસન્ન નથી.

શિષ્ય—આપની સાથેની આજની વાતચીત ઉપરથી જેમ સેવકવર્ગને ઘણું જાણવાનું મળી શકે તેમ છે, તેવી જ રીતે અમારા હાથ નીચેના માણસો સાથે કેવો વ્યવહાર રાખવો, તે પણ જાણી શકાય છે.



(૫) ભોજન વિધિ.

સૂરિ—આજે રોજના કરતાં કંઈક વિલંબથી આવ્યા હો તેમ જણાય છે.

શિષ્ય—ખરેખર, આજે અણધાર્યો વિલંબ થઇ ગયો છે. તેનું કારણ એવું બની ગયું કે બરાબર નીકળવાના વખતેજ એક અતિથિ મ્હારે ત્યાં આવી ચડ્યા, એટલે તેમની આહારસંબંધી વ્યવસ્થા કરતાં જરા વધારે વખત નીકળી ગયો.

સૂરિ—તમે અતિથિ કોને કહો છો, તે મારે જાણવું જોઈએ.

શિષ્ય—ઘરે જે પરોણો આવે તેને અમે સારી ભાષામાં " અતિથિ " એવું નામ આપીએ છીએ. તે સિવાય એ વિષયમાં હું કાંઈ વધુ જાણતો નથી.

સૂરિ—ત્યારે અતિથિ અને પરોણા વચ્ચે બહુ તફાવત છે.

શિષ્ય—એ વાત તો હું આજે પ્રથમજ આપની પાસે સાંભળું છું.

સૂરિ—જે મનુષ્ય અકસ્માત્ આપણા આંગણે દેખાવ દે, જેના આગમન સંબંધી તિથિ કે વાર અગાઉથી નકી થયેલા ન હોય અને જે પર્વ, હર્ષ, શોક આદિ સંસારના પ્રપંચથી મુક્ત હોય, તેને શાસ્ત્રમાં અતિથિના નામથી ઓળખવામાં આવે છે. બાકીનાને મહેમાન અથવા પરોણા શબ્દથી સંબોધવામાં હરકત નથી. જો કે યાચક અને દીન જનો પણ અસંગોપાત આવી ચડે છે, પરંતુ તેમની ગણત્રી મહેમાન કે અતિથિમાં થઇ શકતી નથી.

શિષ્ય—અતિથિની સેવા શી રીતે થવી જોઈએ ?

સૂરિ—સારા ગૃહસ્થો અતિથિને દેવ સમાન લેખી તેમનો દરેક રીતે આદર-સત્કાર કરે છે ભૂખ, તરસ કે એવા બીજા કોઈ ખાસ કારણ વિના અતિથિઓ બનતાં સુધી ગૃહસ્થને ત્યાં જતા નથી. એવા નિસ્પૃહી અતિથિઓની તન, મન અને ધનથી યથાશક્તિ સેવા કરનાર ગૃહસ્થ અતિથિ તરફનો ભારે

આશિર્વાદ મેળવે એ સ્પષ્ટજ છે. આવનાર અતિથિ ગમે તેવો પંડિત હોય કે મૂર્ખ હોય, મિત્ર હોય કે શત્રુ હોય, પરંતુ તેને ખાનપાન આપવામાં કોઇ પણ પ્રકારનો સંકોચ ન રાખવો.

શિષ્ય—પણ તે આપણા ગોત્રનો કે સંપ્રદાયનો ન હોય તો ?

સૂરિ—તેથી શું થઇ ગયું ? અતિથિ હોય તો પછી તેને ગોત્ર, સંપ્રદાય કે જ્ઞાન સંબંધી પ્રશ્ન પૂછવાની જરૂર રહેતી નથી. ખરા ધર્મનિષ્ઠ ગૃહસ્થો પોતાના ભોજન વખતે અતિથિની ખાસ તપાસ કરાવે છે. અને ગામમાં કે આસપાસમાં જો કોઈ અતિથિ હોય છે, તો તેને પ્રથમ ભોજન કરાવ્યા પછીજ પોતે પોતાનું ભોજન લે છે. આવા અતિથિભક્ત સજ્જનો મ્હોટું પુણ્ય ઉપાર્જવા ભાગ્યશાળી થાય છે.

શિષ્ય—દીન અને યાચકજનો આવે તો શું કરવું ?

સૂરિ—તેમને પણ યથાશક્તિ અન્નદાન કે એવી જાતનું બીજું દાન આપી સંતોષવા જોઇએ, સંસારમાં બનતાં સુધી કોઈ ભુખ્યું કે તરસ્યું ન રહે, એજ સદ્ગૃહસ્થોની મ્હોટામાં મ્હોટી ભાવના હોય છે.

શિષ્ય—અન્નદાનનું આટલું બધું માહાત્મ્ય શા માટે ?

સૂરિ—તમે ગૃહસ્થ પુરૂષો અન્નની ઉપયોગિતા અને અન્નદાનનું માહાત્મ્ય ન સમજી શકો. જેમને માટે જમવાના અવસરે વિવિધ પ્રકારના સ્વાદિષ્ઠ ભોજનો તૈયાર રહેતા હોય, જેઓને ભૂખના અભાવે પણ વારંવાર જમવું પડતું હોય,

તેઓ ભુખ્યા માણસનું દુઃખ શી રીતે સમજી શકે ? ભુખ્યા માણસો ભૂખના દુઃખથી ઉશ્કેરાઈ કેવા કુકર્મો કરવા લલચાય છે અને સમાજની વ્યવસ્થામાં કેટલો ગોટાળો ઉભો કરે છે તેનું જ્ઞાન શ્રીમંતોને કયાંથી હોય ?

શિષ્ય—આપનું તે કથન સત્ય છે. પણ અન્નદાનનું બુદ્ધિમાં ઉતરે એવું માહાત્મ્ય તો રહીજ ગયું !

સૂરિ—વાત એમ છે કે ભૂખથી રીબાતા માણસો પોતાની શુભ ભાવનાઓ જાળવી શકતા નથી, ભૂખને લીધે તેઓની ઇંદ્રિયો પણ એવી શિથિલ થઈ જાય છે કે તેઓ પોતાના મન ઉપર પુરેપુરો કાબુ રાખી શકતા નથી. તેમના ચિત્તની સમાધી તથા શાંતિ પણ ભુખને લીધે ખોવાઈ જાય છે, તત્કાળમાંજ જો તેમને અન્ન જેવી ઉપયોગી સામગ્રી પુરી પાડવામાં ન આવે તો આવા લોકો સમાજને કેટલાબધા ભારે થઈ પડે તેનો વિચાર પણ કરવો જોઇએ. તમે જ્યારે બુદ્ધિમાં ઉતરે એવા કારણો માગો છો, ત્યારેજ હું આ બધી હકીકત તમારી આગળ મુકું છું. બાકી જ્યાં અનુકંપા–દયા અને માનવસેવાની ઉંચી ભાવનાઓ દીપી રહી હોય ત્યાં આવી દલીલોની જરૂર રહેતી નથી. વળી વિચાર કરો કે આ જગતમાં પોતાનું પેટ કોણ નથી ભરતું ? જે ઘણા લોકોને આધાર આપે તેજ ખરેખરો પુરુષાર્થી નર કહેવાય

શિષ્ય—પણ ભોજન પહેલા કોઈ અતિથિ કે દીનયાચક ન હોય તો ?

સૂરિ—એ તો હું પ્રથમ જ કહી ગયો કે સુપાત્રનો યોગ ન હોય તો શ્રદ્ધા પૂર્વક એવા અતિથિની ભાવના ભાવી સદ્‌ગૃહસ્થો પોતાનું ભોજન લે છે. બાકી પોતાનું પેટ ભરનારા ઉદરંભરીઓથી આ સંસારમાં શું કલ્યાણ થવાનું હતું ?

શિષ્ય—અન્નદાનનો મહિમા આજે આપની કૃપાથી બરાબર સમજાયો. દરેક ગૃહસ્થે ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી અને નિર્ધનને વસ્ત્રનું દાન આપવું જોઈએ; એથી દયાભાવની નિર્મળતા થાય છે. એટલુંજ નહીં પણ સમાજ અને સંસારની વ્યવસ્થા પણ ક્રમસર જળવાઇ રહે છે.

સૂરિ—ગૃહસ્થોના જે દશ પ્રકારના ધર્મો કહ્યા છે, તેમાં દયા અને દાનને અગ્રપદ આપવામાં આવ્યું છે, તેનું પણ એજ કારણ છે. દીન જનોનો ઉદ્ધાર કરવો, કોઈની જોડે મત્સર ન રાખવો, વિનય, સંયમ, ન્યાયપરાયણતા તથા સહૃદયતા વિગેરે ગુણો પણ ગૃહસ્થોએ ખીલવવા જોઈએ.

શિષ્ય—અતિથિના જેટલી અન્ય કોઈની સંભાળ લેવાની હોય છે ખરી ?

સૂરિ—અતિથિને જેમ દેવની ઉપમા આપવામાં આવે છે, તેવીજ રીતે માત-પિતાને પણ દેવોપમ માનવામાં આવે છે. માત-પિતાના ઉપકારોથી કયો પ્રાણી આ સંસારમાં દબાયેલો નથી ? માત-પિતાની સેવાથી, ભક્તિ અને કૃતજ્ઞતા આદિ સદ્‌ગુણોને પોષણ મળે છે. એટલા માટે ભોજન સમયે સૌએ પ્રથમ તેમની સાર-સંભાળ લેવી અને તેમને દરેક પ્રકારે

સંતોષ આપી પોતાની ભોજન પ્રવૃત્તિમાં જોડાવું, એવી શિષ્ટ પુરૂષોની પરંપરા છે. તે ઉપરાંત પોતાનાં બાળકો, ગર્ભવતી સ્ત્રી, કુટુંબના વયોવૃદ્ધ માણસો તથા રોગી અને નિરાધાર પશુ–પ્રાણીઓની સંભાળ લેવી જોઇએ. તાબાના માણસો જો ભૂખ્યા–તરસ્યા કે રોગથી રીબાતા પડ્યા રહે, અને તેમનો માલીક પેટ ભરીને સૂઇ રહે તો તાબાના માણસો તેવા માલીકને હૃદયથી આશિર્વાદ ન આપે, એ સ્વાભાવિકજ છે. ઘરના વડાએ પોતાના સઘળા આશ્રિતોની ભોજન પૂર્વે અવશ્ય સંભાળ લેવી જોઈએ. એમાં સ્વાર્થની સાથેજ પરોપકાર રહેલો છે, એમ કહેવાની જરૂર નથી. આપણા આશ્રયે પડેલા પશુ–પાણીઓની પણ તેજ પ્રકારે સંભાળ લેવાની હોય છે.

શિષ્ય—ભોજનનો સમય વાજબી રીતે કયારે થયો કહેવાય ?

સૂરિ—વસ્તુતઃ તો જઠરાગ્નિ જ્યારે પ્રદિપ્ત થાય અને ખરેખરી ભૂખ જાગે ત્યારે જ મનુષ્યોએ ભોજન કરવું જોઇએ. ભૂખને સમયે ભોજન કરવાથી મનુષ્યનું આયુષ્ય, બળ અને શરીરની કાંતિમાં વૃદ્ધિ થાય છે; પરંતુ વિના ભૂખે જમવાથી અને જીહ્વાની લાલસાથી પેટમાં ભાર નાખવાથી એ ભોજન ઉલટું દુઃખદાયક થઇ પડે છે.

શિષ્ય—પૂર્વનું ભોજન બરાબર પચી ન જાય, ત્યાં સુધી નવું ભોજન કરવું ન જોઇએ, એમ મેં સાભળ્યું છે. કારણ કે તેમ કરવાથી અજીર્ણ થાય છે, એવો વૈદ્યલોકોનો અભિપ્રાય

છે, પણ અજીર્ણથી માણસે એટલું બધું શા માટે બ્હીવું જોઈએ?

બુદ્ધિ—અજીર્ણ એ પ્રકારથી જોતાં ઠીક નજીવું હશે, ખરું છે. પણ સર્વ રોગોની ઉત્પત્તિ પ્રાયઃ એ અજીર્ણમાંથીજ થાય છે; એ વાતની કદાચ તમને ખબર નહીં હોય. અજીર્ણથી જ વાત-પિત્ત-કફ આદિ દોષો પ્રકોપને પામે છે. કેવળ આહારથી પુષ્ટ થવાનું નથી, તેની સાથે ખાન-પાન બરાબર પચી જાય એટલા માટે તેને યોગ્ય એવો શારીરિક શ્રમ પણ કરવો જોઈએ.

શિષ્ય—અજીર્ણ કેટલા પ્રકારના હશે?

બુદ્ધિ—વૈદ્યગ્રંથે રસશેષ, આમ, વિષ્ટબ્ધ તથા વિપક્વ એમ ચાર પ્રકારે અજીર્ણ વર્ણવ્યાં છે. બાકી તે સિવાયના ઇતર પ્રકાર પણ થાય છે

શિષ્ય—તે ચાર અજીર્ણના લક્ષણો પણ ભિન્ન ભિન્ન જ હશે?

બુદ્ધિ—રસશેષ અજીર્ણ થયું હોય તો બગાસાં આવે, આમ અજીર્ણ થયું હોય તો ઓડકાર આવે, વિષ્ટબ્ધ અજીર્ણ થયું હોય તો શરીર તૂટવા માંડે અને વિપક્વ અજીર્ણ થયું હોય તો ધુમાડાના ઓડકાર આવતા હોય એવો અનુભવ થાય.

શિષ્ય—એ ચારે અજીર્ણના સહેલા ઉપાયો પણ હશે જ, કહેશો?

બુદ્ધિ—રસશેષ અજીર્ણમાં નિરાહાર રહેવાથી મટે છે.

વખત સૂઈ રહેવું, આમ અજીર્ણમાં વમન-ઉલટી કરવાથી લાભ થાય છે. વિષ્ટબ્ધ અજીર્ણ વખતે શરીરમાંથી પરસેવો છુટે એવા ઉપાયો લેવા જોઇએ અને વિપકવ અજીર્ણમાં તો જળપાન જેવો સાદો ઉપાયજ બસ થઈ પડે છે.

શિષ્ય—આહાર બરાબર પાચન થઇ ગયો છે એમ શા ઉપરથી જણાય?

સૂરિ—ખાધેલું અનાજ જ્યારે બરાબર પચી જાય છે ત્યારે મળ-મૂત્ર ખુલાસાથી આવે છે, શરીરનાં વાત-પિત્ત-કફ વિગેરે સમાન અવસ્થામાં રહે છે. એમાં જ્યારે સહેજ પણ ગડબડ ઉભી થાય ત્યારે સમજવું કે પાચનશક્તિમાં બગાડો થવા માંડયો છે.

શિષ્ય—મળોત્સર્ગના બીજાં પણ અનેક દ્વારો છે. મળ-મૂત્રના ખુલાસાથી બીજા દ્વારોને કંઈ સહાયતા મળતી હશે?

સૂરિ—દસ્તની શુદ્ધિ ઉપર જ શરીરની તમામ શુદ્ધિઓનો આધાર છે. જો અજીર્ણાદિ વિકાર ન હોય તો મળમૂત્ર ત્યાગ કર્યા પછી ક્ષણમાત્રમાં નાસિકા આદિ દ્વારો તથા હૃદય પણ વિશુદ્ધ થઇ જાય છે. પાચનશક્તિ બરાબર હોય તો ઇંદ્રિયો પોતપોતાનું કાર્ય બહુ સરળતાથી અને ઉત્સાહથી કરી શકે છે.

શિષ્ય—પાચનક્રિયામાં કોઈ જાતની વિકૃતી ન થાય એટલા માટે ભોજનનો સમય તેમજ તેની વિધિ દરેક માણસે જાણી લેવાં જોઇએ. તે સંબંધમાં આજે આપ કઇક કહો એવી મ્હારી પ્રાર્થના છે.

સૂરિ—આપણે ધીમે ધીમે તેજ વિષય ઉપર આવીશું. ભોજન ક્યારે કરવું, એ વાત હું એકવાર આગળ કહી ગયો છું. પણ તે એક સામાન્ય નિયમ હતો.

શિષ્ય—જઠરાગ્નિ પ્રદીપ્ત હોય ત્યારે જ ભોજન લેવું જોઇએ એવો આપનો ઉપદેશ મને બરાબર યાદ રહી ગયો છે.

સૂરિ—તેની સાથે ભોજન ક્યારે ન કરવું એ વિષય પણ જાણી લેવો જોઇએ. સવારમાં બહુ વહેલું, સંધ્યાકાળે, રાત્રીએ, હાલતાં-ચાલતાં, અન્નની નિંદા કરતાં તથા અવ્યવસ્થિતપણે બેસીને ભોજન નહીં કરવું જોઈએ.

શિષ્ય—આપનો કહેવાનો આશય એવો હોવો જોઇએ કે પ્રાતઃકાળે બહુ વ્હેલા ભોજન લેવાથી જઠર ઉપર બોજો વધી પડે છે. જઠર પોતાનું જુનું કાર્ય ઉકેલે તે પહેલાં તેના ઉપર વધારાનો બોજો નાંખવાથી તે સુસ્ત થઇ જાય છે. સાંજે અથવા રાત્રીકાળે તો જીવ-જંતુનો ઉપદ્રવ એટલોબધો હોય છે કે કોઈ પણ દયાળુ ગૃહસ્થ તે વેળા ભોજન લેવાનું ઉચિત નજ ગણે. હાલતાં-ચાલતાં અને અન્નની નિંદા કરતાં ખાવું એ તો જંગલીપણાનીજ નીશાની છે.

સૂરિ—અને ભોજન કરવા બેસતાં પહેલાં મુખ, હાથ, પગ વિગેરે બરાબર સાફ કરી લેવાં જોઈએ, એમ ફરીથી કહેવાની જરૂર નથી. કેટલાક સ્ત્રી-પુરૂષો, હાથ, પગ, મ્હોં બરાબર શુદ્ધ કરવા છતાં મલીન વસ્ત્ર પહેરીને, ભીનું વસ્ત્ર ઓઢીને કે માથે વીંટીને જમવા બેસે છે, તે પણ અયોગ્ય છે

કોઈ કોઈ તો ભોજનની સારી સ્વાદિષ્ટ સામગ્રી જોઈ એકદમ ભોજન કરવા બેસી જાય છે અને જેમ તેમ પેટ ભરી ઉઠી જાય છે, તે પણ નિયમ વિરુદ્ધ છે. કારણ કે તેવી સ્વચ્છંદતાથી આહારનું પ્રમાણ સચવાતું નથી, તેમ આહારના દ્રવ્યો પણ બરાબર ચવાતા નથી. પરિણામ એ આવે છે કે એવી ઉચ્છૃંખલતાથી પ્રકૃતિ બગડી જાય છે અને શરીરમાં વ્યાધીઓ ઘર કરી બેસે છે.

શિષ્ય—ભોજન કરવાનું સ્થાન પણ પવિત્ર જ હોવું જોઈએ, એ સિવાય વધુ કાંઈ કહી શકાય ?

સૂરિ—સ્થાન શુદ્ધ હોય એટલું જ બસ નથી. છેક ખુલ્લી જગ્યા અને અતિશય તડકાવાળી કે અંધારાવાળી જગ્યા એ પણ ભોજનને માટે ઉચિત નથી. પગરખાં પહેરીને, ઉતાવળા ચિત્તથી, કેવળ ભૂમિ ઉપર બેસીને, તેમજ ખાટલે બેસીને ભોજન કરવું એ પણ અનુચિત છે.

શિષ્ય—ભોજનને માટે એવી સખ્ત વિધિ રાખવાનું શું કારણ હશે ?

સૂરિ—આહારની અસર મન ઉપર થયા વગર રહેતી નથી. "આહાર તેવો ઓડકાર" એવી આપણામાં સાધારણ કહેવત છે. તેનો આશય એવો છે કે જો આહારમાં સાત્વિક પદાર્થોનો ઉપયોગ થાય તો તેથી મનોવૃત્તિ પણ સાત્વિક જ રહ્યા કરે છે એટલા માટે ખાસ અભક્ષ્ય. અખાદ્ય પદાર્થોના ઉપયોગ ન કરવાનું તેમજ ખાસ પુરુષોની નજર આગળ ભોજન

ન કરવાનું ફરમાવવામાં આવ્યું છે, ને જો એક માણસને ગમે તેવા મલીન સંજોગોમાં, મલીન પાત્રોમાં, જમવાની ટેવ પડી જાય તો પછી તે માણસ પોતાની પવિત્ર ભાવનાઓને વખત જતાં તેવીને તેવી પવિત્ર ન રાખી શકે.

શિષ્ય--ભોજનના સંબંધમાં સ્પર્શાસ્પર્શત્વ વિષે આપનો શું મત છે?

સૂરિ--હું માત્ર પવિત્રતા અને સાત્વિકતાનોજ પક્ષપાતિ છું, એટલુંજ કહેવું મારે માટે બસ થઇ પડશે. અપવિત્ર વસ્તુ ખાવી નહીં; એટલુંજ નહીં પણ દુરાચારી અને દુષ્ટ ચરિત્રવાળા માણસોના સ્પર્શવાળી ભોજન સામગ્રીને પણ હું તો ત્યાજ્ય જ ગણું છું. બળદ, કુતરા, પશુ, પક્ષીની સુંઘેલી તથા ખાધેલી ચીજોનો પણ બનતાં સુધી કોઇએ ઉપયોગ ન કરવો જોઇએ. કારણકે તે પ્રાણીઓના મુખના ઝેરનો અંશ તે પદાર્થમાં રહી જવાનો સંભવ છે.

શિષ્ય--આપણામાં કેટલાક માણસો કુતરા, બીલાડાની ઓટેલી વસ્તુ આહારમાં વાપરતાં સંકોચાતા નથી એ મેં કેટલીકવાર પ્રત્યક્ષ જોયું છે.

સૂરિ--બની શકે ત્યાંસુધી ભોજનના તમામ દ્રવ્યો વ્યવસ્થિત પણે સુરક્ષિત રાખવા જોઇએ. કારણકે ભોજનની ઉપર દેહનો અને દેહની ઉપર મનની શુદ્ધાશુદ્ધતાનો ઘણો ખરો આધાર રહેલો છે, એમ હું કહી ચુકયો છું. કુતરા બીલાડા જેવા પ્રાણીઓના સુંઘેલા--સ્પર્શેલા અને ખાધેલા પદાર્થોનો

ઉપયોગ કરવો એ મ્હોટું જોખમ ખેડવા બરાબર છે. પવિત્રતા અને શુચિતાના ઉપાસકોએ તો તેવા પદાર્થોનો પરિત્યાગ જ કરવો જોઈએ.

શિષ્ય—પણ કેટલાકો તો એક-બીજાનું એઠું-જુઠું ખાવામાં કશો બાધજ નથી ગણતા અને કેટલાકો તો પાંચ-સાત જણ સાથે મળીને એક બીજાના મુખસ્પર્શવાળું એઠું ભોજન ખાવામાંજ આનંદ માને છે; તેનું શું ?

સૂરિ—એ રીતિ ખરેખર નિંદનીય છે. પરસ્પરનું એઠું ખાવાથી એક બીજાના સંસ્પર્શ જન્ય રોગો વધારે વિસ્તાર પામી પ્રસરતા જાય છે. વળી તેની ચિત્તવૃત્તિ ઉપર પણ ઘણી ખરાબ અસર થાય છે. કેટલાક સ્થળોમાં એકજ પ્યાલાથી સેંકડો માણસો પાણી પીવે છે અને પુનઃ તેજ પ્યાલું પાણીના ગોળામાં નાખે છે; આથી ભ્રષ્ટાચાર વધતો જાય છે. પાણીમાં જૂદી જૂદી જાતનાં રોગ જનક જંતુઓ પેદા થાય છે અને પરિણામે સર્વત્ર ત્રાસ ફેલાય છે. આપણમાં કેટલીકવાર ચેપી રોગો જોત જોતામાં ફેલાઈ જાય છે, તેનું પણ આ ભ્રષ્ટાચાર એક કારણ હોવું જોઈએ; એવો કેટલાકોનો મત છે.

શિષ્ય—પ્રસંગોપાત આપે કરેલી આ સૂચના હમેશાં ધ્યાનમા રાખીશ. ભોજનમા ખાસ કરીને કેવા પ્રકારના અન્ન અને ફૂલનો ઉપયોગ કરવો તે વિષે કંઇ ફરમાવશો ?

સૂરિ—વિવિધ પ્રકારના અન્ન અને ફળ-ફુલની આરોગ્ય ઉપર કેવી જાતની અસર થાય છે; તે સૌએ યથાશક્તિ

સમજી લેવું જોઇએ. સર્વ સાધારણ માટે એટલી વાત કહી શકાય કે અમુક પ્રકારનું અન્ન કે ફળ કયાંથી આવ્યું છે અને તેનું શું નામ છે, ઇત્યાદિ બાબતોનો નિર્ણય કર્યા વિના ઉપયોગ કરવો ન જોઈએ. વળી એક જ ચીજ બે વાર ઉની કરેલી હોય તો તે પણ પરિહરવી.

શિષ્ય—ભોજન કરતી વખતે કેટલાકો અસાવધાનપણે બચ-બચ એવા શબ્દ કરે છે, એનું શું કારણ હશે ?

સૂરિ—તે એક જાતની કુટેવ છે. ભોજનને ખુબ ચાવવું જોઇએ. એમાં તો કોઇ પણ પ્રકારનો શક નથી; પરંતુ તેમ કરતાં મુખને વિકૃત બનાવવું, અને બચ-બચ જેવા શબ્દો કહાડવા એ ટેવ ઈચ્છવા યોગ્ય નથી. જમતી વખતે મુખમુદ્રા હમેશાં હસમુખી તથા આસપાસના સગા-સંબંધીઓને પણ આહ્લાદ આપે એવી હોવી જોઈએ.

શિષ્ય—હુ ધારૂં છું કે જો ભોજન કરવાનું સ્થાન એકાંતમાં જ પસંદ કર્યું હોય તો પછી આપે કહ્યું તેમ અણગમો ઉપજવાની પંચાત ન રહે.

સૂરિ—ભોજનનું સ્થાન છેક એકાંતમાં હોય એ પસંદ કરવા યોગ્ય નથી. ભયંકર આકૃતિવાળા અને ત્રાસ ઉપજાવે એવી મુખમુદ્રાવાળા ચોર, હત્યારા અને દુર્જનોથી દૂર અને આત્મીય સગા-સંબંધીઓ, જેવા કે મા, બ્હેન, સાશી, ધર્મપત્ની વિગેરેની હાજરીમાં સામાન્ય ઉંચાઇવાળા પાટલા ઉપર બેસી, સર્વની સાથે પ્રીતિ અને આનંદસૂચક વાર્તાલાપ કરતાં

ભોજન કરવું જોઈએ. ભોજનની સામગ્રી શુદ્ધ અને સાત્વિક હોવી જોઈએ, તેની સાથે ભોજન તૈયાર કરનાર પણ પવિત્ર અને સંતુષ્ટ પ્રકૃતિવાળાં હોવા જોઈએ.

શિષ્ય—આહારમાં લેવાં યોગ્ય દ્રવ્યો શુદ્ધ હોવા જોઈએ, તે વાત તો મારે ગળે ઉતરે તેવી છે. પણ ભોજન સમયે ધર્મપત્ની તથા સ્નેહી જનોની શી જરૂર હશે?

સૂરિ—જરૂર એટલા માટે કે સ્નેહીજનો પાસે હોય તો તેમની સાથે આનંદપૂર્વક વાર્તાલાપ કરતાં મનને અવ્યગ્ર અને શાંત રાખી શકાય. ભોજનસમયે ચિંતા કે ભય સેવવાં ઉચિત નથી અને જો એકાંત તથા ગમગીની ભર્યું વાતાવરણ હોય તો મનરૂપી માર્કટ આડું-અવળું દોડ્યા વગર રહે નહીં. યોગીપુરૂષો જ એકાંતમાં મનને સ્થિર રાખી શકે છે. બાકી પ્રાકૃતજનો તો સહેજસાજ અવકાશ મળતાં મનને લગામ વિનાના અશ્વની જેમ છૂટું મૂકી દે છે. પરિણામ એ આવે છે કે લેવા-દેવા વગર તે હર્ષ, શોક, ક્રોધ અને ભય સેવી વ્યગ્ર બને છે.

શિષ્ય—મા, બ્હેન તથા ધર્મપત્ની વિગેરેની હાજરી ભોજન સમયે આવશ્યક છે, તે હું કબુલ કરું છું; પણ ઘણું કરીને તો તેઓ ભોજનાગારમાં હોય છે જ. કારણકે ખાદ્ય પદાર્થો સાફસુફ કરવાનું અને રાંધવાનું કાર્ય તેમનેજ હસ્તક હોય છે.

સૂરિ—માતા, બ્હેન તથા પત્નીના હાથની રસોઈ

જમવી એ સંસારનું એક સદ્ભાગ્ય ગણાય છે; પરંતુ ધનવંતપણાની મિથ્યા કીર્ત્તિ મેળવવા કેટલાકો રસોઈનું કાર્ય ઘરના માણસો પાસેથી પડાવી લઇ પગારદાર રસોયાને સુપ્રત કરી દે છે, અને એ રીતે હાથે કરીને સદ્ભાગ્યનું સુખ ગુમાવે છે.

શિષ્ય—આપ તેને સંસારનું સદ્ભાગ્ય લેખો છો; તે કઈ રીતે ?

સૂરિ—માતાને, બ્હેનને તથા પત્નીને તેમના પુત્રો, ભાઈઓ તથા સ્વામી માટે જેટલી કાળજી હોય તેટલી પગારદાર માણસોને ભાગ્યે જ હોય; એ તો તમે પણ સ્વીકારશો. માતા વિગેરે જે પ્રેમથી ભોજન તૈયાર કરે છે, તે કેવળ અનુભવીઓ જ સમજી શકે છે. જેઓ પ્રેમની કીંમત અને મહત્તા જાણે છે, તેઓ વિવિધ રસવાળા પકવાનોને તિલાંજલી આપી માતા, બ્હેન કે પત્નીના હાથનો જારનો સુકો રોટલો ખાવામાં પણ અમૃતના જેટલું સુખ અનુભવે છે.

શિષ્ય—માતા કે બ્હેન શું ભોજનમાં કાંઇ વધારે રસ મુકી દેતા હશે ? તે તો એક રસોઇઓ રાંધે તોએ સરખું અને ખુદ માતા કે ગૃહિણી રાંધે તો એ સરખું. માતાના હૃદયમાં પ્રેમ હોય તેથી ભોજન વધારે સ્વાદિષ્ટ થવું જોઇએ, એવો કાંઈ નિયમ નથી.

સૂરિ—પ્રેમથી તૈયાર કરેલા અને પ્રેમથી પીરસાયેલા ભોજનમાં જે સ્વાદ હોય છે, તે સ્થૂલ રસનાથી ચાખી શકાતો નથી. પ્રેમ એ આત્માની ભૂખ છે. પ્રેમ વિનાનું મિષ્ટાન્ન પણ

તુચ્છવત્ લેખાય છે. એક માતા અથવા ધર્મપત્ની જેટલી ચીવટ અને કાળજીથી ભોજન તૈયાર કરે, તેટલી ચીવટ અને કાળજી અન્ય કોઈ ભાગ્યેજ રાખી શકે. માતાને પોતાના પુત્રના આરોગ્યની અને ઉન્નતિની જેટલી પરવા હોય, એક સ્રીને પોતાના પતિના સ્વાસ્થ્ય અને સુખની જેટલી ચિંતા હોય, તેટલી શું અન્ય કોઇને હોઈ શકે? આજકાલ કેટલાક ગૃહસ્થો ભોજન તૈયાર કરાવવાનું કામ પણ પગારદાર સેવકો પાસેથી લેવાનું પસંદ કરે છે. આનું પરિણામ એ આવે છે કે ગૃહિણીઓમાં કાર્યકુશળતા અથવા ગૃહતંત્ર ચલાવવાની કુશળતા આવતી નથી. તે ઉપરાંત બીજી નૈતિક અધોગતિ થાય છે તે તો વળી જૂદી જ.

શિષ્ય—ભોજન કરવા ટાણે અન્ય કોઈ સંબંધી કે ગુરૂજન આવી ચડે તો ?

સૂરિ—તો તેમને પણ આપણી નજીક ભોજનાર્થે બેસવાનો વિવેક કરવો. તેમાં પણ જો કોઈ પવિત્ર પુરૂષ કે સાધુ મહારાજ હોય તો અતિશય નમ્રતાપૂર્વક તેમના આહારની વ્યવસ્થા કરવી. આ જગતમાં પોતાનું એકલાનું પેટ તો કાગડા, કુતરા પણ ભરી શકે છે; એમાં કંઇ મ્હોટો પુરૂષાર્થ નથી. ખરો ઉદાર નર તો તે કહેવાય કે જે પોતાની સાથે અન્યજનોનું પણ ઉદરપાલન કરી શકે. કહેવત છે કે " માત્ર પોતાનું પેટ ભરનારા વેંતરાઓ બીજાનું શું કલ્યાણ કરી શકવાના હતા ? " માટે યોગ્ય પ્રસંગે બીજાઓને પણ ભોજન કરાવવાનો વિવેક રાખવો.

શિષ્ય—આ સંસારમાં એવો નિયમ છે કે માણસો સૌ પ્રથમ પોતાનો સ્વાર્થ જુએ છે. પવિત્ર અને ત્યાગી પુરૂષોને ભોજન આપવાથી કેવી જાતનો સ્વાર્થ સરે ?

સૂરિ—જેવી રીતે તાજી વીંયાણેલી ગાયને સારો ઘાસ-ચારો આપવાથી પરિણામે તેના માલિકને જ લાભ થાય છે. તેવી રીતે સજ્જન પુરૂષોની ખાતર આપેલો ભોગ એકંદરે સંસારને જ કલ્યાણકારક થઇ પડે છે. સજ્જનો અને મહાત્માઓ પોતાના જ્ઞાન-ધ્યાનનો સમગ્ર વિશ્વને ઉદારતાથી લાભ આપે છે. એવા પુરૂષોના ઉપયોગમાં આપણું અન્ન આવે તો તે મહા પુણ્યનો ઉદય જ સમજવો જોઈએ. જેઓમાં સહેજ બુદ્ધિ હોય છે તેઓ પણ મહાત્માઓની ખાતર થોડી ક્ષતિ સ્વીકારી લેવામાં પોતાનો ખરો લાભ સમજે છે.

શિષ્ય—ખરેખર મહાત્મા પુરૂષોના પ્રતાપે જ આજે નીતિ અને ધર્મનો ધોરી માર્ગ નિષ્કંટક રહી શક્યો છે. ભલે તેમની પાછળ આપેલા ભોગનું ફળ તુરતમાં તો કદાચ ન જણાય; પરંતુ આખરે તેમનો ઉપદેશાત્મક એક શબ્દ પણ અમૂલ્ય થઈ પડે છે. ગુરૂજન, વૃદ્ધજન અને આપ્તજનનો પણ અમારા ઉપર કાંઈ ઓછો ઉપકાર નથી.

સૂરિ—શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે મહાપુરૂષોના પુણ્યપ્રતાપે જ સૂર્ય તપે છે, તેમના પુણ્યપ્રતાપે જ પૃથ્વીમાં રસ-કસ જળવાઈ રહે છે અને તેમના જ સારા યોગે નિયમિત વરસાદ પડે છે. સાધારણ રીતે દુનિયા પણ એમજ

માને છે કે જ્યાં સુધી પુણ્યશાળી માણસો સંસારમાં હૈયાત હોય છે, ત્યાંસુધી જ ઋતુઓ યથાનિયમ પોતાનું કાર્ય બજાવે છે.

શિષ્ય--આપણે ભોજનના સંબંધમાં વાર્તાલાપ કરતા હતા. હવે મૂળ વિષય ઉપર આવીએ. ભોજન કેવું લેવું જોઈએ તે વિષે કંઈ નિયમ છે ?

સૂરિ—બુદ્ધિશાળી પુરૂષે પોતાની જમણી નાસિકા વહેતી હોય ત્યારે શરીરના સર્વ અવયવોને સુવ્યવસ્થિત રાખી, ખાવાની વસ્તુ સુંઘીને, દ્રષ્ટિ દોષ ટાળીને, નહીં બહુ ખારૂં, નહીં બહુ ખાટું, નહીં બહુ ઠંડુ કે નહીં બહુ ઉષ્ણ, નહીં બહુ મિષ્ટ કે નહીં બહુ મરી–મસાલાવાળું, નહીં બહુ ઓછું કે નહીં વધારે પડતું એવી રીતે સમભાવપૂર્વક મિતાહારપણે ભોજન લેવું જોઈએ. વસ્તુઓ તમામ સારી રીતે રંધાયેલી તથા શાસ્ત્રમાં વર્જીત કહેલી વસ્તુઓથી રહિત હોવી જોઈએ.

શિષ્ય—ભોજન ઉપર બેઠા પછી કેટલાકોને અમુક અમુક વસ્તુની સ્તુતિ અને અમુક અમુક પદાર્થની નિંદા કરવાની ટેવ પડી ગયેલી હોય છે.

સૂરિ—એ ટેવ પણ ખરેખર વર્જવા યોગ્ય છે. નિંદા કરવાથી અથવા સ્તુતિ કરવાથી જો મૂળ વસ્તુના સ્વાદમાં કાંઈ ફેરફાર થાય તેમ હોય તો એ નિંદા કે સ્તુતિની કંઈક કીંમત આંકી શકાય, પણ વધારે નીમક નાંખવાથી પદાર્થ ખારો થાય અને વધારે શર્કરા નાંખવાથી વસ્તુ સ્વાદિષ્ટ થાય.

એ સત્ય જો અબાધિત છે તો પછી આપણે નિંદા કરીએ કે પ્રશંસા કરીએ તેથી વિશેષ શું ફળ મળવાનું હતું ?

શિષ્ય—એ વાત તો સત્ય જ છે કે આપણી નિંદા કે સ્તુતિથી મૂળવસ્તુના સ્વભાવમાં કાંઇ ફરક પડી શકે તેમ નથી; પરંતુ સારી વસ્તુને સારી અને ખરાબ વસ્તુને ખરાબ કહેવી એમાં કાંઇ હરકત ખરી ?

સૂરિ—તમે પેલી રાજાવાળી વાર્ત્તા તો સાંભળી જ હશે ! કે તેના હજુરીયાઓએ વેંગણ (રીંગણા) ની રાજા પાસે એટલી બધી પ્રશંસા કરી અને એ પ્રશંસા સાંભળી રાજાજીએ એટલા બધા વેંગણ ખાધા કે છેવટે રાજાને તેની શારીરિક સજા સહન કરવી પડી. વળી એક બાવાજીએ કઢીના સ્વાદથી આકર્ષાઇ એટલી બધી કઢી પીધી કે છેવટે તેમને વમન કર્યેજ છુટકો થયો. કહેવાની મતલબ એટલીજ છે કે કોઇપણ વસ્તુમાં વધારે પડતો રાગ કે તિરસ્કાર ન હોવો જોઇએ. ભોજન એજ કાંઈ મનુષ્યના જીવનનો અંતિમ હેતુ નથી. નવરા અને અલ્પ બુદ્ધિવાળા માણસોજ ભોજનની નિંદા કે અતિ સ્તુતિ કરે છે. બાકી ડાહ્યા માણસો તો એવા વિષયમાં સમભાવજ રાખે છે.

શિષ્ય—ભોજનમાં પાણી પીવાનો કંઇ નિયમ છે ?

સૂરિ—અર્ધ ભોજન થઇ રહ્યા પછી થોડું પાણી પીવું એ હિતકારી લેખાય છે. ભોજનના અંતે બહુ પાણી પીવું ઉચિત નથી. કારણ કે અંતે પીધેલું પાણી વિષ સમાન થઈ પડે છે; એવો કેટલાકોનો અભિમત છે.

શિષ્ય—ભોજનમાં તો મીઠી, ખાટી અને ખારી એવી ઘણી ચીજો હોય, તે ખાવામાં કાંઇ ક્રમ સચવાવો જોઇએ ખરો ?

સૂરિ—પ્રથમ સારી સ્નિગ્ધ-રસવાળી વસ્તુ ખાવી. મધ્યમાં ખાટી-ખારી તથા અંતમાં તીખી તથા કડવી વસ્તુ ખાવી જોઇએ. એવો સામાન્ય નિયમ છે. જમતી વખતે ભિન્ન ભિન્ન વસ્તુનું મિશ્રણ કરવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. એવી કોઈ બે વસ્તુનું મિશ્રણ ન કરવું કે જેથી વસ્તુ રસ રહિત બની જાય. જે વસ્તુ છુટી છુટી ખાવા જેવી હોય અથવા બીજી વસ્તુની સાથે મળવાથી વિકૃત બની જતી હોય તે વસ્તુ તદ્દન જુદીજ ખાવી જોઇએ.

શિષ્ય—ભોજનમાં પીરસાએલી વસ્તુમાં જો કોઇ એવી વસ્તુ આવે કે જે નજ ખાવા યોગ્ય હોય તો શું કરવું ?

સૂરિ—દાખલા તરીકે અતિ ક્ષારવાળી, બળી ગયેલી, અર્ધપકવ કે અપકવ રહી ગયેલી અને કીટાદિ યુક્ત હોય તો તે વસ્તુ ન ખાવી એજ ઠીક છે. તેની સાથે કોઇનું એઠું અન્ન આવે તો તે પણ ત્યજી દેવું જોઇએ.

શિષ્ય—દૂધને પૌષ્ટિક તથા સાત્વિક વસ્તુ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તો કોનું દૂધ પીવું હિતકારી છે ?

સૂરિ—ગાયનું દૂધ બીજા કરતાં વધારે ગુણકારી ગણાય છે. પણ તેમાંયે નવી વીંયાએલી ગાયનું દૂધ દસ દિવસ સુધી છોડી દેવાનું ફરમાવવામાં આવ્યું છે. જંગલી જાનવરોનું, ગા-

કરનું અને એક ખરીવાળા સર્વ પશુઓનું દૂધ પણ સુજ્ઞ પુરૂષોએ વર્જવું જોઇએ.

શિષ્ય--ભોજન કરી રહ્યા પછી મ્હોં તથા હાથ સાફ કરી લેવા જોઇએ. તે સિવાય બીજું કંઇ વક્તવ્ય નહી હોય?

સૂરિ--મનુષ્યે ભોજન કર્યા પછી, સર્વ રસથી ખરડાયેલા હાથે પાણીની એક અંજલી પીવી. ભોજન દરમીયાન પાણી ક્યારે પીવું તે હું અગાઉ કહી ગયો છું. એટલું પ્રસંગોપાત કહી દઉં છું કે પશુની પેઠે છેક નીચા નમી તથા કોઇનું એઠું જુઠું પાણી પીવું ન જોઇએ. કારણ કે તેથી આરોગ્યની હાનિ થાય છે, તેમજ બુદ્ધિ પણ મંદ થઇ જાય છે.

શિષ્ય—કોઇને ત્યાં ભોજન કરવા જવું હોય તો?

સૂરિ—જે ગૃહસ્થ આપણા જેવા કુળ અને ચારિત્રવાળો હોય અથવા આપણને પોતાના આત્મીય જેવા કિંવા એથી પણ વધારે માનતો હોય તેને ત્યાં ભોજનાર્થે જવામાં કાંઇ હરકત નથી; પરંતુ જો આપણો દ્વેષ કરતો હોય અને વૈરભાવ રાખ્યા કરતો હોય તેને ત્યાં તો કદિ પણ ભોજનાર્થે ન જવું જોઇએ.

શિષ્ય--એવા બીજા કયા માણસો છે કે જેમને ત્યાં ભોજનાર્થે સદ્‌ગ્રહસ્થોએ ન જવું જોઈએ?

સૂરિ--મરણ પામવાની તૈયારીમાં આવેલા હોય, રાજા તરફથી ફાંસી કે શૂલીની સજા પામેલા હોય, ચોર, વેશ્યા, કુમાર્ગી, વૈરી, ઘણા વૈરીઓ જેને હોય તેવા ગૃહસ્થ તથા મદ્યનો

વિક્રય કરનાર, એઠું અન્ન ભક્ષણ કરનાર, કુકર્મ કરી પોતાનો નિર્વાહ કરનાર, ભયંકર ગીજાજવાળા, પાપ કરનાર, બે ભર્ત્તારવાળી દુશ્ચરિત્રી નારી, તથા જેનાથી ભવિષ્યમાં આપણને હાનિ થાય એવાં માણસોને ત્યાં કોઇ કાળે પણ ભોજન કરવું નહીં.

શિષ્ય—આપની આ સૂચના યથાર્થ છે. જો કે સારા માણસો બનતાં સુધી પોતાના સરખા આચાર-વિચારવાળાને ત્યાંજ જાય છે. તે છતાં આપે કહ્યાં તેવાં માણસોને ત્યાં તો ભૂલે ચૂકે પણ ભોજનાર્થે ન જવું જોઇએ; એ વાત બરાબર યાદ રાખવા યોગ્ય છે. હવે ભોજન બાદ તત્કાળમાં શું કરવું જોઇએ?

સૂરિ—કેટલાક લોકો કહે છે કે ભોજન કર્યા પછી સો ડગલાં હરવું-ફરવું જોઇએ અને કેટલાકો કહે છે, કે બે ઘડી ડાબે પડખે નિદ્રા લીધા વિના સુવું જોઇએ.

શિષ્ય—આપ પોતે શું નિર્ણય ઉપર આવ્યા છો?

સૂરિ—મારા વિચાર પ્રમાણે ભોજન કર્યા પછી તત્કાળ પથારીમાં પડવું એ ઉચિત નથી. સૂવા જતાં પહેલાં સો ડગલાં આસપાસ ફરાય-હરાય તો વધારે સારૂં.

શિષ્ય—કોઇ કોઇ તો ભોજન પછી દાંત ખોતરવા બેસી જાય છે.

સૂરિ—એ ટેવ ઇચ્છવા યોગ્ય નથી. દાંત ખોતરવાથી પરિણામે દાંતને નુકશાન થાય છે. દાંત ઉપર આપણા આરો-

અનો ઘણો મ્હોટો આધાર છે; એ વાત હું પૂર્વે જણાવી ગયો છું. દાંતનું સંરક્ષણ મનુષ્યે હરકોઇ પ્રકારે કરવું જોઇએ. દાંતની હૈયાતીમાં દાંતની કીંમત સમજાતી નથી; એ શોચનીય છે. દાંત ખોતરવાની કુટેવને પ્રારંભમાંજ દાબી દેવી જોઇએ. જમી રહ્યા પછી કોગળા કરવાથી દાંત સ્વચ્છ રહી શકે છે. સળીયો નાંખવાની કશી આવશ્યકતા હોય એમ મને લાગતું નથી.

શિષ્ય—ભોજન પછી કઇ કઇ ક્રિયાઓ ત્યજવી જોઇએ?

સૂરિ—આહાર કર્યા પછી અંગચંપી કે સ્નાન તુરતમાં જ ન કરવા એવી આરોગ્ય શાસ્ત્રીઓની ભલામણ છે. આહાર પછી ઓછામાં ઓછા એક–બે કલાક સુધી સ્નાન ન કરવું. વળી કેટલાકોને તુરતમાંજ મળ–મૂત્રનો ઉત્સર્ગ કરવાની ટેવ પડી જાય છે, તે પણ આરોગ્યના નિયમથી વિરૂદ્ધ છે.

શિષ્ય—ભોજન સંબંધી વાર્તાલાપ કરવાની આપે જ્યારે મહેરબાની બતાવી છે, ત્યારે હું એ વિષયમાં એક અગત્યનો ખુલાસો કરવાની રજા લઉં તો આશા છે કે તે ક્ષંતવ્ય ગણાશે.

સૂરિ—ખુશીથી. તમારે જે પ્રશ્ન કરવો હોય તે નિઃસંકોચ પણે કરી શકો છો.

શિષ્ય—ભોજન એ શરીરના નિર્વાહ અર્થે ઘણો અગત્યનો સવાલ છે; પરંતુ ઘણીવાર સ્વાર્થી, પ્રપંચી અને ઘાતકી માણસો ભોજનમાં ઝેર ભેળવી સામા માણસને ભોળવી તેનો પ્રાણ લઇ લે છે. ખાસ કરીને ધનવાન કુટુંબોમાં અને

રાજ પરિવારમાં આવા બનાવો બનતા હોય એમ સાંભળવામાં આવે છે. હું ધારૂં છું કે જો ઝેરના લક્ષણો અને ચિન્હો સારી રીતે જાણવામાં આવી ગયા હોય તો સ્વાર્થી અને પ્રપંચી માણસોની કપટજાળ ખુલ્લી થયા વિના રહે નહીં.

સૂરિ--ઝેર ભેળવેલું છે કે નહીં તે જાણવાના ઘણા લક્ષણો શાસ્ત્રમાં મળી આવે છે. પ્રથમ લક્ષણ તો એ છે કે ઝેરવાળું અન્ન એકદમ ચડતું નથી અને ચડી જાય છે તો પાછું તુરતમાંજ વાશી જેવું થઇ જાય છે. ઠરી ગયા પછી પણ તે પોતાના સ્વાભાવિક વર્ણ, ગંધ અને રસને છોડી દે છે.

શિષ્ય—ચટણી કે રાયતા જેવા વ્યંજનોમાં તે મળેલું હોય તો ?

સૂરિ—તો તે ક્ષણમાત્રમાં સૂકાઇ જાય છે. ઉકાળો જો ઝેર મિશ્રિત હોય છે તો તેનો રંગ કાળો પડી જાય છે, ફીણ આવે છે, પરપોટા વળે છે અને અંદર લીંટીઓ પડી જાય છે.

શિષ્ય—ઘી, દૂધ તથા પાણીમાં ઝેર મળેલું હોય તો તે શી રીતે પારખી શકાય ?

સૂરિ—ઘી જેવા રસોમાં મળેલું હોય તો તેમાં લીલા રંગની લીંટીઓ થઈ જાય, દૂધમાં મળેલું હોય તો લાલ, મદ્ય તથા પાણીમાં મળેલું હોય તો કાળી અને દહીંમાં મળેલું હોય તો પણ શ્યામ લીંટીઓ થઈ જાય એવો સામાન્ય નિયમ છે.

શિષ્ય—બીજા પદાર્થોમાં વિષ ભળેલું હોય તો તે શી રીતે પારખી શકાય ?

સૂરિ—છાશમાં ઝેર હોય તો તેમાં ગળી જેવા રંગની તથા પીળી લીંટીઓ પડે, દહીં ઉપરની તરમાં હોય તો કબુતર અને હોલાના રંગ જેવી છાંય પડે, પ્રવાહી ઔષધમાં ઝેર હોય તો તેમાં કાબરચિત્રી લીંટીઓ પડે, તેલમાં હોય તો લાલ લીંટીઓ પડે, ચરબીના જેવી દુર્ગંધી પણ આવે અને કાચા ફળોમાં હોય તો તે તત્કાળ કૃત્રિમપણે પાકી જાય, પાકેલા ફળોમાં ઝેર હોય તો તુરત તે સડી જાય, લીલી વસ્તુ તુરત-માંજ કરમાઇ અને સંકોચાઇ જાય, સુકાઇ ગયેલા ફળોમાં હોય તો તે કાળાં અને વિચિત્ર રંગવાળા બની જાય, કઠણ ફળોમાં ઝેર મળેલું હોય તો તે નરમ થાય અને નરમ હોય તે કઠણ થઇ જાય, ફુલની માળાને વિષનો સ્પર્શ થયો હોય તો તે જલદી કરમાઇ જાય છે અને બરાબર ખીલવા પામતી નથી. પુષ્પો પોતાની સ્વાભાવિક વાસ ગુમાવી દે છે. ઓઢવાના અને પાથરવાનાં કપડામાં ઝેર ખરડ્યું હોય તો તેમાં કાળા ડાઘા પડી જાય.

શિષ્ય—પાત્રો અર્થાત્ વાસણોને પણ કોઇ કોઇ વાર ઝેર લગાડવામાં આવે છે.

સૂરિ—ધાતુના તથા રત્નનાં પાત્રો ઝેરથી મેલાં થઇ જાય છે. સુવર્ણના પાત્રોની તમામ શોભા વિષથી અદૃશ્ય થઇ જાય છે. મતલબ કે તેની કાંતિ અને કમનીયતા હણાઇ જાય છે.

શિષ્ય—અગ્નિમાં નાંખવાથી પણ ઝેરની પરીક્ષા થઈ શકે છે, એ વાત સત્ય છે ?

સૂરિ—ઝેરવાળી વસ્તુ અગ્નિમાં નાંખવામાં આવે તો તે અગ્નિની જ્વાળામાં ભમરોઓ પડતી હોય એવો દેખાવ થાય છે. અગ્નિ પણ ઝાંખો પડી જાય છે અને તેમાંથી તડતડ જેવો ધ્વની બ્હાર આવવા લાગે છે. અગ્નિમાંથી જે વાસ આવે તે પણ મૃત કલેવર જેવી દુર્ગંધપૂર્ણ હોય છે અને જ્વાળામાં વિવિધ રંગો દૃષ્ટિગોચર થાય છે.

શિષ્ય—ઝેરવાળી વસ્તુનો ધુમાડો મનુષ્યને કેવી અસર કરતો હશે ?

સૂરિ—તેવા ધુમાડાથી માથાનો દુખાવો, સળેખમ અને કફ થઇ આવે, આંખમાંથી પાણી ઝરે, મનમાં આકુળ-વ્યાકુળતા ઉદ્ભવે અને શરીર રોમાંચિત થઇ જાય.

શિષ્ય—વિવિધ પશુ-પક્ષીઓ ઉપર એવા ઝેરની શી અસર થતી હશે ?

સૂરિ—કાગડો જે વિષમિશ્રિત અન્ન ખાય તો તેનો સ્વાદ બેસી જાય, વિષવાળા અન્ન ઉપર માખી બેસી શકતી નથી, અને કદાપિ બેસે તો તુરતમાંજ મરણ પામે, ભમરાઓ ઝેરવાળું અન્ન સુંઘી અધિક ગુંજારવ કરી મૂકે છે, મેના અને પોપટ પણ એવું અન્ન સુંઘી કોલાહલ કરી મૂકે છે, ચકોર પક્ષીના નેત્ર ઝેરવાળા અન્નને જોતાંજ સફેદ થઈ જાય છે, કોકીલ પક્ષી મદોન્મત્ત થઈ મરી જાય છે. અને કૌંચ પક્ષી

તેજ સમયે મદોન્મત્ત થાય છે, નોળીઓ ઝેરવાળું અનાજ જોઇ હર્ષથી પ્રફુલ્લિત થઇ જાય છે, મયૂર પક્ષીને પણ તેમજ થાય છે, બીલાડો એવી વસ્તુ જોઇ ઉદ્વેગ પામે છે, વાનરો વિષ્ઠા કરે છે, હંસ ચાલતા ચાલતા સ્ખલના પામે છે અને કુકડો શબ્દ કરવા લાગે છે.

શિષ્ય—મનુષ્ય ઉપર તત્કાળમાં એ વિષની શી અસર થતી હશે?

સૂરિ—વિષમિશ્રિત અન્ન મનુષ્યના ખાવામાં આવે તો તેથી હોઠમાં ચળવળ થવા લાગે, મુખમાં દાહ થાય છે અને લાળ છુટે છે. વળી હડપચી થંભાઇ જાય છે, જીભ ભારે થાય છે અને તેમાં દરદ થવા લાગે છે, ખરા રસનો સ્વાદ જણાતો નથી.

શિષ્ય—અમુક માણસ ઉપર વિષપ્રયોગ થયો છે કે નહીં તે ખાત્રીપૂર્વક કેવી રીતે જાણી શકાય ?

સૂરિ—વિષપ્રયોગની શંકા આવે તો તે પુરૂષના મુખમાં ફટકડી અથવા ટંકણખાર ધરવા આપવો. જ્યાંસુધી તે ક્ષારયુક્ત પદાર્થ ખારો ન લાગે, ત્યાંસુધી તેના અંગમાં વિષનો વિકાર છે એમ ચોક્કસ સમજવું.

શિષ્ય—આજે ભોજન સંબંધી વાર્તાલાપ કરતાં ઘણી નવી વાતો જાણવાની મળી. આપે કહેલી તમામ વાનો જો ધ્યાનમાં રહે તો તેથી આરોગ્ય સંપૂર્ણ સચવાય, એટલું જ નહીં પણ દુષ્ટ માણસોની કપટજાળ પણ તેને કોઈ કાળે ફસાવી શકે નહીં.

સૂરિ—આજે આપણે એ વિષયને એટલેથી જ બંધ રાખીએ, વિશેષ વાત અન્ય કોઈ પ્રસંગને માટે મુલતવી રાખીશું.



(૬) સામુદ્રિક શાસ્ત્ર.

શિષ્ય—ગઈ કાલે જ્યારે આપણે છુટા પડ્યા ત્યારે ભોજનના સંબંધમાં સંપૂર્ણ પ્રશ્નોત્તર થઈ ગયા હોય એમ મને લાગતું હતું; પરંતુ મને પાછળથી જણાયું કે સાયંકાળના ભોજન વિષે કંઇ ચર્ચા થઇ શકી નથી. આજે સંક્ષિપ્તમાં એ વાતનો ઉહાપોહ થાય એવી મ્હારી ઇચ્છા છે.

સૂરિ—સંધ્યાનો સમય બીજા સમય કરતાં કંઇક વધારે બારીક હોય છે, અર્થાત્ તે વખતે મનુષ્યોએ પોતાના આચાર વિચારો બહુજ સાવધપણે પાળવા જોઇએ. સૂર્યનું અસ્ત થવું અને રાત્રીનું આવવું એ બે વચ્ચેના સમય-વિભાગને આપણે સંધ્યાકાળના નામથી ઓળખીએ છીએ. સૂર્ય જ્યારે અસ્તાચળે જવાની તૈયારીમાં હોય ત્યારે સ્વાભાવિક રીતે જ તેના સત્તા ધીમે ધીમે મંદ થતી જાય, એથી આસપાસના વાતાવરણમ. તથા પ્રકૃતિમા પણ કેટલાક અણુચિંતવ્યો ફેરફાર થઇ જાય જેવી રીતે એક મહારાજ્યનો રાજા બદલાતા રાજ્યમાં ઘણી ઉથલ-પાથલો થઈ જાય છે, તેવીજ રીતે દિવસનો રાજા જે દિનકર તેના અન્તર્ધાન વખતે પ્રકૃતિમા

એટલે તાપ પ્રમાણુ અને વાયુ પ્રમાણુમાં કેટલુંક પરિવર્ત્તન થઇ જાય છે.

શિષ્ય—સંધ્યા સમગે કેટલાક ફેરફારો તો રોજ અનુભવવામાં આવે છે; પણ તેનાં કારણો તો આજેજ આપની પાસેથી જાણવાનાં મળ્યાં.

સૂરિ—સંધ્યાનો સમય ધર્મકાર્યમાં વીતાવવાનો જે ઉપદેશ કરવામાં આવ્યો છે, તે તદ્દન પ્રસંગાનુકુળ અને વાસ્તવિક જ છે, એમ પ્રકૃતિના અભ્યાસીઓ સ્પષ્ટપણે જોઇ શકે છે. સંધ્યા પહેલાં આહાર વિગેરેથી નિવૃત્ત થઈ જવાનું જે કહેવામાં આવ્યું છે તે પણ સર્વથા ઉચિત જ છે.

શિષ્ય—સંધ્યા પછી આહાર–પાણી સુદ્ધાં નહીં લેવાને જે નિયમ બાંધવામાં આવ્યો છે, તેની ઉપકારતા હવે એકમતે સ્વીકાર પામતી જાય છે.

સૂરિ—પશુ–પક્ષીની સૃષ્ટિનો અને તેમની જીવન પ્રવૃત્તિનો અભ્યાસ કરવાથી એટલું તો ખુલ્લું જણાઈ આવે છે કે રાત્રીને સમયે આહાર–પાન ઈત્યાદિમાં ઉત્સુકતાવાળું રહેવું એ મનુષ્ય જેવા બુદ્ધિમાન પ્રાણીને માટે બહુજ અનુચિત છે. પક્ષીઓ કુદરતી પ્રેરણાને વશીભૂત થઇ સંધ્યા પછી આહાર–પાનાદિનો સર્વથા પરિત્યાગ કરે છે. મનુષ્યોજ માત્ર પોતાની ઉદ્દામ વાસના અને જીહ્વાના ચાપલ્યને રોકી શકતા નથી. તેઓ તીવ્ર બુદ્ધિની જાળમાં ફસાઇ પ્રકૃતિના નિયમનું

પણ ઉલ્લંઘન કરી જાય છે. તેનું ફળ તેઓ પ્રાયઃ પ્રત્યક્ષ જુએ પણ છે.

શિષ્ય—કેટલાક વૈદ્યો તથા ચિકિત્સકો દર્દીઓને સાયંકાળ પહેલાં ભોજન લઈ લેવાનું ફરમાવે છે, એનો મને અનુભવ છે.

સૂરિ—શાસ્ત્રમાં તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કે બે ઘડી જેટલો દિવસ બાકી રહે તે વખતે ઋતુને તથા સંધ્યાકાળને ઉચિત એવા આહારથી ઘણી ઉત્સુકતા ન રાખતાં પરિમિત વાળુ કરી લેવું જોઈએ.

શિષ્ય—સૂર્યની વિદ્યમાનતામાં જ આહાર-પાનથી નિવૃત્ત થઇ જવાનું ખાસ કારણ શું હશે ?

સૂરિ—પહેલું તો એજ કે સૂર્યના કીરણોના સ્પર્શથી ભોજનના દ્રવ્યો શુદ્ધ રહી શકે છે. કીરણોથી આ જગતમાં એક પ્રકારની કુદરતી વિશુદ્ધિ ફેલાય છે અને એટલા માટે સૂર્યના કીરણોમાં સૂર્યસ્નાન કરવાનું પણ કોઇ કોઇ પ્રબોધે છે. સૂર્યના પ્રતાપે સર્વ પ્રકારની અશુચિતા શોષાઈ જાય છે. વળી જીવ જંતુઓનો ઉપદ્રવ પણ દિવસના ભાગમાં એટલો બધો નથી હોતો કે જેટલો સૂર્યાસ્ત પછી હોય છે, બીજું એ કે રાત્રીનો સમય બની શકે ત્યાંસુધી સંયમ અને ધર્મકાર્યમાંજ વીતાવવો જોઈએ. જો આ સમયે પણ મનુષ્ય પોતાની વાસનાઓ અને પ્રપંચોને ન ત્યજી શકે તો તેને આત્મવિચારણાની બે ઘડી મળવી અશક્ય થઈ પડે. રાત્રીભોજનનો

નિષેધ કરવામાં નૈતિક તથા આધ્યાત્મિક ઘણા કારણો રહેલાં છે, તેનો તમે જેમ જેમ બારીક વિચાર કરતા જશો તેમ તેમ અધિક સ્પષ્ટતાથી અનુભવ થશે.

શિષ્ય—ધર્મકાર્ય પ્રત્યેક મનુષ્યે કરવું જોઇએ, એટલુંજ નહીં પણ જેઓ પાપ, પુણ્ય અને ઈશ્વરની બાબતમાં શ્રદ્ધાવાળા છે, તેઓ અનુકૂળ પ્રસંગે ધર્મનું કાર્ય કરવામાં પ્રમાદ કરતા નથી. તો પછી ખાસ અમુક સમયે, દાખલા તરીકે સંધ્યા સમયે જ્ઞાન ધ્યાન કરવાનો આજ્ઞા ઉપદેશ શા માટે ?

સૂરિ—આત્મકલ્યાણ સાધવાની જીજ્ઞાસાવાળા મનુષ્યો માટે કોઈ ખાસ સમયનું બંધન હોતું નથી. સામાન્ય રીતે જ્યારે વિશ્વમાં અપાર શાંતિ પ્રસરે, સમગ્ર જગત જ્યારે નિવૃત્તિના વિશ્વવ્યાપી સૂરમાં એકરાગ થઇ જાય, ત્યારે જો મનુષ્યો પણ પોતાની કામના અને વાસનાઓને ઘડીભર અળગી કરી શાંત ચિત્તે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત કરે, આત્મસ્વરૂપની વિચારણા કરવા ચિત્તવૃત્તિને અંતર્મુખ કરે તો તેમાં કુદરત પણ સહાયક થાય એ નિર્વિવાદ છે. એટલાજ માટે સંધ્યા જેવા શાંત અને રમણીય પ્રસંગને ધર્મકાર્ય અર્થે ખાસ પસંદગી આપવામાં આવી છે.

શિષ્ય—તો હવે સંધ્યા સમયે કયા કયા વ્યાપારો ખાસ કરીને વર્જવા તે ટુંકમાં જણાવો.

સૂરિ—શાસ્ત્રાજ્ઞા એવી છે કે જો સંધ્યા સમયે નિદ્રા

બે ત્રણ નક્ષત્રો જ્યાંસુધી ન દેખાય ત્યાંસુધીજ સાયંકાલનો સમય સમજવો; એમ પંડિત પુરૂષો કહે છે.

શિષ્ય—હવે આવા વખતે કોઇ અતિથિ આવી ચડે તો ?

સૂરિ—આવી વેળાએ જે અતિથિ આવે તે પ્રાય: સ્થાન કે વિશ્રામનોજ અભિલાષી હોય. દિનભરના શ્રમથી જે થાકેલો હોય અને રાત્રીના અંધકારમાં આગળ વધુ પ્રયાસ ન કરી શકે તેવો હોય એમ આપણે માની લઇએ. આવા અતિથિને યોગ્ય સ્થાન તથા શય્યા આપી તેનો સમાદર કરવો જોઈએ. બાકી અતિથિસત્કાર વિષે આપણે એકવાર ચર્ચા થઇ ગઈ છે.

શિષ્ય--રાત્રીના સમયે દીપક તથા પલંગ વિગેરે કેવા હોવા જોઈએ તે ટુંકમાં જાણુવા ઈચ્છું છું.

સૂરિ—પલંગ કિંવા ખાટ એવાં હોવા જોઇએ કે જેમાં જુ—માંકડ આદિ જીવો ભરાઈ શકે નહીં, તેમજ તે એટલાં બધાં મલીન પણ ન હોવા જોઇએ કે જેથી જંતુઓની ઉત્પત્તિ થયા જ કરે. શરીરને કષ્ટ ન પહોંચે અને શાંત રીતે નિદ્રા આવી જાય એવી ખાટ પસંદ કરવા યોગ્ય છે. હવે દીપકના સંબંધમાં જણાવવાનું કે સંધ્યાના સમયે જે મંગળકારી દીપક પ્રકટાવવામાં આવે તે દેદિપ્યમાન, સારી જ્યોતિવાળો, શબ્દ રહિત, મનોહર અને ચળકતા સુવર્ણ સરખા પ્રભામંડળ યુક્ત હોવો જોઇએ.

બે ત્રણ નક્ષત્રો જ્યાંસુધી ન દેખાય ત્યાંસુધીજ સાયંકાલનો સમય સમજવો; એમ પંડિત પુરૂષો કહે છે.

શિષ્ય—હવે આવા વખતે કોઇ અતિથિ આવી ચડે તો ?

સૂરિ—આવી વેળાએ જે અતિથિ આવે તે પ્રાયઃ સ્થાકે વિશ્રામનોજ અભિલાષી હોય. દિનભરના શ્રમથી જે થાકેલો હોય અને રાત્રીના અંધકારમાં આગળ વધુ પ્રયાસ ન કરી શકે તેવો હોય એમ આપણે માની લઇએ. આવા અતિથિને યોગ્ય સ્થાન તથા શય્યા આપી તેનો સમાદર કરવો જોઈએ. બાકી અતિથિસત્કાર વિષે આપણે એકવાર ચર્ચા થઇ ગઈ છે.
નર-નારીઓ આરોપી શકતા નથી. એક ઉદાહરણ લેવાથી આ વાત વધારે સ્પષ્ટ થશે. ધારો કે એક ખરેખર ક્ષત્રીયની નજરોનજર કોઇ એક નરાધમ નિર્બળ પ્રાણી ઉપર જુલમ ગુજારી રહ્યો છે. સ્વાભાવિક રીતેજ આવા પ્રસંગે ક્ષત્રીયનું લોહી ઉકળી આવ્યા વિના ન રહે! સામો નરાધમ પણ જો પ્રબળ શક્તિવંત હોય તો યુદ્ધ અનિવાર્ય થઇ પડે. યુદ્ધમાં જો પેલો ક્ષત્રીય પુરૂષ એકમાત્ર ક્રોધના વિકારથીજ પ્રેરાયેલો હોય તો તે પેલા અબળ પ્રાણીને બહુ ઉપયોગી ન થાય; પરંતુ તેની યુદ્ધપ્રવૃત્તિમાં અબળ રક્ષણ અને કર્ત્તવ્ય પ્રેમ પણ નવું દૈવીબળ પ્રેરી રહ્યા હોય છે. ક્રોધ તો ત્યાં ગૌણપણેજ વર્ત્તતો હોય છે. તેવીજ રીતે કામવિકારના સંબંધમાં પણ સમજી લેવું.

શિષ્ય--હજી એ વાત વિશેષ સ્પષ્ટ કરો એમ ઇચ્છું છું.

સૂરિ--વિષયી મનુષ્યોનાં અંતઃકરણો જ નિરંતર કામાગ્નિથી સળગતા રહે છે. તેઓ એ અદૃશ્ય અગ્નિમાં પોતાના તન-મન-ધનની આહૂતી આપે છે એટલુંજ નહીં પણ તેની સાથે ધર્મ, નીતિ અને મનુષ્યત્વને પણ ભસ્મીભૂત કરી દે છે. મર્યાદાશીલ મનુષ્યોની સ્થિતિ તેથી છેક ભિન્ન પ્રકારની હોય છે. આપણે વિલાસના દ્રવ્યો અને વચનો વિષે વાર્તાલાપ કરતા હતા અને એજ આપણો ચાલુ વિષય છે એ વાત તમે ભૂલી નહીં ગયા હો. હવે જેઓ ગૃહસ્થાવસ્થામાં રહેવા છતાં લૌકિક અને પારલૌકિક કર્ત્તવ્ય કર્મમાં

દિન-રાત મશગુલ રહ્યા કરતા હોય, જેમની ચિત્તવૃત્તિ પોતાની ઐહિક ઉન્નતી સાથે ધર્મ અને રાષ્ટ્રના હિતસાધનમાં પણ પ્રવર્ત્યા કરતી હોય, તેમના મનમાં અકસ્માત્ વિકારની જાગૃતિ કેવી રીતે થઈ શકે ? વિલાસના દ્રવ્યો અને શૃંગાર યુક્ત વચનોની તે સ્થળે આવશ્યક્તા પ્રતીત થાય છે.

શિષ્ય—આ બધી કલ્પનાઓ આપે ઉપજાવી કહાડી હોય તેમ જણાય છે. સંસારમાં રહેવું અને વળી અવિકારી રહેવું એ તે બને જ કેમ ?

સૂરિ—ખરેખર, કાળધર્મની પણ બલિહારી છે ! આજે જે વાત તમને કાલ્પનિક અને અસંભવિત જેવી જણાય છે, તેજ વાત આ પવિત્ર આર્યાવર્તમાં એક કાળે સર્વ સ્થળે પ્રચલિત અને સ્વાભાવિક હતી, આ જ પુરાતન ધર્મભૂમિમાં એક કાળે ગૃહસ્થો પણ સંયમીના જેટલુંજ ત્યાગ-સંયમ બળ દર્શાવતા હતા. અને એનાજ પરિણામે મહાન્ મહારથીઓ અને કર્મવીરોના પરાક્રમો જોઇ દેવો પણ ચકિત થઈ જતા હતા. ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ સૂક્ષ્મતાથી અવલોકશો તો તમને ખાત્રી થશે કે સંયમી માત-પિતાના સંતાનોવડે આ ભૂમિ એક કાળે ઉભરાતી હતી, જગત્‌ની સર્વ સંપત્તિ તેના ચરણોમાં આળોટતી હતી; પરન્તુ એ કાળ જ્યારે પસાર થઈ ગયો છે, ત્યારે તેનું અધિક માહાત્મ્ય ગાવામાં કંઈ લાભ નથી. કાલધર્મ પલટો ખાશે અને ધર્મના યથાર્થ તત્વો સમાજના સમજવામાં આવશે,

એટલે અસંભવિત અને અસ્વાભાવિક ગણાતી વાતો પણ સંભવિત અને સ્વાભાવિક લેખાઈ જશે. તે વિષે બહુ વાગ્વિસ્તાર કરવાની જરૂર નથી.

શિષ્ય—હવે આપણે પ્રસ્તુત વિષય ઉપર આવીએ. ઋતુઓની સાથે સ્ત્રી-સંભોગને કંઈ સંબંધ હશે ?

સૂરિ—શરીરશાસ્ત્રના પંડિતો કહે છે કે પુરૂષ જો ગ્રીષ્મ ઋતુમાં પખવાડીયે, હેમંત ઋતુમાં પ્રતિ દિવસે અને બીજી ઋતુઓમાં ત્રણ દિવસે સ્ત્રી-સંભોગ કરે તો તેના બળનો ક્ષય થાય નહીં.

શિષ્ય—ઋતુઓનો સમય અને તે વિષયની ચર્ચા જરા સ્પષ્ટતા પૂર્વક જાણવા માગું છું.

સૂરિ—એ સંબંધી સ્પષ્ટીકરણ આપણે બીજે પ્રસંગે કરીશું. હાલ તુરત ચાલતા વિષય માટે એટલું બસ થશે કે ચૈત્ર-વૈશાખને વસંતઋતુ, જ્યેષ્ઠ-આષાઢને ગ્રીષ્મઋતુ. શ્રાવણ-ભાદ્રપદને વર્ષાઋતુ, આશ્વિન-કાર્તિક માસને શરદઋતુ, માગશર-પોષને હેમંત ઋતુ અને માઘ-ફાલ્ગુનને શિશિર ઋતુના નામથી ઓળખવામાં આવે છે. હવે આ છએ ઋતુઓમાં સ્ત્રી સંભોગના નિયમ પણ જુદા જુદા છે. એક સ્થળે એમ પણ કહેવામાં આવ્યું છે કે બળવાન પુરૂષે વસંત તથા શરદ એ બે ઋતુમાં ત્રણ દિવસે, વર્ષા અને ગ્રીષ્મ એ બે ઋતુમાં પખવાડીયે તથા હેમંત અને શિશિર એ બે ઋતુમાં ઇચ્છા માફક સ્ત્રી સંભોગ કરવો.

શિષ્ય--દંપતીમાં પરસ્પર પ્રેમભાવ હોવો જોઈએ; પણ ઘણીવાર તેવો ભાવ નથી રહેતો તેનું શું કારણ ?

સૂરિ—સ્ત્રી જ્યારે છીંક, બગાસું, પાન, ભોજન, લઘુનીતિ એમાંનું કંઈ કરતી હોય, નઠારો વેષ પહેરેલો હોય, કોઈ પુરૂષ સાથે વાર્તાલાપ કરતી હોય, તે વખતે તે સ્ત્રીના સામું પુરૂષે જોવું નહીં. કારણ કે તેમ કરવાથી પુરૂષનું મન સ્ત્રી ઉપરથી ઉતરી જાય છે.

શિષ્ય—સ્ત્રીનું મન પુરૂષ ઉપરથી ઉતરી જવામાં શું કારણ હશે ?

સૂરિ--વારંઘડીએ સ્ત્રી પ્રતિ જોયા કરવાથી અથવા તો બીલકુલ ન જોવાથી, ઘણું બોલવાથી અથવા તો બીલકુલ ન બોલવાથી, પરદેશ જવાથી અથવા તો અત્યંત પરિચયથી અને ઘણા અહંકારથી સ્ત્રીનો પુરૂષ પ્રત્યેનો પ્રેમ તુટી જાય છે.

શિષ્ય--અને એટલાજ માટે એમ કહ્યું હશે કે-- "જ્ઞાની પુરુષે કામવતી સ્ત્રીઓને વિષે પણ ઘણી ઇર્ષા, ઘણો પ્રસંગ, પાન દાન અને ઘણું જવું-આવવું એ ચારવાનાનો પરિત્યાગ કરવો જોઈએ "

સૂરિ—તેના હેતુઓ પણ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. જો પુરુષ સ્ત્રીને વિષે ઘણી ઇર્ષા રાખે તો તે ક્રોધ પામીએ કુટ-ની કે નિર્લજ્જ બને, ઘણો પ્રસંગ કરે તો ઉદ્વેગ પામે, દ્રવ્યાદિક ઘણું આપે તો સ્ત્રીના લોભ વધતો જાય અને હમેશા

અતિશય આવ-જા કર્યા કરે તો સ્ત્રી નિર્લજ્જ થાય એ વાત પણ દેખીતીજ છે.

શિષ્ય—જો સ્ત્રીનો રાગ પુરૂષ ઉપરથી ઉતરી ગયો હોય તો તે કેવી રીતે જાણી શકાય ?

સૂરિ—જે સ્ત્રીનો રાગ પુરૂષ ઉપરથી ઉતરી ગયો હોય તે સ્ત્રી પ્રેમસહિત વચન ન બોલે, સારી રીતે સામું ન જુવે, બોલાવવાથી સામો ક્રોધ કરે, મનમાં દ્વેષ રાખી પુરૂષના મિત્ર જોડે ઇર્ષા કરે, ભર્ત્તારનો વિયોગ થવાથી ઉલટી પ્રસન્નતા પામે, ખોટાં બ્હાનાં કહાડી અદેખાઈ કર્યા કરે, ભર્ત્તારના સંયોગથી ખેદ પામે, મુખ મરડે, બીછાના ઉપર પડી તુરતજ ઉંઘી જાય, ભર્ત્તારના સ્પર્શમાત્રથી પણ ઉદ્વેગ પામે, એટલુંજ નહીં; પણ ભર્ત્તારના કોઈ પણ કામને તે વખાણે નહીં. આવાં લક્ષણો ઉપરથી સ્ત્રીની રાગરહિતતા કળી શકાય છે.

શિષ્ય—કામોન્મત્ત થયેલી સ્ત્રીના લક્ષણો પણ સાથે સાથે જ કહી દ્યો.

સૂરિ—કામવિકાર ખમવા અશક્ત થયેલી અને સંભોગને અર્થે ઉન્મત્ત થયેલી સ્ત્રી શરીર કંપાવે છે, નાચે છે, હસે છે, આંસુ ગાળે છે અને ઉંચે સ્વરે બોલે છે, કિંવા તેને મળતાં ચિન્હો દર્શાવે છે.

શિષ્ય—પુરૂષનાં એવાં કયાં વર્ત્તનો છે કે જેથી સ્ત્રીના ચિત્તને આઘાત થાય ?

સૂરિ—સ્ત્રીના પ્રેમવચન અથવા તેણીએ દીધેલો ઠપકો, તેણીના કટાક્ષો કિંવા તેની સાથેની રતિક્રિડા એ સર્વ બાબતો જો બીજી સ્ત્રી પાસે પ્રકટ કરવામાં આવે તો સ્ત્રીનું મન બહુ ખેદ પામે છે અને પુરૂષ પ્રત્યે વિરાગભાવ રાખે છે.

શિષ્ય—તે ઉપરાંત સ્ત્રીની અપ્રસન્નતાનાં બીજાં પણ કારણો હશે ?

સૂરિ—ડાહ્યા માણસોએ સ્ત્રીનાં દેખતાં નાકમાંથી સળેખમ કાઢવા જેવાં કાર્યો કે જેથી જોનારના મનમાં દુગંછા ઉપજે તેમ ન કરવું; કારણ કે તેથી પણ સ્ત્રીનું મન પુરૂષ ઉપરથી ઉતરી જાય છે અને જો સ્ત્રી–પુરૂષ વચ્ચે એકદિલી ન હોય તો તેમનો સંસાર કડવો ઝેર જેવો થઈ પડે એ વાત સ્પષ્ટ જ છે. કલેશ અને વૈમનસ્યનાં મૂળ સૌ પ્રથમ નજીવી બાબતોથી જ રોપાય છે. પછી વખત જતાં તેમાંથી અંકુરો ફુટે છે અને અંતે સર્વ નાશ થઈ જાય છે.

શિષ્ય—સતી સ્ત્રીનો પ્રેમ તો ગમે તેવા સંયોગોમાં પણ પર્વતની જેમ અડગ અને અચળ રહે છે, એમ સાંભળ્યું છે.

સૂરિ— મારૂં ઉક્ત કથન સામાન્ય સ્ત્રીઓને જ લાગુ પડે છે. કુળલક્ષ્મી અને સતી–સાધ્વીઓ તો તેમાં અપવાદરૂપ છે. જે કન્યા ઉચ્ચ કુળમાં, ઉચ્ચ પ્રકારના સંસ્કારો વચ્ચે ઉછરેલી હોય છે, તે તો પોતાના ગમે તેવા ગુણરહિત પતિને પણ દેવતુલ્ય માની તેની સેવા–સુશ્રુષામાં જ પરમાનંદ માને

છે. તેને તો દૈવી ઉપદ્રવો, શારીરિક વ્યાધીઓ, કે દુર્ગુચ્છાઓ પણ શુદ્ધ પ્રેમથી ચલિત કરી શકતાં નથી.

શિષ્ય—લક્ષ્મી જેવી સ્ત્રીનાં લક્ષણો ટુંકમાં કહી સંભલાવશો ?

સૂરિ—આપણા વાર્ત્તાલાપમાં ઘણીવાર એ વિષે હું બોલી ચુકયો છું; છતાં ટુંકામાં પુનઃ કહું છું કે જે સ્ત્રી ડાહી, સંતોષી, મધુર વચન બોલનારી, પતિનું ચિત્ત રાજી રહે તેમ વર્ત્તનારી, સમય જોઇને ખર્ચ કરનારી, ભર્ત્તારના સૂઇ રહ્યા પછી સુનારી અને તેના જાગ્યા પહેલાં જાગૃત થનારી, પતિને તેમજ વડીલોને જમાડી જમનારી, પોતાના પતિ, સાસુ તથા સસરા વિગેરે પરિવારના દોષોને ઢાંકનારી અને પરપુરૂષ સાથે વિનય-વિવેક અને મર્યાદા પૂર્વક ચાલનારી હોય તેને લક્ષ્મી સ્વરૂપ કિંવા શ્રેષ્ટ સ્ત્રી માનવામાં આવે છે. વળી આવી સ્ત્રીઓ મેળામાં, બજારમાં, તમાસાઓમાં કે નાટકાદિમાં બહુ પ્રવૃત્તિ રાખતી નથી. તેથી તેમની કીર્ત્તિમાં કદિ પણ કલંક લાગવાનો ભય પણ રહેતો નથી.

શિષ્ય—આવી સન્નારીઓ પોતાના પતિ પ્રત્યે તેમજ સાસુ-નણંદાદિ પ્રત્યે કેવો વ્યવહાર રાખે છે ?

સૂરિ—સુશીલ સન્નારી પોતાના પતિને દૂરથી આવતા જોઇ પ્રસન્ન ચિત્તે ઉતાવળથી ઉભી થાય છે અને નજીક આવતાં પતિના ચરણ-કમળમાં દૃષ્ટિ સ્થાપી તેમને આસન આપી બેસારે છે. ભર્ત્તારની સાથે વાતચીત કરતાં વદન ઉપર પ્રસન્નતા

અને લજ્જાયુક્ત નમ્રતા છવાઈ રહે છે. તેના મનમાં કપટ કે અવિવેકનો ઓળો પણ કદિ પડવા પામતો નથી. સાસુ પ્રમુખ વડીલોની સેવા-સુશ્રુષા કરવામાં એવી સન્નારીઓ કદી આળસ્ય કરતી નથી. નણંદોની સાથેનો તેમનો વ્યવહાર છેક નમ્ર તથા સહૃદયતાવાળો હોય છે. ભર્ત્તારના બાંધવો ઉપર પણ અકૃત્રિમ પ્રીતિ દાખવે છે. પોતાની શોકયો પ્રત્યે પણ તે એવો અમાયિક વ્યવહાર રાખે છે કે જાણે સગી બ્હેનો હોય એવોજ ભાસ થાય! દાસ-દાસીઓ પ્રત્યે પણ કુલીન સ્ત્રીઓ ક્રોધ કે ભર્ત્સના કરતી નથી. ભર્ત્તારના મિત્ર મંડળ સાથે પણ નમ્રતા પૂર્વક બોલે-ચાલે છે. મતલબ કે સન્નારીઓના પ્રત્યેક વ્યવહારમાં લજ્જા-નમ્રતા અને પ્રીતિનું નિદર્શન સ્વાભાવિક રીતે જ થયા કરે છે.

શિષ્ય—કુળ-લક્ષ્મીઓને કલંકરૂપ લેખાય એવી જાતના વર્ત્તનો આ જમાનામાં ખાસ કરીને આપણામાં ઘુસી ગયા છે. એ વાત શું સત્ય છે?

સૂરિ—પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગથી એવા ઘણા દોષો આપણા આર્ય સંસારમાં દાખલ થઇ ગયા છે અને તે ખરેખર આર્યસન્નારીઓને કલંકરૂપ થઇ પડ્યાં છે. આજકાલ આર્ય કુળવધૂઓ વિના સંકોચે ઘરના બારણામાં નિર્લજ્જપણે બેસી હાસ્ય વિનોદ કરે છે તે અનુચિત છે. લજ્જા અને વિનય એ સ્ત્રી જાતિનું પરમ ભૂષણ ગણાય છે આ ઉપરથી હું સ્ત્રી જાતિને છેક અધમ અને પામર અવસ્થામાજ રાખવા માગું છું એમ

માની લેવાનું નથી, સ્વતંત્રતાની પણ સીમા હોવી જોઇએ. જે સ્વચ્છંદતા સ્ત્રીઓના સ્વાભાવિક ગુણોને હરી લે તે સ્વચ્છંદતા સ્વતંત્રતાને નામે પોષણ પામે એ શું વાજબી ગણી શકાય ? વળી મ્હોડી રાત સુધી નાટક–નાચ વિગેરેના મેળાવડાઓમાં ફરવું અને પરપુરૂષની દૃષ્ટિએ ચ્હડવું એ પણ આર્યકુળની લલનાઓને માટે શોભાયુક્ત ન ગણાય. આવા ઘણા દોષો સતી સીતા અને સાવિત્રીના વંશમાં ઉત્પન્ન થયેલી આર્ય અબળાઓમાં અજાણતા દાખલ થઇ ગયાં છે અને વળી તે વિના રોકટોક પુષ્ટ થતાં જાય છે એ ખરેખર શોચનીય છે.

શિષ્ય—એ સિવાય બીજા કયા દોષો છે ?

સૂરિ—સ્ત્રીઓને માટે જે પોષાક નિર્માણ કરવામાં આવ્યો છે તે તેમના માન–મરતબાને બંધ બેસતો થઇ શકે તેવો છે; છતાં પાશ્ચાત્ય રૂઢીઓની દેખાદેખીથી કેટલીક સ્ત્રીઓ એવો વિચિત્ર પહેરવેશ રાખે છે કે તેથી તટસ્થ દૃષ્ટાને ખરેખર શરમાવું પડે. વસ્ત્રથી ઢાંકવા યોગ્ય અંગોપાંગો બરાબર ઢંકાઈ રહે એવાંજ પરિધાનો પસંદ કરવા જોઇએ. આજકાલના સૂક્ષ્મ અને તકલાદી વસ્ત્રો એ ઉદ્દેશ સાચવી શકતા નથી અને તેથી છતે વસ્ત્રે અર્ધનગ્નાવસ્થા વ્હોરી લેવામાં આવે છે. આ બાબતમા તો આપણો પ્રાચીન પહેરવેશ બહુજ વખાણવા યોગ્ય છે. તે ઉપરાંત પારકા પુરૂષો સાથે બોલવું, ક્રીડાકૌતુક કરવુ તથા ઉતાવળી ચાલથી ચાલવું એટલાંવાનાં કુલીન સ્ત્રીઓને માટે ઉચિત નથી પુરૂષોની પાસે પોતાને ન્હવરાવ

વાનું, તેલ ચોપડાવવાનું, તથા પીઠ વિગેરે ચોળાવવાનું એટલાં કાર્યો આર્યઅબળાઓએ કદાપિ ન કરાવવા. સોબત પણ એવી હોવી જોઇએ કે જેથી કીર્ત્તિ અને કુળને કદિ કલંક ન લાગે. દાખલા તરીકે જોગણ, વેશ્યા, દાસી, કુલટા, અને ચિતારી–રંગારી આદિ સ્ત્રીઓના અતિ સહવાસથી કુળકામિનીઓએ સદા દૂર રહેવું એજ હિતાવહ છે.

શિષ્ય—પતિ પરદેશ ગયો હોય તેવા વખતમાં કુલીન સ્ત્રીઓએ કેવું વર્ત્તન રાખવું જોઇએ ?

સૂરિ—બાલ્યાવસ્થામાં જેવી રીતે પિતા પોતાની પુત્રીનું પાલન—પોષણ કરે છે, તેવી રીતે યુવાવસ્થામાં ભર્ત્તારે પોતાની સ્ત્રીનું પાલન–પોષણ કરવું જોઇએ. પાલન–પોષણનાં યોગ્ય સાધનો પ્રાપ્ત કરવા ભર્ત્તારને પરદેશ જવું પડે તો તેવે વખતે સ્ત્રીએ પારકે ઘેર રહેવાનું, ક્રોધ કરવાનું, નીચ સ્ત્રી–પુરૂષોની સોબત કરવાનું, બગીચા જેવા વિલાસ ક્ષેત્રોમાં હરવા ફરવાનુ છેક માંડી વાળવું જોઇએ. કારણકે એટલાવાનાં કુલીન સ્ત્રીને દોષ લગાડનારા છે, એમાં કોઇ પણ પ્રકારનો શક નથી. વળી પતિ પરદેશ હોય તે વખતે નેત્ર આંજવાનું, આભૂષણો પહેરી અંગકાન્તિ વધારવાનું, ગાવાનું–નાચવાનું, હાસ્ય વિનોદ તેમજ ક્રીડા–કૌતુહલ કરવાનું, તાંબુલ તથા મિષ્ટાન્ન ખાવાનું બંધ કરવું જોઇએ. ટૂંકામાં જે પ્રકારના ખાન–પાનથી મદ કરી, ચિત્તની વૃત્તિ ચંચળ થાય એવા સર્વ વ્યવહારો પણ [illegible] જોઇએ. આ વાત એટલી સાદી–સીધી છે કે તે [illegible] નથી.

શિષ્ય—આપની સાથેના અત્યાર સુધીના વાર્ત્તાલાપથી મને ઘણું ઘણું નવું જાણવાનું મળ્યું છે. આજે આપણે આટલેથીજ આ વિષય બંધ કરીએ. હવે પછી હું ઋતુવંતિના ધર્મો અને સંતાનોત્પત્તિના સંબંધમાં કેટલુંક જાણી લેવાનો પ્રયત્ન કરીશ.

સૂરિ—આપણી આટલા દિવસની વાતચીત ઉપરથી તમો કેટલું સમજી શકયા છો તે મને ટુંકમાં જણાવો. ત્યારબાદ આપણે વિશેષ વિવેચનમાં ઉતરીશું.

શિષ્ય—વ્યકિત તથા વિશ્વના સુખ અને કલ્યાણની સાથે સ્ત્રી-જાતિ કેવો સંબંધ ધરાવે છે તથા પરસ્પરની એક બીજા પ્રત્યે શી શી ફરજો છે, તે આપના પ્રતાપે હું ઘણી સારી રીતે સમજી શકયો છું. આપણી આર્યમહિલાઓએ કેવું ચારિત્ર પાળવું જોઇએ, પોતાના જીવનને પુરૂષે કેવા ક્રમ-નિયમમાં રાખવું જોઇએ, શરીર અને મનની સુંદરતા સાચવી રાખવા માટે કેવી કેવી જાતની મર્યાદાઓ ઉભયે રાખવી જોઇએ, તે બધું આપે સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું છે. હું તે ઉપરથી એટલું ખાત્રીપૂર્વક જાણી શકયો છું કે વ્યકિત, સમાજ, રાષ્ટ્ર, કિંવા દેશની ઉન્નતિ એકલા પુરૂષ વર્ગ ઉપરજ નહીં પણ સ્ત્રી વર્ગ ઉપર પણ રહેલી છે. સ્ત્રી અને પુરૂષ મળીને એકજ અંગ ઘડાય છે. એકના પાપ-પુણ્યના ભાગીદાર અન્યને થયા વિના ચાલતું નથી.

સૂરિ—બરાબર છે. એક ચક્રવાળો રથ ઉપયોગી થતો

નથી; તેવીજ રીતે દેશ કે સમાજની પ્રગતિ પુરૂષરૂપી એક ચક્રથી થઈ શકતી નથી. મૂર્ખ, અજ્ઞાન અને વ્હેમી સ્ત્રીઓ કોઇ કાળે ઉત્તમ ગુણોવાળી સંતતિ પ્રકટાવી શકતી નથી. લીંબડામાંથી જેમ લીંબડાજ પાકે તેમ અજ્ઞાન અને અભણ સ્ત્રીઓના ગર્ભમાં પુત્રો પણ એવાંજ પાકે એ નિઃસંદેહ છે. પવિત્ર, સુશીલ અને ઉચ્ચ મનોભાવવાળી માતાઓના ચારિત્ર્યની બાળકો ઉપર જે અસર થાય છે તેનો પ્રભાવ આખા જીવનપર્યંત વ્યાપેલો રહે છે. તે વરસોના વરસો સુધીના આચાર્યો-ઉપાધ્યાયોના શિક્ષણથી પણ મળી શકતો નથી.



(૮) પુત્રોત્પત્તિ પ્રકરણ.

શિષ્ય—ગઈ કાલે આપણો જે વિષય અપૂર્ણ રહી ગયો હતો તેજ હું આજે ચર્ચવા માગું છું. પ્રજોત્પત્તિનો મુખ્ય આધાર શેના ઉપર છે અને સબળ પ્રજા કેમ પેદા કરી શકાય એ વિષયની અવતારણા આજે બહુ ઉપયોગી થઈ પડશે એમ હું માનું છું.

સૂરિ—સબળ પ્રજાની ઉત્પત્તિ માટે બાળલગ્ન તથા વૃદ્ધલગ્ન આદિ કુરૂઢીઓને સર્વ પ્રથમ તિલાંજલી આપી દેવી જોઈએ, એમ હું અત્યાર આગમચ કહી ચુકયો છું. બાળલગ્નની કુરૂઢીથી અપકવ ગર્ભાશયને પ્રજોત્પત્તિનો અસહ્ય બોજો ઉઠાવવો પડે છે અને તેનું પરિણામ એ આવે છે કે

જે પ્રજા ઉત્પન્ન થાય છે તે કાંતો ટુંકા કદની, નબળા બાંધાની કે બિકણ અથવા અલ્પાયુષવાળી થઈ મૃત્યુ પામે છે. એવી પ્રજાથી નથી પોતાનું હિત સધાતું કે નથી દેશનું કંઈ કલ્યાણ થતું.

શિષ્ય—સ્ત્રીનું ગર્ભાશય પ્રજોત્પત્તિ માટે ક્યારે યોગ્ય થયું ગણાય ?

સૂરિ—અનુભવીઓનું કથન છે કે છત્રીશ વખત રજોદર્શન થયા પછી ઉત્તમ પ્રજા પેદા થવા લાયક ગર્ભાશય બને છે. તે પછી દરેક મહિને સ્ત્રી ઋતુવંતી થાય તે દિવસથી સોળ દિવસ સુધી સંસાર–વ્યવહાર કરવાની મર્યાદા સૂચવવામાં આવી છે. એ સોળ દિવસની મર્યાદાને ઋતુકાળ કહે છે. જો કૃષિકાર પોતાની વાડીમાં ફુલ કે ઝાડ રોપતાં પહેલાં મોસમ અને નક્ષત્રનો વિચાર ન કરે તો તેનો શ્રમ સાર્થક થતો નથી, તેવીજ રીતે યોગ્ય ઋતુકાળનો વિવેક કર્યા વિના ઋતુદાનનો ઉપયોગ કરવામાં આવે તો ઉત્તમ સંતતિ પ્રાપ્ત થઈ શકતી નથી. આશ્ચર્ય જેવું તો એજ છે કે મનુષ્યો અનાજ અને ફળ–ફુલને માટે યોગ્ય સમય અને ક્ષેત્રનો બહુજ બારીક વિચાર કરી બીજ નિક્ષેપ કરે છે, પરંતુ જેના ઉપર કુળ અને દેશની મહત્તાનો ગંભીર આધાર રહેલો છે એવાં સંતાનોના બીજનિક્ષેપ માટે લેશ પણ વિવેક વાપરવામાં આવતો નથી.

શિષ્ય—એને માટે આપ કંઈ આવશ્યક સૂચનાઓ કરો છો ?

સૂરિ—સ્ત્રીનું ગુહ્ય સ્થાન સંતાન પેદા કરવાનું ક્ષેત્ર છે અને પુરૂષનું વીર્ય બીજ સ્વરૂપ છે. ઋતુધર્મના પહેલા ચાર દિવસોમાં ગુહ્યાંગની શુદ્ધિ થવા સુધી સુઘડ સ્ત્રીઓએ આટલા નિયમો તો અવશ્યમેવ પાળવા જોઇએ કે જેથી પ્રજા ક્ષોભ રહિત અને ખોડ-ખાંપણ વગરની થાય:—રજસ્વલા સ્ત્રીએ હંમેશાં તથા વિશેષે કરીને રાત્રીએ કોઈ વસ્તુને અડકવું નહીં, સંધ્યા સમયે બહાર ફરવું નહીં, નક્ષત્રો જોવા નહીં, ધાતુના પાત્રમાં ભોજન કરવું નહીં, ફુલોની માળા પહેરવી નહીં, આંખો આંજવી નહી, દિવસે નિદ્રા લેવી નહીં, ચંદનાદિ સુગંધી દ્રવ્યોનું વિલેપન કરવું નહીં; સ્નાન વિગેરે કરવું નહીં, પુષ્ટી આપે એવું અન્ન ખાવું નહીં, અરીસામાં પોતાનું મુખ નીહાળવું નહીં. પોતાની ઋતુ દેવસ્થાન આગળ, ગાયોના વાડા આગળ, જળ ભરવાના સ્થળ આગળ નાખવી નહીં.

શિષ્ય—એ નિષેધોના હેતુ પણ સમજવા જેવાજ હશે?

સૂરિ—રજસ્વળા સ્ત્રી જો દિવસે વિશેષ સુવે તો તે ઋતુકાળથી પ્રાપ્ત થયેલી પ્રજા ઉંઘણસી થાય, જો તે કાજળ આંજે તો તેના સંતાનો આંધળા થાય, જો તે રૂદન કર્યા કરે તો સંતતિની દ્રષ્ટિ વિકારવાળી થાય, જો તે સ્નાન કરે તો પ્રજા દુર્બળ પાકે, તેલ મર્દન કરે તો સંતતિ કોઢ-રોગવાળી થાય, નખ ઉતારે તો ખરાબ નખવાળી પ્રજા થાય, હસે તો છોકરાના હોઠ-દાત-તાળવુ-જીભ વિગેરે અવયવો કાળાં થાય,

બહુ બોલ બોલ કરે તો સંતતિ પણ બહુબોલી અને લબાડ થાય, ઘાંટા કહાડીને બોલે તો છોકરાં બહેરાં થાય, એવાં એવાં અનેક હેતુઓ આર્ય ગ્રંથોમાં આપવામાં આવ્યા છે. સારાં સંતાનોની ઈચ્છા રાખતી હોય તેવી સ્ત્રીઓએ ઋતુવાળા દિવસોમાં બહુજ શાંતિ અને મર્યાદાથી વર્ત્તવું જોઈએ.

શિષ્ય–ઋતુસ્નાનનો વિધિ પણ પ્રસંગોપાત જણાવશો?

સૂરિ—રજસ્વળા સ્ત્રી ચોથે દિવસે સ્નાન કરે તે ઋતુ સ્નાનના નામથી ઓળખાય છે. ઋતુ દાનનો સમય પણ એજ છે. પતિ પરાયણા સ્ત્રીએ એકાંતમાં સ્નાન કરી, સુંદર વસ્ત્રો પહેરી, અલંકારો ધારણ કરી, કપાળમાં તિલક કરી, પરપુરૂષનું મુખ નહીં જોતાં પોતાના પતિનું મુખ આનંદ—ઉલ્લાસ પૂર્વક નિહાળવું જોઈએ.

શિષ્ય—એનું શું કારણ?

સૂરિ—ઋતુ સ્નાન કર્યા પછી જેવા પુરૂષનું મ્હોં જોવામાં આવે તેવાંજ સંતાન પેદા થાય એવો નિયમ છે. હવે જો પતિ ગેરહાજર હોય તો શું કરવું એ પ્રશ્ન ઉદ્ભવે છે. એવે વખતે સ્ત્રીઓએ પોતાના વ્હાલા દીકરાનું અથવા તો પોતાના કોઈ સદ્ગુણી સબંધીનું મુખ દર્શન કરવું. એવો પણ સુયોગ ન હોય તો દર્પણના અંદર પોતાનું પ્રતિબિમ્બ નિહાળે તે પણ ગનીમત ગણાય. ઘરમાં મહાન પુરૂષોના ચિત્રો ટાંગવામાં આવ્યા હોય અને તેના દર્શન કરવામાં આવે તો પણ બહુ સુંદર અસર ઉપજાવનારા થઇ પડે. ઋતુવંતી નારી

સૂરિ—હું તેજ વિષય ઉપર આવું છું. ન્હાવણુ આવ્યું તે દિવસથી ગણતાં નવમી કે પંદરમી રાત્રિએ આનંદ પૂર્વક દંપતીનો સમાગમ થાય તો સુંદર કન્યાની પ્રાપ્તિ થાય. તેમાં પણ જો પંદરમી રાત્રિએ ગર્ભ રહે તો મહા ભાગ્ય-શાળી, રાજતંત્ર ચલાવનારી, રાજ્ય સુખમાં વિલસનારી, વિશેષ પુણ્ય ઉપાર્જન કરનારી, પતિવ્રતા તથા બહાદુર-રૂપ ગુણવંત પુત્રી પેદા થાય છે. પાંચમી રાત્રીએ ગર્ભ રહે તો પણ પુત્રને જન્મ આપનારી પુત્રી થાય છે. સાતમી રાત્રી ગર્ભને માટે અનિષ્ટ છે, એટલે કે તે રાત્રીએ જે ગર્ભ રહે છે તેથી વાંઝણી કન્યા પેદા થાય છે. નવમી રાત્રીએ સુંદર, સૌભાગ્યવંતી, વિદ્યાવંતી, વીરબાળા થાય છે, અગીયારમી રાત્રીએ અધર્મી કન્યા થાય છે, તેરમી રાત્રીએ વર્ણશંકર પ્રજા ઉત્પન્ન કરનારી કન્યા ઉદ્દભવે છે. આ ઉપરથી જોઈ શકયા હશો કે સદ્દગુણવતી અને વિદ્યાવતી પુત્રીને માટે તો નવમી અને પંદરમી રાત્રી જ સર્વોત્તમ છે.

શિષ્ય—પુત્રોત્પત્તિના સંબંધમાં એવી કંઈ વિધિ છે?

સૂરિ-પુત્ર પેદા કરવાની ઈચ્છા હોય તો છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, ચૌદમી અને સોળમી રાત્રીયે દંપતીનો સમાગમ ઉપર કહ્યા નિયમ મુજબ થાય તો ભાગ્યવાન, ગુણવાન તેમજ રૂપવાન પુત્ર પેદા થાય એવું કથન છે. તેમાં પણ જો આઠમી રાત્રીયે ગર્ભ રહે તો બળવાન અને બુદ્ધિમાન પુત્ર થાય, દશમી રાત્રીયે રહે તો એક ગુણવંત થાય, બારમી રાત્રીયે

સત્પુરૂષ થાય, ચૌદમીએ રાજા સમાન વૈભવ ભોગવનારો કિંવા રાજ્યનો ભોક્તા એવો પુત્ર થાય, અને સોળમીએ વિદ્વાન, વિનયી, સત્યવાદી, ઇંદ્રિયોનું દમન કરનારો તથા સમસ્ત જીવને આશ્રય આપનારો પુત્ર પેદા થાય. સ્વરશાસ્ત્રનું પણ વિધાન જાણવા જેવું છે, સ્વરશાસ્ત્રના નિયમ પ્રમાણે પુત્રીની ઇચ્છાવાળા પુરૂષોએ પોતાની ડાબી નાસિકા ચાલતી હોય તે વેળા અને પુત્રની ઇચ્છાવાળાઓએ પોતાની જમણી નાસિકા વહેતી હોય તે વેળા બીજ નિક્ષેપ કરવો જોઈએ.

શિષ્ય—બીજા શબ્દોમાં કહું તો ચોથી–છઠ્ઠી ઈત્યાદિ બેકી સંખ્યામાં આવતી રાત્રીયે ગર્ભ રહે તો પુત્ર થાય અને પાંચમી–સાતમી ઇત્યાદિ એકી સંખ્યામાં આવતી રાત્રીયે ગર્ભ રહે તો પુત્રી થાય, એવો આપના કથનનો આશય હોય એમ હું સમજું છું. ગર્ભાધાન સંબંધી નક્ષત્રોની અસર પણ સારી–માઠી થતી જ હશે ?

સૂરિ–એ વખતે મઘા, રેવતી, મૂળ એ નક્ષત્રોનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે એ નક્ષત્રોમાં રહેલા ગર્ભનો જન્મ મૂળ અશ્લેષા નક્ષત્રમાં થાય છે અને તે નક્ષત્રમાં થયેલો જન્મ દુઃખદાતા ગણાય છે. માટે તે ત્યજવા યોગ્યજ છે. ગર્ભાધાન નક્ષત્રથી દશમું જન્મનક્ષત્ર, જન્મ નક્ષત્રથી દશમું કર્મનક્ષત્ર, અને કર્મ નક્ષત્રથી પાંચમું મૃત્યુનક્ષત્ર હોય છે, માટે તેઓનો ત્યાગ કરવો એજ હિતાવહ છે. સમાગમ સમયે પાપગ્રહો-જેવા કે રવિ, શનિ, મંગળ, રાહુ, કેતુ જો ત્રીજે, છઠ્ઠે અથવા

અગીયારમે સ્થાને હોય, સૌમ્યગ્રહ જેવા કે બુધ, ગુરૂ, શુક્ર ને ચંદ્ર પહેલે, ચોથે, સાતમે, દશમે, પાંચમે અથવા નવમે સ્થાને હોય અને ચંદ્રમા શુભ ગ્રહના યોગમાં હોય તો પુત્ર જન્મ થાય છે.

શિષ્ય—ઋતુકાળ પછી જ સમાગમ સેવવાનો વિધિ શા માટે પ્રબોધાયો હશે ?

સૂરિ—ઋતુકાળે પુરાણું લોહી નાશ પામે છે અને નવું લોહી તેનું સ્થાન લે છે. આ વખતે જો પુરૂષના વીર્યનું સંમિશ્રણ થાય તો સ્ત્રીના ગર્ભાશયમાં પોતાના કર્મના વશથી જીવ અવતરે એ નિઃસંશય છે. આમાં કર્મના વશથી એ પ્રયોગ ખાસ યાદ રાખવાનો છે. કર્મના વશથી જ પ્રાણીમાત્રનું ભાવી ઘડાય છે. નસીબમાં જો સંતાન સુખ હોય તો તે મિથ્યા થતું નથી અને જો તેવું સુખ ન હોય તો કર્મ ઉપર કોઇનો અધિકાર ચાલતો નથી. હું ધારૂં છું કે આ વાત તમને વધારે વિવેચન દ્વારા સમજાવવાની કશી જરૂર નથી.

શિષ્ય—ખરૂં. કર્મ, ભાવી અથવા અદષ્ટ તો સર્વમાં પ્રધાનપણે જ છે. સ્ત્રીના રક્ત અને પુરૂષના વીર્યમાં ન્યૂનાધિકતા હોય તો તેનું શું પરિણામ આવે ?

સૂરિ—સંયોગને સમયે જો સ્ત્રીનું લોહી અધિક હોય તો કન્યા થાય અને પુરૂષનું વીર્ય અધિક હોય તો પુત્ર થાય. જો સ્ત્રીનું લોહી અને પુરૂષનું વીર્ય સરખું હોય તો તેથી જે સં-

તતિ થાય તે નપુંસક થાય એવો કેટલાકોનો મત છે. એટલા
માટે પુરૂષોએ વીર્યવૃદ્ધિને માટે વીર્યનું રક્ષણ કરવું જોઈએ.

શિષ્ય—એવી કઈ વસ્તુઓ છે કે જેના ખાન-પાનથી
વીર્યવૃદ્ધિ થાય ?

સૂરિ—જે કોઈ વસ્તુ મધુર, ચીકણી, પુષ્ટ કરનારી,
બળને વધારનારી અને મનને હર્ષ ઉપજાવનારી હોય, તે સર્વ
વસ્તુઓ વૃષ્ય કિંવા વીર્યની વૃદ્ધિ કરનારી લેખાય છે. દાખલા
તરીકે દૂધ, અડદ, કૌંચબીજ વિગેરે.

શિષ્ય—ગર્ભ રહ્યો છે કે નહીં તેની ખાત્રી કેવી રીતે
કરી શકાય ?

સૂરિ—જ્યારે સ્ત્રીને ગર્ભ રહે છે, ત્યારે સુઘડ સ્ત્રી તત્કા-
ળજ તે જાણી શકે છે. છતાં નીચેના લક્ષણો ઉપરથી પણ ગર્ભ
રહ્યાનું જાણી શકાય છે. (૧) ગર્ભ રહ્યા પછી રજસ્વલા થતી
નથી. જો કે અપવાદ તરીકે કોઇ કોઇ વાર ગર્ભકાળ પુરો
થતાં સુધી અટકાવ આવે છે; પરંતુ તેના રંગમાં લાલાશ ઓછી
હોય છે. (૨) સ્તનના કદમાં વધારો થાય છે. તેનો કાળો વ્યાપ
મ્હોટો થઈ તે પર ઝીણા ઝીણા દાણા ઉપડી આવે છે. તેમાં
દુ:ખાવો તથા ગાંઠા ગાંડા જણાય છે. (૩) સવારમાં ઉઠતાં
મ્હોમાં મોળ આવે છે; બેચેની અને અરૂચી જેવું જણાયા કરે
છે. (૪) ચાર માસ પછી બાળકનું ફરકવું અનુભવાય છે. (૫)
પેટનું કદ વધતું જાય છે. જો કે બીજા રોગોથી પણ પેટ વધે
છે; પણ સગર્ભાવસ્થામાં ક્રમશ: પેટ વધે છે, તેમજ તે સખત

પણ હોતું નથી. (૬) ડુંટી બ્હાર નીકળી આવે છે અને તે પેટની ચામડીની બરોબર થાય છે. (૭) શરીર કાંતો તેજસ્વી અથવા નબળું દેખાય છે. (૮) ઉનવા થઈ આવતાં સગર્ભા હેરાન થાય છે. (૯) ઉંઘ વધી પડે છે અથવા ઓછી થઈ જાય છે. (૧૦) કાળજામાં બળતરા થાય છે. (૧૧) મ્હોંમાંથી લાળ પડવાથી કંટાળો આવે છે. (૧૨) દાંતમાં દુખાવો થાય છે અને તે અસહ્ય વેદના ઉપજાવે છે. (૧૩) ભૂખમાં ફેરફાર થાય છે, મતલબ કે વધી જાય અથવા ઓછી પણ થઈ જાય. (૧૪) દોહદ કિંવા જેને ભાવા-અભાવા કહેવામાં આવે છે તે ઉદ્ભવે છે અને તે મનને વાળવા છતાં ઈચ્છા પૂર્ણ કરવા ફાંફાં માર્યા કરે છે.

શિષ્ય—ભાવા-અભાવા ઉપરથી ગર્ભની પ્રકૃતિ જાણી શકાય એ વાત સત્ય છે?

સૂરિ—એમ કહેવામાં આવે છે કે જેવો ગર્ભ હોય છે, તેવોજ દોહળો ઉત્પન્ન થાય છે. અર્થાત્ જો ગર્ભ અકર્મી હોય તો દોહળો પણ એવોજ થાય છે; એટલે કે ગર્ભવતીને જીવ હિંસા અને દુષ્કૃત્યો કરવાના ભાવ થાય છે. રાખ-ઠીકરા-ધૂળ -માટી ખાવાનો હડકવા હાલે છે. જો સકર્મી હોય તો સુંદર ફળ-મેવા-મીઠાઇ-તીર્થવંદન-દેવદર્શન-પૂજા-પ્રભાવના-દયા અને સત્કૃત્ય કરવાનાં ભાવ ઉત્પન્ન થાય છે. વળી એવું પણ અનુમાન બાંધવામાં આવ્યું છે કે પુત્રની માતાને પુરૂપ જાતિના

પદાર્થોનો અને પુત્રીની માતાને સ્ત્રી જાતીના પદાર્થોનો દોહલો-મનોરથ થાય છે. જે દોહલો થાય તે અવશ્ય પુરો પાડવો જોઇએ, નહિંતર ગર્ભ નાશ પામે અથવા કદરૂપો થાય.

શિષ્ય—ગર્ભકાળ કેટલી મુદતનો ગણાય અને તે ગર્ભમાં પુત્ર છે કે પુત્રી તે કેમ જણાય ?

સૂરિ—ગર્ભકાળ ૪૦ અઠવાડીયાનો એટલે ૨૮૦ દિવસનો સામાન્યતઃ ગણાય છે; તો પણ વખતે થોડા દિવસની વધ-ઘટ થઇ જાય છે. હવે જો પુત્ર હોય તો તે ગર્ભિણી સ્ત્રીનું જમણું પાસું વિશેષ પ્રમાણમાં રોકે છે. અને પુત્રી હોય તો ડાબું પાસું રોકે છે. જોડલું હોય તો બન્ને બાજુઓ ભરાવદાર જણાય અને નપુંસક હોય તો કુખના મધ્યભાગમાં સ્થાન લે એવો સાધારણ નિયમ છે. કેટલીક વાર સારી દાયણો પણ આ ગુંચવાડા ભર્યા નિયમ વડે ચોક્કસ નિશ્ચય કરી શકતી નથી.

શિષ્ય—ગર્ભિણીએ ખાસ કરીને કયા કયા નિયમોનું પાલન કરવું જોઈએ ?

સૂરિ—સગર્ભાવસ્થામાં સ્ત્રીએ ગર્ભના સંરક્ષણ માટે અને પવિત્રતાને માટે નીચેના નિયમો યથાશક્તિ પાળવા એવો આગ્રહ કરવામાં આવ્યો છેઃ—(૧) હમેશાં શરીર તથા વસ્ત્ર પવિત્ર રાખવાં (૨) સુખાસન ન હોય એવાં વાહનો ઉપર બેસવું નહીં (૩) પુરૂષ સંગ સર્વથા બંધ કરવો (૪) જઠરાગ્નિ બગડે નહીં એવા પ્રકારનું હલકું તથા રૂચીકર

ભોજન કરવું (૫) મોટે સાદે-ઘાંટા પાડીને બોલવું નહીં, અતિશય ક્રોધ, શોક કે ઈર્ષા વિગેરે કરવાં નહી (૬) તેલ વિગેરે પદાર્થોનું મર્દન કરાવવું નહીં, થાક લાગે તેવું કામ કરવું નહીં, વાંકા વળી ભાર ઉપાડવો નહીં, ભુખ તરસ વેઠવી નહી, તેમજ ઝાડા-પીસાબના રોગને રોકી રાખવો નહીં. (૭) પવિત્ર પુરૂષો અને સતી સન્નારીઓના ચરિત્ર વાંચવા વિચારવામાં તથા ધર્મના પવિત્ર કાર્યો કરવામાં સમયનો સદુપયોગ કરવો (૮) ગર્ભિણીએ પોતાના દેહ મનને પવિત્ર રાખવા ઉપરાંત આસપાસ પણ સર્વત્ર પવિત્રતા અને શુચિતા પ્રવર્ત્તાવવી (૯) ચેપી રોગવાળાઓના સંસર્ગથી તદ્દન દુર રહેવું (૧૦) સ્વદેશ તથા સ્વધર્મની ખાતર જે સ્ત્રી-પુરૂષોએ પોતાના પ્રાણ સમર્પ્યા હોય તેમના ચરિત્રનું મનન કરી તેવા સંસ્કાર ગર્ભસ્થ પુત્ર પુત્રીમાં દાખલ થાય એવી ભાવના ભાવવી.

શિષ્ય--એ ભાવનાની શું ખરેખર ગર્ભ ઉપર અસર થતી હશે?

સૂરિ-એ ભાવનાની અસર એવી તો વિશ્વવિખ્યાત છે કે તેનાં એક-બે જ નહીં પણ સંખ્યાબંધ દષ્ટાંતો ઈતિહાસમાં મળી આવે છે. કૃષ્ણ મહારાજ જ્યારે ગર્ભમાં હતા, ત્યારે વસુદેવજીએ અને દેવકીજીએ સંકલ્પ કરી સંસ્કાર આપ્યો હતો કે—" કંસે મારા છ બાળકોને માર્યા છે, પણ આ બાળક બચી જઈ કંસનો મદ ઉતારે એવો થાઓ."

આ ભાવનાનું પરિણામ શું આવ્યું તે કૃષ્ણના જીવનમાં ચમકતા અક્ષરે ઝળકી રહ્યું છે. અકબરની માતાએ અકબર ગર્ભમાં હતો, તે વખતે પોતાની જાંઘ–સાથળ ઉપર એક યુક્તિવડે સુંદર ફુલ કોતરી લીધું હતું. બાદશાહ હુમાયુએ જ્યારે એ વિષે બેગમને પ્રશ્ન કર્યો, ત્યારે તેણીએ જણાવ્યું કે “ મેં મારા પગ ઉપર આ સુંદર ફુલ એટલા માટે કોતર્યું છે કે મારે જે પુત્ર થશે તેને પણ બરાબર આજ સ્થાને એવું જ ફુલ થશે ” અને વસ્તુતઃ તેમજ થયું. શિવાજીના પિતા શાહુરાજા તરૂણાવસ્થામાં પ્રારંભથી જ મ્હોટી મ્હોટી લડાઇઓમાં જોડાયા હતા. તે વખતે તેમની સ્ત્રી પણ સાથેજ રહી તેમાં યથાશકિત ભાગ લેતી હતી. શિવાજી મહારાજ જ્યારે ગર્ભમાં હતા તે પ્રસંગે પણ રાણી વીરતા–ધીરતા અને સહનશીળતા સાથે ગર્ભનું પાલન કરતા લડાઇની અંદર કેદ પકડાયા હતા. કેદમાં પુરાવા છતાં તે વીર માતા હમેશાં એવીજ પ્રાર્થના કરતા કે—“ મારો પુત્ર શૂરવીર, સંગ્રામમાં વિજયી અને સ્વદેશ તથા સ્વધર્મનું રક્ષણ કરવામાં **एकमेवाद्वितीय** બને, એજ એક માત્ર મારી અભિલાષા છે. ” થોડા વખત પછી શિવાજીનો જન્મ થયો અને મ્હોટો થતાં તે સંકલ્પબળના પ્રભાવથી મહાન્ વીર કેસરી, સ્વદેશભક્ત અને સ્વધર્મોદ્ધારક બની હિંદના ઈતિહાસમાં અજરામરતા પ્રાપ્ત કરી. આવા અનેક ઉદાહરણો સંસારના ઇતિહાસમાં પગલે પગલે મળી આવે છે.

[શિષ્ય—આપનો કથિતાશય હું જો બરાબર સમજી શક્યો હોઉં તો તે ટુંકામાં એટલેજ કે ગર્ભ રહેવા વખતે તથા ગર્ભકાળ વખતે માતા સ્વદેશાભિમાની કિંવા પ્રભાવિક ધર્મવીરોનાં-ભક્તોનાં કે તત્વજ્ઞાનીઓનાં વૃત્તાંતો ધ્યાનપૂર્વક સાંભળી મનન કરે તો તે વૃત્તાન્તોને અનુરૂપ સંતતિ પેદા થાય છે. તેમજ જે હુન્નર-કળામાં સગર્ભા શોખ રાખે અથવા પોતાનાં ફરજંદને જે કળામાં નિપુણ બનાવવું હોય તે તે કળા ઉપર શોખ રાખે તો અવશ્ય તેજ કળામાં નિપુણ નિવડનાર ફરજંદ પ્રાપ્ત થાય છે. તેથી ઉલટું જે સગર્ભા સ્ત્રી ટંટા-ફીસાદ, ચાડી-નિંદા વિગેરેમાં લગની રાખે અને દુરાચારમાં મગ્ન રહે તો બેશક તેણીનાં સંતાનો પણ તેવાંજ પાકે. આંબા-માંથી આમ્રફળ અને લીંબડામાંથી લીંબોળીઓ જ પાકે એ અબાધિત નિયમમાં પરિવર્ત્તન થઈ શકતું નથી.

સૂરિ—તમે કહ્યો તેજ મારો આશય છે. એ આશય સિદ્ધ કરવાને માટે સ્ત્રી કેળવણીની અનિવાર્ય આવશ્યક્તા છે, એટલું તો તમે વિના સંકોચે સ્વીકારી શકશો. માતાઓ સચ્ચારિત્ર, ઉદાર અને કર્ત્તવ્ય તત્પર બને એટલા માટે તેમને શીક્ષણ પણ એવું જ મળવું જોઈએ કે જેથી તેમની યુગોની પરતંત્રતાની બેડીઓ દૂર થાય. પોતાનું, પોતાના કુટુંબનું, ધર્મનું અને દેશનું ગૌરવ શેમાં રહેલું છે તે બરાબર સમજી શકે. જ્યાં સુધી સ્ત્રીઓ ન સુધરે ત્યાં સુધી સમાજ ઉન્નતિ કે દેશની ઉન્નતિનું એક ઉપયોગી અંગ હમેશાં પક્ષઘાતવાળું

જ રહેવાનું. હું ધારૂં છું કે સ્ત્રી કેળવણીની આવશ્યક્તા ઉપર જૂદા જૂદા પ્રસંગે મેં જે કહ્યું છે તે તમારા લક્ષ બહાર નહીં ગયું હોય.

શિષ્ય—ગર્ભની ક્રમે ક્રમે કેવી રીતે ઉન્નતિ થાય છે, તે હજી આપે નથી કહ્યું. માટે તે વિષય ચર્ચાય તો ઠીક એવી મ્હારી ઇચ્છા છે.

સૂરિ—પિતાનું વીર્ય તથા માતાનું લોહી એકત્ર થયા પછી એક પ્રકારનું કલલ અર્થાત્ સ્વરૂપ ઘડાય છે. પછી સાત દિવસે તે કલલમાંથી અર્બુદ કહેતાં પરપોટા જેવો આકાર બંધાય છે, તે પછી સાત દિવસે અર્બુદની પેશી એટલે કે કોથળી જેવો આકાર તે ધારણ કરે છે અને તે પછી સાત દીવસે અંદરથી નક્કર ભાગ રચાવા લાગે છે.

શિષ્ય—માસિક ક્રમોન્નતિ કેવી રીતે થતી હશે ?

સૂરિ—ગર્ભ પહેલે મહિને દોઢસો ચણોઠી જેટલો તોલમાં હોય છે. બીજે મહીને તે કરતાં સહેજ વધે છે અને ત્રીજે મહિને તે ગર્ભ માતાના દીલમાં દોહળો ઉત્પન્ન કરવાને શક્તિમાન થાય છે.

શિષ્ય—ગર્ભના શુભાશુભ પ્રમાણે માતાને સુરૂચી તથા કુરૂચી ઉત્પન્ન થાય છે; એટલું જ નહીં પણ જે જાતિનો દોહળો થાય તેજ જાતિનો પુત્ર કે પુત્રિ થાય એમ પણ આપે એકવાર અગાઉ જણાવ્યું હતું તે મને બરાબર યાદ છે.

સૂરિ—દોહળા પ્રમાણે સ્વપ્નનું પણ એવું જ સારૂ નરસું ફળ મળે છે. જો માતાનો દોહળો પૂર્ણ ન થાય ગર્ભને નુકશાન પહોંચે છે, એ વાત મેં અગાઉ જણાવી હત પરંતુ તેમ થવામાં મુખ્ય કારણ શું છે, તે આ પ્રસંગે મ જણાવી દેવું જોઇએ. દોહળો પૂર્ણ ન થવાથી ગર્ભિણી શરીરની અંદર રહેલો વાયુ પ્રકોપ પામે છે અને તે કો પામેલો વાયુ ગર્ભનો કદાચિત્ નાશ કરે છે કિંવા તેને કદરૂ બનાવી દે છે.

શિષ્ય—ત્રણ માસ વીતતાં ગર્ભનું સ્વરૂપ કેવી રી સ્પષ્ટ થતું જાય છે?

સૂરિ—ચોથે મહિને ગર્ભ માતાના શરીરને ખુબ બનાવે છે અને પાંચમે મહિને તે ગર્ભમાંથી હાથના બે, પ ના બે, અને માથાનો એક, એમ પાંચ અંકુરા સ્પષ્ટપણે બહ આવે છે. છઠે મહિને તે ગર્ભ પોતાના પિત્તને તથા લોહી વધારે છે અને સાતમે મહિને, મેં જે પેશીઓ સં આગળ વિવેચન કર્યું તેના તોલથી પાચશો ગણી વધી છે વળી તે ગર્ભ નાભીથી નીકળતી સાતસો નાડીઓ નવ ધમનીઓ પણ ઉત્પન્ન કરે છે.

શિષ્ય-વચમા એક પ્રશ્ન પુછવાની રજા માગું છું. સ પુરૂષ અને નપુસકની શરીર રચનામા અગત્યનો ભેદ શો હશે

સૂરિ-સ્ત્રીના શરીરમા છસો એ શી નાડીઓ હોય અને નપુસકના શરીરમા છસો સીત્તર હોયછે. એટલે કે પુ

કરતાં સ્ત્રીના શરીરમાં વીસ અને નપુંસકના શરીરમાં ત્રીસ નાડીઓ ઓછી હોય છે. વળી પુરૂષાકાર શરીરમાં નવ દ્વાર હોય છે અને સ્રી શરીરમાં અગીયાર સ્રોતદ્વાર હોય છે. દાંત બત્રીશ હોવાનું સામાન્યતઃ ગણાય છે; પરંતુ કોઈ ભાગ્યશાળીને જ એટલા દાંત હોય છે.

શિષ્ય—હવે આપણે ગર્ભબંધારણના મૂળ વિષય ઉપર આવીએ.

સૂરિ—ગર્ભમાં રહેલો જીવ પોતે, અંદર રહેલા સૂતારની પેઠે શરીરની બાર પાંસળીના કરંડક તથા છ પાંસળીઓ બનાવે છે. પીઠના અસ્થિના અઢાર સાંધાઓ તથા પાંચ વામ જેટલું લાંબું જાડું આતરડું પણ તે જ રચે છે. ગર્ભ આઠમે મહિને ઘણોખરો પરિપૂર્ણ થઈ જાય છે. તે પહેલાં નવાણું લાખ રોમકુપ તથા દાઢીના, મૂછના અને માથાનાં સર્વ મળી સાડા ત્રણ કરોડ રોમ ઉત્પન્ન કરે છે. આઠમે મહિને તે ઓજ તથા આહાર ગ્રહણ કરવા લાગે છે. એવી રીતે ગર્ભવાસમાં રહેલો જીવ રજ્જા (બસો સાડી સત્તોતેર) દિવસ વ્યતીત કરે છે.

શિષ્ય—ગર્ભાવસ્થામાં તેની અવસ્થાતિ કેવા પ્રકારે હોય ?

સૂરિ—ગર્ભમાં રહેલો જીવ માતાની પીઠ તરફ નીચે મુખ કરી, બે હાથ જોડી ઘણા દુઃખમાં દિવસો નિર્ગમન કરતો

હોય છે. ગર્ભાવાસના દુઃખો-કષ્ટોનું અનેકવાર શાસ્ત્રકાર આચાર્યોએ વિસ્તારથી વર્ણવ્યા છે. તે વાંચતાં એવું ગર્ભાવાસનું કષ્ટ પુનઃ આત્માને ન સહન કરવું પડે એવી પ્રાર્થના કરવી જોઇએ. જન્મ અને મરણનાં દુઃખો ખરેખર પણાં ત્રાસદાયક હોય છે. તેના વાંચન અને શ્રવણથી વૈરાગ્ય ભાવ સહેજ ઉત્પન્ન થાય છે, પણ તે વાત જવા દઇએ. ગર્ભાવાસમાં રહેલો જીવ માતાના જઠરાગ્નિથીજ પરિપક્વ થાય છે. માતાના આરામ અને શ્રમની અસર તે ગર્ભ સંપૂર્ણ પણે અનુભવે છે. માતા જાગતી હોય તે વખતે ગર્ભ પણ જાગતો હોય છે અને માતા સૂતી હોય તે વખતે ગર્ભ પણ આરામ કરતો હોય છે. માતાના સુખે સુખી અને માતાના દુઃખે દુઃખી થવાનું તે ગર્ભના ભાગ્યમાં નિર્માણ થઇ ચૂકયું હોય છે.

શિષ્ય—બાળકના જન્મ વખતે રહેલા ગ્રહ-નક્ષત્રો ઉપરથી કંઈ સૂચના મળતી હશે ?

સૂરિ—ભાગ્યશાળી મનુષ્યના જન્મને સમયે ગંડાન્ત, મૂળ નક્ષત્ર, અશ્લેષા નક્ષત્ર, અવળે સ્થાને પડેલાં ગ્રહ તથા ખરાબ દિવસ એટલાં વાનાં ન હોય તેમજ તેવા સદ્ભાગી બાળકના પ્રસવ વખતે માતાને બહુ કષ્ટ પણ અનુભવવું ન પડે.

શિષ્ય—પણ ધારો કે તેજ નક્ષત્રો હોય, તો પછી તેનું પરિણામ કેવું સંભવે ?

સૂરિ—પહેલાં આટલી વાત લક્ષમાં રાખો કે ચંદ્રને એક નક્ષત્ર ભોગવતાં આશરે સાઠ ઘડી લાગે છે. નક્ષત્રના

ભોગ કાળના ચોથા ભાગને પાયો કહે છે. આ રીતે જોતાં આશરે પંદર ઘડીનો એક પાયો લેખાય. હવે, મૂળ નક્ષત્રનો પહેલો, બીજો તથા ત્રીજો પાયો અનુક્રમે પિતાનો, માતાનો તથા ધનનો નાશ કરે છે. ચોથો પાયો શુભ ગણાય છે. આશ્લેષા નક્ષત્રનો પહેલો પાયો શુભ ગણાય છે, જ્યારે બીજો, ત્રીજો તથા ચોથો પાયો અનુક્રમે પિતાનો, માતાનો તથા ધનનો નાશ કરે છે. મૂલ નક્ષત્રનાં ત્રીસ મુહૂર્ત્તમાં પહેલો, બીજો, છઠ્ઠો, આઠમો, નવમો, ત્રેવીશમો તથા અઠ્ઠાવીશમો મુહૂર્ત્ત જન્મને સમયે હોય તો તે દુઃખદાયી જાણવો. (બે ઘડીનો એક મુહૂર્ત્ત ગણાય.)

શિષ્ય—કેટલાક જ્યોતિષીઓ વ્યભિચારથી ઉત્પન્ન થયેલી સંતતિનું અનુમાન બાંધે છે તે કઈ રીતે બાંધતા હશે?

સૂરિ—જો જન્મ સમયે રવિ, મંગળ, શનિ એમાંથી એક વાર, અપૂર્ણ નક્ષત્ર અને ભદ્રા તિથિ—બીજ, સાતમ કે બારશ એ ત્રણેનો યોગ થાય તો ઉત્પન્ન થયેલી સંતતિ ઘણુંખરૂં વ્યભિચારથી થયેલી મનાય છે. તે ઉપરાંત જો લગ્ને રવિ તથા ચંદ્રમા હોય, લગ્નનો સ્વામી તથા ગુરૂ લગ્નને જુવે નહીં અને ચતુર્થ સ્થાને પાપ ગ્રહની સાથે ચંદ્રમા તથા રવિ હોય તો સંતતિ પર પુરૂષથી પેદા થયેલી હોવી જોઈએ એમ જ્યોતિર્વિદો માને છે.

શિષ્ય—બાળકને દાંત ક્યારે આવે અને તેનું ફળાફળ કેવી રીતે જણાય?

સૂરિ—જન્મ દિવસથી માંડી બે વર્ષ પુરાં થાય તેટલી મુદતમાં બાળકને પુરા દાંત આવે છે. સાતમા વર્ષથી માંડી દસ વર્ષની અંદર સર્વે દાંત એકવાર પડી જઈ પુન: ઉગવા લાગે છે. સાત મહિનાની અંદર જે બાળકને દાંત આવવા લાગે કિંવા જન્મથીજ જે બાળક દાંત સહિત હોય તો તે નિશ્ચયથી કુળનો નાશ કરનાર મનાય છે. તે અપલક્ષણની શાંતિ માટે ધર્મકૃત્ય કરવાં.

બત્રીસ દાંત જેને સંપૂર્ણ હોય તો તે રાજા થાય, એકત્રીસ હોય તે ભોગી થાય, ત્રીસ હોય તે થોડા પૈસાવાળો થાય, ઓગણત્રીસ હોય તે દરિદ્રી થાય અને અઠ્ઠાવીસ હોય તે સુખી થાય એવો નિયમ છે. અઠ્ઠાવીસ કરતાં ઓછા દાંતવાળો મનુષ્ય ઉત્તમ પાત્ર લેખાતો નથી. વળી કુંદન-ડોલરનાં ફુલ જેવા જેનાં દાંત સરખા, ઝીણા, સુંવાળા, સ્વચ્છ, લાલ પેઢાવાળા, તીક્ષ્ણ દાઢવાળા અને નક્કર હોય તે મનુષ્ય આ લોકમાં ધન-ધાન્યની સમૃદ્ધિ પ્રાપ્ત કરી સુખ ભોગવે. ગધેડાના જેવા તથા વાઘના જેવા દાંત હોય તો તે પણ શ્રેષ્ઠ ગણાય છે. પરંતુ બે હારથી ઉગેલા, છૂટા છૂટા, કાળા, વિકરાળ અને ખડબચડા અથવા ન્હાના મ્હોટા દાંત હોય તે સારા ગણાતા નથી. તે પાપકારી અને દુ:ખદાયી ગણાય છે.

શિષ્ય—હું ધારૂં છું કે એ સંબંધે બહુ કહેવાઈ ચુક્યું છે. હવે કંઇ ખાસ સૂચના કરવા જેવું હોય તો જણાવશો.

સૂરિ—કલ્યાણના ઈચ્છનાર પુરૂષે સ્ત્રી સંભોગ કર્યા

પછી મળ-મૂત્રના શંકા હોય તો તે ટાળવી અને શંકા ન હોય તો મળ-મૂત્રનો ત્યાગ કરવાનું સ્થાનક ક્યાં છે તે જોઈ રાખવું. સર્વ આહારનો પરિત્યાગ કરવો. પાસે જળ રાખવું. બારણાં બંધ કરવા. પવિત્ર થઈ ઈષ્ટ દેવને નમસ્કાર કરી અપમૃત્યુની બીક ટાળવી; પછી પોતે પવિત્ર થઇ રક્ષામંત્રથી પવિત્ર કરેલી પહોળી શય્યા ઉપર સારી રીતે ઓઢી ડાબે પડખે સૂઈ રહેવું.

શિષ્ય—સ્ત્રી સંભોગ પછી ઘંટાનો નાદ ન થતો હોય તો પણ સાંભળવામાં આવે તો ?

સૂરિ—એ એક બહુજ ખરાબ અપશુકન ગણાય છે. ઘંટા ન વાગતા હોય છતાં તેના નાદનો આભાસ કર્ણગોચર થાય તો તેવો આભાસ પામનાર મનુષ્ય પાંચ માસમાં મૃત્યુ પામે એવું શુકનશાસ્ત્રનું વચન છે.

શિષ્ય—ભલા, નિદ્રા રાત્રે જ ખાસ કરીને આવતી હશે તેનું શું કારણ ?

સૂર—નિદ્રા એ વસ્તુતઃ તમોગુણી છે. તમોગુણને અંધકારની ઉપમા આપવામાં આવી છે. જીવના અનાદિકાળના તમોગુણ રૂપી આવરણો જ્યાં સુધી દુર ન થાય ત્યાં સુધી તેને નિદ્રા વિના ચાલતું નથી. હવે રાત્રેજ નિદ્રા કેમ આવે છે, તેનો ખુલાસો તમે સમજી શકશો. નિદ્રા પોતે તમોગુણવાળી હોવાથી અંધકારની બહુલતાવાળા રાત્રિના સમયે જ પ્રગટ થાય છે.

શિષ્ય—નિદ્રા વખતે નાડીયો તથા ઈંદ્રિયો શું કામ કરતી હશે?

સૂરિ—તે વખતે સંજ્ઞાવાહક સ્રોત-નાડીઓ કફથી ભરાઈ જાય છે અને ઈંદ્રિયો દિવસના શ્રમને લીધે એટલી બધી થાકી ગયેલી હોય છે કે તે પોતાનું કામ બંધ કરે છે; છતાં મન તો તે વખતે પણ પોતાનું કામ કર્યા જ કરતું હોય છે. આપણને જે સ્વપ્ન આવે છે તે કેટલીકવાર આ તરંગી મનનાજ પ્રતાપે હોય છે. મન જે પોતે ગંઠતું હોય છે તેનો આભાસ આપણે સ્વપ્નાવસ્થામાં જોઈ શકીએ છીએ.

શિષ્ય—નિદ્રા કેવા પ્રકારની હોય તો તે શ્રેષ્ઠ ગણવી?

સૂરિ—જે નિદ્રામાં કોઈ પણ જાતનો વ્યાઘાત ન થાય, જે નિદ્રા ફેફસા જેવા ઉપયોગી અવયવોને આરામથી કામ કરવા દઈ શરીરના થાકને દૂર કરે તે નિદ્રા ઉત્તમ જાણવી. અમૃતના સીંચનથી જેમ લતા-વૃક્ષ હંમેશા લીલાં અને હરાભરાં રહે છે, તેવીજ રીતે ઉત્તમ પ્રકારની નિદ્રાથી મનુષ્યનાં તન-મન પણ પ્રફુલ્લિત અને આરોગ્ય રહે છે. સારી નિદ્રાલેનારા મનુષ્યો લાંબુ આયુષ્ય અને આરોગ્ય ભોગવે છે. તેથી ઉલટું અતિ વ્યાકુળતાવાળી તથા સમય વગરની નિદ્રા કાળ રાત્રિની ગરજ સારે છે. નિદ્રા નહીં આવવાથી મનુષ્ય બેચેની અને ગમગીનીમાં રાત્રી પસાર કરે છે અને તેથી તેના આયુષ્યનો તથા આરોગ્યનો પણ ક્ષય થાય છે. કેટલાક લોકો રાત્રે ઉજાગરાઓ કરી તન-મનની પાયમાલીને આમંત્રણ કરે છે તે ઈચ્છવા યોગ્ય

નથી. રાત્રિનો સમય નિદ્રા અને ધર્મધ્યાન માટે જ નિર્માણ થયેલો છે. તેનો જેઓ પુરતો લાભ નહિ લેતાં વ્યસનમાં કે વ્યભિચારમાં વ્યતિત કરે છે, તેઓ આ ભવમાં રોગ--શોકને વ્હોરી લે છે, એટલુંજ નહીં પણ પરભવમાંયે તે પાપોનું અતિ ઉગ્ર પ્રાયશ્ચિત્ત તેમને કરવું પડે છે. રાત્રીનો સમય જો શાંતિમાં અને ધર્માનંદમાં પસાર થાય તો બીજા દિવસનો પ્રકાશ મનને આહ્લાદ આપનારો થઈ પડે છે. વૈદ્યકશાસ્ત્રમાં કહ્યું છે કે રાત્રીનો ઉજાગરો તે રૂક્ષ-લુખ્ખો અને દિવસની નિદ્રા તે સ્નિગ્ધ-ચીકણી, ગણાય છે. દિવસે બેસી રહેવું અને રાત્રીએ ઉદ્યમ કરવો તે રૂક્ષ-સ્નિગ્ધ ગણાય છે.

શિષ્ય—શું ત્યારે દિવસે કદિ પણ નજ સૂઇ રહેવું એમ આપ કહેવા માગો છો ?

સૂરિ—ક્રોધ, ભય, શોક, મદ્યપાન, સ્ત્રી સંભોગ, ભાર વહન તેમજ વાહનમાં બેસી રહેવાથી અને અતિ થાક લાગવાથી દિવસે સૂઈ રહેવામાં હરકત નથી. અતિસાર, શ્વાસ, તથા હેડકી આદિ રોગોથી પીડાતા, ઘરડા, બાળક, દુર્બલ, માંદગી ભોગવવાથી ક્ષીણ થયેલાઓને તેમજ ક્ષુધા, તૃષા, શૂળ વિગેરે રોગોથી પીડાયેલા અને અજીર્ણાદિ રોગોથી ઉપદ્રવ પામેલા મનુષ્યોને દિવસના કોઇ પણ ભાગમાં સૂઇ રહેવાને હરકત નથી, કારણ કે નિદ્રા લેવાથી ઉપર જે રોગીયો કહ્યા તેમના શરીરમાંના વિષમ બનેલા ધાતુ સમ બને છે અને તેથી શરીરને પુષ્ટિ મળે છે. નિદ્રાથી રસ-ધાતુ સ્નિગ્ધ બને છે અને

શુદ્ધ કફ વન થાય છે એમ વૈદ્યો કહે છે તે માનવા યોગ્ય છે. મેદવાળા મનુષ્યોને માટે દિવસે સૂવું હિતકર નથી.

શિષ્ય—ભૂખ્યા પેટે સૂઇ રહેવાય તો ?

સૂરિ—મનુષ્ય જો કાંઇ પણ ખાધા વગર દિવસે સૂઇ રહે તો હોજરીને કામ કરવાનો પુષ્કળ સમય મળે છે અને તેથી તેની પાચન શક્તિ ઉપર બહુ સારી અસર થાય છે. કેટલાકો તો એટલે સુધી કહે છે કે ભૂખ્યા પેટે સૂઈ રહેવામાં આવે તો પેટમાં કદાપિ પાષાણ હોય તો તે પણ પચી જાય છે. રાત્રીએ ઉજાગરો કર્યો હોય અથવા કરવાનો હોય તો જમ્યા પછી થોડા વખત સૂઈ રહેવું એ યોગ્ય છે.


શિષ્ય—ગ્રીષ્મ ૠતુમાં ઘણા મનુષ્યો દિવસે ખુબ નિદ્રા લે છે તેનું કેમ ?

સૂરિ—ગ્રીષ્મ ૠતુમાં દિવાનિદ્રા નુકશાન નથી કરતી; કારણ કે તે વખતે શરીરમાં વાયુનો સંચય થયેલો હોય છે. હવા રૂક્ષ બનેલી હોય છે અને રાત્રી ટુંકી થઇ હોય છે; તેથી ગ્રીષ્મમાં દિવસે સૂઇ રહેવું નિષિદ્ધ નથી. ગ્રીષ્મ ઋતુમાં પડેલી ટેવ બીજી ઋતુ બેસતા તુરતજ દૂર કરી દેવી જોઇએ. નહીંતર એ ટેવ વખત જતાં મનુષ્યોને હેરાન કરે છે. દિવસની નિદ્રા ગ્રીષ્મ સિવાયની બીજ ઋતુમાં કફ પિત્તનો વિકાર ઉત્પન્ન કરે છે.

શિષ્ય—આપે રાત્રી સંબંધી, સંતાનોત્પત્તિ સંબંધી

તથા ટુંકામાં ઐહિક અને પારલૌકિક કલ્યાણ સંબંધી જે ઉપદેશ મને આપ્યો છે, તે મારા હૃદયમાં બરોબર કોતરાઇ રહ્યો છે. હું બનતાં સુધી તે ઉપદેશનું મારા જીવનમાં અક્ષરશઃ પાલન કરીશ.

સૂરિ—તથાસ્તુ ! શુદ્ધ મનવાળા મનુષ્યો જો આ શાસ્ત્રીય આચાર-વિચારને દૃઢપણે વળગી રહે તો ધર્મ અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થની સિદ્ધિ થાય, એટલુંજ નહીં પણ તે ત્રણે પુરૂષાર્થ મિત્ર જેવા બની રહે એ નિઃસંશય છે. ધર્મ એ સઘળા પુરૂષાર્થોમાં મુખ્ય ભાગ ભજવે છે, તેના વિના બાકીના ત્રણ પુરૂષાર્થો વસ્તુતઃ પુરૂષાર્થના અભિધાનનેજ યોગ્ય નથી રહેતા. જીવનને ધર્મમય બનાવવાનો યથાશક્તિ પ્રયત્ન કરજો. હું તમારી સાથે જે દીલ ખોલીને વાત કરૂં છું તેનો દુરૂપયોગ કે ખોટો અર્થ ઉઠાવશો નહીં. આપણી વાતોમાં કેટલીક વાતો એવી પણ છે કે જે અજ્ઞાન અને અનધિકારી મનુષ્યોને માટે શસ્ત્ર જેવી થઈ પડે, તેનો ઉપયોગ બહુજ વિવેકથી અને બુદ્ધિમત્તાથી કરવાનો છે એ લક્ષમાં રાખજો.



(૯) ઋતુચર્યા.

શિષ્ય—કઈ-કઈ ઋતુમાં મનુષ્યે ખાસ કરીને કેવીરીતે વર્ત્તવું જોઈએ એ વિષે વિવેચન કરવાનું અગાઉ આપે કહ્યુંહતું.

સૂરિ—મને તે સ્મરણમાં જ છે. શરીર અને મનના સુખ-શ્રેય અર્થે કાળના બળોને સમજી લેવા એ અત્યાવશ્યક છે. સર્વ ઠેકાણે કાળનું મહાત્મ્ય-પોતાનું જબરૂં બળ બતાવે છે. એટલા માટે ઋતુને ઉચિત થાય તેવી રીતે આહાર-વિહાર કરવાથી રોગાદિ ક્લેશો હેરાન કરતા નથી.

શિષ્ય—આપણે વસન્ત ઋતુથીજ પ્રારંભ કરીએ.

સૂરિ—વસન્તને ઋતુરાજ કહેવામાં આવે છે. આ ઋતુમાં દક્ષિણ દિશાનો પવન, આંબાની મંજરીઓ, મોગરાની પુષ્પમાળાઓ અને ભ્રમર તથા કોકીલાનાં રસમય ગુંજનો રસિક હૃદયમાં આમોદની ઉર્મીઓ ઉછાળવા શક્તિમાન થાય છે. આ ઋતુની વિશેષતા ટુંકામાં કહું તો તે એટલીજ છે કે કફનો પ્રકોપ અતિશય માત્રામાં દેખાવ દે છે અને જઠરાગ્નિ મંદ પડે છે. કફના પ્રકોપની શાંતિને માટે વ્યાયામ કરવામાં તથા ઓષધાદિના સેવનમાં આળસ્ય કરવામાં આવે તો શરીરને તેનું પરિણામ સહન કરવું પડે છે. દિવસે નિદ્રા કરવી આ ઋતુમાં ઇષ્ટ નથી. કેટલાક વૈદ્યો કફની શાંતિને અર્થે વમન

આદિના પ્રયોગો સૂચવે છે તે અનુકૂળતા પ્રમાણે અમલમાં મુકવા.

શિષ્ય—ખાન-પાન સંબંધી સાવચેતી પણ રાખવી જોઇએ ને ?

સૂરિ—કફને ઉત્તેજન ન મળે એવાંજ ખાન-પાનો સેવાં એમ હું કહી ચુકયો છું. ઘણું સ્નિગ્ધ નહીં તથા જેની અંદર કડવો તથા તીખો રસ પ્રધાન હોય એવાં દ્રવ્યો, શાલી-ચોખા વિગેરે ઉન્હાં ભોજનો વાપરવા હિતકર છે. ઘણું ટાઢું, પચતાં વાર લાગે એવું, ઘી જેવા સ્નિગ્ધ રસોથી પરિપૂર્ણ-ચીકણું, કાચું તથા પાતળું અન્ન આ ઋતુમાં ન વાપરવું. સરબત વિગેરે પણ એવાં હોવાં જોઇએ કે જેથી કફના પ્રકોપને ઉત્તેજન ન મળે. તેનો ઉપયોગ પણ માફકસર કરવો. કેટલાક શ્રીમંતો શરીરે મલયાગરનો, કેસરનો તથા ચંદનનો લેપ કરે છે. તેમ કરવાથી તેમના દેહને શાંતિ તથા આરામ મળે છે. જેમને સગવડ તથા અવકાશ હોય તેમને એવાં વિલેપનો આ ઋતુમાં ઉપયોગી થઇ પડે છે.

શિષ્ય—ગ્રીષ્મ ઋતુમાં કેવી રીતે વર્ત્તવું ?

સૂરિ—આ ઋતુમા સૂર્ય, ભૂમિના સર્વ રસોને ખેંચી લેવા પ્રયત્નશીલ રહ્યા કરે છે શરીરમાંથી બળ ઓછું થતું હોય એવા ભાસ થયા કરે છે. ગ્રીષ્મમાં મધુર, શીતળ, સ્નિગ્ધ, પાતળું તથા જલદી પચી જાય એવું ભોજન ઉપાદેય ગણાય છે. ભેંસનું દૂધ, ઉત્તમ ચોખા તથા ઘી જેવાં દ્રવ્યો

ખાવાથી શરીરનું બળ સચવાઈ રહે છે. દહીં અથવા છાસ ઉપર જે પાણી દેખાય છે તેમાં કેટલાકો સાકર મેળવી તેનું પાન કરે છે. શીખંડ જેવા ભોજનોથી તથા ઠંડા શરબતોથી ગ્રીષ્મની ગરમી કેટલેક અંશે ઓછી કરી શકાય છે. વિલાસી સ્ત્રી-પુરૂષો ગ્રીષ્મની ચાંદનીમાં ફરવાનું, ઉદ્યાનોમાં વિહરવાનું અને સુગંધી યુક્ત ખાન-પાન લેવાનું ખાસ કરીને પસંદ કરે છે. ધરતી જ્યારે સૂર્યનાં તાપથી તપી રહી હોય તે વખતે લતા મંડપમાં પડ્યાં રહેવાનું અથવા ફુવારા પાસે જઇ પોતાની પ્રિય સ્ત્રીનાં અંગરૂપ વેલડીના સ્પર્શથી શાંતિ પ્રાપ્ત કરવાનું કયો ગૃહસ્થ ન ઇચ્છે ? જળથી ભીંજાવેલા વીંઝણાનો પવન કિંવા ઉદ્યાનની ઠંડી લહરી આ ઋતુમાં મનને અતિશય આમોદ ઉપજાવનારી થઈ પડે છે. પવનથી આનંદ ઉપજાવતી તથા ચંદ્રમાના કિરણથી શોભતી અગાશીમાં શરીરે સુગંધી પદાર્થો ચોળી ગૃહસ્થો અને ગૃહિણીઓ રાત્રી નિર્ગમન કરે છે. બુદ્ધિશાળી મનુષ્યોએ આ ઋતુમાં અતિ ખાટો, કડવો અને ખારો એ ત્રણ રસ તથા ગરમાગરમ ભોજન ન કરવાં. વ્યાયામ તથા ઉદ્યમમાં બહુ આળસ ન સેવવું. ગ્રીષ્મમાં દ્રાક્ષના મનોહર સરબતો, સફેદ તથા મુલાયમ વસ્ત્રો, સુગંધી વિલેપનો અને જળાશયો વિગેરે વસ્તુઓ મુનિઓના મનને પણ વિહ્વળ કરી દે છે.

શિષ્ય—વર્ષા ઋતુમાં રોગનો પ્રકોપ અકસ્માત્ શા પડે છે તે શાથી ?

સૂરિ—કારણ કે એ ઋતુમાં વાદળાના પવનથી, ભૂમિના

અંદરથી નિકળતી બાફથી અને જળબિંદુના યોગથી મનુષ્યના વાતાદિ દોષો પ્રકોપ પામે છે. એક તો ગ્રીષ્મના અસહ્ય તાપથી મનુષ્યનો દેહ દુર્બળ થઇ ગયેલો હોય અને તેમાં આવો પ્રકોપ થાય એટલે ઘેર ઘેર માંદગીના બીછાના પડે એમાં કંઇ નવાઇ નથી; પરંતુ જો બરાબર આજ વખતે વાત, પીત્ત, કફ તથા રસરક્ત પ્રમુખ ધાતુઓને સામ્ય સ્થીતિમાં રાખવાનો પ્રયત્ન કરવામાં આવે તો પ્રકૃતીમાં ગંભીર ફેરફાર ન થાય. ઋતુચર્યાના નિયમો લોકો લક્ષમાં રાખે તો મને ખાત્રી છે કે કેટલાક વહેમો અને ઉપદ્રવો તત્કાળમાં જ દૂર થઈ શકે.

શિષ્ય—ત્યારે વર્ષાઋતુમાં ખાસ કરીને કઈ જાતની સાવચેતી રાખવી જોઈએ ?

સૂરિ—આ ઋતુમાં કુવાનું તથા પુનર્વસુ નક્ષત્ર બેઠા પછી જ વરસાદનું પાણી પીવું. તળાવનું તથા નદીનું પાણી પીવું આ ઋતુમાં હિતકારક નથી. ગ્રીષ્મમાં જળક્રિડા કરવાની જે ટેવ પડી ગઇ હોય તે વર્ષાના પ્રારંભથી જ દૂર કરી દેવી. અતિ ઉગ્ર તડકામાં હરવા ફરવાનું, વાદળીયા તડકામાં મુસાફરી કરવાનું માંડી વાળવું જોઇએ, અથવા તો એ તાપથી બચતા રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે સર્વત્ર શરદી પ્રસરી રહેલી હોય, ત્યારે ગૃહસ્થોએ અંગે કેસરનું વિલેપન કરી, પવન અથવા જળનો ઉપદ્રવ ન હોય તેવે સ્થળે ધગધગતા અંગારાવાળી સગડી પાસે બેસી, આસાએશ મેળવવી. આથી શીતનો હુમલો દૂર કરી શકાય છે. વર્ષાઋતુના

સંખ્યમાં કામ વિલાસી પુરૂષોનું એવું કથન છે કે જે પુરૂષ આ ઋતુમાં કેશાવલીને સુગંધી તેલ લગાડી સાફ કરી રાખે, રાતા તથા ચંદન–લોબાનના ધૂપથી સુગંધિત બનેલાં વસ્ત્રોનું પરિધાન કરે, તેમજ પરિમિત ભોજન કરે તેને સ્ત્રીઓ પોતાનાં અંતરના ઉમળકાથી ચાહ્યા વિના રહી શકતી નથી.

શિષ્ય—શરદ્ઋતુને વૈદ્યોની માતાની ઉપમા આપવામાં આવી છે તે યથાર્થ જ છે. કારણ કે એ ઋતુમાં વૈદ્યલોકોને બહુ મ્હોટી કમાણી થાય છે.

સૂરિ—શરદ્ઋતુમાં આ કરા સૂર્યના કિરણોનાં તાપથી તપેલા મનુષ્યોનું પિત્ત પ્રાયઃ કુપિત થાય છે અને તેથી સર્વત્ર પિત્તજન્ય વિકારો ફાટી નીકળે છે. આવા વખતની અંદર ડાહ્યા મનુષ્યોએ ક્ષુધા લાગે તોજ મધુર, હલકું, શીતળ, થોડું કડવું તથા તીખું પથ્ય ભોજન લેવું. જેઓ મનને કાબુમાં રાખી શકે તેવા હોય છે તેઓ આ કાળમાં પૂર્વ દિશાનો પવન, દહીં, અતિ વ્યાયામ, તડકો, ખારી વસ્તુ તથા તેલાદિ સ્નિગ્ધ પદાર્થનો યત્ન પૂર્વક પરિત્યાગ કરે છે. આમળાં, દુધ તથા શેલડીની સાકર કે ગોળ જેવી વસ્તુઓ પરિમિત પ્રમાણમાં પુષ્ટિ આપનારી થઈ પડે છે. કેટલાક ચિકિત્સકો આ ઋતુમાં ફસ ખોલાવવાની, જુલાબ લેવાની, સફેદ ફુલોની માળા પહેરવાની, સફેદ ચંદનનું વિલેપન કરવાની, સરોવરનું નિર્મળ જળ પીવાની તથા રાત્રીએ થોડીવાર ચાંદનીમાં હરવા–ફરવાની સલાહ આપે છે. એ સલાહ પ્રમાણે વિવેકપુરઃસર વર્ત્તવામ

આવે તો શરદઋતુમાં પિત્તનો અસહ્ય પ્રકોપ વધી પડવાની જે ફરીયાદ કરવામાં આવે છે તે અદૃશ્ય થઈ જાય એ નિઃસંદેહ છે.

શિષ્ય—હવે હું ધારૂં છું કે હેમન્ત અને શિશિર ઋતુ સંબંધીજ ચર્ચા કહેવાની બાકી રહી છે.

સૂરિ—હેમન્ત અને શિશિરની ઋતુ ચર્યામાં બહુ મહત્વનો ભેદ નથી. હેમંતમાં ટાઢ ઘણી પડતી હોવાથી તથા રાત્રી લાંબી થતી હોવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. માટે આ વખતે પ્રાતઃકાળના ભોજનમાં બહુ વધારે પડતો વિલંબ ન કરવો જોઈએ. હવે કેવા પદાર્થો ભોજનમાં વાપરવા એ પ્રશ્ન ઉદ્ભવે છે. આ ઋતુમાં ખાટું, મીઠું, ઉન્હું, ચીકણું તથા ખારૂં અન્નપાન સેવવું એ સલાહભર્યું છે. સાવચેતી માત્ર એટલીજ રાખવાની કે કોઈ પણ પદાર્થ એવો તો નજ હોવો જોઈએ કે જે હોજરીને પચાવવો ભારે થઈ પડે. વળી આ ઋતુમાં અતિ સુગંધી તેલથી શરીરને મર્દન કરવાની તથા કેસરનું ઉબટણું લગાડવાની અને નવા વસ્ત્રો પહેરવાની પણ ભલામણ કરવામાં આવી છે. ઘર પણ એવું સ્વચ્છ અને ઉપદ્રવ રહિત હોવું જોઈએ કે જેથી પવનના ઝપાટાથી અને શીતથી રક્ષણ મેળવી શકાય. કર્પુર તથા કૃષ્ણાગર ચંદનના ધુપની સુગંધી ફેલાયેલી હોય તો તે વધારે સારૂં ગણાય! ધગધગતા અંગારાની સગડી પાસે હોય તો શીતાદિ પ્રકોપો દેહને પજવી શકતા નથી. કેટલાક શૃંગારપ્રિય કવિઓ અને સ્ત્રીઓ કહે છે કે

આ ઋતુમાં શરીરે સુગંધી અંગરાગ લગાડેલી, પુષ્ટ અને ઉંચા સ્તનથી ચિત્તને ખેંચનારી તરૂણી; તેમજ કોમળ તથા ઉષ્ણ સ્પર્શવાળી શય્યા એ બન્ને વસ્તુઓ ટાઢને દૂર કરવા શક્તિમાન થાય છે. શિશિર ઋતુમાં ઉત્તર દિશાના પવનથી લુખી ટાઢ પડે છે. એટલા માટે એ વખતે પણ હેમન્ત ઋતુનાજ વિધાનો ઉપયોગી થઇ શકે છે. આપણી ઋતુચર્યા સંબંધી વાતચિત અહીં પુરી થાય છે. પણ તેજ સાથે મારે જણાવી દેવું જોઇએ કે આ નિયમો મેં જે કહ્યા છે, તે કેવળ શરીરને કિંવા ઇન્દ્રિયોને ઉન્મત્ત બનાવી દેવાના હેતુથી નથી કહ્યા; પરંતુ રોગોનો સમુદાય કે જે હંમેશાં આપણા ઉપર હુમલો લઇ આવવાને તૈયાર હોય છે એમ માનવામાં આવે છે, એ રોગરૂપી શત્રુઓના પંજામાંથી કેવી રીતે બચી શકાય અને પોતાના તન-મન સાથે કુટુંબ પરિવારને નીરોગી કેમ રાખી શકાય એ સૂચવવા માટેજ આ વિવેચન કર્યું છે.

શિષ્ય—આપના કથનનો અથવા તો સૂચનનો દુરૂપયોગ નહીં થાય અથવા તો તેનો ખોટો અર્થ નહીં કરવામાં આવે એ વિષે હું આપને ખાત્રી આપું છું. આપ પુનઃ પુનઃ એ વિષય ઉપર ભાર મુકી જે સન્માર્ગ બતાવો છો તે માટે હું અંતઃકરણ પૂર્વક આપનો ઉપકાર માનું છું. હવે માત્ર એકજ વિષય સંબંધી પ્રશ્ન બાકી રહ્યો છે અને તે એજ છે કે આખા વર્ષ દરમીયાન કેવી રીતે વર્તવું કે જેથી જીવન કૃતાર્થ થાય?

સૂરિ—આ તમારો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે અને તેનો

ઉત્તર એક ધર્માચાર્ય તરીકે મારે બની શકે તેટલો અસરકારક આપવો જોઇએ. તમે જાણો છો કે આ મનુષ્યદેહ મળવો દેવતાઓને પણ દુર્લભ છે. મહા પુણ્યના બળથીજ એ પ્રાપ્ત થાય છે. જો એ વાત ઉપર સંપૂર્ણ વિશ્વાસ આવી ગયો હોય તો મનુષ્ય જન્મને સાર્થક બનાવવા હંમેશાં–હરઘડી ઉદ્યમશીલ રહેવું જોઇએ. આ દુર્લભ નરભવમાં એક ઘડી પણ નિરર્થક ન જાય, એક પળ પણ આત્મોન્નતિમાં વિઘ્નકર ન થાય એની સાવચેતી રાખવી જોઇએ. સજ્જન પુરૂષો આખો દિવસ એવા નિર્દોષ ઉદ્યમમાં ગાળે છે કે તેથી તેઓને રાત્રીએ નિશ્ચિંતતા પૂર્વક શાંત નિદ્રા આવ્યા વિના રહેતી નથી. દાખલા રૂપે પણ એમ કહેવામાં આવે છે કે જે મનુષ્યો સમસ્ત દિવસ નિરૂદ્યમપણે પગ ઉપર પગ ચડાવી, લમણે હાથ દઇ બેસી રહે છે, તેમની ઉપર નિદ્રાદેવી કૃપા દાખવી શકતી નથી. જેઓ સતત પરિશ્રમ કર્યા કરે છે તેમને નિદ્રાની આરાધના માટે લેશ માત્ર પણ શ્રમ લેવો પડતો નથી. રાત્રે શાંત નિદ્રા આણવા માટે જેવી રીતે શ્રમની જરૂર છે, તેવીજ રીતે જીવનના છેલ્લા દિવસોમાં ધર્મધ્યાન કરવાનો અવકાશ અને અનુકુળતા મળી શકે એટલા માટે મનુષ્યોએ યૌવન દશામાં યથાશક્તિ પરિશ્રમ લઇ જીવનને કૃતકૃત્ય બનાવવું જોઇએ. યુવાન અવસ્થાને મોજમજાહ તથા એશઆરામમાં ગુમાવી નાંખનાર મનુષ્યો વૃદ્ધાવસ્થામાં ધર્મકૃત્ય તો કરી શકતાજ નથી, પરંતુ દેહ અને મનને યથાયોગ્ય આરામ આપવામાં પણ નિષ્ફળ નીવડે છે. એટલા માટે જીંદગીની ઉજ્વળ અને ઉછળતી અવસ્થા કે જે

જીવનાવસ્થાના નામથી ઓળખાય છે તે અવસ્થાની અંદર પોતાની પ્રમાણિકતા, શુભ નિષ્ઠા અને સદાચારશીલતાને સુરક્ષિત રાખી એવો ઉદ્યમ કરવો કે જેથી જીંદગીના છેલ્લા દિવસો સુખ અને પરોપકારમાં વ્યતીત થઈ શકે.

શિષ્ય—અમારા સરખા પ્રવૃત્તિવાળા ગૃહસ્થોથી બારે માસ ધર્મકરણી કેમ બની શકે ?

સુરિ–મારો કહેવાનો આશય એવો છે કે રાત્રીએ આરામને માટે જેવી રીતે દિવસના પરિશ્રમની જરૂર છે, તેવીજ રીતે પ્રવૃત્તિવાળા ગૃહસ્થોએ એવી પ્રવૃત્તિ સેવવી કે જેથી તેઓને ચોક્કસ સમય નિવૃત્તી કિંવા ધર્મકરણીને માટે મળી શકે. ચોમાસાના ચાર માસમાં ગૃહસ્થો અથવા ધંધાદારીઓની પ્રવૃત્તિ કંઈક શાંત હોય છે. જેઓ આઠ માસ સખ્ત ચિંતા અને શ્રમમાં પસાર કરે છે, તેઓ ચાતુર્માસના ચાર મહિના શાંતિ લેવાનું પસંદ કરે છે. આ ચાર મહિના ધર્મ ધ્યાનને માટે ખાસ અનુકુળ થઈ પડે એવી વ્યવસ્થા આપણા ઉપકારી આચાર્ય મહારાજાઓએ કરી છે. હવે જો આઠ મહીના આળસ કિંવા પ્રમાદમાં ગાળ્યા હોય તો ચાતુર્માસમાં પણ પુરતી શાંતિ કે ધર્મ કરણીને માટે અનુકૂળતા પ્રાપ્ત થાય નહીં. ચાતુર્માસની ઋતુ ધર્મધ્યાનને માટે બહુ જ અનુકૂળ હોય છે. તે વખતે કોઈ એક સ્થળે મુનિ મહારાજાઓની જોગવાઈ પણ મળી શકે છે. પૃથ્વીમાં સર્વત્ર મનોહરતા અને નવપલ્લવતા વ્યાપી રહી હોય છે તેથી હૃદય

અને મન ઉપર તેની ઘણી સુંદર અસર થાય છે. આ બધી અનુકૂળતાઓ સાર્થક થાય એટલા માટે ઉદ્યમશીલ ગૃહસ્થોએ આઠ મહીનાનો ઉપયોગ નીતિમય–ન્યાયમય દ્રવ્યોપાર્જન અર્થે કરી લેવો.

શિષ્ય—ચાતુર્માસમાં પણ ધર્મ ધ્યાન ન બની શકે તો વૃદ્ધાવસ્થા ઉપર મુલતવી રાખ્યું હોય તો કેમ ?

સૂરિ—વૃદ્ધાવસ્થા એ જો કે ધર્મ ધ્યાન કરવાની અવસ્થા ગણાય છે, પરંતુ એ અવસ્થા પ્રાપ્ત થશે કે વચમાંજ કાળ આપણા શિરે ચડી બેસશે તેનો નિર્ણય કોણ કરી શકે તેમ છે ? જેઓ વૃદ્ધાવસ્થા ઉપર પોતાના આત્મકલ્યાણને મુલતવી રાખે છે, તેઓ સંપૂર્ણ આત્મહિત સાધી શકતા નથી. વસ્તુતઃ તેને માટે કોઇ અવસ્થાની રાહ જોઇ બેસી રહેવું એ નિર્બળતા છે. એવા ઘણા વૃદ્ધ પુરૂષોનો અનુભવ છે કે, તેઓ પોતાની યૌવનાવસ્થાની ધારણા પ્રમાણે વૃદ્ધ વયમાં ધર્મકાર્ય કરી શકતા નથી. અને છેલ્લી વયે તન અને મનમાં જે શિથિલતા વ્યાપી જાય છે તેનો ખ્યાલ કરતાં એ અનુભવ અક્ષરશઃ સત્ય છે એમ કહી શકાય. વૃદ્ધ વય એ પરાધીનતામય અવસ્થા છે નથી તે વખતે પોતાના મન ઉપર સંપૂર્ણ કાબુ રહી શકતો નથી યાત્રા કે ગુરૂ દર્શન માટે શારીરિક શ્રમ લઈ શકાતો. નર ભવ પામવા છતાં જો ભવિષ્યનું જીવન ન સુધરે તો પછી અમુલ્ય નરદેહ એળે ગયો એમ જ મનાય. મારો કહેવાનો તાત્પર્ય એટલોજ છે કે બની શકે તો જીવન ધર્મમય–નીતિ

...ય બનાવવું, તેમ નહીં તો બાર માસમાં ચાતુર્માસના ચાર ...ાસ ધર્મોદ્યોગ અર્થે વીતાવવા અને એટલું પણ ન બને તે... ...દ્વય થતાં અવશ્ય આત્મહિત સાધી લેવું. હું આગળ જ ...હી ગયો છું કે આ છેલ્લી તક ભાગ્યયોગેજ પ્રાપ્ત થાય છે અને ...ાપ્ત થવા છતાં પણ તેનો સદુપયોગ કરી લેવાની તક તો ...કોઈ વિરલ નરનેજ મળી શકે છે. આ બધી બાબત એવી છે ...ક તેનો નિર્ણય સૌ મનુષ્યે પોતપોતાની ઈચ્છા–અનુકૂળતા ...અને સંયોગો પ્રમાણે કરી લેવો જોઈએ. એમાં અમારો ઉપ... ...દેશ લગભગ નિરર્થક થઈ પડે એવો ભય રહે છે.

શિષ્ય—વર્ષની આખરે ધર્મકૃત્ય કરવાની ખાસ સાવ...ચેતી રાખીશ; પણ તેનો સ્પષ્ટ નિર્દેશ થઈ જવો જોઈએ.

સૂરિ—એ સંબંધી વિસ્તૃત ચર્ચા આપણે અન્ય કોઈ પ્રસંગે કરીશું. હાલ તુરત તો એટલુંજ કહેવું બસ થશે કે કલાવાન મનુષ્યોએ આ ભવમાં એવી કંઈપણ વસ્તુ પ્રાપ્ત કરી લેવી કે જેથી મરણ પામ્યા પછી પણ પવિત્ર જન્મ નિશ્ચયથી મળી શકે. પોતાના સ્વધર્મી ભાઈઓની તથા મુનિમહારાજાઓની એવી સેવા–સુશ્રુષા અને ભક્તિ–પૂજા કરવી કે જેથી આપણો આત્મા પરમ પ્રસન્નતા પામી શકે. વિવેકી પુરૂષો પોતાના વૃદ્ધ માતપિતાની સેવા–ચાકરી કરવાનું ભૂલતા નથી, તેમ તેમને તીર્થ યાત્રા વિગેરે કરાવી સપુત તરીકેની કીર્ત્તિ મેળવવામાં પ્રમાદ પણ કરતા નથી. આપણા કુળમાં જે કોઇ વૃદ્ધ અથવા અશક્ત હોય તેમને તેમની ઈચ્છા પ્રમાણે તીર્થ...

અનુભવી પુરૂષો ચોક્કસ ચિન્હોની બારીક પરીક્ષા કરી દેશ કે ગામનું કલ્યાણ કિંવા અકલ્યાણ અગાઉથીજ ભાખી દે છે. પરંતુ એટલું યાદ રાખવું જોઇએ કે એવો નિર્ણય આપવો એ ઉતાવળીયા કિંવા અલ્પદર્શી મનુષ્યોનું કામ નથી. તેમાં સૂક્ષ્મ તર્ક અને વિવેચનાની તેમજ સંયત મનોભાવની બહુજ જરૂર પડે છે. પ્રત્યેક ચિન્હનું યથાર્થ સ્વરૂપ લક્ષમાં આવી જાય તો તે ચિન્હ ઉપરથી પરિણામ શું આવશે તે સહેલાઇથી કહી શકાય.

શિષ્ય—રાષ્ટ્રને શિરે કોઇ પણ પ્રકારનો ઉપદ્રવ આવી પડવાનો હોય અથવા તો શહેરમાં કંઇ ઉત્પાત થવાનો હોય તો તે કેવા ચિન્હો ઉપરથી પારખી શકાય ?

સૂરિ—પરંતુ તે પહેલાં ઉત્પાત કોને કહેવાય તે સ્પષ્ટ કરવું જોઇએ. જે વસ્તુ હંમેશા પોતાના સ્વરૂપમાં રહેતી હોય તેમાં અકસ્માત ફેર થઇ જાય તેને ઉત્પાત કહેવામાં આવે છે. આવા ઉત્પાતો એક નહીં પણ અનેક પ્રકારના હોય છે. ઉત્પાતના પરિણામે દુર્ભિક્ષ, રાજ્યનાશ, પ્રજાનાશ તથા દેશની બરબાદી થાય.

શિષ્ય—હવે રાષ્ટ્રને વિષે ઉપદ્રવ થવાનો હોય, નગરનો નાશ થવાનો હોય, મહા સંગ્રામ થવાનો હોય અથવા દેશ ભંગ થવાનો હોય તો તે કેવા નિમિત્તો ઉપરથી જણાય તે આપ જણાવવાની કૃપા કરશો.

સૂરિ—જ્યાં ચિત્રામણની અથવા મંદિરમાંની પ્રતિમા

એના સ્વરૂપમાં કંઇ ફેરફાર થઈ જાય અથવા તો એ સ્વરૂપમાં કંઈ વિચિત્રતા દાખલ થઇ જાય તથા મંદીરની ધ્વજા ઉપર ચઢતી દેખાય તો ત્યાં રાષ્ટ્ર વિગેરેને કોઇ ચોક્કસ પ્રકારનો ઉપદ્રવ સહન કરવો પડે. બીજું જ્યાં જળચર જીવો ભૂમિ ઉપર અને ભૂચર જીવો જળમાં ચાલતા જોવામાં આવે, નગરના જીવો જંગલમાં સ્વાભાવિક રીતે હરતા-ફરતા દૃષ્ટિગોચર થાય, શિયાળીયાં અને કાગડાઓના કોલાહલથી દિશાઓ શબ્દાયમાન થઇ રહે, એવીજાતનો વિલક્ષણ-વિચિત્ર ક્રમ થાય તે નગરનો નજીકના ભવિષ્યમાં નાશ થાય એવું નિમિત્ત શાસ્ત્રનું કથન છે. વળી છત્ર, કોટ, સેના વિગેરેમાંથી કોઇને અગ્નિનો ઉપદ્રવ થાય તો રાજાને શિરે કોઈ આફત આવી પડે. હથીયારો બળતા દેખાય અથવા હથીયારો પડ્યાં પડ્યા મ્યાનમાંથી બહાર નીકળી જાય તો સમજવું કે થોડા જ વખતમાં યુદ્ધ સંગ્રામ થયો જોઈએ. દેશભંગનું લક્ષણ તો બહુજ સ્પષ્ટ છે. અર્થાત્ મનુષ્યોમાં જ્યારે અન્યાય,દુરાચાર,પરપીડન અને પાખંડીપણું અતિશય માત્રામાં વૃદ્ધિ પામે, ત્યારે એ દેશમાં મહા અનર્થકારી ઉત્પાત થાય એમાં કંઇ શક નથી. ધર્મ-સદાચાર અને ન્યાય-અહિંસા ઉપરજ પ્રજાની સ્થિતિનો પાયો નંખાયેલો છે. એ પાયામાં સરો દાખલ થતાં પ્રજા ધીમે ધીમે વિનાશ તરફ પગલાં ભરે એવો સર્વ ડાહ્યા પુરૂષોનો એકમત છે.

શિષ્ય—વર્ષાકાળમાં જે ઇન્દ્રધનુષ્ય દેખાય છે તે પરથી કંઇ અનુમાન નીકળી શકે ખરૂં ?

સૂરિ—જો એ ઇન્દ્રધનુષ્ય દિવસે સૂર્યની સન્મુખ દેખાય તો તેમાં કંઈ દોષ નથી. કારણકે તેમ બનવું એ સ્વાભાવિક છે. પરંતુ એજ પ્રકારની સ્થીતિ જો રાત્રીએ દેખાય તો તે અશુભ સમજવું. એમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્રને માટે ભિન્નભિન્ન રંગોનું કથન કરવામાં આવ્યું છે. અર્થાત્ રાત્રીના ભાગમાં એ ઇન્દ્રધનુષ્ય જો સફેદ દેખાય તો બ્રાહ્મણને, રાતું દેખાય તો ક્ષત્રીયને, પીળું દેખાય તો વૈશ્યને તથા કાળું દેખાય તો શુદ્રને નાશકારક થઇ પડે.

શિષ્ય—જેમ ઇન્દ્રધનુષ્યના સંબંધમાં છે, તેમ વનસ્પતીના વિષયમાં પણ કંઈ વૈચિત્ર્ય જોવામાં આવે તો ?

સૂરિ—જો વૃક્ષોને અકાળે ફુલ તથા ફળ આવે તો રાજક્રાંતિનો સમય નજીક આવી પહોંચેલો સમજવો. અહીં એક સામાન્ય નિયમ લક્ષમાં રાખવાનો છે. ઉક્ત દુષ્ટ નિમિત્તો જો અલ્પ પ્રમાણમાં હોય તો ઉપદ્રવ અલ્પ પ્રમાણમાંજ સંભવે અને જો પ્રચુર પ્રમાણમાં હોય તો ઉપદ્રવ પણ પ્રચુર માત્રામાં દેખાવ દે. ધનુષ્યના રાતા પીળા રંગો ઉપરથી વિવિધ કોમોના ઉપદ્રવો કળી શકાય છે, તેવીજ રીતે વનસ્પતીના વિચિત્રતાવાળા ફળ, ફુલો ઉપરથી પણ વિવિધ વર્ણના કષ્ટો કળી શકાય છે. દાખલા તરીકે જો પીંપળો અકાળે ફુલ–ફળ પામે તો તે બ્રાહ્મણને માટે ભયકારક ગણાય, ઉંબરાના વિષયમાં જો તેમ બને તો તે ક્ષત્રીયોને માટે અનિષ્ટ ગણાય, વડલાના સંબંધમાં જો એમ થાય તો તે વૈશ્યને માટે કષ્ટદાયક

ગણાય અને જો પીંપર–પ્લક્ષમાં એવી વિલક્ષણતા દેખાય તો શુદ્રને માટે ભયંકર ગણાય.

શિષ્ય—દેશમાં દુકાળ પડવાનો હોય તો તેનું અગ્ર સૂચન કેવી રીતે થાય ?

સૂરિ—એવું સૂચન અનેક નિમિત્તોદ્વારા મળી શકે છે. નક્ષત્ર મંડળની ગતિ–વિધિ પણ તેમાં અગત્યનો ભાગ ભજવે છે. નક્ષત્ર સંબંધી સ્પષ્ટીકરણ કરતી વેળા હું એ વાત વિસ્તારથી જણાવીશ. પશુ–પક્ષી અને વનસ્પતીના આશ્ચર્યજનક ફેરફાર ઉપરથી પણ એવી આગાહી મળી શકે છે. ઉદાહરણાર્થે જો વૃક્ષ ઉપર બીજું વૃક્ષ ઉગે, એક પત્ર ઉપર બીજું પત્ર પોષણ પામતું જોવામાં આવે, ફળ ઉપર ફળ અને ફુલ ઉપર ફુલ ઉગેલું દેખાય તો જગતમાં મ્હોટો ભયંકર દુષ્કાળ પડે એમ મનાય છે. તેજ પ્રમાણે જે સમયે ગધેડું ભુંકતું હોય તે સમયે ગધેડાની સાથેજ જો કોઈ બીજો નખવાળો જીવ ભુંકવા લાગી જાય તો તે દુષ્કાળની ભવિષ્યવાણી ભાખે છે એમ સમજવું. એક જાતિના જીવો અન્ય જાતિના જીવો સાથે ભાષણ કે મૈથુન કરતાં નથી; છતાં જો તેવો પ્રસંગ પ્રત્યક્ષ દેખાય તો તેને અનિષ્ટભાવીની સાબીતી માની લેવી જોઈએ. અન્ય જાતિના જીવોથી ભિન્ન જાતિના જીવોને વિષે સંતતિ થાય અને ગધેડી વીંઆતી દેખાય તે પણ મહા ભયંકર ગણાય છે. વળી બીલાડાં, સર્પ અને

માછલી એ ત્રણ જીવો સિવાયના શેષ જીવો પોતાની જાતીના
જીવોનું માંસ ભક્ષણ કરતા નથી. છતાં જો ઉક્ત ત્રણ સિવા-
યના બીજા જીવો પોતાની જાતિના જીવોનું માંસ ભક્ષણ
કરતા દેખાય કિંવા કાગડા જેવા જીવો પોતાનું ભક્ષ્ય સંતા-
ડતા દૃષ્ટિગોચર થાય તો તેથી ધાન્યનો નાશ થાય એમ
સમજી લેવું.

શિષ્ય—દેશને શીરે કોઈ પ્રકારનો મહા ભય આવી
પડવાનો હોય, ત્યારે પશુ-પક્ષીઓ અને અન્ય વસ્તુઓમાં
કેવો ફેરફાર થાય ?

સૂરિ—જો રાત્રિયે સર્વ જગોએ ગાયનો શબ્દ સંભ-
ળાય, જ્યાં ત્યાં કલહ થાય, દેડકાને શીખા ઉત્પન્ન થએલી
દેખાય, સફેદ કાગડા, શ્વાન અને ગીધાદિ પ્રાણીઓ આમ
તેમ ભમ્યા કરે તો દેશનો નાશ થાય. જો પૂજવા યોગ્ય પુરૂષો
પૂજા ન પામતાં હલકા પુરૂષો પૂજા પામવા લાગે, હાથણીના
ગંડસ્થળમાંથી મદ ઝરવા લાગે, શિયાળીયું દિવસે શબ્દ કરતું
લાગે અને રાત્રીને વિષે તીતર પક્ષી બોલવા લાગે તો જગતમાં
કોઈપણ એક પ્રકારનો મહા ભય આવવાનો છે એમ ધારી લેવું.

શિષ્ય—ઉત્પાતનું ફળ ક્યારે અને મુખ્યત્વે કોને
સહન કરવું પડે ?

સૂરિ—ઉત્પાતનું ફળ સામાન્યતઃ રાજાના અંતઃપુરમાં,
નગરની સેનામાં, ભંડાર ખાનામાં, અશ્વશાળા કે હસ્તિશા-
ળામાં, રાજાના ગુરૂઓમાં, રાજામાં, રાજપુત્રમાં તેમજ પ્રધાન

આદિ મુખ્ય સ્થાનોમાં ઉત્પાત થાય છે. ઉત્પાતનું ફળ ક્યારે મળે એ પ્રશ્નના સંબંધમાં જણાવવાનું કે કાંતો એક-બે માસમાં, એક વર્ષમાં કિંવા પ્રસંગે છ મહિનામાં કે પખવાડીઆમાં પણ ફળનો આભાસ પ્રકટ થાય. જો તેમ ન બને તો એ ઉત્પાત વ્યર્થ ગયો જાણવો અને અનિષ્ટ ખરૂં પડે તો તેની શાંતિ માટે પૂજા-પ્રભાવના જેવા ધર્મકૃત્યો કરી તેની શાંતિ કરાવવી એજ ઉચિત છે.

શિષ્ય—શુકનશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર તથા અન્ય અન્ય શાસ્ત્રોના કથન' વિરૂદ્ધ દેશમાં 'ઉપદ્રવ થતો જોવામાં આવે છે તેનું શું કારણ ?

સૂરિ—એ દેશની માઠી અવસ્થાજ સૂચવે છે. ભાવી ઉપર કોઈનો અધિકાર ચાલતો નથી, એ વાત તો તમે ઘણીવાર સાંભળી હશે. મનુષ્યનાં ભાગ્યજ જો બુરાં હોય તો શુકનશાસ્ત્ર-નિમિત્તશાસ્ત્રની અનુકૂળતા પણ કંઈ કામ આવતી નથી. તેવીજ રીતે જો દેશના ભાગ્ય પરવાર્યાં હોય તો નિમિત્ત, શુકન, દેવીદેવતા કે જ્યોતિષ, મંત્ર વિગેરે કંઈ પણ ફળ આપતા નથી. આમ થાય છે ત્યારેજ ભાવી કેટલું પ્રબળ હોય છે, તેનો ખ્યાલ બાળજીવો કરી શકે છે; તે છતાં એટલું તો ચોક્કસ જેવુંજ લાગે છે કે દેશનો નાશ થવાનો હોય તે પહેલાં ઘણા ઉપદ્રવો અને અશુભો વિવિધ રૂપે દેખાવ દે છે. દુષ્ટોનું જોર દેશમાં વધી પડે છે. અનીતિ અને અનાચારનું રાજ્ય ફેલાતું જાય છે. એક દેવતા અન્ય દેવતાનું સ્થાન પડાવી લે

. આવા અણીના સમયે મનુષ્યે પોતાનાં શીલ અને ધર્મને ળગી રહેવું જોઇએ. એ સિવાય બીજું કંઇ કહેવું પ્રાયઃ નિરર્થક થઇ પડશે.

શિષ્ય—આપે અગાઉ નક્ષત્ર સંબંધી વિચાર ચલાવવાનું કહ્યું હતું તે સ્મરણમાં હશે.

સૂરિ—હવે આપણે એજ વિષય ઉપર આવીએ છીએ. નક્ષત્ર મંડળના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. (૧) વિશાખા, (૨) ભરણી, (૩) પુષ્ય, (૪) પૂર્વા ફાલ્ગુની, (૫) પૂર્વા ભાદ્રપદા (૬) મઘા અને (૭) કૃત્તિકા, આ સાત નક્ષત્રો અગ્નિ મંડળના નામથી ઓળખાય છે. (૧) ચિત્રા, (૨) હસ્ત, (૩) અશ્વિની, (૪) સ્વાતિ, (૫) મૃગશીર્ષ, (૬) પુનર્વસુ અને (૭) ઉત્તરા ફાલ્ગુની એ સાત નક્ષત્રો વાયુમંડળના નામથી ઓળખાય છે. (૧) પૂર્વાષાઢા (૨) ઉત્તરા ભાદ્રપદા (૩) અશ્લેષા (૪) આર્દ્રા, (૫) મૂળ, (૬) રેવતી અને (૭) શતતારકા. એ સાત નક્ષત્ર વરૂણમંડળના નામથી ઓળખાય છે. (૧) અનુરાધા, (૨) અભિજીત (૩) જયેષ્ટા, (૪) ઉત્તરાષાઢા, (૫) ધનિષ્ઠા, (૬) રોહિણી અને (૭) શ્રવણ એ સાત નક્ષત્ર. મહેંદ્રમંડળ એવા નામથી પરિચિત છે.

શિષ્ય—-ઉત્પાતની સાથે એ મંડળોને શું સંબંધ ?

સૂરિ—-ઉત્પાતની વ્યાખ્યા હું ધારૂં છું કે તમને એકવાર કહી ચુકયો છું. ધરતીકંપ, ધૂળની વૃષ્ટિ, દિશાઓમાં દાહ, અકાળે વરસાદ એ બધા અણુચિંતવ્યા બનાવોને ઉત્પાતના

નામથી સંબોધવામાં આવે છે. હવે જો ઉત્પાત વિવિધ મંડળોમાં હોય તો તેનું ફળ પણ વિવિધ પ્રકારે અનુભવાય છે. જેમકે ઉત્પાત અગ્નિમંડળમાં હોય તો અગ્નિનો ઉપદ્રવ થાય અને વાયુ મંડળમાં હોય તો વાયુનો ઉપદ્રવ થાય, વરૂણ અથવા મહેંદ્રમંડળના ઉત્પાત શુભકારી લેખાય છે, માટે તેવા ઉત્પાત થયા હોય તો તે સર્વનું ફળ શુભ જ આવે. વળી મંડળના આધારે કઈ દિશા ખાસ કરીને ઉત્પાતથી પીડા પામશે, તેનો પણ નિરધાર થઈ શકે છે. અગ્નિમંડળમાં ઉત્પાત થાય તો દક્ષીણ દિશા પીડાય; વાયુ મંડળમાં થાય તો ઉત્તર દિશા પીડાય, વરૂણ મંડળમાં થાય તો પશ્ચિમ દિશા પીડાય, અને મહેંદ્રમંડળમાં થાય તો પૂર્વ દિશા પીડાય, એવો ક્રમ છે. નક્ષત્ર મંડળની સાથેનો ઉત્પાતનો સબંધ હવે કિંચિત્ અંશે સ્પષ્ટ થયો હશે.

શિષ્ય—ઉત્પાત તો ઘણા પ્રકારના હોય છે ?

સૂરિ—અતિવૃષ્ટિ જેમ ઉત્પાતમાં ગણાય, તેવીજ રીતે અનાવૃષ્ટિ એટલે વરસાદની છેક ગેરહાજરી એ પણ ઉપદ્રવમાં જ ગણાય. તીડ–ઉંદરનો ઉપદ્રવ એ પણ ઉપદ્રવમાં જ ગણાય. દેશ ઉપર અન્ય રાજાનું સૈન્ય ચઢી આવે અથવા તો રાજ્યના પોતાના સૈન્યમાં જ અંતરકલહ જાગે એ સર્વ ઉત્પાત જ ગણાય. આ સઘળા ઉત્પાતોની ગણતરી કરવા જઈએ તો વખત બહુ નીકળી જાય અને આપણી ચર્ચા અપૂર્ણ રહી જાય. એટલા માટે ટુંકમાં ઉત્પાતનો ખ્યાલ આપી દેવો મેં આવશ્યક માન્યો છે.

શિષ્ય—વિશેષ સ્પષ્ટીકરણ અર્થે જ મારો એ પ્રશ્ન હતો. આપે મંડળ સંબંધી જે ઉપદ્રવો જણાવ્યા તેનું ફળ ક્યારે મળે ?

સૂરિ—અગ્નિમંડળનું ફળ આઠ મહીને, વરૂણ મંડળના ઉત્પાતનું ફળ એક મહીને, મહેંદ્ર મંડળના ઉત્પાતનું ફળ સાત રાત્રીએ અને વાયુ મંડળનું ફળ બે માસે પ્રાયઃ પ્રકટ થાય.

શિષ્ય—દેશમાં મોંઘવારી–સોંઘવારી કે અતિવૃષ્ટિ–અનાવૃષ્ટિ કે સુકાળ–દુઃકાળ પડવાના હોય તે કેવી રીતે જાણી શકાય ?

સૂરિ—પુનેમના દિવસે જે ઠરાવેલું નક્ષત્ર આવે છે, તે મહિનાનું નક્ષત્ર ગણાય છે એ વાત તો તમે જાણતાજ હશો. દાખલા તરીકે ચૈત્રી પુનમને દિવસે ચિત્રા નક્ષત્રજ આવે છે. હવે જો માસના નક્ષત્રથી પૂર્ણિમા ઓછી હોય તો વસ્તુઓના ભાવ ઘટે, સરખી હોય તો ભાવ પણ સરખા રહે અને અધિક હોય તો ભાવ પણ ઉછાળો મારે એવો સામાન્ય નિયમ છે. એક મહિનામાં પાંચ રવિવાર આવે તે પણ અશુભ ગણાય છે. અમાવાસ્યાના દિવસે જો રવિવાર હોય તો મોંઘવારી થાય એમ સમજવું. વળી કર્કસંક્રાન્તિ–(દક્ષિણાયન) અને મકરસંક્રાન્ત–(ઉત્તરાયણ) રવિવારે, શનીવારે અથવા મંગળવારે થાય તો મોંઘવારી, અતિવૃષ્ટિ, દુકાળ તથા યુદ્ધ પણ અનિવાર્ય જેવાજ થઇ પડે. તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ,

અને મીન એ છ સંક્રાન્તિયો પોતપોતાની તિથિથી ચલિત થાય તો દુકાલ આદિથી સર્વ જગતને પીડા થાય એવું જ્યોતિર્વિદ્યા વિશારદોનું માનવું છે.

શિષ્ય—અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિના સંબંધમાં શું નિયમ છે ?

સૂરિ—કુંભ અને મીન સંક્રાન્તિની વચ્ચે રોહિણી નક્ષત્ર આવે છે. તે જો આઠમને દિવસે આવે તો અલ્પ, નવમીને દિવસે આવે તો મધ્યમ અને દશમીને દિવસે આવે તો અધિક વૃષ્ટિ થાય એ યાદ રાખવું. કેટલાક લોકો શકને ત્રણગણો કરી તેમાં બે ઉમેરી જે સંખ્યા આવે તેને ચારથી ભાંગી નાંખે છે. આમ ભાગ પાડતા જો છેલ્લે સમ સંખ્યા બાકી રહે તો અલ્પ વૃષ્ટિ થાય અને વિષમ સંખ્યા બાકી રહે તો ઘણી વૃષ્ટિ થાય એમ કહે છે.

અષાઢ વદિ દશમને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય, અગીયારશના દિવસે હોય તો મધ્યમ વૃષ્ટિ થાય અને બારસને દિવસે હોય તો દુકાળ પડે. સૂર્ય જે રાશીએ હોય તે રાશીથી આગળ મંગળ હોય તો તે વૃષ્ટિને હરકત કરનારો ગણાય છે. મંગળ વિગેરે ગ્રહ સૂર્યની રાશીના દક્ષિણ ભાગે અને ચંદ્ર જો ઉત્તર ભાગે હોય તો તેથી વૃષ્ટિનો નાશ થાય છે. રેવતી, રોહિણી, પુષ્ય, મઘા, ઉત્તરા અને પુનર્વસુ એ નક્ષત્રોને વિષે મંગળ હોય તો જગતમાં અલ્પ વૃષ્ટિ થાય. જે માસમાં ચિત્રા, સ્વાતી અને વિશાખા એ નક્ષ-

ત્રોમાં વૃષ્ટિ ન થાય તો ગર્ગ મુનિના કથનાનુસાર તે માસનાં વાદળાંઓને પાણી વિનાના જ સમજી લેવા. વાડવ મુનિના અભિપ્રાય પ્રમાણે સૂર્યની કર્ક રાશીએ સંક્રાન્તિ થાય, તે દિવસે અશ્લેષા નક્ષત્ર હોય તો ખુબ વૃષ્ટિ થાય વળી એમ પણ કહેવામાં આવે છે કે અષાઢ શુદિ પ્રતિપદાને દિવસે પુનર્વસુ નક્ષત્રનો જેટલો ભાગ હોય તેટલીજ ચોમાસામાં વૃષ્ટિ થાય.

શિષ્ય—દેશમાં કોઇપણ પ્રકારની મહામારી, દુઃખ, વ્યાધિ કે દુકાળ આદિ પડવાનાં હોય તો તે નક્ષત્રો ઉપરથી કેવી રીતે જાણી શકાય?

સૂરિ—મકર, કર્ક, મેષ, વૃષભ અને મીન એ પાંચે રાશીમાં સૂર્ય રાત્રીએ ડાબે પગે અને બાકીની સાત રાશીઓમાં જમણે પગે ચાલે છે. હવે જો રાત્રીએ અને દિવસે કહેલો સંક્રાન્તિ કાળ પોતપોતાની રાશીમાં હોય તો તે સ્વાસ્થ્ય કરનારો ગણાય અને તેથી વિપરીત હોય તો તેનું ફળ રોગ-શોકમાં જ આવે એમ કહી શકાય. આર્દ્રા નક્ષત્રના છેલ્લા પાયામાં અથવા સ્વાતિ નક્ષત્રમાં રાહુ છતાં જો ચંદ્રમા રોહિણી શકટનો ભેદ કરે (આકાશમાં ગાડા સરખા આકારના તારાઓ ફાગણ માસમાં સૂર્યાસ્ત સમે પશ્ચિમ દિશામાં દેખાય છે તેને રોહિણી શકટ કહે છે) તો તેથી દુર્ભિક્ષ-દુકાળ પડે. જો મંગળ નીચે ગુરૂ અને ગુરૂ નીચે શની હોય તો મુસલ નામે યોગ થાય છે. તે જગતમાં મહા અનર્થકર ગણાય છે. વળી

જ્યાં સુધી શની મીન રાશીમાં હોય; ગુરૂ કર્ક રાશીમાં હોય, મંગળ તુલા રાશીમાં હોય, ત્યાં સુધી જગતમાં ઉપરા ઉપરી કષ્ટ પડ્યા કરે એમ સાધરણ રીતે મનાય છે. જો શનિ, રાહુ, મંગળ અને સૂર્ય એ ચાર ગ્રહ પાંચમે અને બીજે સ્થાને પોતે આવે અથવા તેમની દ્રષ્ટિ એ સ્થાનો પર આવે તો ઉપર કહેલા ચાર ગ્રહોમાં એકેક ગ્રહ પણ દેશમાં મ્હોટો ખળભળાટ મચાવી દે. વળી શુક્ર, શની, મંગળ અને ગુરૂ એમાં કોઇપણ ગ્રહ જો ચંદ્રમાના મંડળને ભેદે તો કરોડો સુભટો—લડવૈયાઓ સંગ્રામમાં દેહ આપે અને તેથી સંગ્રામભૂમિ કરોડો ભુત-પ્રેતોને માંનવબળિદાન સમર્પી સંતુષ્ટ કરે.

શિષ્ય—બીજા કંઈ એવા સામાન્ય નિયમો છે ખરા ?

સૂરિ—દીવાળીને દિવસે જે વાર આવે તે ઉપર પણ કેટલોક મદાર બાંધવામાં આવે છે. દાખલા તરીકે તે દિવસે મંગળવાર હોય તો અગ્નિનો ઉપદ્રવ થાય એમ મનાય છે અને સંક્રાન્તિ સમિપમાં આવેલી હોય તો શુભ કાર્ય કરવાનું લોકો મુલતવી રાખે છે. જ્યેષ્ટ વદિ અમાવાસ્યાના દિવસે કેટલાકો સૂર્યના આથમવાનું સ્થાનક ચિન્હવડે નિશ્ચિત કરી રાખે છે અને તે પછી શુદિ બીજને દિવસે ચંદ્રમાની અસ્તક્રિયાની પરીક્ષા કરે છે. એમાં એવો નિયમ છે કે જો બીજનો ચંદ્રમા સૂર્યથી ઉત્તરમાં આથમે તો તેનું ફળ શુભ આવે. અષાઢ શુદિ પ્રતિપદાને દિવસે પુનર્વસુ નક્ષત્રનો જેટલો ભાગ હોય તેટલી ચોમાસામાં વૃષ્ટિ થાય એવી માન્યતા છે.

શિષ્ય—ગૃહસ્થોને ગૃહ વિના ચાલતું નથી. એક ગૃહસ્થ પોતે ગમે તેવો નિયમપરાયણ અને સાત્વિક વૃત્તિવાળો હોય તોપણ જો તેનું ગૃહ અનિષ્ટ સંયોગોવાળું અથવા દોષવાળું હોય તો તે સંપૂર્ણ સુખ—સ્વાસ્થ્ય કે શાંતિ મેળવી શકતો નથી. મતલબ કે ગૃહસ્થનાં સુખ-દુઃખ અને શોક-રોગનો આધાર જેવી રીતે તેના પોતાના આચાર—વિચાર ઉપર રહેલો છે, તેવીજ રીતે ઘરની બાંધણી અને પસંદગી ઉપર પણ રહેલો છે. વસ્તુ સ્થિતિ આ પ્રકારની હોવાથી હું આપની પાસેથી આજે ગૃહ વિદ્યા-સંબંધી કેટલાક સૂત્રો જાણવા માગું છું.

સૂરિ—તમારી માગણીને માન આપી આજે ગૃહ સંબંધીજ વાર્ત્તાલાપ કરીશું. આપણા પ્રાચીન સાહિત્ય ભંડારમાં એ વિષયના પુષ્કળ ગ્રંથો મળી આવે છે. એક કાળે આપણા દેશમાં એ વિદ્યાને અથવા એ વિદ્યાના જાણનાર પુરૂષોને અસાધારણ માન મળતું હતું. મહાન્ રાજાઓ અને શ્રીમંતો એ વિદ્યાને ઉત્તેજન આપી અપ્રતિમ મંદિરો, દેવાલયો અને ધર્મશાળાઓ તૈયાર કરાવતા હતા, તેના કેટલાક નમુનાઓ આજે પણ આપણે જોઇ શકીએ છીએ. વર્તમાન કાળના પરમ પારંગત ગણાતા કારીગરો પણ એવાં સ્થાનો નિહાળી આશ્ચર્ય મુગ્ધ થઇ જાય છે. આ રીતે ભૂતકાળના માહાત્મ્યની સ્તુતિ કરી હવે આપણે વિષય પ્રવેશ કરીએ.

શિષ્ય—પહેલો સવાલ તો અમને ગૃહસ્થોને એ ઉદ્ભવે છે કે નવું ઘર બંધાવવું હોય તો કયો મહિનો પસંદ કરવો ?

સૂરિ—વૈશાક, શ્રાવણ, માગશર અને ફાગણ એ ચાર માસમાં નવું ઘર બંધાવવું, બીજા મહિનાઓમાં તેમ કરવું હિતાવહ નથી, જો કે વરાહમિહિરના મત પ્રમાણે તો પોષ માસમાં પણ નવું ઘર કરાવી શકાય. પૂર્વાચાર્યોએ ચોક્કસ મહિનાના ફળાફળો પણ બતાવ્યા છે, જેમ કે ચૈત્ર માસમાં નવું ઘર બાંધે તો શોક થાય, વૈશાકમાં બાંધે તો ધાન્યવૃદ્ધિ થાય, જેઠમાં બાંધે તો મરણ થાય, અષાઢમાં બાંધે તો પશુઓનો નાશ થાય, શ્રાવણમાં બાંધે તો ધનની વૃદ્ધિ થાય, ભાદરવામાં બાંધે તો વિનાશ થાય, આસોમાં બાંધે તો કલેશ-કંકાસ થાય, કાર્તિકમાં બાંધે તો સેવકોનો નાશ થાય, માગશરમાં બાંધે તો ધનની વૃદ્ધિ થાય, પોષમાં બાંધે તો સ્ત્રીની પ્રાપ્તિ થાય, માહમાં બાંધે તો અગ્નિનો ભય નડે, અને ફાગણમાં બાંધે તો લક્ષ્મીની વૃદ્ધિ થાય, એવી રીતે વાસ્તુ શાસ્ત્રના અનુભવી આચાર્યોએ માર્ગક્રમ દાખવ્યો છે, તે ગૃહસ્થોએ લક્ષમાં રાખવો જોઈએ.

શિષ્ય—ઘરનું મુખ કઇ દિશામાં હોવું જોઈએ ?

સૂરિ—કર્ક, સિંહ, મકર અને કુંભ એ ચારે રાશીમાંની ગમે તે એક રાશીને વિષે સૂર્ય હોય, ત્યારે પૂર્વ અથવા પશ્ચિમ દિશા સંમુખ ઘર કરવું. મેષ, વૃષભ, તુલા અને વૃશ્ચિક એ ચારમાંથી કોઈપણ રાશીને વિષે સૂર્ય હોય ત્યારે ઉત્તર અથવા દક્ષિણ દિશા સંમુખ ઘર કરવું. મિથુન, કન્યા, ધન અને મીન એ ચારમાંથી કોઈપણ રાશીને વિષે સૂર્ય હોય ત્યારે નવું ઘર ન કરાવવું એવો કેટલાક ગ્રંથકારોનો અભિપ્રાય છે.

શિષ્ય—ઘરની પહેલી આંકણી કયા નક્ષત્રમાં થઈ જવી જોઈએ ?

સૂરિ—પુષ્ય, હસ્ત, સ્વાતિ, વિશાખા, જ્યેષ્ઠા, શતતારકા, રોહિણી, ઉત્તરા, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા, મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, રેવતી એટલા નક્ષત્રોમાંનું કોઇપણ નક્ષત્ર હોય, ત્યારે ઘરનું પ્રથમ સૂત્ર અથવા પહેલી આંકણી કરાવી લેવી એવો વિદ્વાનોનો મત છે.

શિષ્ય—એકંદરે કયું ગૃહ શુભ ગણાય ?

સૂરિ—જ્યાં યોગ, નક્ષત્ર તથા તારા એ ત્રણે સારાં, લગ્નાંશ સ્થિર અને વ્યય કરતાં આય અધિક હોય તથા દ્વિર્દ્વાદશ-બીઆબારૂં, ત્રિ-ત્રિકોણ, ત્રણ-પાંચ અથવા ત્રણ નવ અને ષટકાષ્ટક (છ—આઠ) એ ત્રણ માઠા યોગ ન હોય તે ઘર શુભ જાણવું. વળી આય જેટલા અથવા આયથી અધિક વ્યયને અને પોતાના ધણીને મળતા નામને ધારણ કરનારૂં, યમના અંશમાં આવેલું, દુષ્ટ માસ, દુષ્ટ નક્ષત્ર તથા દુષ્ટ વાર ઉપર બંધાવેલું એવાં ઘરનો પ્રયત્નથી ત્યાગ કરવો.

શિષ્ય—આય અને વ્યય કોને કહેવાય અને તે કેટલા પ્રકારના હોય તેમજ કયે કયે સ્થળે કેવો આય આપવો ? તે સમજવું હજી બાકી છે.

સૂરિ—લંબાઇ અને પહોળાઇનો ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તેને આઠે ભાંગતાં જે શેષ આવે તે આય કહેવાય. તે આયના આઠ પ્રકાર હોય છે. લંબાઈ અને પહોળા-

દના ગુણાકારને આઠથી ભાગતાં શેષ જો એક રહે તો તે ધ્વજ આય કહેવાય, બે રહે તો ધુમ, ત્રણ રહે તો સિંહ, ચાર રહે તો શ્વાન, પાંચ રહે તો વૃષભ, છ રહે તો ગર્દભ, સાત રહે તો ગજ અને સમ આવે તો કાક; એ પ્રકારે આયના આઠ પ્રકાર પાડવામાં આવ્યા છે. શિલ્પ શાસ્ત્રીઓએ તેને બરાબર જાણી લેવા જોઇએ. આઠે આયની અનુક્રમે પૂર્વ દિશાથી માંડી આઠ દિશાઓને વિષે સ્થિતિ મનાય છે. હવે કયો આય કયે ઠેકાણે આપવો તે જાણવું જોઇએ. ધ્વજ, ગજ અને સિંહ એ ત્રણ આય પોતપોતાના સ્થાનકે શ્રેષ્ઠ ગણાય છે. ધ્વજ સર્વ ઠેકાણે દેવો, પણ વૃષભ અન્ય ઠેકાણે ન દેવો. વૃષભ, સિંહ અને ગજ એ ત્રણ આય ખેટ–ગામડું, ખર્વટ–ડુંગરની તળાટીમાં આવેલું ગામડું, તથા કોટ એ ત્રણને વિષે આપવાં. ગજ નામક આય વાપી–વાવ, કુપ–કુવા અને તળાવને વિષે અપાય છે. આસન અને હથીયારશાળા એ બેને વિષે સિંહ આય, શયનને વિષે ગજ આય, ભોજન પાત્રને વિષે વૃષભ આય અને છત્ર આદિકને વિષે ધ્વજ આય દેવો. ધૂમ આય પાક સ્થાનમાં તથા અગ્નિ ઉપર આજીવિકા ચલાવનારા લુહાર વિગેરેનાં ઘરમાં અપાય છે; તેમજ મ્લેચ્છ આદિ જાતિને વિષે શ્વાન આય આપવામાં આવે છે. વેશ્યાને ઘરે ગર્દભ આય, બાકી રહેલી સર્વ કુટી–ઝુંપડાને વિષે કાક આય, તથા પ્રાસાદ–દેવમંદીર કિંવા રાજમહેલ અને નગરસ્થ ગૃહને વિષે વૃષ, સિંહ તથા ગજ આય આપવો એ યોગ્ય છે.

શિષ્ય––ઘરની મૂળ રાશી કઇ કહેવાય ? ઘરનું નક્ષત્ર

કયું ગણાય તથા વ્યય શી રીતે જાણી શકાય ? એ બધું સમજાવવાની કૃપા કરશો.

સૂર—ધીમે ધીમે હું એજ વાત કહેવા ચાહતો હતો. લંબાઈ અને પહોળાઇનો ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તેને જયોતિષીઓ ઘરની મૂળ રાશિ કહે છે અને મૂળ રાશીને આઠથી ગુણી સત્તાવીશે ભાગ દેતાં જે શેષ રહે તે ઘરનું નક્ષત્ર ગણાય છે. હવે નક્ષત્રની સંખ્યાને આઠે ભાગતાં જે શેષ રહે તેને ઘર વિષયક વ્યય એવું નામ આપવામાં આવ્યું છે. જેવી રીતે આયના પ્રકારો આગળ વર્ણવ્યા, તેજ રીતે વ્યયના પણ ત્રણ ભેદ પડે છે. વ્યય જો આયના જેટલો જ આવે તો તે પૈશાચ, આય કરતાં વ્યય અધિક આવે તો તે રાક્ષસ અને ઓછો આવે તો તે યક્ષ વ્યય ગણાય છે. આ ત્રણ વ્યયમાં યક્ષવ્યયને ઉત્તમ ગણવામાં આવ્યો છે. આયની માફક વ્યયના પણ આઠ વિભાગ કરી શકાય છે. નક્ષત્રની સંખ્યાને આઠે ભાગતાં શેષ એક રહે તો શાંત, બે બાકી રહે તો પૌર, ત્રણ બાકી રહે તો ઉદ્યોત, ચાર શેષ રહે તો શ્રેયાનંદ, પાંચ શેષ રહે તો મનોહર, છ રહે તો શ્રીવત્સ, સાત રહે તો વિભવ અને સમભાગ આવે તો ચિંત્ય વ્યય ગણાય છે.

મૂળ રાશીમાં વ્યયની અને ઘરના નામાક્ષરની સંખ્યા ઉમેરવી, તેને ત્રણે ભાગતાં જે શેષ રહે તે અંશ જાણવો. અંશના ત્રણ ભેદ છે. એક શેષ રહે તો ઇંદ્રનો, બે શેષ રહે તો યમનો અને સમ ભાગ તુટે તો રાજાનો અંશ સમજવો.

શિષ્ય—આય, વ્યય તથા નક્ષત્ર સંબંધી વાત થઈ ગઈ. હવે તારા કોને કહેવાય ? અને તેના કેટલા ભેદ છે ? તે ટુંકમાં જણાવશો.

સૂરિ—ઘરના નક્ષત્રની અને ઘરધણીના નક્ષત્રની સંખ્યા એકત્ર કરી તેને નવે ભાગતાં જે શેષ રહે તે તારા કહેવાય છે. તારાના નવ ભેદ પાડવામાં આવ્યા છે. નવનો ભાગ દેતાં જો એક શેષ રહે તો જન્મ તારા, બે રહે તો સંપત્ત, ત્રણ રહે તો વિપત્ત, ચાર રહે તો ક્ષેમ, પાંચ રહે તો પ્રત્યરિ, છ રહે તો સાધની, સાત રહે તો નૈધની, આઠ રહે તો મૈત્રિક અને નવ રહે તો પરમ મૈત્રિક તારા ગણાય છે. આ નવ તારાઓમાં ચોથી, છઠ્ઠી અને નવમી તારા શ્રેષ્ઠ, ત્રીજી, પાંચમી અને સાતમી તારા અધમ, બાકીની મધ્યમ જાણવી. આ ઉપરાંત રાક્ષસ, દેવતા, મનુષ્ય નામના ગણ તથા નક્ષત્રો વિષે જ્યોતિષ શાસ્ત્રમાં બહુ લંબાણયુક્ત વર્ણન કર્યું છે. એ સર્વ વાત અહીં કરવા બેસું તો તમને કદાચ કંટાળો આવે. એટલા માટે સૂચના માત્ર આપીને આગળ વધવાનું યોગ્ય ધારું છું.

શિષ્ય—ઘરના સામાન્યતઃ કેટલા ભેદ પાડવામાં આવ્યા છે ?

સૂરિ—સાધારણ રીતે ઘરના સોળ ભેદ છે. તેના નામ તથા અર્થ આ પ્રમાણે.—(૧) ધ્રુવ–સ્થિરતા રાખનારૂં, (૨) ધન્ય—યશ આપનારૂં, (૩) જય–ફત્તેહ આપનારૂં, (૪) નન્દ–આનંદ અર્પનારૂં, (૫) ખર–સ્નેહમાં ભંગ

પડાવનારૂં, (૬) કાન્ત—સુંદરતા ઉપજાવનારૂં, (૭) મનોરમ—મનને પ્રીતિ ઉપજાવનારૂં, (૮) સુમુખ—સારા મુખવાળું (૯) દુર્મુખ—ખરાબ મ્હોંવાળું, (૧૦) ક્રુર—ભય ઉપજાવનારૂં, (૧૧) સુપક્ષ—પરિવારને વધારનારૂં, (૧૨) ધનદ—ધન આપનારૂં, (૧૩) ક્ષય—નાશ કરનારૂં, (૧૪) આક્રંદ—શોક ઉપજાવનારૂં, (૧૫) વિપુલ—વૃદ્ધિ કરનારૂં, (૧૬) વિજય—અતિ જય આપનારૂં એવી રીતે ઘરના સોળ પ્રકાર છે. ઘરના તથા નામનાં ફળમાં ભેદ ગણાતો નથી એ વાત સમજવું.

શિષ્ય—આ સોળ ભેદો શા ઉપરથી પડ્યા હશે ?

ગુરૂ—પિંગળ શાસ્ત્રમાં ચાર ગુરૂવર્ણનો જે સોળ પ્રકારનો છંદ જોવામાં આવે છે, તેનેજ અનુસરીને આ ભેદો પડ્યા હોય એમ લાગે છે. દરવાજા આગળનો ચોક અથવા જેને અલિંદક કહેવામાં આવે છે, તે ઉપર ભેદોનો ઘણો ખરો આધાર રહે છે. પિંગળશાસ્ત્રના પ્રસ્તાર તમને આનંદ આપશે એમ ધારી અત્ર વિવેચન કરવા યોગ્ય ધારૂં છું. છંદશા [illegible]

સુવક્ત્ર, ત્રણ ગુરૂ એક હ્રસ્વ તે દુર્મુખ, છેલ્લો પહેલો હ્રસ્વ અને વચલા બે ગુરૂ તે ક્રૂર, એક ગુરૂ અને એક હ્રસ્વ એક ગુરૂ એક હ્રસ્વ તે વિપક્ષ, બે હ્રસ્વ એક ગુરૂ અને એક હ્રસ્વ તે ધનદ, બે ગુરૂ બે હ્રસ્વ તે ક્ષય. એક હ્રસ્વ એક ગુરૂ અને બે હ્રસ્વ તે આક્રંદ, એક ગુરૂ અને ત્રણ હ્રસ્વ તે વિપુલ અને ચાર હ્રસ્વ તે વિજય ઘરો કહેવાય.

શિષ્ય—આ બધા ભેદોપભેદોનો શું આજકાલ વિચાર કરવામાં આવતો હશે ?

સૂરિ—એ શિલ્પ વિદ્યા ઘણા કાળથી લોપ પામી ગઇ છે. પરંતુ તેનો ઉદ્ધાર કરવો બહુજ જરૂરનો છે. કાવ્ય અને સંગીતમાં જેમ છંદ અને તાલના બંધનો હોય છે અને એ બંધનોથી જ કાવ્ય અને સંગીતની ખૂબી ખીલી નીકળે છે; તેજ પ્રકારે શીલ્પ વિદ્યાના નિયમો સંબંધે પણ સમજી લેવું. તે નિયમોના પાલનથી શીલ્પકળા પ્રકાશી નીકળે છે.

શિષ્ય—ઘરમાં પાણીયારૂં વિગેરે કયે સ્થળે રાખવું જોઇએ ?

સૂરિ—ઘરના દક્ષિણ ભાગમાં પાકશાળા-રસોડું, પાણીયારૂં, છાણા તથા દીપકનું સ્થાન ગોઠવાવવું. ડાબી બાજુએ પશ્ચિમ દિશાએ ભોજનાલય, ધન-ધાન્યાગાર તથા દેવસ્થાનક હોવું જોઇએ. અહીંઆ સૂર્યોદય થાય તેજ પૂર્વ દિશા ગણાય એવો નિયમ નથી. જેમ છિંકમાં જે દિશાએ મુખ હોય

તે પૂર્વ દિશા ગણાય છે તેમ ઘરની બાબતમાં પણ જે દિશાએ ઘરનું દ્વાર હોય તેજ પૂર્વ દિશા તથા તેની અપેક્ષાએ બીજી દિશાઓ જાણી લેવી. ઘરના માપના સંબંધમાં પણ એવો નિયમ છે કે જ્યારે ઘર માપવું હોય ત્યારે હાથની સંખ્યા મધ્ય ખુણાથી જ કરાય છે. ઘરના થાંભલા તથા પાટીયાં સમસંખ્યામાં તેમજ ઘરના ખંડો વિષમ સંખ્યામાં હોવા જોઈએ.

શિષ્ય—આપે જે આય-વ્યય આદિનું શિક્ષણ આપ્યું તેમાં કંઇ ફેરફાર થઇ જાય તો ?

સૂરિ-તો તેનું ફળ સારૂં આવતું નથી. શિલ્પ શાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે જો ઘરને વિષે આય જેવો જોઈએ તેવો ન હોય તો સુખ ન થાય, છ-આઠ હોય તો મરણ નીપજે, બીઆબારૂં હોય તો ધનનો ક્ષય થાય અને ત્રણ-પાંચ તથા ત્રણ-નવ હોય તો પુત્રનાશ થાય. ઘરને વિષે યમનો અંશ હોય તો ઘરધણીનું મરણ થાય, સાતમી-નૈધની તારા હોય તો પણ મરણ થાય, પાંચમી પ્રત્યરી તારા હોય તો ઘર ધણી નિસ્તેજ થઈ જાય, અને ત્રીજી વિપત્તારા હોય તો આપદા આવી પડે. આ બધી વાતોનો વિચાર કરતાં તમને શું એમ નથી લાગતુ કે પ્રાચીન શિલ્પવિદ્યાના અનુભવીઓની સલાહ લીધા વિના મંદીર-પ્રાસાદ તથા મહેલાદિ બનાવવાં ઉચિત નથી ? સઘળું કામ જો વિધિ અને નિયમ પુરઃસર થાય તોજ તે લાભ-કીર્તિ-સુખ-આરોગ્ય અને સંપત્તિ આપે છે.-સ્વચ્છંદતા અને તરંગોથી કોઈનું કલ્યાણ થતું

તથી અને થાય એવો આશા રાખવી એ પણ નિરર્થક છે. મારે ફરીફરીથી કહેવાનું છે તે એજ છે કે આપણા પ્રાચીન શાસ્ત્રો અને વિધ-વિધાનોનો ઉદ્ધાર થવો જોઈએ.

શિષ્ય—ઘરમાં વેધદોષ કહેવાય છે તે કઇ રીતે ?

સૂરિ—દ્વારમાં વૃક્ષનો, બીજાના ઘરના ખુણાનો, ઘાણી તથા પાણીના અરટનો અને શેલડી પીલવાના કોલુ વગેરે શ્રમોનો વેધ આવવો ન જોઈએ. તેવીજ રીતે બીજાના ઘરના થાંભલાનો, દ્વાર સામે કુવો હોય તેનો અને જાહેર રસ્તાનો દોષ હોય તે પણ વેધદોષમાં આવી જાય છે માટે તેનો ત્યાગ કરવો જોઈએ. ઘરના ઉપરના અથવા નીચેનાં પાટીયાં જો ઓછાં અથવા અધિક હોય તો તે તુલાવેધ કહેવાય છે. એક ખંડમાં જો પાટીયાં ઉંચા-નીચા હોય તો તે તાલુવેધ કહેવાય, ઘરની જમીન ઉંચી-નીચી હોય તો તે તલવેધ કહેવાય. એકજ ઘોડો જો સંમુખમાં હોય તો દ્વારવેધ કહેવાય; પણ જો બે હોય તો તેને દ્વારવેધ ન કહી શકાય.

શિષ્ય—થાંભલાથી પણ દ્વારવેધ થતો હશે ?

સૂરિ—વાસ્તુની છાતી, મસ્તક, નાભી અને બે સ્તન એ પાંચ ઘરનાં મર્મસ્થાન કહેવાય છે. એ પાંચ મર્મસ્થાનોમાં થાંભલા ન હોવા જોઈએ. દ્વારવેધની વાત હું હમણાજ કહી ગયો છું. દ્વારની વચ્ચે થાંભલો યોગ્ય ન ગણાય. ઘરની ભૂમિથી બમણી ભૂમિ છોડીને ઉપર કહેલી વસ્તુઓ હોય તો તેને દ્વારવેધ ન કહી શકાય.

શિષ્ય—ઘર ઉપર વૃક્ષ તથા ધ્વજાની છાયા પડવી [illegible] છે ?

ગુરુ—પહેલા તથા છેલ્લા પહોર છોડી બીજા તથા [illegible] પહોરની વૃક્ષની અથવા ધ્વજાની છાયા ઘર ઉપર પડવી [illegible] તે દુઃખ આપનારી જાણવી. વળી ઘરના [illegible] અરિહંતની પુંઠ, બ્રહ્માની, મહાદેવની તથા સૂર્યની [illegible] ડાબો ભાગ અને બ્રહ્માનો જમણો ભાગ [illegible] સારું.

શિષ્ય—હું ક્યાં કેવું ઘર બંધાવું [illegible] ઉચિત, [illegible]

ગુરુ—[illegible]

માન મળતાં હોય તે ઘરમાં લક્ષ્મીદેવી હમેશાં નિવાસ કરીને રહે એમાં કોઇ પણ પ્રકારની શંકા નથી.

શિષ્ય—અતિથિ સેવાના સંબંધમાં આપે અગાઉ જે કહ્યું છે જે બરાબર મારા સ્મરણમાં છે. અતિથિઓની સેવાને હું ગૃહસ્થલોકોનું પરમ ભૂષણ માનું છું. હવે પાડોશીઓ કેવા જોઇએ તે વાત આપના શ્રીમુખથી જાણવા ઇંતેજાર છું.

સૂરિ—જ્યાં મૂર્ખ, અધર્મી, પાખંડી, મહા પાતકથી ભ્રષ્ટ થયેલાઓ, ચોર લોકો, ચેપી રોગવાળાઓ, ક્રોધી, ચંડાળ અહંકારી, વ્યભિચારી વિશ્વાસઘાતી, લોભી, ખુની લુંટારાઓ એવા માણસો વસતા હોય ત્યાં આપણને ગમે તેટલો લાભ મળતો હોય તો પણ તેમની નજીકમાં વસવું અથવા તો તેમની સાથે બીજો કોઈ પણ પ્રકારનો વહેવાર રાખવો એ એકંદરે આપણને પોતાનેજ ભારે થઈ પડે છે. પાડોશમાં એવા લોકો હોવા જોઇએ કે જેઓ પ્રસંગોપાત આપણા સુખ-દુઃખમાં ભાગ લઈ શકે, આપણને સારી સલાહ આપી અનીતિના રસ્તે જતા રોકી શકે. આપણા આત્મીય માફક આપણા કલ્યાણમાં પોતાનું કલ્યાણ માની શકે, સગાંઓ કરતાં પણ પાડોશીઓ અધિક ઉપયોગી થઈ શકે છે સારાં અને [illegible] કુટુંબના માણસો [illegible] સહવાસમાં પડવા પણ મુશ્કેલ થઈ જાય છે એટલા માટે પાડોશ એવા હોવા જોઇએ કે જે આપણાં સંતાન અને બાલ-પરિવાર ઉપર પણ ઉચ્ચ નૈતિક છાપ બેસારી શકે અનુકરણ [illegible]

મનુષ્યનો એક સ્વભાવ છે અર્થાત્ બીજાને અમુક કામ કરતા જોઇ તે પ્રમાણે વર્ત્તવાની આપણને કુદરતી રીતેજ ઇચ્છા ઉદ્ભવે છે, તેમાં પણ બાળક અને સ્ત્રીઓમાં તો આવો સ્વભાવ અધિક માત્રમાં હોય છે. હવે પાડોશીઓ જો હલકી વૃત્તિ વાળા-અધર્મી અને ભક્ષ્યાભક્ષ્યમાં અવિવેકી હોય તો આપણા કુટુંબીઓ ઉપર તેની કેવી અસર થાય તેનો ખ્યાલ તમે સહેલાઇથી કરી શકશો. પાડોશીઓ સારા હોવા જોઇએ એ કથન ઉપર આપણા જીવન-સુખનો કેટલો આધાર રહેલો છે તે સમજી શકશો. પાડોશીઓ સારા હોવા એ જીવનની એક મ્હોટી લ્હાણ મનાય છે. તમારે પણ હરેક રીતે સારા પાડોશી બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

શિષ્ય—ઘરમાં શોભન સામગ્રી કેવી હોવી જોઇએ?

સૂરિ—આ વિષયમાં આર્ય ભાવના અને આર્ય સામગ્રી તરફેનો મારો પક્ષપાત તમને સ્પષ્ટપણે જણાઇ આવશે. હું મ્હોટાં ખુરશી-ટેબલો, કીમતી કુમચો અને રંગ-બેરંગી પદાર્થોને એટલા બધા ઉપયોગી તેમજ આવશ્યક માનતો નથી. તેને બદલે અતિથિઓને સહેલાઇથી આપી શકાય તેવાં આસનો, જમવા [illegible] કે સુવર્ણ-રજતના વાસણો અને ચાકર-ચાકરો ઇત્યાદિને બહુ સાદા તેમજ ઉપયોગી માનું છું. ઘરની શોભન સામગ્રી કે જેને લોકો આવશ્યક [illegible] કરે છે. તેના [illegible] શ્રીમંતો [illegible] [illegible]

વર્ષે બરબાદ કરે છે. આ બાહ્યાડંબર અથવા પાશ્ચાત્ય અનુકરણને હું પસંદ કરતો નથી. આર્ય જીવન તદ્દન સાદામાં સાદુ અને નિરાડંબર હોવું જોઇએ. સમાજના શ્રીમંતો કદાચ અપવ્યય કરે તો તેથી બીજાને શું ? એવો પ્રશ્ન ઘણીવાર આપણી સામે લાવવામાં આવે છે, પરંતુ એવો પ્રશ્ન કરનારાઓ આપણા આર્ય સંસારની કુટુંબજાળ સમજતા નથી અને તેથી જ તેઓ એવા વિચિત્ર પ્રશ્નો કરે છે. આપણા સમાજનો એક શ્રીમંત જ્યારે ઘરશૃંગાર માટે અનર્થક વ્યય કરે છે ત્યારે તેનું જોઇને તેના બીજા ગરીબ બન્ધુ બાંધવોને પણ તેમ કર્યા વિના ચાલતું નથી. આનું પરિણામ એ આવે છે કે એક પુરૂષની અવિચારિતા એક ચેપી રોગની માફક આખા સમાજમાં ફેલાઈ જાય છે અને તે એકંદરે હાનિકારક થઈ પડે છે. આપણા પૂર્વના હવા–પાણીજ એવા છે કે તેને પશ્ચિમના દેશોનું અનુકરણ કરવાની કશીજ જરૂર નથી. એક આર્ય બાળક જાજમ ઉપર ઠાર બેસી જેવુ અધ્યન કરી શકશે તેવું ખુરસીટેબલ ઉપર બેસીને નહીં કરી શકે. છતા શ્રીમંતોને ત્યાં ફેશન સામગ્રી તરીકે ખુરશી–ટેબલ આદિની જે બહુલતા જોવામાં આવે કે તેના આશ્રય લીધા વિના બાળકોને ચાલતુ નથી અને તેથી બાળકોને બાળવયથીજ પાશ્ચાત્ય સામગ્રી અતિશય આવશ્યક હોય એમ લાગે છે. વસ્તુતઃ એ છાપજ બાળકના ભવિષ્ય ઉપર બહુ બગાભ અસર નીપજાવે છે.

શિષ્ય—સમજ્યો. પાશ્ચાત્ય અનુકરણો ઈચ્છવા યોગ્ય

નથી એ તો ખુલ્લુંજ છે; પણ એક શુદ્ધ આર્ય ગૃહસ્થને ત્યાં કેવી જાતની સામગ્રી જોઈએ તે મારે જાણવું જોઈએ.

સૂરિ—ચંદન, દર્પણ, બળદ, વ્યજન-પંખો, આસન, અશ્વ, શંખ, ઘૃત, દહીં તથા તાંબાનાં વાસણો એટલી વસ્તુઓ ઘરની શોભા વૃદ્ધિ માટે ગૃહસ્થોએ અવશ્ય રાખવી જોઈએ. આજે ગૃહસ્થને ત્યાં નહીં જેવુંજ પશુ-પાલન થાય છે. ખરૂં જોતાં પ્રત્યેક ગૃહસ્થને ત્યાં દહીં-દૂધ-ઘી જેવાં શુદ્ધ-સાત્વિક પદાર્થો અનાયાસે મળી શકે એટલા માટે ગાય-ભેંસ જેવા પશુઓ અવશ્ય હોવાં જોઈએ. ગામડાના લોકો હજી કેટલેક અંશે આ પ્રથા સાચવી રહ્યા છે, પરંતુ શહેરનો મોહ પ્રતિદિન એટલો બધો વૃદ્ધી પામતો જાય છે કે ગામડાઓ ભાંગી શહેરો વસ્તીથી ઉભરવા લાગ્યા છે અને તેનું ફળ એ આવ્યું છે કે શુદ્ધ ગૃહસ્થધર્મ પણ ધીમે ધીમે લોપ પામતો જાય છે. પશુપાલન કરવું એ જાણે ભરવાડ અને રબારી લોકોનુંજ કામ હોય એમ મનાઈ ગયું છે. આથી કરીને આપણને ઘી-દુધ-છાશ જેવા સાત્વિક પદાર્થો ન પૂર્ણ શુદ્ધ મળી શકતા નથી અને જો તમને પોતાને જ તે ન મળે તો પછી તમારા અતિથિઓ કિંવા ધર્મગુરૂઓને તો તમે આપીજ કેવી રીતે શકો ! આહારની શુદ્ધિ ઉપર વિચાર અને આચારની શુદ્ધિનો ઘણો ખરો આધાર રહેલો છે એ તો તમે જાણતાજ હશો. ગાય-ભેંસ આદિ પશુઓનું જો તમારા જેવા ગૃહસ્થોથી બરાબર પાલન પોષણ થતું હોય તો તમારા આચાર-વિચાર

પણ શુદ્ધ અને સાત્વિક રહે. આ જમાનામાં એ સત્ય ભૂલાઈ ગયું છે એટલા માટે મારે એ બાબત વિષે વિસ્તારથી બોલવું પડયું છે.

શિષ્ય—આપનું કહેવું બરાબર છે. ગૃહસ્થધર્મ પાળવામાં કઇ કઇ સામગ્રી અત્યાવશ્યક છે તે પણ સમજાયું; પરંતુ અતિથિસેવા સંબંધી એક વાત બરાબર મારા સમજવામાં નથી આવતી. અતિથિ તરીકે આવનાર મનુષ્ય જો અમારો વૈરી હોય તો પણ શું અમારે તેનો આદર-સત્કાર કરવો ?

સૂરિ—વેરના બદલામાં પ્રેમ આપવો એ આપણી સનાતન આર્યનીતિ છે. અગ્નિનું શમન જળથી જ થઇ શકે એ વાત જેટલી સાદી-સીધી અને સનાતન છે; તેટલીજ વૈરીને પણ પ્રેમથી વશ કરવો એ વાત સાદી-સીધી અને સનાતન છે. અગ્નિને ઓલવવા માટે જો કોઈ માણસ તેમાં લાકડાં કે ઘાસ નાખે તો તેને આપણે મુર્ખ સિવાય બીજું શું કહીએ ? તેવીજ રીતે વૈરીને વશ કરવા જો કે વૈરી ક્રોધનો આશ્રય શોધે તો તેને અજ્ઞાન કે પામર સિવાય બીજું શું નામ ઘટે ? વૈરાગ્નિ ક્રોધથી કે બદલો લેવાથી નહીં પણ ક્ષમા શાંતિ કે પ્રીતિ રૂપી અમૃત સીંચવાથી જ શાંત થાય છે. વળી એક બીજી વાત પણ સમજી લ્યો. તમારો વૈરી તમારી પ્રત્યે વૈર રાખી કર્મનો બોજો ભારે કરતો જાય, તેની સાથે તમે પણ તમારા અંતઃકરણમાં વૈરના બીજ વાવી પોષણ કરતા જાઓ તો તેથી તમને પોતાને કે જગતને શું વિશેષ લાભ થવાનો

હતો ? વેરનું પ્રમાણ જગતમાં વધે તે સિવાય બીજું શું થાય ? એટલા માટે જ મેં તમને કહ્યું છે કે આપણે ઘેર આપણો વૈરી આવે તો પણ તેને શાંત દ્રષ્ટિથી જોવો, મીઠી વાણીથી બોલાવવો, તેનો સત્કાર કરવા તેની સ્હામે જવું, તેને આસન આપી બેસવાની વિનંતી કરવી અને યથાશક્તિ ભોજન--પાન તથા તાંબુલ વિગેરે આપી તેનો શ્રમ દૂર કરવો. આમ કરવાથી તમારો એક વખતનો કટ્ટો શત્રુ પણ તમારો મિત્ર બની જશે. જગત્માં મૈત્રી ભાવનો પ્રચાર કરવાને તેમજ વેર–ક્રોધ ઓછા કરવાને એજ એક રાજમાર્ગ છે.

શિષ્ય—આપની કીમતી સલાહ માટે આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. હું મારા વૈરીઓ પ્રત્યે પણ ક્ષમા–પ્રીતિનું જળ છાંટી મૈત્રી ભાવનો પરિચય આપવાનો નિશ્ચય કરૂં છું. હવે ઘરની આસપાસ કેવાં વૃક્ષો હોવાં જોઈએ. તે વિષે કંઇ કહેશો ?

સૂરિ—પણ તે પહેલાં ઘર કયા કયા સ્થાનોથી દૂર હોવું જોઇએ તે જાણવું ઉચિત છે. ઘર જો દેવ મંદિરની પાસે હોય તો દુઃખ થાય, ચોટામાં હોય તો હાની થાય, ધુતારાની તથા મંત્રીની સમિપમાં હોય તો પુત્ર અને ધનનો નાશ થાય, હવે વૃક્ષોના વિષયમાં એવી માન્યતા ચાલે છે કે ખજૂરી, દાડમી, કેળ, બોરડી અને બીજોરૂં જેવાં વૃક્ષો જ્યાં ઉગી નીકળે તે ઘરનો સમૂળો નાશ થાય. પીપરનું વૃક્ષ હોય તે પણ સારૂં નહીં, વળી પીંપળો હોવો તે પણ ભયંકર ગણાય છે. વડ હોય તો

રાજાનો ઉપદ્રવ કોઇ વખતે આવી નડે અને ઉંબર હોય તો નેત્ર વ્યાધી અનિવાર્ય થઇ પડે એમ કહેવાય છે. જેમાંથી દૂધ નીકળે એવાં ઝાડ અથવા વેલા હોય તો તે લક્ષ્મીનો નાશ કરે, કાંટાવાળા વૃક્ષો શત્રુનો ભય ઉપજાવે, ફલવાળું વૃક્ષ સંતતીનો નાશ કરે. ફલવાળા વૃક્ષનું લાકડું પણ વાપરવું નહીં જોઇએ. કોઇ કોઇનો એવો અભિપ્રાય પણ છે કે ઘરના આગળના દક્ષિણ ભાગમાં ઉંબર, પશ્ચિમ ભાગમાં પીંપળો અને ઉત્તર ભાગમાં પીંપર હોય તો તે સારાં ગણી શકાય.

શિષ્ય—ગૃહની બાંધણી અને સામગ્રી વિષે જેવી રીતે સ્પષ્ટ સમજણ આપી, તેવી રીતે મંદિરની ભૂમિ રચના અને પ્રતિમા વિષે પણ કંઇ જાણવા યોગ્ય હકીકત કહેશો તો કૃપા થશે.

સૂરિ—હું એ વિષે અગાઉ સંક્ષિપ્તમાં કહી ચૂકયો છું; પરંતુ એટલાથી તમારા મનનું સમાધાન થયું હોય એમ જણાતું નથી. એટલા માટે એ વિષે ફરીથી વિગતવાર હકીકત રજુ કરવાની મારી ફરજ સમજું છું. પ્રથમ પ્રતિમાધિકાર લઇએ. ભગવાનની બેઠી અથવા ઉભી બંને પ્રકારની પ્રતિમાઓ યૌવન અવસ્થામાંજ હોવી જોઇએ. તેમાં પહેલી એટલે કે બેઠી પ્રતિમા પર્યંકાસન વાળી હોવી જોઇએ. પર્યંકાસન કોને કહેવાય ? એવો આ સ્થળે પ્રશ્ન થશે. પ્રથમ જમણી જાંઘ અને જમણા સાથળ ઉપર ડાબો પગ અને ડાબો હાથ સ્થાપન કરવો, પછી ડાબી જાંઘ અને ડાબા સાથળ ઉપર જમણો પગ અને જમણો હાથ મૂકવો. એમ કરવાથી પર્યં-

કાસન વાળી પ્રતિમા તૈયાર થાય છે. હવે જો ભગવાનની પ્રતિમા ઉભી હોય તો તેના બે ભુજ ઢીંચણ સુધી લાંબા જોઈએ. જો કે ચિન્હ તો બંને પ્રતિમાઓને એક સરખાંજ હોય. દાખલા તરીકે શ્રી વત્સ, ઉષ્ણીપ, ત્રણ છત્ર ઇત્યાદિ પરિવારમાં કંઈ ફેરફાર સંભવતો નથી. છત્રની રચનામાં જે એક ખુબી સમાએલી છે તે તમારે જાણવી જોઇએ. જો નાસિકાના અગ્ર ભાગ ઉપર ત્રણ છત્રના અગ્ર ભાગની સમ રેખા આવે તો તે ત્રણે છત્ર સર્વોત્તમ ગણાય. તેજ પ્રમાણે નાસીકા અને કપાળ એના મધ્ય ભાગમાં આડી રેખાથી કપોલનો વેધ થવો જોઇએ.

શિષ્ય—પ્રતિમામાં પાષાણની પસંદગીનું ધોરણ શા પ્રમાણે હશે ?

સૂરિ—પ્રતિમાના પરિવારમાં પત્થરનું વર્ણશંકરત્વ અથવા વર્ણવૈચિત્ર્ય ન આવે તેનું લક્ષ રાખવું જોઈએ. તેની સાથે પ્રતિમાનું પ્રમાણ પણ બે, ચાર, છ, આઠ ઇત્યાદિ સમ સંખ્યામાં હોય તો તે પણ ઇષ્ટ ન જાણવું.

શિષ્ય—સમચતુરસ્ર પ્રતિમા કઇ રીતે જાણી શકાય ?

સૂરિ—એક ઢીંચણથી બીજા ઢીંચણ સુધી આડું એક સૂત્ર, જમણા ઢીંચણથી ડાબા ખંધ સુધી બીજું સૂત્ર, ડાબા ઢીંચણથી જમણા ખંધ સુધી ત્રીજું સૂત્ર અને નીચેથી મસ્તક સુધી ચોથું સૂત્ર, એ ચારે સૂત્રનું પ્રમાણ સરખું આવે તો તે પ્રતિમા સમચતુરસ્ર કહેવાય. બે ઢીંચણની વચ્ચે આડું સૂત્ર

દેવું અને સૂત્રથી નાભિ સુધી એક કંભિકા રાખવી. એ રીતે કરતાં નાભિથી સૂત્ર સુધી અઢાર આંગળનું પ્રમાણ જોઇએ.

શિષ્ય—પ્રતિમાની ઉંચાઇનું પ્રમાણ કેવી રીતનું હોવું જોઇએ ?

સૂરિ—પ્રતિમાની ઉંચાઇનું પ્રમાણ નવ તાલ જાણવું. બાર આંગળનો એક તાલ થાય છે. અહીં આંગળાં કંભાના ન લેતાં પ્રતિમાનાં લેવાં. ઉભી પ્રતિમાનું પ્રમાણ એકસો આઠ અંશનું અને બેઠી પ્રતિમાનું છપ્પન અંશનું જાણવું. ઉભી પ્રતિમાના અગીયાર સ્થાનક પણ તમારે જાણવા જોઇએ. (૧) કપાળ, (૨) નાસિકા, (૩) હડપચી, (૪) ગળું, (૫) હૃદય. (૬) નાભી, (૭) ગુહ્ય, (૮) સાથળ, (૯) ઢીંચણ, (૧૦) જાંઘ અને (૧૧) પગ એ અંશના અગીયાર સ્થાનકો ગણાય છે. તેમાં કપાળે ચાર, નાસિકાએ પાંચ, હડપચીએ ચાર, કોટે ત્રણ, હૃદયે બાર, નાભીએ બાર, ગુહ્યને વિષે ચાર, સાથળે ચોવીશ, ઢીંચણે ચાર, જાંઘને વિષે ચોવીશ, અને પગને વિષે ચાર અંશ સમજવા. આ પ્રમાણે હીસાબ કરતાં પ્રતિમાની ઉંચાઇના એકસો આઠ અંશ બરાબર મળી રહેશે. હવે બેઠી મૂર્તિના આઠ સ્થાનક અને છપ્પન અંશ ધ્યાનમાં રાખી ક્યો. કપાળે ચાર, નાસિકાએ પાંચ, હડપચીએ ચાર, કોટે ત્રણ, હૃદયે બાર, નાભીએ બાર, અને ઢીંચણે ચાર એ હીસાબે મેળ મળી રહે છે.

શિષ્ય—કઇ પ્રતિમા પૂજ્ય ગણાય અને કઇ કઇ પ્રતિમાઓ સમરાવી શકાય ?

સૂરિ—જેની પ્રતિષ્ઠા સો વર્ષ પહેલાં થઇ હોય, અથવા જે કોઇ ઉત્તમ આચાર્યે સ્થાપિત કરેલી હોય તે જીન-પ્રતિમા વ્યંગ હોય તો પણ પૂજા કરવા યોગ્યજ જાણવી. શાસ્ત્રમાં "જીન પ્રતિમાને જીન સમ" ગણવાનો જે ઉપદેશ કરવામાં આવ્યો છે તે તમારા ધ્યાન બહાર તો નહીંજ હોય. પ્રતિમા-પૂજનમાં જેઓ શ્રદ્ધા ધરાવતા નથી તેઓ આ સંસારનો એક અલૌકિક લ્હાવો ગુમાવી બેસે છે, એમ કહ્યા વિના ચાલતું નથી. પ્રતિમા દ્વારા પ્રભુની પૂજાનો લ્હાવો ભાગ્યશાળી સ્ત્રી-પુરૂષોજ લઇ શકે છે. જીન પ્રતિમાની સુસંબદ્ધ આકૃતીના દૂરથી દર્શન કરવા માત્રથીજ શાંતરસનો સાગર હૃદયમાં ઉલ્લાસ પામવા લાગે છે. જગતની તમામ આધી-વ્યાધી-ઉપાધીઓ તે ક્ષણને માટે છેક વિસરી જવાય છે. જેઓને હૃદય છે, જેઓ સહૃદયતાની કીંમત આંકી શકે છે, તેઓ નિત્ય પ્રતિમાનું અર્ચન-પૂજન કરવાનું ચુકતા નથી. એ વાત તો કેવળ હૃદયથીજ સમજી શકાય એવી છે. તેમાં દલીલો કે યુક્તિઓ આપવી એ બહુલતા છે. હૃદયનો આનંદ અને ભાવ સમજાવવામાં શબ્દો લગભગ નિર્બળ બની જાય છે; પરંતુ એ વાતને અત્યારે જવા દઇશું. કઇ પ્રતિમા સમરાવી શકાય એ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે ધાતુની, લેપની અથવા બીજી એવી પ્રતિમા કદાચિત ખંડિત થાય તો તે પાછી સમરાવી શકાય; પરંતુ કાષ્ટની અથવા પાષાણુની પ્રતિમા હોય તો તે સમરાવવા લાયક ગણાતી નથી.

શિષ્ય—પ્રતિમાના ખંડિતપણા ઉપરથી કંઇ યોગાયોગ જાણી શકાય ખરા ?

સૂરિ—જો પ્રતિમાનાં નખ ખંડિત થાય તો શત્રુ તરફથી ભય આવી પડે, આંગળી ખંડિત થાય તો દેશભંગનો ઉપદ્રવ નજીકમાં સહેવો પડે, બાહુ ખંડિત થાય તો કોઇ પણ પ્રકારનું બંધન નડે, નાસિકા ખંડિત થાય તો કુળ ક્ષય અને પગ ખંડિત થાય તો ધન હાની સહવા પડે એવી માન્યતા છે. તે ઉપરાંત પ્રતિમાનું સિંહાસન ખંડિત થાય તો સ્થાનનો નાશ થાય. બેસવાનું વાહન ખંડિત થાય (જેવી રીતે કે હાથી, ઘોડો વિગેરે) તો વાહનનો નાશ થાય અને પ્રતિમાનો પરિવાર ખંડિત થાય તો ચાકરનો નાશ થાય એવો ઉલ્લેખ છે.

શિષ્ય—કઈ પ્રતિમા ઘરમાં રાખવી અને કઈ પ્રતિમા દેરાસરજીમાં રાખવી એ વિષે કંઇ નિર્ણય થઇ શકે ખરો ?

સૂરિ—જે પ્રતિમા એક આંગળથી અગ્યાર આંગળ સુધી ઉંચી હોય તો તે ઘરમાં પૂજવા યોગ્ય માની શકાય. પણ તે કરતાં મ્હોટી હોય તો તો મંદિરમાં રાખીનેજ પૂજવી જોઇએ. તે સિવાય કાષ્ટની, લેપની, પત્થરની, દાંતની, ચિત્રામણની લોઢાની તેમજ પરિવાર રહિત પ્રતિમાજી પણ ઘરમાં પૂજાય નહીં.

શિષ્ય—જીન પ્રતિમાના બાહ્ય સ્વરૂપ કિંવા વધ-ઘટ ઉપરથી લાભ-હાનીનો સંભવ ખરો ?

સૂરિ—જીન પ્રતિમા જો ઉગ્ર સ્વરૂપવાળા ભાસે તો તે પોતાના કરાવનારનો નાશ કરે છે, અધિક અંગવાળા હોય તો કારીગરનો નાશ કરે છે, કૃશ હોય તો દ્રવ્યનો નાશ થાય છે,

સસલાના જેવું દઉંર હોય તો દુર્ભિક્ષને ઉત્પન્ન કરે છે, નાક વાંકુ હોય તો ઘણું દુઃખ ઉપજાવે છે, ટુંકા અવયવના હોય તો ક્ષય કરનાર થાય છે, ચક્ષુ વિનાના હોય તો ચક્ષુનો નાશ કરે છે, સાંકડા મુખના હોય તો ભોગ સામગ્રીથી દૂર રાખે છે, નાની કેડના કે કેડ વિનાના હોય તો આચાર્યનો નાશ કરે છે, નાના જાંઘના અથવા જંઘારહિત હોય તો ભાઇ, પુત્ર અને મિત્ર એમનો નાશ કરે છે, ટુંકા હાથ-પગના અથવા હાથ-પગ વિનાના હોય તો ધનનો ક્ષય કરે છે. પૂજા વગર ઘણો કાળ એમની એમ પડેલી પ્રતિમા જ્યાં-ત્યાંથી ગ્રહણ કરવી નહીં એ પણ ધ્યાનમાં રાખવું. પ્રતિમા ચત્તા હોય તો દ્રવ્યનો નાશ કરનારી થાય છે, નીચા મુખની હોય તો ચિંતા ઉત્પન્ન કરાવનારી જાણવી, વાંકી હોય તો મનમાં દુઃખાદિ ઉપજાવનારી અને નીચી-ઉંચી હોય તો પરદેશ મોકલનારી સમજવી.

શિષ્ય—પ્રતિમાજી કોણ અને શેમાંથી બનાવી શકે?

સૂરિ—પ્રતિમાજી બનાવરાવવાનો અધિકાર સર્વ કોઇને એક સરખો મળી શકતો નથી. ન્યાયથી ઉપાર્જેલું દ્રવ્યજ તે પાછળ ખરચવું જોઇએ. એક માણસ અનીતિ અને અસત્યથી ધન ઉપાર્જે અને પછી પ્રતિમાજી બનાવરાવી ધર્મ કરવાની અભિલાષા રાખે એ દેખીતી રીતે જ બેહુદું લાગે છે. મતલબ એ છે કે અન્યાયથી ઉપાર્જેલા દ્રવ્યમાંથી પ્રતિમા બનાવનાર અને પ્રતિષ્ઠા કરનાર પોતાની ઇષ્ટ સિદ્ધિ કરવાને બદલે ઉલટી અધોગતિ કરે છે. પ્રતિમાજી કયા પાષાણમાંથી બનાવી શકાય

એ પ્રશ્ન પણ મહત્વનો છે. એમાં ધ્યાન રાખવાનું છે તે એજ છે કે એવો પત્થર મેં આગળ કહ્યું તેમ ખાસ પસંદગીવાળો અને શાસ્ત્રોક્ત પદ્ધતિસરનો હોવો જોઈએ. કોઈએ ઘરકામ સારૂં અમુક પાષાણ આપ્યો હોય તેમાંથી જો પ્રતિમાજી બનાવવામાં આવે તો તે પણ પૂજાદિકથી થનારી ઉન્નતિમાં ફળપ્રદ ન થતાં ઉલટી વિઘ્નકર થઈ પડે.

શિષ્ય—પ્રતિમાની રચના અને પ્રાસાદના બંધારણ વચ્ચે કંઇ સંબંધ હશે ખરો ?

સૂરિ—પ્રાસાદનાં ચોથા ભાગ જેટલી પ્રતિમા પસંદ કરવા યોગ્ય છે. પણ ઉત્તમ લાભ પ્રાપ્તિને અર્થે તે ચોથા ભાગમાં એક આંગુળ ઓછી-વત્તી પણ કરી શકાય છે. ડાહ્યા કારીગરો પ્રાસાદના ચોથા ભાગનાં દશ ભાગ કરી, તે દશમો એક ભાગ પ્રાસાદના ચોથા ભાગમાં ઓછો કરી અથવા તેમાં એક દશમો ભાગ ઉમેરી તેટલા પ્રમાણની પ્રતિમા તૈયાર કરે છે. સર્વે ધાતુઓની, રત્નની, સ્ફટિકની અથવા પ્રવાલની પ્રતિમાને આ નિયમ લાગુ પડતો નથી. એવે પ્રસંગે પ્રતિમાના પ્રમાણ ઉપર પ્રાસાદનું પ્રમાણ લેવાતું નથી, પણ ઈચ્છાનુસાર જ પ્રમાણ રખાય છે.

શિષ્ય—પ્રાસાદના કયા ભાગમાં કોની કોની પ્રતિષ્ઠા કરી હોય તો ઠીક ?

સૂરિ—ગભારાના અર્ધભાગના પાંચ ભાગ ભિંતિથી

કરવા, તેમાં પ્રથમ ભાગમાં યક્ષાદિકની સ્થાપના કરવી. બીજા ભાગમાં સર્વે દેવીઓની સ્થાપના કરવી. ત્રીજા ભાગમાં જીન, સૂર્ય, કાર્ત્તિકેય તથા કૃષ્ણુ એમની પ્રતિમા સ્થાપન કરવી, ચોથા ભાગમાં બ્રહ્માની પ્રતિમા અને પાંચમા ભાગમાં શિવલિંગની પ્રતિમા રાખવી.

શિષ્ય—પ્રતિમાની દૃષ્ટિ ઉંચી–નીચી હોય તો ?

સૂરિ—જો પ્રતિમાજીની દૃષ્ટિ ઉંચી હોય તો તે દ્રવ્યનો નાશ કરે, તિરછી હોય તો ભોગનો નાશ કરે, સ્તબ્ધ દ્રષ્ટિ હોય તો દુઃખ આપે અને નીચી હોય તો કુળનો નાશ કરે. આ બધી વાત હું એટલા માટે કહું છું કે શિલ્પકળાના અને પ્રતિમા રચનાના મુખ્ય–મૂળ સૂત્રોનો બરાબર અમલ થવો જોઇએ. એવી મહત્વની બાબતમાં સ્વચ્છંદપણે–ઇચ્છાનુસાર વર્ત્તવું એ કોઇ પણ રીતે હિતકર નથી.

શિષ્ય—ત્યારે પ્રતિમાજીની દૃષ્ટિનું ધોરણ કયે પ્રકારે રાખવું જોઇએ ?

સૂરિ—સામા દ્વારની શાખાના નીચેથી આઠ ભાગ કરવા, તેમાં જે આઠમો ભાગ બધાં કરતાં ઉપર આવેલો હોય તે મૂકી દેવો અને તેની નીચેનો જે સાતમો ભાગ રહે તેના પાછા નીચેથી સાત ભાગ કરવા. આ સાતમાના છ ભાગ મુકી દેવા અને ઉપરનો જે સાતમો ભાગ રહ્યો તેમાં ગજાંશ–અષ્ટમાંશ સંભવે છે, તે ગજાંશને વિષે કારીગરોએ પ્રાસાદની અંદર રહેલી પ્રતિમાની દૃષ્ટિ રાખવી.

શિષ્ય—પ્રાસાદની ભૂમિપરીક્ષા કેવી રીતે કરવી ?

સૂરિ—જે ઠેકાણે મંદિર બાંધવું હોય તે ભૂમિ ગોળ આકારની તથા દિશાનો ભ્રમ ઉત્પન્ન કરે તેવી નહીં હોવી જોઈએ. તે ચતુષ્કોણ–ચોખંડી, સારા આકારવાળી, વાવેલા ધાન્યને ત્રણ દિવસમાં ઉગાડનારી અને પૂર્વ, ઉત્તર અથવા ઈશાન દિશા તરફ ઉતરતી હોય તે ભૂમિ શ્રેષ્ઠ જાણવી. રાફડા વાળી ભૂમિ પ્રાસાદને માટે પસંદ કરવા યોગ્ય નથી; કારણકે તેવી ભૂમિ વ્યાધિ ઉત્પન્ન કરે છે, પોલાણવાળી હોય તો તે દારિદ્રપણું ઉપજાવે છે, ફાટેલી હોય તો તે મરણ નીપજાવે છે અને શલ્યવાળી હોય તો તે દુઃખદ થઇ પડે છે.

શિષ્ય—પણ તે શલ્ય શી રીતે જાણી શકાય ?

સૂરિ—ભૂમિ ઉપર એક ચતુષ્કોણ–ચોખંડું યંત્ર લખવું. તેમાં નવ કોઠા કરવા. ચતુષ્કોણની બાજુ ઉપર પૂર્વથી માંડી ઈશાન સુધી આઠે દિશાઓ લખવી, અને વચલા નવ કોઠામાં અનુક્રમે બ, ક, વ, ત, એ, હ, સ, પ, અને ય એમ નવ અક્ષરો લખવા. યથાઃ—

ઈ.		પૂર્વ.		અ.
	પ	બ	ક	
ઉ.	સ	ય	વ	દ.
	હ	એ	ત	
વા.		પશ્ચિમ		નૈ.

હવે પ્રશ્નમાં જો "બ" આવે તો જાણવું કે પૂર્વ દિશામાં ભૂમિની અંદર દોઢ હાથ નીચે મનુષ્ય-શલ્ય અર્થાત્ માણસનાં હાડકાં વિગેરે હોવાં જોઈએ અને તેથી મનુષ્યનું મરણ નીપજે. જો "ક" આવે તો અગ્નિકોણમાં ભૂમિની અંદર બે હાથ નીચે ગર્દભ-શલ્ય અર્થાત્ ગધેડાના હાડકાં વિગેરે હોવાં જોઈએ અને તે શલ્યથી રાજદંડ થાય કિંવા હમેશાં ભયભીત સ્થિતિમાં રહેવું પડે. જો "વ" આવે તો દક્ષિણ દિશામાં ભૂમિની અંદર કેડ જેટલું ઉંડું મનુષ્ય-શલ્ય હોય એમ સમજવું અને તેથી ગૃહસ્વામીનું મરણ થાય. જો "ત" આવે તો નૈર્ઋત્ય દિશામાં ભૂમિની અંદર દોઢ હાથ નીચે શ્વ-શલ્ય અર્થાત્ કુતરાનાં હાડકાં વિગેરે છે એમ જાણવું. તે શલ્ય બાળકોનું મરણ નીપજાવે. જો " એ " આવે તો પશ્ચિમ દિશામાં ભૂમિની અંદર દોઢ હાથ નીચે બાળ-શલ્ય અર્થાત્ બાળકનાં હાડકાં વિગેરે છે એમ સમજવું અને તેથી ગૃહસ્વામી-ઘરધણીને પરદેશ વેઠવો પડે. જો "હ" આવે તો વાયવ્ય દિશામાં ભૂમિની અંદર ચાર હાથ નીચે માણસના અંગારા છે એમ જાણવું અને તેના પરિણામે સ્વપ્ન જોવામાં આવે તો મિત્રનો નાશ થાય. જો " સ " આવે તો ઉત્તર દિશામાં ભૂમિની અંદર કેડ જેટલું ઉંડું વિપ્ર-શલ્ય અર્થાત્ બ્રાહ્મણનાં હાડકાં છે એમ સમજવું અને તેથી ગૃહસ્વામી કદાચ ધનવાન હોય તો પણ નિર્ધન અવસ્થામાં આવી પડે. જો " પ " આવે તો ઈશાન દિશામાં ભૂમિની અંદર દોઢ હાથ નીચે ગો-શલ્ય અર્થાત્ ગાયનાં હાડકાં વિગેરે છે એમ જાણવું અને તેથી ગૃહસ્વામીના ગો-

ધનનો—ગાય જેવા ઉપયોગી પશુઓનો નાશ થાય. વચલા કોઠામાં જે "ય" છે તે જો પ્રથમાં આવે તો ભૂમિના મધ્ય ભાગમાં છાતી જેટલા ઉંડાણમાં માણસના વાળ, ખોપરી, ભસ્મ તથા લોઢું છે એમ જાણવું અને તેથી મરણ નીપજે. દીપક તથા માપક રજ્જુવડે પણ એવા શુકનો જોઈ શકાય છે. ખાણની કાચી માટીનું કોડીયું કરી તેમાં ચાર દીવા કરવા. જે દિશાનો દીવો ઘણીવાર સુધી પ્રકાશિત રહે તે ભૂમિ તે વર્ણને માટે સારી જાણવી. ભૂમિ માપતાં જો સૂત્ર તુટી જાય તો ગૃહસ્વામી મરી જાય, ખીલો ઠોકતાં જો વાંકો વળી જાય તો રોગ થાય, ઘડો પડી જાય અથવા ભાંગી જાય તો સ્મૃતિનો નાશ થાય.

શિષ્ય—ત્યારે ભૂમિની અંદરથી કેવી વસ્તુઓ નીકળે તો જીન પ્રાસાદને માટે તે ભૂમિ ઉત્તમ ગણાય ?

સૂરિ—જે ભૂમિને ખોદતાં પાણી, પત્થર અને કાંકરા નીકળે તે ભૂમિ ઉત્તમ ગણાય. ત્યાં આગળ સોનાની વાસ્તુ દેવતાની મૂર્તિ વિધિથી સ્થાપન કરવી.

શિષ્ય—પ્રાસાદની ઉંચાઇ-પહોળાઇ-લંબાઈ અને ધ્વજ સંબંધી કંઇ વિશેષ સ્પષ્ટીકરણ થઇ શકશે ?

સૂરિ—પ્રાસાદની ઉંચાઈ, પોતાની ઉંચાઈ કરતાં ત્રણ ગણી વધારે હોવી જોઇએ એમ પણ કહેવામાં આવ્યું છે. પ્રાસાદની જેટલી ઉંચાઇ હોય તેટલીજ વિસ્તારવાળી જગતી કહેતાં કોટ કરાવવો એ શ્રેષ્ઠ ગણાય છે. ચોખંડા જે મૂળ કોઠો

તેની બહાર જે સ્થિર કુંભી હોય છે, તેના બે ખુણાથી પ્રાસાદના હસ્તની સંખ્યા જાણવી. મૂળ રેખાના ખુણામાં જેટલી પહોળાઇ હોય તેને અનુસરી કળશને વિષે પહોળાઇ લેવી અને પહોળાઈથી લંબાઈ પોણાબે ગણી જાણવી. ધ્વજાના સંબંધમાં જણાવવાનું કે પ્રાસાદ ઉપર ધ્વજા ચઢાવેલી ન હોય તો ત્યાં કરેલી પૂજા-હોમ-જપ વિગેરે સર્વ નિષ્ફળ થાય છે, માટે ધ્વજા તો અવશ્યમેવ ચઢાવવી. જીન-પ્રાસાદ એક દિવસ પણ ધ્વજા રહિત ન રહેવો જોઇએ.

શિષ્ય—ધ્વજાનું પ્રમાણ તથા ઘંટનું સ્થાનક કઈ રીતે નિર્ધારવું ?

સૂરિ—પ્રકાશિત પ્રાસાદ ઉપર ધ્વજાનો દંડ પ્રાસાદની હસ્ત સંખ્યાને અનુસારે કરવો, અને અંધકારવાળા પ્રાસાદ ઉપર મધ્ય પ્રાસાદના પ્રમાણથી ધ્વજાનો દંડ નિર્માણ કરવો. ઘંટ ગભારામાં, રંગ-મંડપમાં તથા વલાનકમાં હોવો યોગ્ય છે અને તેનું પ્રમાણ શુકનાસા સમાન જાણવું.

શિષ્ય—જીર્ણોદ્ધાર પછી નવું વાસ્તુ કરાવવું જ જોઇએ એવો કંઇ નિયમ છે ?

સૂરિ—જીર્ણ થયેલા ઘરનો અથવા દેવ-મંદિરનો ઉદ્ધાર કરતાં જો તેનું દ્વાર તથા પ્રમાણ પહેલાની માફકજ રહેવા દીધું હોય તો નવું વાસ્તુ કરવાની જરૂર નથી; પરંતુ જો ફેરફાર કર્યો હોય તો નૂતન વાસ્તુની જરૂર રહે ખરી.

શિષ્ય--સ્તંભ તથા પાટીયા વિગેરેનું પ્રમાણ કેવી રીતે સમજવું ?

સૂરિ—સ્તંભ તથા પાટીયા વિગેરેનું જે પ્રમાણ વાસ્તુશાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તેજ મંદિરના કામમાં પણ સમજી લેવું. એ વિષે મારી ભલામણ માત્ર એટલીજ છે કે હુશીયાર કારીગરોની સલાહ લીધા પછીજ એવાં કાર્યોનો પ્રારંભ કરવો અથવા તો કોઈ વિદ્વાન સાધુ-મુનિરાજ પાસેથી તે સંબંધી સંપૂર્ણ ખુલાસાઓ મેળવી લેવા.

શિષ્ય—પ્રતિમાજીમાં પ્રકટ ભામંડળ દીપી નીકળે, એ માટે શો ઉપાય કરવો ?

સૂરિ—નિર્મલ આંછણમાં પીસેલી બિલ્લીની છાલનો લાકડા ઉપર અથવા પાષાણ ઉપર લેપ કરવાથી પ્રકટ ભામંડળ ખીલી નીકળે છે. જેમાંથી પ્રતિમાજી બનાવવા હોય તે કાષ્ટ યા તો પાષાણપર ઉક્ત વિધિ અનુસાર લેપ કરવો. તે લેપથી જો મધ જેવું મંડળ પડે તો અંદર ખદ્યોત, શંખ સરખું પડે તો રેતી, ગોળ સરખું પડે તો રાતો દેડકો, આકાશ સરખા રંગનું પડે તો પાણી, કપોત સરખા રંગનું પડે તો વિરોળી, મજીઠ સરખા રંગનું પડે તો દેડકો, રાતું પડે તો કાચંડો, પીળું પડે તો ગોધાયુ, કપિલ વર્ણનું પડે તો ઉંદર, કૃષ્ણવર્ણ પડે તો સર્પ અને ચિત્ર વર્ણ પડે તો વીંછી આદિ જીવ-જંતુઓ તેની અંદર છે એમ જાણવું. આ રીતે પરીક્ષા કરવામાં ન આવે અને જીવ-જંતુઓ રહી જાય તો તેથી સંતતિ, સંપદા, પ્રાણ અને રાજ્યનો પણ નાશ થાય.

શિષ્ય—પ્રતિમાજી બનાવવાના કાષ્ટમાં કેવા કેવા દોષો હોઈ શકે કે જેથી તે નિવારવાની સાવધતા રાખી શકાય ?

સૂરિ—પ્રતિમાના કાષ્ઠમાં તેમજ પાષાણુમાં પણ જો ખીલો, છિદ્ર, પોલાણુ, જીવનાં જાળાં, સાંધા, મંડલાકાર, રેખાઓ તથા ગાર હોય તો તે મહા દોષમય ગણાય છે. પ્રતિમાજી નિમિત્તના પાષાણ તથા કાષ્ઠમાં કવચિત્ લીસોટાઓ અથવા રેષાઓ પડેલી જોવામાં આવે છે, પણ જો તે મૂળ વસ્તુના રંગને મળતી હોય તો તેમાં કંઇ દોષ નથી, પણ જો મૂળ વસ્તુના વર્ણથી ભિન્ન વર્ણવાળી હોય તો તે દોષયુક્ત ગણાય છે. એવા દોષો નિવારવાની સાવચેતી રાખવી એ જીન પ્રતિમાના ભક્તોનું પરમ કર્તવ્ય છે.

શિષ્ય–આજે શિલ્પકળા, પ્રતિમા રચના અને પ્રાસાદ નિર્માણ જેવા બહુ ઉપયોગી વિષયોની લંબાણ ચર્ચા કરી આપને જે શ્રમ આપ્યો છે, તે બદલ અંતઃકરણ પૂર્વક ક્ષમા ચાહું છું. આજે આટલેથીજ વિરમીએ એવી મારી પ્રાર્થના છે.

સૂરિ—તથાસ્તુ !



(૧૦) ગુરૂ-શિષ્ય સંબંધ.

શિષ્ય— " દીકરા તો દેવતાને પણ પ્રિય હોય છે " એવા ભાવાર્થવાળી કહેવત આપે સાંભળી હશે. મનુષ્યોમાં તો શું; પરન્તુ પશુઓમાં પણ જે સંતાનપ્રેમ જોવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે એવો પ્રેમ પ્રાણી–જગત્માં સ્વાભાવિકજ છે. એ પ્રેમ ગૃહસ્થો શી રીતે સાર્થક કરી શકે એ પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે.

સૂરિ—પોતાના સંતાનો ઉપર પ્રેમ હોવો એ સ્વાભાવિક છે. પશુઓમાં પણ તેવો પ્રેમ જોવામાં આવે છે, એ વાત તમે હમણાંજ કહી ગયા. હવે પશુઓ અને મનુષ્યોમાં જે એક મ્હોટો ભેદ રહેલો છે તે એ છે કે પશુઓ પોતાના સંતાન-પ્રેમ મારફત જેવું જોઇએ તેવું સંતાનોનું કલ્યાણ કરી શકતા નથી. અલબત્ત, તેઓ અમુક અંશે સંતાનોને સુખી કરી શકે છે; પરંતુ પિતૃધર્મ કે માતૃધર્મની પરિસમાપ્તિ તેટલેથી જ થઇ જતી નથી. મનુષ્યોને શિરે તે વિષયમાં ગંભીર જવાબદારી રહેલી છે. જે પ્રેમ પોતાના સંતાનોનું કલ્યાણ કરી શકે નહીં, જે પ્રેમ પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી પુરૂષાર્થ-સિદ્ધિને યોગ્ય બનાવી શકે નહીં, તે પ્રેમની હું પ્રશંસા કરી શકતો નથી. સંસ્કૃતમાં એક સ્થળે કહ્યું છે કે "જે માતપિતાઓ પોતાના બાળકોને યોગ્ય શિક્ષણ આપતા નથી, તેઓ બાળકના પ્રેમીઓ–વાલીઓ કે રક્ષકો નથી; પણ ઉલટું તે તેમના કટ્ટા શત્રુઓ જ છે.

શિષ્ય—માતાપિતા તે વળી શત્રુ હોઇ શકે ?

સૂરિ—જરા વિચાર કરવાથી મારો કહેવાનો આશય તમે સમજી શકશો. વિરોધી–શત્રુ જ્યારે આપણું અહિત કરવાને પ્રયત્ન કરે છે, ત્યારે આપણે તેની સામે બરાબર રક્ષણ કરવાને તૈયાર થઇ શકીએ છીએ. કારણ કે તે વખતે આપણે એટલું તો સ્પષ્ટ રીતેજ સમજતા હોઇએ છીએ કે અમુક આ પણા શત્રુ છે અને તેથી તેની દ્વારા આપણું શુભ કદિપણ

થઈ શકે નહીં; પરંતુ જેઓ પ્રીતિ કે સ્નેહના રૂપમાં શત્રુત્વને છુપાવી રાખે છે, તેઓની શત્રુતા આપણે કળી શકતા નથી અને તેથી તેની સામે આપણે આપણું રક્ષણ કરવાને તૈયાર થઈ શકતા નથી. જે માતા-પિતા પોતાના સંતાનને અણઘટતા લાડ લડાવી સ્વછંદી બનાવી મુકે છે, જે માતપિતા પોતાના વ્હાલા બચ્ચાઓને પુરતું જ્ઞાન કે શિક્ષણ આપ્યા વિના વિલાસ-મોજશોખ અને વૈભવમાં ડુબાડી દે છે, તેઓ માતાપતા રૂપે પણ શત્રુનીજ ગરજ સારે છે. એમ કેમ ન કહી શકાય? હું પ્રથમજ કહી ચુકયો કે સ્નેહભાવ દર્શાવવો, પ્રેમાંધતા પ્રગટ કરવી એ તો પશુઓથી પણ બની શકે છે; પરંતુ મનુષ્ય ઉત્તમોત્તમ કોટીનું પ્રાણી હોવાથી તેની ફરજ તેટલેથીજ અટકતી નથી. તેના પોતાના સંતાનના કલ્યાણની ખાતર અનેક વ્યવસ્થાઓ કરવાની હોય છે અનેક પ્રકારની ચિંતાઓ વેઠવાની હોય છે. પિતૃધર્મનું પાલન કરવું એ રમત વાત નથી. પિતા થવાથી જ એ ધર્મનું પાલન નથી થઇ શકતું નથી, કેમકે પિતાની જવાબદારી ઘણી મ્હોટી છે.

શિષ્ય--ત્યારે આપણે આજે એજ વિષયની અવતારણા કરીએ. પ્રથમ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે બાળકને કેટલા વર્ષની વયે નિશાળે મુકવો જોઇએ?

સૂરિ--માતાપતાએ પોતાના બાળકને પાંચમું વર્ષ બેઠા પછી ઉત્સવ કરી એવા કળાચાર્યના હાથમાં સુપ્રત કરવો કે જે આચાર્ય શાંતસ્વભાવનો હોય, શાસ્ત્રોના મર્મને

ખુબી પૂર્વક સમજી શકતો હોય, આળસ અને વ્યસનાદિ દોષોથી રહિત હોય, યથાનામકર્મી હોય, યુક્તિ પૂર્વક મીઠી વાણી બોલી શકતો હોય; તેમજ શિષ્યના મનોભાવો અને કુદરતી શક્તિઓ વિષે સંપૂર્ણ અનુભવ ધરાવતો હોય.

શિષ્ય—એવા કળાચાર્યો ક્યાં મળી શકે ?

સૂરિ—ખરૂં છે કે એવા કળાચાર્યો આજકાલ સહેજમાં મળી શકતા નથી, પરંતુ આર્યાવર્તમાં એક કાળે એવા આચાર્યોના આશ્રમો હતા અને ત્યાં વિદ્યાર્થીઓ રાજા કે રંકનો ભેદભાવ રાખ્યા વિના પોતાની શક્તિઓને કેળવી શકતા હતા. આજે એવા આશ્રમોનો લગભગ લોપ થઇ ગયો છે, એ ખરેખર બહુ શોચનીય છે; પરંતુ હવે તેનો ઉદ્ધાર થવો જોઇએ, એમ મને લાગે છે.

શિષ્ય—પ્રથમના આશ્રમો અને અત્યારની શાળાઓમાં શું ભેદ હશે ?

સૂરિ—જમીન-આસમાન જેટલો ભેદ છે. આજની શાળાઓ વિદ્યાર્થીઓને ચોક્કસ વિષયોની ઉપલક માહીતીઓ આપી શકે છે: પરંતુ જેને યથાર્થ ભાવમાં કેળવણી કહેવામાં આવે છે અને જે વડે વિદ્યાર્થીઓની શારીરિક-માનસિક-હાર્દિક અને આધ્યાત્મિક શક્તિઓ સંપૂર્ણ કેળવાવી જોઇએ, તેવી કેળવણીને નામે તો પ્રાય. મીંડુંજ મૂકાયું છે એમ કહીએ તો ચાલી શકે. પૂર્વના કળાચાર્યો પોતાના શિષ્યોને અમુક પુસ્તક સંબંધી છુટું-છવાયું જ્ઞાન આપવામાંજ પોતાના

કર્ત્તવ્યની ઇતિ માની લેતા નહીં. તેઓ વિદ્યાર્થીઓની શારીરિક, ધાર્મિક અને માનસિક શક્તિઓ કેળવવા તરફ હમેશાં લક્ષ રાખતા, આથી તેમના હાથ નીચે શીક્ષણ પામેલા વિદ્યાર્થીઓ શરીરબળમાં, મનોબળમાં, જ્ઞાનબળમાં અને ધર્મબળમાં દીપી નીકળતા. શિષ્યો પણ આશ્રમમાં રહે તેટલો વખત પોતાના માતાપિતાના સ્નેહને ભૂલી જતા અને ગુરૂમાંજ પોતાનું સર્વસ્વ માની લેતા.

શિષ્ય—ખરેખર એ યુગ બહુ પવિત્ર હશે, પણ હવે જ્યારે એ બધો વિષય ભૂતકાળનોજ બની ગયો છે તો પછી આપણે વર્ત્તમાન કાળનેજ સુધારી લેવા મથવું જોઇએ. એમજને ?

સૂરિ—ભૂતકાળનો ઐતિહાસિક પ્રકાશ તમારા માર્ગમાં ઉપયોગી થઈ શકે એવા હેતુથીજ મેં તે વિષે વિવેચન કર્યું છે. શાસ્ત્રમાં તો એટલે સુધી કહેવામાં આવ્યું છે કે પોતાનો વ્હાલો પુત્ર મુર્ખ રહી જાય તો ભલે, પણ તેને નાસ્તિક અને દુષ્ટ ચરિત્રવાળા ગુરૂ પાસે વિદ્યાપ્રાપ્તિ અર્થે નહીં મોકલવો જોઇએ. વિચાર કરો કે જે વિદ્યામાં અથવા વિદ્યાગુરૂમાં નાસ્તિકપણું કુટીકુટીને ભરેલું હોય, તે વડે શિષ્યનું કેવી રીતે કલ્યાણ થઈ શકે ? જે સુવર્ણ મુખમંડળને શોભાવવાને બદલે ઉલટું કાનને ચીરી નાંખે તેવું સુવર્ણમય કુંડલ શા કામનું ?

શિષ્ય—ગુરૂએ શિષ્યપ્રતિ કેવું વર્ત્તન રાખવું જોઇએ ?

સૂરિ—તેનો ટુંકો ઉત્તર આપું તો તે માત્ર એટલો જ કે સંપૂર્ણ પ્રેમમય. પ્રેમ વિનાનું શિક્ષણ શિષ્યના હૃદય ઉપર કશી સારી અસર કરી શકતું નથી. પ્રેમના પરિણામે ગુરૂના મુખમાંથી એવા મધુરતાવાળા શબ્દો નીકળે છે કે તેનું પુનઃ પુનઃ પાન કરવા છતાં શિષ્યો સંતુષ્ટ થતા નથી. ગુરૂના મુખની વાણી સાંભળવાની તેમની જીજ્ઞાસા ક્રમશઃ વધતી જ જાય છે. ગુરૂનું સૌ પ્રથમ કર્તવ્ય એજ છે કે તેણે પોતાના શિષ્યનું માનસિક બંધારણ સમજી લેવું. વિદ્યાર્થીઓને ભારભૂત ન થાય કે અપ્રિય ન થાય એવા પ્રકારનું ગુરૂનું શિષ્ય પ્રતિ વલણ હોવું જોઈએ. કેટલાક શિક્ષકો શિષ્યોને નિરંતર ધમકીઓ આપી કે માર મારી એવા નિર્લજ્જ કે કઠોર બનાવી દે છે કે એ શિષ્યોમાં અને જાનવરમાં મહત્ત્વનો કંઈ ભેદજ નથી રહેવા પામતો. નેતર કરતાં નેત્રની શક્તિ ઘણી અધિક હોય છે. વિદ્યાર્થીઓને સજા કરવી એ જંગલીપણું છે. જ્યાં ગુરૂ-શિષ્ય વચ્ચે પ્રેમમય સંબંધ હોય ત્યાં એ શાસ્ત્રની રૂઢીને ઉત્તેજન મળી શકતુ નથી

શિષ્ય—ગુરૂ કદાચ ઉત્તમ લક્ષણયુક્ત અને વિચારવાળા હોય, પણ શિષ્ય એને અનુરૂપ ન હોય તો પછી શાસન—[illegible] કેમ ચાલે ?

સૂરિ—પ્રેમ તો એક [illegible] સ્પર્શમણી છે. [illegible] તેનુ [illegible] પણ સુવર્ણ બની શકે છે. [illegible] એમ કહે છે તેઓ [illegible] સમજતા નથી. ગુરૂની તીવ્ર દૃષ્ટિમાં જગતની

તમામ સજાઓ સમાઈ જાય છે. એટલું છતાં જે લોકો સજા
કર્યા વિના ન રહી શકતા હોય તેમણે ભૂલેચુકે પણ શિષ્યના
મસ્તકમાં કે હૃદયમાં આઘાત ન કરવો. ન છુટકે સજા કરવી
પડે તો ગુરૂઓએ શિષ્યના શરીરના નીચલા ભાગમાં થોડી
શિક્ષા કરવી.

શિષ્ય—ક્યા વિદ્યાર્થીઓ પોતાના ગુરૂને આત્મપ્રિય
થઈ પડે ?

સૂરિ—જેઓ પોતાના ઉપર કરેલા ઉપકારો જાણી
શકતા હોય; પવિત્ર ચિત્તવડે સર્વની સાથે હળીમળી શકતા
હોય, ખંત અને ઉત્સાહ રાખી પોતાના નિત્યના પાઠો તૈયાર
કરી શકતા હોય; તેમજ જેમનામાં કૂડ-કપટ કે માયા-પ્રપં-
ચનો છાંટો સરખો પણ ન હોય એવા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ
તેમના ગુરૂઓને આત્મવત્ પ્રિય થઈ પડે છે. એવા વિદ્યાર્થી-
ઓને કેળવવા ગુરૂઓ પોતાનો સર્વસ્વનો ભોગ આપવાને
પણ તૈયાર થઇ જાય છે. જે વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરવા છતાં
ગુરૂને વિષે અવિનય રાખે છે, ધર્મ ઉપર દ્વેષ ભાવ ધરાવે છે,
પોતાના ગુણ અને બુદ્ધિમત્તા વિષે ભારે અહંકાર રાખે
છે અને ગુણીજનો પ્રત્યે દ્વેષ કિંવા તિરસ્કારથી વર્તે
છે, તેઓનું જ્ઞાન તેમને પોતાને કે સંસારને ઉપયોગી
થવાને બદલે, દૂધમાં કાળકૂટના છાંટા પડવાથી જેવી રીતે
તે પ્રાણનાશક થઇ જાય, તેવી રીતે ઉલટું શ્રાપ રૂપ
થઇ પડે છે. વિદ્યા તો વિવેક અને વિનયથી જ શોભે

છે. પોતાના કળાચાર્યનું જે વિદ્યાર્થીઓ નિરંતર હિત ચિંતવે છે, યથાશક્તિ સેવા-સુશ્રુષા કરી તેમને સંતોષ આપે છે અને જેઓ પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ પણ ગુરૂને ચરણે ધરવા સદા ઉત્સુક રહે છે, તેવા વિદ્યાર્થીઓ ગુરૂની અસાધારણ કૃપા સંપાદન કરી પોતાનું અલૌકિક કલ્યાણ સાધવા ભાગ્યશાળી થઈ શકે છે. ગુરૂના ઉપકારના વિષયમાં એટલે સુધી કહેવામાં આવ્યું છે કે શિષ્ય કદાચ પોતાના ગુરૂને ગ્રામ-નગર રહિત પૃથ્વી આપી દે તો તે પણ ગુરૂના ઋણમાંથી મુક્ત થઈ શકે નહીં. આવો અનવધિ ઉપકાર કરનાર ગુરૂવર્યનું શિષ્યોએ કેટલું બહુમાન કરવું જોઈએ તેનો ખ્યાલ તમે પોતેજ કરી લ્યો. આજે એવી ગુરૂભક્તિનો છાંટો પણ શું કોઈ વિદ્યાર્થીમાં મળી શકશે ?

શિષ્ય—હશે, એવા વિદ્યાર્થી પણ કોઈ હશે. "બહુરત્ના વસુંધરા" એમ જે કહેવાય છે તે કાંઈ સાવ ખોટું નહિ હોય !

સૂરિ—એવા વિદ્યાર્થીને હું સંપૂર્ણ ભાગ્યશાળીજ કહું. જે વિદ્યાર્થીઓ ગુરૂ અને શાસ્ત્ર ઉપર ભક્તિ-પ્રીતિ રાખી શકે છે, જેઓ પોતાના શરીર પ્રત્યે બેદરકારી નહિં રાખતાં નિત્ય નિરોગી રહી શકે છે, જેઓ વિનય, પરિશ્રમ અને બુદ્ધિમત્તા દાખવવામાં સંપૂર્ણ ઉલટ ધરાવે છે, તેમને ખરેખરા ભાગ્યશાળી વિદ્યાર્થીઓ જ લેખવા જોઇએ. તેઓ પોતે ધન્ય છે એટલુંજ નહીં પણ તેમના માત પિતાને પણ ધન્ય છે. તેઓ આત્મહિત સાથે જગત્ કલ્યાણ કરવાને પણ સમર્થ થઈ શકે છે.

શિષ્ય—વિદ્યાર્થી અવસ્થામાં શિષ્યે કેવી રીતના નિયમો પાળવા જોઈએ ?

સૂરિ—ગુરૂ પાસે ભણનાર શિષ્યે હંમેશા સાદો અને સ્વાસ્થ્યકર આહાર લેવો. બ્રહ્મચર્યનું કાય-મનો વાક્યથી રક્ષણ કરવું, દયા-દાન આદિ અંતરના ભાવોને કેળવવા હંમેશા લક્ષ રાખવું, કૌતુક-કૌતુહળ કે નાચ-રંગ જોવાનું સર્વથા માંડી વાળવું, કોડી-પાના આદિથી જે જે વિવિધ રમતો રમાય છે તે તરફ નિત્ય ઉદાસીન રહેવું, કોઈની મશ્કરી કરવી નહીં, પોતાના ગુરૂનો હંમેશા વિનય રાખવો. વિદ્યાર્થીમાં એટલા વાનાં અવશ્યમેવ હોવાં જોઈએ.

શિષ્ય--શિષ્ય અવસ્થામાં કેવો પોષાક રાખવો જોઈએ ?

સૂરિ—સુયોગ્ય શિષ્યોએ પોતાની અવસ્થાને બંધ બેસતો થાય તેવોજ પોષાક ધારણ કરવો જોઈએ. ગુરૂના આશ્રમમાં રંક કે ધનવાન પણાનો ભેદ રહેતો નથી. તેથી તે સર્વને એકજ પ્રકારનો પહેરવેશ રાખવો પડે છે. આ પહેરવેશ તદ્દન આડંબર રહિત, સ્વચ્છ અને સહજ પ્રાપ્ય હોવો જોઈએ.

શિષ્ય -વિદ્યાર્થીએ પોતાના ગુરૂજીને કેવી રીતે સંબોધવા ?

સૂરિ—પોતાના પૂજ્ય ગુરૂજીને "પૂજ્ય" એવું પદ [illegible] નામથી જ બોલાવવા. અર્થાત્ પૂજ્ય પદ વિના નગ્ન નામથી ગુરૂને ન બોલાવવા એ અવિનય બતાવે છે. એક નીતિકારે કહ્યું છે કે ગુરૂનું [illegible], પોતાના ગુરૂનું, પોતાની

ઓનું તથા કૃપણનું એકલું મૂળ નામ ન લેવું; કારણ કે તેમ કરવાથી ધનનો અને આયુષ્યનો ક્ષય થાય છે.

શિષ્ય—વિદ્યાર્થીએ શાળામાં કેવી રીતે પઠન-પાઠન કરવું ?

સૂરિ—વિદ્યાર્થીએ બહુજ ઘાંટો પાડીને તેમજ બહુજ ધીમેથી બોલવું ન જોઈએ. મન બીજે સ્થળે ભટકતું રાખીને પદનો સંબંધ તૂટી જાય; તેમજ સામાને સમજણ જ ન પડે એવી રીતે પણ ન ભણવું જોઈએ. આ અવસ્થામાં જો ઉતાવળ કરવાની અથવા તો ધીમાશથી બોલવાની ટેવ પડી જાય છે તો તે પછી કેમે કરતાં દૂર થઈ શકતી નથી. ઘણા વિદ્યાર્થીઓ શાળામાં હોય છે, ત્યારથી પોતાની જીભને એવી વિકૃત કરી દે છે કે પછી તેમનાથી સ્પષ્ટ ઉચ્ચાર થઈ શકતો નથી અને લોકોને તેમની વાણીમાં જેવો જોઈએ તેવો રસ પડતો નથી. સારાંશ એ છે કે બહુજ સ્પષ્ટતા પૂર્વક, સામાન્ય ભાર સાથે વાણી વદવાની ટેવ પાડવી જોઈએ.

શિષ્ય—વિદ્યા પ્રાપ્તિમાં મુખ્ય કારણો કયાં હશે ?

સૂરિ—[illegible] તેમાં પહેલાં પાંચ જેવાં કે વિદ્યાભ્યાસ [illegible] વગેરે [illegible] વિદ્યા-પ્રાપ્તિ [illegible] અંતરંગ [illegible] તેમજ તેમના વાણી

એ પ્રયત્ન કરવો જોઇએ. જેવી રીતે આ અંતરંગ કારણો
. તેવીજ રીતે બીજા પાંચ બાહ્ય કારણો પણ છે. જેમકે
ાધ્યાયીઓનો સહવાસ, ભોજન, વસ્ત્ર, ગુરૂ, તથા પુસ્તક
દેની જોગવાઈ વિગેરે. સહાધ્યાયીઓ કિંવા સાથે ભણનાર
ાનો સહવાસ ન હોય તો હરિફાઈ કે સ્પર્દ્ધા જામતી
. અને તેથી પઠન-પાઠન કાર્યમાં ઉત્સાહ રહેતો નથી.
ય-પ્રાણી ઉપર દેખાદેખીની ઘણી અસર પડે છે. વિદ્યા
ઓ જ્યારે સાથે મળી અભ્યાસ કરે છે, ત્યારે તેઓ એક
ાથી આગળ વધી જવાનો હોંશભેર પ્રયત્ન કરે છે અને
એકંદરે તેમને સર્વને સારો લાભ પ્રાપ્ત થાય છે. સહ
થી નવું જાણવાનું મળે છે, આલસ્ય કે જે મનુષ્યજાતિનો
ન શત્રુ ગણાય છે તે અદૃશ્ય થઇ જાય છે. કેટલાક માબાપો
ના બાળકોને શાળામાં નહીં મોકલતાં છેક સ્વતંત્રપણે
ણ આપવાની કોશીષ કરતા જોવામાં આવે છે. અલબત્ત
ા શ્રમ બીલકુલ નિષ્ફળ જાય છે એમ હું કહેવા નથી
તો; પરંતુ સહાધ્યાયીઓના સહવાસના પરિણામે જે
-ઉત્સાહ અને પ્રસન્નતા આવવા જોઇએ તે સંપૂર્ણ પ્રમા
આવી શકતા નથી. પુસ્તક, ગુરૂ તથા વસ્ત્ર વિગેરેની
ાગિતા તો તમે જાણો છો જ એટલે એ વિષે વિસ્તાર
ની જરૂર નથી. જે વિદ્યાર્થીઓ વસ્ત્ર તથા પુસ્તકોના
ર્યો વગરના રહી શકતા નથી, તેઓ પઠન-પાઠનમાં સં
ાસ આવી શકતા નથી અને તેથી તેમનો વખત કીમતી

સમય કેટલીકવાર અરણાદ જાય છે. ગૃહસ્થોનું એ કર્તવ્ય છે કે જે વિદ્યાર્થીઓ પાસે પુરતાં પુસ્તકાદિના સાધનો ન હોય તેમને તે પુરાં પાડવા અને એ રીતે જ્ઞાનપ્રચારના કાર્યમાં યથાશક્તિ સહાયક થવું.

શિષ્ય—વિદ્યાનો આરંભ કરતી વેળા વાર તહેવાર જોવાનો કંઈ વિધિ હશે કે?

સૂરિ—વિદ્યાનો આરંભ કરવો હોય તો ગુરૂ, સોમ અને બુધ એ ત્રણે વાર શ્રેષ્ઠ ગણાય છે. શુક્ર અને રવિની ગણના મધ્યમમાં થાય છે અને મંગળ તથા શનિ અનિષ્ઠ ગણાય છે. નક્ષત્રોમાં પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વા ભાદ્રપદા, શ્રવણ, ધનિષ્ઠા, મૂળ, અશ્વિની, હસ્ત, શતતારકા; સ્વાતિ, ચિત્રા, મૃગા, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અને અશ્લેષા એ શ્રેષ્ઠ જાણવા. પ્રસંગોપાત અધ્યયન ક્યારે મુલતવી રાખવું એ પણ તમારે જાણી લેવું જોઈએ. ચતુર્દશીએ, અમાવાસ્યાએ, પૂર્ણિમાએ, અષ્ટમીએ, મરણસુતકમાં તથા ચંદ્ર–સૂર્યના ગ્રહણયોગ વખતે વિદ્યાધ્યયન બંધ રાખવું એવો વિધિ છે. તેવીજ રીતે જ્યારે ઉલ્કાપાત થાય, અર્થાત્ અગ્નિના જેવા ચળકતા તારા આકાશમાંથી ખરવા લાગે ત્યારે, તોફાની પવન વાવા લાગે ત્યારે, ભૂમિકંપ થતો હોય ત્યારે, મેઘની ગર્જના વખતે, પોતાના સગા–વ્હાલા અથવા સંબંધીનાં પ્રેતકર્મ ચાલતા હોય તે વેળા, અકાળે વિજળી થતી હોય (આર્દ્રા નક્ષત્રની પહેલાં અને હસ્ત નક્ષત્ર ઉતર્યા પછી વિજળી થાય તે અકાળ વિજળી

કહેવાય) તે સમે, આચારભ્રષ્ટ અને મલીન લોકોના સમાગમમાં, સ્મશાનમાં, દુર્ગંધીવાળા સ્થાનમાં, અપવિત્ર શરીર હોય તેવા સંજોગોમાં, વિદ્યાધ્યયન મુલતવી રાખવું જોઇએ. વિદ્યામંદિર એ દેવમંદિર જેટલું જ પવિત્ર છે. વિદ્યાનું અધ્યયન પણ દેવપૂજા જેટલુંજ પવિત્ર છે. એટલા માટે તેમાં અપવિત્રતા કે અશુચિતાનો બાધ આવે તો તેટલીવાર અધ્યયન પણ બંધ રાખવું એવો આશય છે.

શિષ્ય—અભ્યાસમાં સૌ પહેલાં ભાષાઓનો અભ્યાસ આવશ્યક છે. કારણ કે ભાષા ન આવડતી હોય તો બીજા વિષયોનો અભ્યાસ ન થઇ શકે એ નિર્વિવાદ છે.

સૂરિ—ભાષાઓ પણ વિવિધ પ્રકારની છે અને સૌ ભાષામાં યથાયોગ્ય સાહિત્ય પણ હોય છે. મુખ્યત્વે છ ભાષાઓનો અભ્યાસ જીજ્ઞાસુઓએ કરવો જોઇએ. આ છ ભાષાઓના નામ નીચે પ્રમાણે છે:—

(૧) સંસ્કૃત, (૨) પ્રાકૃત, (૩) શૌરસેની, (૪) માગધી, (૫) પૈશાચી, (૬) અપભ્રંશ.

શિષ્ય—ભાષાજ્ઞાન થયા પછી કયા કયા વિષયો જાણવા જરૂરના છે?

સૂરિ—વિદ્યાર્થી સાહિત્યશાસ્ત્રના અભ્યાસથી કવિતાની રચના કરી શકે છે. તર્કશાસ્ત્રના અભ્યાસથી વક્તા થઇ શકે છે નીતિશાસ્ત્રના અભ્યાસથી પરમ બુદ્ધિમાન બની શકે છે. એટલા માટે એ વિષયોનો અભ્યાસ વિદ્યાર્થીઓએ યથાયોગ્ય

પ્રમાણમાં કરવો જોઈએ. તે ઉપરાંત પાટીગણિત, ગોળગણિત, ચક્રગણિત, ગ્રહગણિત અને બીજગણિત ઈત્યાદિ ગણિતશાસ્ત્રનો અભ્યાસ પણ અત્યાવશ્યક છે. ગણિતના પુરતા અભ્યાસ વિનાં શાસ્ત્રીય વિષયો બરાબર સમજાતા નથી. જ્યોતિષશાસ્ત્રમાં ગણિત, સંહિતા અને હોરા એ ત્રણ ભાગો અગત્યનો ભાગ ભજવે છે. જેઓ જ્યોતિઃશાસ્ત્રમાં પારંગત થવા માંગતા હોય તેમણે ગણિતશાસ્ત્રના અંગોપાંગોનો ખાસ આદર પૂર્વક અભ્યાસ કરવો જોઈએ. સર્વ વિષયોમાં ધર્મશાસ્ત્રનો વિષય અગ્રસ્થાન ભોગવે છે. ધર્મશાસ્ત્રના અભ્યાસ વિના અન્ય વિષયો લગભગ નિરર્થક થઇ પડે છે એટલુંજ નહીં પણ અયોગ્ય રસ્તે લઇ જાય છે. ધર્મશાસ્ત્રના જ્ઞાન વિના પરોપકાર અને નીતિના સારભૂત મર્મો સમજાતાં નથી અને જે વિદ્યા કિંવા જ્ઞાન પરોપકાર અર્થે નથી વપરાતું તેની કીંમત એક ફુટી બદામથી અધિક થઇ શકતી નથી. પરમાર્થ જાણવાને માટે ધર્મનો અભ્યાસ અનિવાર્ય છે.

શિષ્ય—એ સિવાય બીજા વિષયો પણ હશે ખરા ?

સૂરિ—વૈદ્યકશાસ્ત્ર, ચિત્રવિદ્યા, કૈખનકળા, પશુપરીક્ષા વિગેરે એવા ઘણા વિષયો છે કે જીવનમાં ધન-માન અને યશની પ્રાપ્તિ અર્થે અતિ ઉપયોગી થઇ પડે છે. વિદ્વાન લોકોની સભામાં [illegible] પ્રવેશ કરવા [illegible] હોય તેમણે ચિત્ર [illegible] જાણવી જોઈએ. નહીંતર ગમે તેવું જ્ઞાન હોય તો પણ તેનો [illegible] વિલય થાય છે

રાજાની પાસે રહેનારાઓએ હાથી-ઘોડાના લક્ષણો ખાસ કરીને જાણવા જોઇએ. કારણકે રાજાને પોતાના રાજ્યરક્ષણને માટે તેમજ પ્રજાના સુખને માટે અશ્વ-હાથી વિગેરે રાખવા પડે છે. એટલે તે વિષે સારી સલાહ આપનાર વિદ્વાનો રાજાના અને રાજ્યના પણ માનવંતા થઇ પડે છે.

શિષ્ય—વૈદક શાસ્ત્રમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?

સૂરિ—રોગીની પ્રકૃતી, ઓસડ, વ્યાધી, સાત્મ્ય-રોગીને સદવારૂપ વસ્તુની અંદર રહેલો એક ગુણ, શરીરબળ, વય, કાળ, દેશ, જઠરાગ્ની, વૈભવ, અને પ્રતિચારક એટલે રોગીની માવજત કરનાર કોણ છે એ સઘળી બાબતો વૈદક-શાસ્ત્રમાં પ્રવીણ એવા પુરૂષો પ્રથમ સમજી લે છે. વૈદક શાસ્ત્રથી ધન કમાઇ શકાય છે એટલુંજ નહીં પણ યશ અને ધર્મની પણ સહેજે પ્રાપ્તી થઇ શકે છે. જે પરોપકારી વૈદ્યો દરદીઓની અંતઃકરણ પૂર્વક સેવા-સુશ્રુષા કરે છે તેઓ પર-લોકમાં સારૂં ફળ મેળવે છે એમાં કોઇ જાતનો શક નથી. દરેક ગૃહસ્થે બની શકે તો થોડું-ઘણું વૈદ્યકશાસ્ત્ર અવશ્ય જાણવું જોઇએ. વૈદ્યકના પણ આઠ ભેદ પાડવામાં આવ્યા છે:—(૧) કાયચિકિત્સા, (૨) બાળચિકિત્સા, (૩) ભૂત ચિકિત્સા, (૪) ઉર્ધ્વાંગ ચિકિત્સા, (૫) શલ્ય ચિકિત્સા, (૬) વિષ ચિકિત્સા, (૭) રસાયન અને (૮) વાજીકરણ.

શિષ્ય--એવા ભેદો શા ઉપરથી પડ્યા હશે ?

સૂરિ—કાય એટલે જઠરાગ્નિ-તેના વિકારથી જે રોગો નીપજે તે મટાડવાનો પ્રયત્ન કરવો તેને કાયચિકિત્સા કહેવામાં આવે છે. તેજ પ્રમાણે બાળકોને થતા રોગો મટાડવા તે બાળચિકિત્સા, ભૂત-પિશાચ વિગેરેનો ઉપદ્રવ મટાડવો તે ભૂત ચિકિત્સા, હડપચી ઉપર આવેલા મુખ, નાસિકા, કર્ણ, નેત્ર, મસ્તક આદિ અવયવોના રોગોના ઉપાયો કરવા તે ઉર્ધ્વાંગચિકિત્સા, શલ્ય એટલે બાણની અણી જેવા પદાર્થો શરીરમાં પેસી ગયા હોય તેનો ઉદ્ધાર કરવો તે શલ્યચિકિત્સા, સર્પાદિકના વિષના ઉપચાર કરવા તે વિષચિકિત્સા, વૃદ્ધાવસ્થાને અટકાવવાનો તથા યુવાવસ્થાને વધારે વખત ટકાવી રાખવાનો ઉપાય કરવામાં આવે તે રસાયન અને જેથી સ્ત્રી સંભોગ યથેચ્છ કરી શકાય એવી શક્તિ ઉશ્કેરવાનો પ્રયત્ન કરવો તે વાજીકરણ કહેવાય છે.

શિષ્ય—સામુદ્રિક શાસ્ત્રનું જ્ઞાન પણ આવશ્યક છે, એમ અગાઉ આપે અનેક વાર કહ્યું છે, એટલે ઈરાદા પૂર્વક જ તેનો ઉલ્લેખ આપે નહીં કર્યો હોય!

સૂરિ—પોતાના યશની વાંછા રાખનાર જાણ પુરૂષો જો સામુદ્રિક શાસ્ત્ર, રત્નપરીક્ષા શાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર, શકુન શાસ્ત્ર, વૃષ્ટિ શાસ્ત્ર, અંગસ્ફુરણ શાસ્ત્ર અને શારીરિક શાસ્ત્ર જેવા વિષયો જાણે તો તેમને ઘણો લાભ થાય એ તો ખુલ્લું જ છે. નિત્યના ગૃહસ્થોચિત વ્યવહારમાં ઉપર કહ્યા તે શાસ્ત્રો ઉપયોગી થઇ પડે છે. એટલા માટે ગુરૂગમથી અથવા તો આત્મિકશક્તિથી એ બાબ

તેનો અભ્યાસ કરવો જોઈએ. અહીંઆં એક વાત મારે ખાસ કરીને કહેવાની જરૂર છે. કામશાસ્ત્ર પણ એક ઉપયોગી વિષય છે. તેનું જ્ઞાન મેળવવું, પણ તેનો જ્યાં ત્યાં ફેલાવો ન કરવો. યોગ્ય પાત્ર પાસેજ એ વિષયની ચર્ચા થાય તો હાની નથી. નાટય શાસ્ત્રનું જ્ઞાન પણ આવશ્યક છે; પરંતુ નાટકનો ધંધો કરવો એ ઇષ્ટ નથી. આ ઉપરથી તમે જોઈ શકશો કે ચોક્કસ વિષયો એવા છે કે જે જાણવા એટલા બધા હાનિકારક નથી; પરંતુ તેનો આંખો મીંચીને દુરૂપયોગ કરવો, એજ વસ્તુત: નુકશાનકારક છે.

શિષ્ય—મંત્ર શાસ્ત્રના સંબંધમાં પણ એમજ હશે ?

સૂરિ—વિવેકી પુરૂષો મંત્રશાસ્ત્રનો અભ્યાસ જેની તેની પાસે કરતા નથી. તેમાં સૌ પહેલાં મંત્ર આપનાર ગુરૂનો અતિશય વિચારવો જોઈએ. જો ગુરૂ પોતે પવિત્ર આચાર -વિચાર ધરાવનારા હોય, સંપૂર્ણ પ્રભાવિકતાવાળા હોય તોજ તેમની પાસે મંત્રનો અભ્યાસ કરવો. કુત્સિત ગુરૂ પોતાના અકલ્યાણની સાથે શિષ્યનું પણ અકલ્યાણજ કરે છે. વળી મંત્રના જીજ્ઞાસુએ બ્રહ્મચર્ય અને તપ-નિયમથી પોતાના તન-મનની બરાબર વિશુદ્ધિ સાચવવી જોઈએ, મંત્રોમાં જારણ-મારણ જેવા કેટલાક એવા મંત્રો છે કે જે લોકોનું અહિત કરવામાંજ ઉપયોગી થાય છે. એવા ક્રૂર મંત્રોનું નામ લેવું એ પણ પાપ છે; તો પછી તેનો અંગીકાર તો કેમ થઇ શકે જ ? જે મંત્રોવડે પોતાનું અને વિશ્વનું શુભ

ન થાય તે મંત્રોનો ઉચ્ચાર સરખો પણ ડાહ્યા મનુષ્યોએ ન કરવો જોઇએ. જગતમાં જો કોઇ મહાન મંત્ર હોય તો તે એક નવકાર મંત્ર છે. તેના સ્મરણ અને જાપથી સેંકડો પ્રકારના ઉપદ્રવો દૂર થઇ શકે છે. એવા ગંગાજળ જેવા પવિત્ર મંત્રને મુકી જે લોકો ખાળકુંડીના પાણી જેવા મલિન મંત્રોનો આશ્રય લે છે, તેઓ પોતાનું યથાર્થ કલ્યાણ સાધી શકતા નથી.

શિષ્ય—મેં એ નવકાર મંત્રનો મહિમા આપના શ્રીમુખથીજ ઘણીવાર સાંભળ્યો છે. મને તેમાં પૂર્ણ શ્રદ્ધા છે.

સૂરિ—આજે એ મહા મંગલકારી પવિત્ર નવકારના સ્મરણ સાથેજ આપણો આજનો વાર્ત્તાલાપ પુરો કરીશું તો "એક પંથને દો કાજ"ની કહેવત બરાબર સાર્થક થશે.

શિષ્ય—જેવી આજ્ઞા.



(૧૧) વિષ ચિકિત્સા.

શિષ્ય—ગઇ કાલના વાર્ત્તાલાપમાં વિષચિકિત્સાનો ઉલ્લેખ આપે કર્યો હતો. આજે હું એ વિષયમાં કંઇક અધિક જાણવાની ઇચ્છા રાખું છું.

સૂરિ—પહેલી વાત તો એજ છે કે જીવવાની ઇચ્છા રાખનાર સ્ત્રી-પુરૂષોએ બની શકે ત્યાંસુધી વછનાગ, ઝેરકો

ચહ્યું : સોમલ વિગેરે સ્થાવર વિષનું ભક્ષણું ન કરવું તથા જંગમ વિષને ધારણ કરનારા સર્પાદિક જીવ-જંતુઓનો સ્પર્શ ન કરવો.

શિષ્ય—સર્પો મનુષ્યોને શા માટે કરડતા હશે ? તેમજ તે વિષ કેવી રીતે નિવૃત્ત થાય ?

સૂરિ—સર્પો કાંતો કોઈ દેવ વિશેષની આજ્ઞાથી, કોપથી, મદોન્મત્તપણાથી, ભૂખથી અથવા તો પૂર્વ ભવના વૈરભાવથી પોતાની જતના ન કરનાર બીજા પ્રાણીયોને કરડે છે. સર્પાદિક પ્રાણીયોનું વિષ ઉતારનારા દેવ-દેવતાઓ, માંત્રિકો તથા વૈદો જન સમાજનો મોટો આશિર્વાદ મેળવે છે. તે સિવાય ઝેરથી પીડાતા મનુષ્યનું જાંગુલી, કુરૂકુલ્લા, તોતલા તથા ગરૂડ એ ચાર જણ રક્ષણ કરી શકે છે. હવે ઝેર ઉતારવું હોય તો સૌ પ્રથમ ઝેરથી પીડાયલા માણસનું કાલ-લક્ષણ જોવું. અર્થાત્ જે વખતે ઝેર ચડયું હોય તે વખત કેવો હતો તે તપાસવું પછી જીવવાનાં લક્ષણ જોવાં અને તે પછી માં[illegible] [illegible] [illegible] વાર, તિથિ, રાશી, નક્ષત્ર, દિશા, [illegible]

[illegible]

શિષ્ય—[illegible]

સૂરિ—[illegible]

સંબંધમાં એવો નિયમ જણુવામાં આવ્યો છે કે મંગળવારે, રવીવારે અને શનિવારે, પ્રભાતકાળે તથા સાયંકાળે અથવા સૂર્યની સંક્રાન્તિ વખતે જેને સર્પદંશ થાય તે મરણ પામી દેવાંગનાઓ સાથે ક્રિડા કરે. તિથિના સંબંધમાં એવો ઉલ્લેખ જોવામાં આવે છે. કે પાંચમ, છઠ આઠમ, નવમી અને ચૌદશ કે અમાસ એમાં કોઈ પણ તિથિએ સર્પદંશ થાય તો તે માણસ અવશ્ય મરણ પામે. રાશિના સંબંધમાં એવું કહેવામાં આવ્યું છે કે ચંદ્રમાના યોગથી દગ્ધ થયેલી તિથિને દિવસે જેને સર્પદંશ થાય તેનું જીવન સંશયાત્મક સમજવું અર્થાત્ તે જીવશે કે મરી જશે તે એક શંકાસ્પદ વિષય બની રહે છે. હવે દગ્ધ તિથિની બાબતમાં એવો નિયમ છે કે મીન અથવા ધન રાશીમાં ચંદ્ર હોય તો દ્વિતીયા (બીજ) કુંભ અથવા વૃષભ રાશીમાં હોય તો ચતુર્થી (ચોથ) કર્ક અથવા મેષ રાશીમાં હોય તો ષષ્ઠી (છઠ) કન્યા અથવા મિથુન રાશીમા હોય તો અષ્ટમી (આઠમ) સિંહ અથવા વૃશ્ચિક રાશીમા હોય તો દશમી (દશમ) અને મકર અથવા તુલા રાશી હોય તો દ્વાદશી (બારસ) દગ્ધ થાય છે. નક્ષત્રના સંબંધમા એવો નિયમ છે કે મૂળ, અશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, ભરણી, અશ્વિની, કૃત્તિકા, આર્દ્રા, વિશાખા અને રોહીણી એમા કોઈ પણ નક્ષત્રને વિષે જેને સર્પદંશ થાય તેનુ મરણ નીપજે. વળી એમ પણ કહેવામા આવ્યુ છે કે નૈઋત્ય, આગ્નેય અને દક્ષિણ એ ત્રણ દિશા

મુકીને બીજી કોઇપણ દિશાથી આવેલા સર્પાદિક જેને દંશ કરે તે માણસ જીવે એમાં સંશય નથી.

શિષ્ય—સર્પ દંશના આકાર—પ્રકાર ઉપરથી દરદીનું ભવિષ્ય સમજી શકાય ?

સૂરિ—જેમાંથી પાણી અને લોહી જૂદું જૂદું ઝરતું હોય એવા ચારદંશ (ડંખ) સાથે થયા હોય તો તે, એકજ દંશ જો સોજાવાળો, જલના ભમરા સરખો અને ઝીણો, કાગડાનાં પગ સરખા આકાર વાળો, લોહીથી ઝરતો અને ખાડાવાળો હોય તો તે, ત્રણ રેખાવાળો કાળો અને સુકાયેલો હોય તો તે અવશ્ય પ્રાણ નાશ કરે. તેથી ઉલટું જે દંશ કીડીના ચટકા જેવો, વિંધ્યા જેવો અને બળતરા તથા ખરજ ઉપજાવનારો ન હોય તો તે ઝેર વિનાનો સમજવો.

શિષ્ય—દંશ થયા પછી જે દૂત માંત્રિકની પાસે જાય તે દૂતના હાવભાવ અને અંગભંગી ઉપરથી કંઇ અનુમાન નીકળે ખરૂં ?

સૂરિ—જે દૂત માથે તેલ ચોળી, વાળ છુટા રાખી, ઉઘાડે માથે અને હાથમાં શસ્ત્ર લઇ આવેલો હોય, લથડતાં વચનો બોલતો હોય, બે હાથ ઉંચા કરી ઉભો રહેલો હોય, રોગી હોય કિંવા આકુળ-વ્યાકુળતા ધરાવતો હોય, ગધેડું પાડું અથવા ઉંટ ઉપર બેસીને આવેલો હોય, ભયભીત જેવો જણાતો હોય, આંખોમાં ચંચળતા પ્રકટી આવતી હોય, પહેરેલા વસ્ત્ર વિના બીજું એકે વસ્ત્ર ન ધરાવતો હોય, મોઢું ઢાં-

કીને કે જીર્ણ વસ્ત્ર પહેરીને આવ્યો હોય, નદી ઉતરવાથી લોથ પોથ થઈ ગયો હોય, રીસાયેલા જેવો લાગતો હોય તેવો દૂત, વૈદ્ય અથવા માંત્રિકને બોલાવવા આવે તો ઝેરથી પીડાતો રોગી મરણ પામે. એથી ઉલટું જે દૂત સ્થિર, મધુર વચન બોલનારો, હાથમાં ફુલ તથા અક્ષત લઇ આવેલો હોય, ખૂણાની દિશાઓ મુકી દઇ પૂર્વ આદિક ચાર દિશાઓમાંની એક દિશામાં ઉભો રહેલો હોય, રોગીની જાતનો અથવા ધર્મનો હોય તેવો દૂત, વૈદ્ય અથવા માંત્રિકને બોલાવવા આવે તો ઝેરથી પીડાતા મનુષ્યનું ઝેર ઉતરી જવું જોઇએ એવું અનુમાન થઈ શકે.

શિષ્ય—દૂત એકી સાથે કેટલા મોકલવા જોઇએ ?

સૂરિ—દૂત વિષમ સંખ્યામાં એટલે કે એક, ત્રણ, પાંચ ઇત્યાદિ પરિમાણમાં મોકલવા શ્રેષ્ટ ગણાય છે. તેમજ સ્ત્રીને જો દંશ થયો હોય તો તેના તરફથી સ્ત્રી–દૂત અને પુરૂષને દંશ થયો હોય તો તેના તરફથી પુરૂષ-દૂત જાય એ શ્રેષ્ટ ગણાય છે.

શિષ્ય—[illegible] માંત્રિકની પાસે કે વૈદ્યની પાસે જઇને ઉભા રહી [illegible] પોતાના આવવાનો હેતુ કહી રહ્યા હોય [illegible] થઈ શકે ખરી?

સૂરિ—[illegible] પીડાતા માણસનું નામ પ્રથમ ઉચ્ચારી પાછ- [illegible] નું નામ લે તો માંત્રિકે જાણવું કે [illegible] માણસને યમનું આમંત્રણ આવ્યું

મૂકયો છે માટે એને તમે મૂકી દ્યો" એમજ કહે છે. અર્થાત્ ઝેરથી પીડાતો માણસ જીવે નહીં. એમ માંત્રિકે સમજી લેવું. માંત્રિકના ઘરમાં પેસતાં જો દૂતનો જમણો પગ આગળ હોય તો ઝેરથી પીડાતો પુરૂષ છે અને ડાબો પગ આગળ હોય તો ઝેરથી પીડાતી સ્ત્રી છે એમ નિશ્ચય પૂર્વક જાણી લેવું. પછી આગળ આવીને દૂત ઉભો રહે અને પોતાના શરીરના જે ભાગને સ્પર્શ કરે તે ભાગને વિષે સર્પે ડંખ દીધો છે એવી માંત્રિક કલ્પના કરે તો તેમાં કાંઇ સંશય નથી. હવે આગળ ઉભા રહેલા દૂતની જો ડાબી નાસિકા વહેતી હોય તો "ઝેરથી પીડાતા માણસની વ્યથા મટશે" [illegible] ભવિષ્યકથનની વાણી કહી [illegible] દૂતને આપવામાં કંઈ હરકત નથી. કારણ કે ડાબી નાસિકામાંનો સ્વર જે દૂતનો ચા[illegible] [illegible]

પછી પોતાનું મુખ ઉઘાડું રાખે તો તે દરદી મરણ પામ્યો હોવો જોઈએ, એમ માની શકાય. ધારો કે દૂત રાત્રીના સમયે માંત્રિકના નિવાસસ્થાને પહોંચે અને અંધકારને લીધે દૂતનું મુખ બરાબર ન જોઈ શકાય તો માંત્રિક પુરૂષ પોતાના મુખના બંધ થવા પ્રમુખ ચિન્હો ઉપરથી નિર્ણય કરી લે.

શિષ્ય—શરીરની અંદર એવા કયા મર્મસ્થાનો છે કે જ્યાં વિષમય દંશ થાય તો તે પ્રાણઘાતકજ થઈ પડે ?

સૂરિ—આપણા શરીરમાં એવા ૧૯ મર્મસ્થાન છે. તેમાં (૧) કંઠ, (૨) છાતી, (૩) લીંગ, (૪) મસ્તક, (૫) દાઢી, (૬) ગુદા, (૭) નાક, (૮) બે ભમરનો મધ્યભાગ, (૯) નાભી, (૧૦) હોઠ, (૧૧) બે સ્તન, (૧૨) હાથ તથા પગનાં તળીયાં, (૧૩) આંખનો કાન પાસેનો ભાગ, (૧૪) ખભો, (૧૫) કાન, (૧૬) કપાળ, (૧૭) બન્ને આંખો, (૧૮) કપાળના માથાના વાળ પાસેના ભાગ અને (૧૯) કાખ. એટલા સ્થાનકે જે માણસને ડંખ થાય તે પ્રાય. મૃત્યુ પામે.

શિષ્ય—જે માણસ પ્રાણઘાતક ઝેરથી પીડા પામી રહ્યા હોય તે કેવા લક્ષણો પ્રકટ કરે ?

સૂરિ—ઝેરથી પીડાતા જે માણસના વાળ તુટે, આંખમાં સફેદ બિંદુ દેખાય, ગળું રૂંધાઈ, શરીર ઠંડુ પડવા લાગે, હેડકી આવે, ગાલ કરમાવા લાગે, ફેર આવે, બેભાન બને, શરીર સુકાતુ જાય, સૂર્ય અને ચંદ્ર પ્રત્યક્ષ છતાં નજરે ન જોઈ શકાય, શરીર ધ્રુજે, તૂટવા લાગે, આંખો રાતી થાય,

[illegible] થઈ, મોંમાંથી લાળ ગરે, નાસિકા સુકાય, શરીર [illegible] [illegible], મોંમાંથી જે શબ્દો નીકળે તે અનુનાસિકવાળા લાગે, [illegible] વસ્તુમાં બીજી વસ્તુનો ભાસ થાય, બગાસાં આવે, [illegible] [illegible], [illegible] વિકૃત થઈ જાય, શરીરને છેદવા છતાં તેમાંથી [illegible] ન નીકળે, લાકડીનો આઘાત કરવા છતાં તેનું ચિન્હ [illegible] ન થાય, બે નાકની નીચે અને ગળામાં [illegible] [illegible] નો બંધ પડે, કાનની પાછળ દાંતના આકાર પ્રગટ [illegible], નિઃશ્વાસ [illegible], ડાક ઠરે નહીં, [illegible] [illegible] નાગવાથી તેની [illegible] પસરી જાય, [illegible] [illegible] છતાં [illegible] ની મેળે [illegible] જાય, [illegible] [illegible] અથવા નાસિકાના અગ્ર ભાગને ન જોઈ શકે, [illegible] વિષયો ન જાણી શકે, નાસિકામાંથી [illegible] નીકળવા લાગે, [illegible]

[illegible]

નિકળ્યા કરતો હોય, વારંવાર મૂર્છા આવતી હોય, આંખો દિવસના ભાગમાં સફેદ, સંધ્યા સમયે રાતી અને રાત્રીના વખતે કાળી પડી જતી હોય તો તે ઝેરથી પીડાતો માણસ અવશ્ય મરણ પામે. આ જે લક્ષણો કહ્યાં તે બધાં એક રોગીમાં હોવા જોઇએ એમ સમજવાનું નથી. કેટલાક લક્ષણો હોય અને બીજા ન પણ હોય એ બનવાજોગ છે.

શિષ્ય—કેવા લક્ષણોવાળો દરદી બચી જાય?

સૂરિ—ઝેરથી પીડાતા માણસને શરીરે ઠંડા પાણીની ધાર કરવાથી જો તે રોમાંચ ઉભા કરે અથવા હીલચાલ કરે તો મંત્ર તેમજ ઔષધાદિના ઉપચાર ફતેહમંદ નીવડે અર્થાત્ એવી સંજ્ઞાવાળો દરદી સાજો થાય, હાથના નખો વડે પાણીના બિંદુઓ જ્યારે દરદીની આંખમાં છાંટવામાં આવે તેજ વખતે જો ઝેરથી પીડાતો દરદી પોતાની આંખો મીંચવા મંડી જાય તો સમજવું કે એવો દરદી વિષથી મરણ ન પામે. દરદીના હાથના નખના માંસને નખવતી દાબવાથી જો દરદીને વેદના થાય તો સમજવું કે હજી વિષની અસર પુરા પ્રમાણમાં થઈ નથી અને તેથી દરદી જીવી જાય.

શિષ્ય—સર્પદંશની સાથે સ્થાનનો કંઈ સંબંધ હશે?

સૂરિ—દેરામાં, ચિતામાં, રાફડામાં, પર્વતમાં, ઝાડના તળે, કુવા કાંઠે અથવા નદીના કિનારે, વેલડીઓ તથા ઝાડથી ઢંકાયેલા પ્રદેશમાં, સ્મશાનમાં, જીર્ણઘરમાં, પત્થરના ઢગ-

લામાં, દેવસ્થાન આદિકમાં જેને સર્પદંશ થાય તે અવશ્ય મરણ પામે. એવો સ્થાનપ્રભાવ શાસ્ત્ર પ્રસિદ્ધ છે.

શિષ્ય—હવે સર્પનું વિષ કેવી રીતે ઉતારી શકાય ?

સૂરિ—પણ તે પહેલાં ઝેરના પ્રકાર જાણવા જોઈએ અને એ પ્રકાર બરાબર સમજી શકાય એટલા માટે નાગને વિષનો ઉદય કયે સમયે થાય છે તે જાણવું જોઇએ. ઝેરના પ્રકાર જાણ્યા વિના ઝેરના ઉપાય જોઇએ તેવા કાર્યસાધક થતા નથી.

શિષ્ય—ત્યારે સર્પના વિષનું અને સર્પનું સ્વરૂપજ વર્ણવો, સાથે તેના વિષનો ઉદયકાળ પણ ટુંકામાં આવી જાય તો ઠીક.

સૂરિ—**વાયુમય વિષને** ધારણ કરનારો અને જાતે બ્રાહ્મણ એવો **અનંત** નામનો નાગ **રવિવારે** પોણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ કરે છે. તેને મસ્તકે કમલ હોય છે તથા શરીરે સફેદ વર્ણનો હોય છે. બીજો **અગ્નિમય વિષને** ધારણ કરનારો **વાસુકી** નામે ક્ષત્રીય જાતિનો નાગ **સોમ-વારે** પોણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ કરે છે. તેનું શરીર સુંદર હોય છે, તેના માથા ઉપર નીલ કમળ હોય છે. જગતનું રક્ષણ કરનાર અને **પૃથ્વીમય વિષને** ધારણ કરનાર તક્ષક નામે વૈશ્ય જાતિનો નાગ **મંગળવારે** પોણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ કરે છે. તેનું શરીર રાતું હોય છે, તેને મસ્તકે સાથીઆનું ચિન્હ હોય છે. **જળમય** વિષને ધા-

ણ કરનારો કર્કોટક નામે શુદ્ર જાતિનો નાગ બુધવારે પો-
ણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ કરે છે. તેના શરીરનો
રંગ અંજન સરખો હોય છે, તેના શરીર ઉપર ત્રણ રેખાઓ
હોય છે. માહેંદ્ર વિષને ધારણ કરનારો પદ્મ નામે શુદ્ર જા-
તિનો નાગ ગુરૂવારે પોણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ
કરે છે. તેના શરીરનો રંગ સુવર્ણ સરખો હોય છે, તેના શરીર
ઉપર ચંદ્રમા સરખા પાંચ સફેદ બિંદુઓ હોય છે. જળમય
વિષ ધારણ કરનારો મહાપદ્મ નામે શુદ્ર જાતિનો નાગ શુક્ર-
વારે પોણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ કરે છે. તેના
શરીરનો રંગ મેઘ સરખો હોય છે, તેના મસ્તકે ત્રીશૂળ હોય
છે. તેજોમય વિષ ધારણ કરનારો શંખ નામે ક્ષત્રીયજાતીનો
નાગ શનીવારે પોણાચાર ઘડી સુધી ઝેરનો ઉદય ધારણ કરે
છે, તેના શરીરનો રંગ અરૂણ સરખો રાતો હોય છે, તેને ગળે
સફેદ રેખાઓ હોય છે. વાયુમય વિષ ધારણ કરનારો રાહુ
સરખો કુલિક નામે બ્રાહ્મણ જાતીનો નાગ સર્વવારને વિષે
ચોઘડીયાના સુધી કાળમાં ઝેરનો ઉદય ધારણ કરે છે, તેના
શરીરનો રંગ સફેદ હોય છે.

શિષ્ય—આપે જે વિષની ગણના કરાવી તેમાં સુસાધ્ય
અને દુઃસાધ્ય કયા કયા હશે ?

સૂરિ—સામાન્ય રીતે દિવસ તથા રાત્રીનો સર્વ સમય
વિષમય ગણાય છે, પણ તેમાં ત્રણ ભાગ પડે છે. પ્રથમ અ-
ગ્નિમય વિષ, મધ્યમાં માહેંદ્ર વિષ અને પાછલે ભાગે જળમય

વિષ, હવે પહેલું અગ્નિમય વિષ મહા દુઃસાધ્ય અને દુઃખદા-યક ગણાય છે, બીજું માહેંદ્રવિષ કષ્ટસાધ્ય, એટલે કે મહેનતથી પણ ઉતરી શકે એવું મનાય છે અને ત્રીજું જળમય વિષ સુસાધ્ય સુખેથી ઉતારી શકાય એવું હોય છે.

શિષ્ય—સુસાધ્ય હોવા છતાં પણ જો તે વિષ દૂર ન થાય તો ?

સૂરિ—તો ત્યાં અપરાન્તયોગ જાણવો.

શિષ્ય—અપરાંત યોગની સ્થિતિનું પ્રમાણ કેવી રીતે અંકાય છે ?

સૂરિ—રવિવાર, રોહીણી નક્ષત્ર તથા અમાવાસ્યા હોય તો બે પહોર સુધી અને સોમવાર, અશ્લેષા નક્ષત્ર તથા અષ્ટમી તિથિ હોય તો ચાર પહોર સુધી વિષની મર્યાદા રહે છે. નવમીને દિવસે મંગળવાર તથા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય તો એક સરખી છ પહોર સુધી અને ચતુર્થીને દિવસે બુધવાર તથા અનુરાધા નક્ષત્ર હોય તો આઠ પહોર સુધી વિષની મર્યાદા રહે છે. પ્રતિપદાને દિવસે ગુરૂવાર તથા જ્યેષ્ઠા નક્ષત્ર હોય તો બાર પહોર સુધી અને તૃતીયાના દિવસે શુક્રવાર તથા મઘા નક્ષત્ર હોય તો બત્રીસ પહોર સુધી વિષની મર્યાદા હોય છે. ચતુર્દશીને દિવસે શનિવાર તથા આર્દ્રા નક્ષત્ર હોય તો છ દિવસ સુધી વિષની મર્યાદા હોય છે એવી રીતે કેટલાક લો-કોએ તે તિથિ, વાર અને નક્ષત્રના યોગથી અપરાંત યોગ માન્યો છે.

શિષ્ય—એજ વાત જરા પ્રકારાન્તરે અને સ્પષ્ટતાથી સમજાવશો ?

સૂરિ—ભલે, પહોરનો પહેલો અને છેલ્લો અર્ધભાગ દિવસ સંબંધી વારના દિવસે તથા રાત્રીએ પણ જાણવો. દિવસે તે તેના છઠ્ઠાનો શેષ અને રાત્રીએ પાંચમાનો શેષ હોય છે. સૂર્યાદિકને વિષે છઠ્ઠે વિવર્ત્તે દિવસમાં રવિ, શુક્ર, બુધ, ચંદ્ર, શનિ, ગુરૂ, અને મંગળ જાણવા તથા રાત્રિએ પાંચમે વિવર્ત્તે રવિ, ગુરૂ, ચંદ્ર, શુક્ર, મંગળ, શનિ અને બુધ જાણવા. એ પ્રમાણે નાગના અર્ધ પ્રહર થયા. એમાં શનીને વિષે કાળ, અપરાન્ત અને જીવ એવી રીતે એ ત્રણ વસ્તુઓ સમજવી.

રવિવારને દિવસે કાળ સર્પનો દંશ થાય તો પણ માણસ અઠાવીશ ઘડી સુધી જીવે. તેટલો સમય વ્યતીત થઇ જવા છતાં મરણ ન થાય તો કાળનું મર્મ ત્રુટી ગયું એમ સમજવું. રવિવારે વીશ ઘડી સુધી અપરાન્ત હોય છે. તે તેટલી મુદત સુધી ઝેરથી પીડાતા માણસને સ્વસ્થ રાખે છે. પછી અઢાર ઘડી સુધી નિશ્ચયપૂર્વક બેભાન બનાવી દે છે.

સોમવાર વિગેરે દિવસોને વિષે પણ એ રીતેજ કાળની અને અપરાન્તની ઘડીઓ સમજી લેવી. તેમાં પહેલાં કાળની અને ત્યારબાદ અપરાન્તની ઘડીઓ અનુક્રમે આવે છે. અર્થાત્ સોમવારને દિવસે કાળની ચોવીસ, રોગીને સ્વસ્થ રાખનારી અપરાંતની સોળ, અને તે પછીની બેભાનપણાની અઢાર ઘડી સ્પષ્ટરીતે જણાઇ આવે છે. મંગળવારને દિવસે પહેલાં કાળ-

ની વીશ, રોગીને સ્વસ્થ રાખનારી અપરાન્તની બાર, તે પછી બેભાન રાખનારી મોહની છત્રીસ ઘડી હોય છે. બુધવારને દિવસે પહેલાં કાળની સોળ ઘડી, પછી સ્વસ્થ રાખનારી અપરાન્તની આઠ ઘડી અને તે પછી દોઢ દિવસ સુધી મોહ-મૂર્છા રાખનારી મર્યાદા હોય છે. ગુરૂવારે કાળની બાર, અપરાન્તની ચાર, તથા મોહની બે દિવસ અને છ ઘડી સુધીની મર્યાદા હોય છે. શુક્રવારે કાળની આઠ ઘડી, અપરાન્તની અઠાવીશ ઘડી અને તે પછી મોહના ચાર દિવસની મર્યાદા હોય છે. શનિવારને દિવસે કાળની ચાર ઘડી, અપરાન્તની ચોવીશ ઘડી અને મોહના સાડા છ દિવસ સમજવા. શનીવારે છેલ્લો અર્ધ ભાગ કાળનો ગુરૂવારે છેલ્લી ઘડી અપરાન્તની હોય છે તથા સર્વ પહોરને છેડે નિરંતર કાળ હોય એ નિર્વિવાદ છે.

શિષ્ય—રોગીના દેહ ઉપરથી અપરાન્તની કંઈ માહિતી મળે ?

સૂરિ—ઝેરથી પીડાતા રોગીના નાભિપ્રદેશના નીચલા ભાગમાં જો બળેલા જેવો ફોડકો પ્રગટ રીતે દૃષ્ટિગોચર થઈ શકે તો તે લક્ષણ ઉપરથી જાણી શકાય કે અપરાન્ત યોગ વર્તમાન છે.

શિષ્ય—આપે જે નાગના પ્રકાર વર્ણવ્યા તેમની ગતિ અને ક્રિયામાં કંઈ વિભિન્નતા હશે ?

સૂરિ—અનંત નામનો નાગ જમણી બાજુથી સુવે છે,

વાસુકી નામનો નાગ ડાબી બાજુથી જુવે છે, તક્ષક નાગ કાનને સ્પર્શ કરે છે અને કર્કોટક નાગ નાકને સ્પર્શ કરે છે. પદ્મ નાગ કંઠનો સ્પર્શ કરે છે, મહાપદ્મ ઘણો શ્વાસ મુકે છે, શંખ નામક નાગ ભૂમિ તરફ જોઇ હસે છે અને કુલીક નામનો નાગ ડાબી બાજુથી વીંટળાતો જાય છે.

શિષ્ય—ડંખનું ઝેર ડંખમાં કેટલો વખત રહે અને ત્યારપછી તે કેવી રીતે પ્રસરતું જાય ?

સૂરિ—ટીંચણને હાથે પ્રદક્ષિણા દઇ એક ચપટી વગાડતાં જેટલો વખત લાગે તેને એક માત્રાનો કાળ કહેવામાં આવે છે. ડંખમાં ઝેર બાવન માત્રા સુધી રહે છે પછી કપાળ, આંખ, મુખ, નાડીઓ અને સાતે ધાતુઓમાં પ્રસરી જાય છે.

શિષ્ય—પણ ઝેર શરીરના કયા ભાગ સુધી પહોંચ્યું છે તે શી રીતે જાણી શકાય ?

સૂરિ—ઝેર જો રસ ધાતુ સુધી પહોચ્યુ હોય તો ખરજ ઉત્પન્ન કરે, લોહીમાં મળ્યું હોય તો શરીરના બાહ્ય ભાગ ઉપર તાવ ઉપજાવે, માંસમાં મળ્યું હોય તો ઉલટી ઉત્પન્ન કરે અને મેદ ધાતુમાં પહોંચ્યું હોય તો બન્ને આંખને નુકશાન કરે, હાડમાં હોય તો મર્મ સ્થાનકે પીડા કરે, મજ્જામાં હોય તો શરીરની અંદર બળતરા ઉત્પન્ન કરે અને શુક્ર ધાતુમાં હોય તો મૃત્યુ પમાડે એ રીતે ધાતુના અનુક્રમથી સર્પના વિષની અસર જાણી શકાય છે.

શિષ્ય—ઝેર કયા ભાગ સુધી પહોંચ્યું હોય ત્યાંસુધી સુસાધ્ય ગણાય ?

સૂરિ—રસ, લોહી, માંસ અને મેદના સ્થાનક સુધી વિષ પહોંચે તેટલામાં જો તેની ચિકિત્સા કરવામાં આવે તો તે દૂર કરી શકાય છે. બાકીના સ્થાનકોમાં તે કષ્ટસાધ્ય, અતિશય કષ્ટસાધ્ય અને અસાધ્ય થતું જાય છે.

શિષ્ય—જૂદી જૂદી જાતના વિષની અસર પણ જૂદી જૂદી થતી હશે ?

સૂરિ—અગ્નિમય વિષ હોય તો તેથી ઘણો તાપ લાગે, વરૂણનું વિષ હોય તો તેથી જડતા-મૂર્છાવસ્થા ઘણો લાંબો વખત ચાલે અને જો વાયુનું વિષ હોય તો રોગીનો પ્રલાપ -બકબકાટ ચાલ્યા કરે. એ રીતે ઝેરના ત્રણ લક્ષણ સામાન્ય રીતે પ્રચલિત છે.

શિષ્ય—દરદીનું વિષ દૂર થશે કે નહીં તે તત્કાળમાં કેવી રીતે જાણી શકાય ?

સૂરિ—જેને સર્પદંશ થયો હોય તેની બન્ને આંખોમાં મરીનું બારીક ચૂર્ણ આંજવું, જો એ અંજનથી દરદીની આંખમાંથી આંસુ વહેવા લાગે તો સમજવું કે હજી દરદીને માટે જીવવાની આશા છે ખરી, જો એવું પાણી ન નીકળે તો જીવવાની આશા મુકી દેવી.

શિષ્ય—વિષમય સર્પદંશ થવા છતાં કેટલાક મનુષ્યો અણીશુદ્ધ બચી જાય છે તેનું શું કારણ ?

સૂરિ—એ કારણ જાણવું હોય તો તમારે મનુષ્યની અમૃતકળા ક્યારે કયા સ્થાને હોય તે સમજવું જોઈએ. તમારા હિતાર્થે એ બાબત જરા વિસ્તારથી કહીશ. શુકલ પક્ષના પડવાથી માંડી પુનમસુધી અનુક્રમે (૧) પગને અંગુઠે, (૨) પગને કાંડે, (૩) ઘુંટણે (૪) ઢીંચણે, (૫) લીંગ ઉપર, (૬) નાભિમાં, (૭) હૃદયમાં, (૮) સ્તનમાં, (૯) કંઠમાં, (૧૦) નાકમાં (૧૧) આંખમાં (૧૨) કાનમાં (૧૩) બે ભ્રમરમાં, (૧૪) લમણામાં કિંવા મસ્તકમાં અમૃતની કળા રહે છે. કૃષ્ણ પક્ષમાં—અંધારીયામાં પડવાથી માંડી અમાસ સુધી ઉપર કહ્યું તેથી બરાબર ઉલટા ક્રમમાં એટલે પડવાને દિવસે મસ્તકમાં, બીજાને દિવસે લમણામાં એ રીતે અમૃતની કળા રહે છે. પુરૂષ અને સ્ત્રીની અમૃતકળા-સ્થાનકમાં ફેર હોય છે. પુરૂષની જમણી બાજુએ અને સ્ત્રીની ડાબી બાજુએ અમૃતની કળા હોય છે. કાલ અને જીવ પણ એ અમૃત કળાની સાથે સાથેજ હોય છે. હવે તમારે ખાસ કરીને જે જાણવાની જરૂર છે, તે એજ કે અમૃતના સ્થાનકથી વિષનું સ્થાનક સાતમું હોય છે. અમૃતના સ્થાનકને મસળવાથી અમૃતની વૃદ્ધિ થાય છે. અને વિષના સ્થાનકને મસળવાથી વિષની વૃદ્ધિ થાય છે. અમૃતની કળા જ્યાં વસતી હોય ત્યાં કાળસર્પનો દંશ થાય તોપણ તે વડે મૃત્યુ નીપજતું નથી, વિષના સ્થાનકમાં નજીવો દંશ પણ તત્કાળમાં પ્રાણનાશક થઈ પડે છે. કામશાસ્ત્રના ગ્રંથોમાં ઉક્ત અમૃતકળા સંબંધી કેટલોક વિસ્તાર જોવામાં આવે છે, ત્યાં એવા

આશયનું કથન કરવામાં આવ્યું છે કે અમૃતનું સ્થાનક મ
ળવાથી સ્ત્રીઓ પણ અવશ્ય વશ થાય છે. વિશેષે કરીને ગુહ્ય
સ્થાને અમૃત કળા આવી હોય ત્યારે તેને મસળવાથી સ્ત્રીઓ
તત્કાળ વશીભૂત થઈ જાય છે. તે ગમે તેમ હો. જે માણસને
સર્પદંશ થયો હોય તે જો અમૃતકળાને વિષે રહેલા પ્રાણનું
પોતપોતાના આત્માને વિષે ચિંતન કરે તો તેથી વિષનો
નાશ થાય, એટલુંજ નહીં, પણ સતત્ એવો પ્રયત્ન કરનારની
તરૂણ અવસ્થા દીર્ઘકાળ પર્યંત ટકી રહે છે. તેનું શરીર
કાંતિમય બને છે અને વૃદ્ધાવસ્થાના કઠોર પંજામાંથી બચી
જાય છે.

શિષ્ય—વિષ ઉતારવાના વહેવારૂ પ્રયોગો વિષે આપે
હજી કંઈ કહ્યું નથી.

સૂરિ—પહેલો ઉપાય કે જે બહુ સાદો અને સહેજે અ-
જમાવી શકાય એવો છે તે જ કહું, જીભ તાળવે લગાડવાથી
જે અમૃત રસ ઝરે છે, તેનો ડંખ ઉપર લેપ કરવામાં આવે
તો વિષનો ક્ષણ માત્રમાં નાશ થાઇ છે. ડંખાયેલા માણુસને
ઘી પીવાથી, ચીભડાં વિગેરે ભક્ષણ કરાવવાથી અને ડંખ
ઉપર કાનનો મેલ અથવા કળીચુનો લગાડવાથી પણ આરામ
થઈ જાય છે. ધોળી સાટોડીના મુળીયાં પાણીમાં વાટીને
પાવાથી ઝેરની પીડા દૂર થાય છે, સુદર્શનનો કંદ અથવા
તુળસીના મુળીયાં પાણીમાં ઘસીને દરદીને પાયા હોય તોપણ
સારો ફાયદો કરે છે. અગથીયાના પાન પાણીમાં વાટી નાકમાં

તેનાં ટીપાં નાંખ્યા હોય તો રાક્ષસાદિક દોષ તથા વિષની પીડા દૂર થાય છે. એવા બીજા પણ કેટલાક પ્રયોગો છે.

શિષ્ય—આપે જે સરલ અને સહેજ પ્રાપ્ય પ્રયોગો કહ્યા તેજ બસ છે. આજે કેવળ વિષની ચર્ચામાંજ આપણો ઘણો ખરો સમય નીકળી ગયો. એવી વાતો ગુરૂગમથી જાણી હોય તો વધુ ઉપયોગી થાય એમ ધારી મેં આજે આપનો આટલો કીંમતી સમય લીધો છે. આચાર્ય મહારાજને જે જ્ઞાનસાગરનું વિશેષણ લગાડવામાં આવે છે, તે ખરેખર સાર્થક છે. આપની પાસે એવો કોઈ વિષય નથી કે જેમાં આપ ઉંડા ન ઉતરી શકતા હો. આજે આટલેથીજ વાર્ત્તાલાપ બંધ રાખીશું. હવેપછી હું દર્શનશાસ્ત્ર સંબંધી કિંચિત્ માહીતી મેળવવાની જીજ્ઞાસા રાખું છું.



(૧૨)
ષટ્દર્શન–મિમાંસા.

શિષ્ય—આજે ષટ્દર્શનની મુખ્ય મુખ્ય વાતો આપની પાસેથી જાણવા ઈચ્છુ છું. જૈન, મીમાંસક, બૌદ્ધ, સાંખ્ય, શૈવ અને નાસ્તિક એમ છ દર્શનો મારા સાંભળવામાં આવ્યા છે. પણ તેમાં પરસ્પર શો ભેદ છે તેમજ તેમની તર્ક પરંપરા કેવા પ્રકારની છે તે વિષે પ્રાયઃ અજ્ઞાનજ છું એમ કહું તો ખોટું નથી. સદ્ધર્મ સદ્દેવ અને સદ્ગુરૂની પ્રાપ્તિ કરી શકે એટલા

માટે મનુષ્યોએ દર્શન શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઇએ અને તેમાં જે નિર્દોષ-અબાધ અને સર્વજ્ઞ ભાષિત લાગે તેનો સ્વીકાર કરી માનવજીવન સફળ કરવું જોઇએ. દર્શનશાસ્ત્રના અભ્યાસથી આત્માને શાંતિ મળે છે, બુદ્ધિ નિર્મળ થાય છે એવો યત્ કિંચિત્ અનુભવ મને થયો છે, પરંતુ મારી પામર મતિ વિવિધ દર્શનોના યથાર્થ સ્વરૂપને પામી શકી નથી.

સૂરિ—આપણે જૈન દર્શનથીજ આજનો વાર્તાલાપ શરૂ કરીએ. સ્વધર્મની ખૂબીઓ જાણી લેવી અને તેનું માહાત્મ્ય વિચારવું એ પ્રત્યેક સ્વધર્મીની અનિવાર્ય ફરજ છે. તેમાં પણ જૈન દર્શન જેવું પવિત્ર-નિર્મળ અને સર્વજ્ઞ ભાષિત દર્શન પ્રાપ્ત થવા છતાં જે કોઈ પ્રમાદી બેદરકાર રહે તેને તો હું હીણભાગીજ લેખું. જૈન દર્શનમાં સદ્દેવ, સદ્ગુરૂ તથા સદ્ધર્મની જે સ્ફુટ વર્ણના આપવામાં આવી છે તેવી અન્ય કોઈ પણ દર્શનમાં નથી, એમ હું શ્રદ્ધા પૂર્વક કહી શકું છું. શ્રી જીનદેવ એ જૈન દર્શનમાં સદ્દેવરૂપે સુપ્રસિદ્ધ છે. અઢાર દોષો પૈકીનો એક પણ દોષ જેમનામાં ન હોય તે સદ્દેવ જૈન ધર્મને સન્માનનીય છે.

શિષ્ય—તે અઢાર દોષ કયા ?

સૂરિ—(૧) વીર્યાંતરાય, (૨) ભોગાંતરાય, (૩) ઉપભોગાંતરાય, (૪) દાનાંતરાય, (૫) લાભાંતરાય, (૬) નિદ્રા, (૭) ભય, (૮) અજ્ઞાન, (૯) દુગંછા, (૧૦) હાસ્ય, (૧૧) રતી, (૧૨) અરતી, (૧૩) રાગ, (૧૪) દ્વેષ,

(૧૫) અવિરતી, (૧૬) કામવિકાર, (૧૭) શોક અને (૧૮) મિથ્યાત્વ. જૈન દર્શનમાં સદ્‌ગુરૂ કોને કહેવાય તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે સમ્યગ્ જ્ઞાનનો ઉપદેશ કરે તે સદ્‌ગુરૂ ગણાય. અને જ્ઞાન, દર્શન તથા ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ કહેવાય છે. તેમજ જૈનમતમાં "સ્યાદસ્તિ, સ્યાદ્ નાસ્તિ" ઈત્યાદિક ભાંગાવાળો સ્યાદ્વાદ તથા પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણો મનાય છે. સર્વ જગત દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે.

શિષ્ય—સ્યાદ્ અસ્તિ અને સ્યાદ્ નાસ્તિ તેમજ દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય એ કથનનો ભાવ દાખલાથી સમજાવશો ?

સૂરિ—સ્યાદ્ અસ્તિ એટલે અમુક અપેક્ષાએ છે અને સ્યાદ્ નાસ્તિ એટલે અમુક અપેક્ષાએ નથી. દાખલા તરીકે ઘડો એ ઘડાની અપેક્ષાએ વિદ્યમાન છે, પણ વસ્રની અપેક્ષાએ ઘડો એ વસ્ર નથી. મતલબ કે એકજ વસ્તુમાં છે અને નથી એ બન્ને વાદ ઘટી શકે. વધારે સ્પષ્ટ રીતે કહું તો તમારામાં તમારા પિતાની અપેક્ષાએ પુત્રત્વ છે, પણ તમારા પુત્રની અપેક્ષાએ તમારામાં પિતૃત્વ હોઈ પુત્રત્વ નથી. વધારે વિસ્તાર થવાથી તમને કંટાળો આવશે એમ જાણી એ ચર્ચા લંબાવતો નથી. હું ધારૂં છું કે તમે મારો કથિતાશય સમજી શકયા હશો. હવે દ્રવ્ય અને પર્યાયની વાત કરૂં. માટીનો ઘડો નાશ પામવા છતાં તેના ઉપાદાન રૂપ જે માટી તેનો નાશ કદી

થતો નથી. એટલે ઘડો નાશ પામ્યો એમ કહેવામાં આવે ત્યારે પર્યાય રૂપ ઘડો નાશ પામ્યો એમ ગણાય; પણ માટી રૂપ દ્રવ્ય તો સદા વિદ્યમાનજ રહે છે. સુવર્ણના વિવિધ અલંકારો બને છે તે તમે જાણો છો. સુવર્ણ એ દ્રવ્ય છે જ્યારે અલંકાર એ પર્યાય રૂપ છે. એક અલંકારનો નાશ કરી બીજું અલંકાર ઘડાવી શકાય છે. અર્થાત્ એક પર્યાયનો નાશ થાય છે; પણ મૂળ દ્રવ્ય તો જેમનું તેમજ રહે છે. પર્યાય અને દ્રવ્યનું એ રહસ્ય જાણવા જોગ છે.

શિષ્ય—આપણામાં જે નવતત્ત્વો સ્વીકારવામાં આવ્યા છે તે કયા કયા ?

સૂરિ—(૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) સંવર, (૭) બંધ, (૮) નિર્જરા અને (૯) મોક્ષ. કેટલાક આચાર્યો, પુણ્ય અને સંવર તથા પાપ અને આશ્રવને જૂદા જૂદા નહીં ગણતા એકમાં બીજાનો સમાવેશ કરી દે છે; તેથી તેમનાં દૃષ્ટિબિંદુથી સાત તત્વો ગણાય છે. વસ્તુત: તેમાં કંઇ મહત્ત્વનો ભેદ નથી.

શિષ્ય—જીવ-અજીવ વિગેરેની વ્યાખ્યા પણ હશે ને?

સૂરિ—આગમાદિક ગ્રંથો અને સૂત્રોમાં તે વિષે જોઈએ તેટલો વિસ્તાર મળી આવે છે. તો પણ ટુંકામાં તેની વ્યાખ્યા એવી રીતે આપી શકાય કે જેમાં ચેતના હોય તે જીવ, જેમાં તેવી ચેતના ન હોય તે અજીવ, કર્મના શુભ પુદ્ગલ તે પુણ્ય, કર્મના અશુભ પુદ્ગલ તે પાપ, જીવનો કર્મની સાથે સંબંધ

થવો તે આશ્રવ, જીવને બંધન કરનારાં કર્મોને રોકવા તે સંવર, કર્મોનો બંધ થવો તે બંધ, કર્મને ખપાવવા તે નિર્જરા અને આઠે કર્મોને ખપાવી સર્વ પ્રકારના કર્મોથી છુટા થવું તે મોક્ષ. શ્રી જીન ભગવાને મોક્ષનું જે સ્વરૂપ ભાખ્યું છે તે પણ જાણવા જેવું છે. જેમની જ્ઞાન, દર્શન, વીર્ય અને સ્થિતિ એ ચારે વસ્તુ અનંત–કોઈ કાળે પણ નાશ ન પામે એવી છે, તથા આઠ કર્મના ક્ષયથી સિદ્ધશીલાએ રહેલા જીવનું પાછું આ સંસારમાં આવવાપણું રહેતું નથી તે મુક્તિ કહેવાય.

શિષ્ય—જૈન ગુરૂનું સ્વરૂપ કેવું હોય ?

સુરિ—ઓઘો ધારણ કરનારા, ગોચરી ઉપર પોતાનો નિર્વાહ કરનારા, કેશનો લોચ કરનારા, કોઈ પણ ઠેકાણે મમતા કે આસક્તિ ન રાખનારા અને ક્ષમાશીલ એવા શ્વેતાંબર જૈનના સાધુઓ હોય છે. દિગંબર જૈનના સાધુઓ કિંચિત્ ભિન્ન સ્વરૂપના હોય છે. કેશનો લોચ કરનારા, મોરપીછનો ઓઘો હાથમાં ધારણ કરનારા, નગ્ન રહેનારા અને ભીક્ષા આપનારનાજ ઘરે હાથ ઉપર ભીક્ષા લઈ ત્યાંજ ઉભા રહી આહાર કરનારા એવા દિગંબરી જૈનના સાધુઓ હોય છે.

શિષ્ય—દિગંબર અને શ્વેતાંબર સાધુઓમાં મહત્વનો શો ભેદ છે તે તો હું સમજ્યો. પણ બન્ને આમ્નાયના સિદ્ધાંતમાં મહત્વનો શો ભેદ છે તે જરા કહેશો ?

સુરિ—કેવળી ભોજન ન કરે અને સ્ત્રી મોક્ષે ન જાય એમ દિગંબરો કહે છે. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે મ્હો-

ટાગાં મ્હોટો અને સદાકાળનો જો કોઇ ભેદ હોય તો તે એજ છે.

શિષ્ય—હવે મીમાંસક મતની માનીનતાઓ શું છે?

સૂરિ—મીમાંસક મતમાં પણ બે સંપ્રદાયો જોવામાં આવે છે. એક કર્મમીમાંસક અને બીજો બ્રહ્મમીમાંસક. કુમારીલ ભટ્ટ અને પ્રભાકર કર્મમીમાંસક તરીકે સુપ્રસિદ્ધ છે. વેદાંતી લોકો બ્રહ્મમીમાંસક હોવાથી તેઓ બ્રહ્મ માને છે.

શિષ્ય—કુમારીલ ભટ્ટ, પ્રભાકર અને વેદાન્તીઓ વચ્ચે મતભેદ કયાં છે?

સૂરિ—ભટ્ટના મત પ્રમાણે પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તી અને અનુપલબ્ધી, એ છ પ્રમાણ ગણાય છે. પ્રભાકરના મતાનુસાર અનુપલબ્ધી બાદ કરતાં બાકી રહેલા પાંચ પ્રમાણ ઉપર ભાર મુકવામાં આવે છે. અદ્વૈતવાદી વેદાંતીઓ પ્રભાકરનાં સ્વીકારેલા પ્રમાણને માને છે; છતાં મુક્તિની બાબતમાં તેઓ જુદા પડે છે. અર્થાત અદ્વૈતવાદી વેદાંતીઓ સર્વજગતને બ્રહ્મરૂપ માને છે અને પોતાના સ્વરૂપમાં લય પામવું એજ તેમને મતે મુક્તિ મનાય છે.

શિષ્ય—તેમનામાં ભટ્ટ તથા સન્યાસીઓ હોય છે તેમની રહેણી-કરણી કેવી હોય છે?

સૂરિ—પાપકર્મને વર્જનારો, ભણવું-ભણાવવું ઇત્યાદિકજ ક્રિયાઓને યથાવિધ કરનારો, શુદ્રનું અન્ન વિગેરે ન લેનારો, જનોઇ ધારણ કરનારો એવો બ્રાહ્મણ જાતીનો ગૃહસ્થ

ભટ્ટ કહેવાય છે. વેદાન્તી મતના બ્રાહ્મણ સંન્યાસીઓ "ભગવન્" એવા નામથી ઓળખાય છે. તે સંન્યાસીઓ જનોઈ ધારણ કરતા નથી, તેઓ બ્રાહ્મણને ઘેર જમે છે અને એક બ્રહ્મનેજ સદ્વસ્તુ માને છે. આ સંન્યાસીઓમાં પણ ચાર પ્રકાર હોય છે. એક કુટીચર, બીજા બહુદક, ત્રીજા હંસ અને ચોથા પરમહંસ. આ ચાર પ્રકારમાં એકથી બીજો અને બીજાથી ત્રીજો એમ ઉત્તરોત્તર શ્રેષ્ઠ ગણાય છે.

શિષ્ય—બૌદ્ધમતની માનીનતાઓ શી છે ?

સૂરિ—બૌદ્ધો બુદ્ધને દેવ તરીકે માને છે. જગતને ક્ષણભંગુર કહે છે અને આર્યસત્તા નામથી પ્રસિદ્ધ એવાં ચાર તત્ત્વ સ્વીકારે છે. આ ચારના નામ (૧) દુઃખ, (૨) આયતન, (૩) સમુદાય અને (૪) માર્ગ એ પ્રકારે છે.

શિષ્ય—તેમની પ્રત્યેકની વ્યાખ્યા પણ હોવી જોઈએ ?

સૂરિ—સંસારી જીવના સ્કંધ તે દુઃખ કહેવાય છે. બૌદ્ધ મત પ્રમાણે એવા પાંચ સ્કંધ છે. (૧) વિજ્ઞાન સ્કંધ, (૨) વેદના સ્કંધ, (૩) સંજ્ઞા સ્કંધ (૪) સંસ્કાર સ્કંધ અને (૫) રૂપ સ્કંધ. આયતનના પ્રકાર બાર છે. પાંચ ઇંદ્રિયો, પાંચ ઇંદ્રિઓના શબ્દાદિ વિષયો, અગીયારમું મન અને બારમું ધર્મ. આત્માત્મીય સ્વભાવ એવા નામથી પ્રસિદ્ધ જે રાગ-દ્વેષાદિ વિકારો મનુષ્યના મનમાં ભેગા થાય છે તે સમુદાય કહેવાય છે. સર્વ સંસ્કારો ક્ષણિક છે એવી

જે દઢ વાસના તેજ માર્ગ અને તેજ મોક્ષ એમ બૌદ્ધ મત કહે છે. તેઓ પ્રત્યક્ષ અને અનુમાન એવા બેજ પ્રમાણો માને છે.

શિષ્ય—બૌદ્ધોમાં પેટા સંપ્રદાયો હશે ?

સૂરિ—વૈભાવિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક એવા બૌદ્ધના ચાર સંપ્રદાયો છે. તેમાં વૈભાવિક જ્ઞાનનો વિષય થઇ શકે એવી વસ્તુમાત્રને માને છે, જ્યારે સૌત્રાંતિક લોકો કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી લેવાય એવી બાહ્ય વસ્તુને માનતા નથી. યોગાચાર મતવાળાને આચાર સહિત બુદ્ધિ સંમત છે. માધ્યમિક લોકો કેવળ પોતાને વિષેજ રહેલી સંવિદ (જ્ઞાન) ને માને છે. એક વાત એ ચારે સંપ્રદાયોને સંમત છે અને તે એજ કે રાગાદિક જ્ઞાનના સંતાન રૂપ વાસનાઓનો સમૂળ ઉચ્છેદ તે મુકિત.

શિષ્ય—બૌદ્ધ સાધુનું બાહ્ય સ્વરૂપ કેવું હોય ?

સૂરિ—ચર્મ, કમંડળ, શિરમુંડન, ચીર, બપોર પહેલા આહાર ગ્રહણ, સંઘ અને રાતાં વસ્ત્ર. એટલી વસ્તુઓ બૌદ્ધમતના યતિયોએ માનેલી છે.

શિષ્ય—સાંખ્ય મતનો શો સિદ્ધાંત છે ?

સૂરિ—સાંખ્ય લોકોમાં કેટલાકો શિવને અને કેટલાકો વિષ્ણુને દેવ તરીકે માને છે; પરંતુ તત્વોની ગણતરીમાં તેમની વચ્ચે કંઇ ભેદ નથી, તેઓ કહે છે કે મુખ્યત્વે સત્વ, રજ અને તમ એ રીતે ત્રણ ગુણ છે. જ્યારે એ ત્રણે ગુણો સામ્ય અવ-

સ્થામાં સરખા પ્રમાણમાં હોય ત્યારે તે પ્રકૃતીના નામથી ઓળખાય છે.

શિષ્ય—સાંખ્ય મતાનુયાયીઓ પ્રકૃતિમાંથી જગતની રચના કેવી રીતે માને છે ?

સૂરિ—પ્રકૃતિથી મહત્તત્વ, મહત્તત્વથી અહંકાર, અહંકારમાંથી પાંચ જ્ઞાનેંદ્રિયો-પાંચ કર્મેન્દ્રિયો, શબ્દ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ તન્માત્ર તથા મન થાય છે. પાંચ તન્માત્રથી અનુક્રમે પૃથ્વી, જળ, તેજ, વાયુ, અને આકાશ એ પાંચ મહાભૂતો થાય છે. આ સર્વ ચોવીશ તત્વરૂપ પ્રકૃતિને વિસ્તાર થયો. હવે પ્રકૃતિથી છેક વેગળો રહેલો પુરૂષ છે. તેને સાથે લેતાં આ પચીસ તત્વોથી થયેલું જગત્ સાંખ્યને મતે છે. તેઓ પ્રત્યક્ષ, અનુમાન અને ઉપમાન એ રીતના ત્રણ પ્રમાણ માને છે.

શિષ્ય-સાંખ્ય વાદીઓએ મુક્તિની કલ્પના કંઇ કરી છે ?

સૂરિ—જ્યારે પ્રકૃતિ અને પુરૂષ જૂદા પડે ત્યારે મોક્ષ થાય, એવી સાંખ્ય વાદીઓની કલ્પના છે. મોક્ષને તેઓ ખ્યાતિ એવા નામથી ઓળખે છે. તેમનામાં સંન્યાસીઓ હોય છે. તેમા કોઈ શિખાધારી હોય છે તો કોઇ જટાધારી હોય છે. અને કોઇક મુંડાવાળા હોય છે. તેઓ ભગવાં વસ્ત્ર પહેરે છે. વેષની બાબતમાં તે લોકો બહુ તકરાર લેતા નથી. માત્ર ઉપર કહેલા તત્વોની બાબતમાં તેઓ બહુ દ્રઢ આગ્રહ ધરાવતા હોય છે.

શિષ્ય—શૈવ મતના સ્વરૂપનો કંઇ ખ્યાલ આપશો ?

સૂરિ—શૈવ દર્શનમાં ન્યાય અને વૈશેષિક એ બે નામના તર્ક મત છે. ન્યાય મતમાં સોળ તત્ત્વો છે અને વૈશેષિક મતમાં છ તત્ત્વો છે. છતાં ખુબી એ છે કે સોળ તત્ત્વ માનનારાઓમાં અને છ તત્ત્વ માનનારાઓમાં તિવ્ર મતભેદ નથી. કારણ કે સોળ તત્ત્વોનો સમાવેશ પણ છ તત્ત્વોમાં થઇ જાય છે. બન્નેના મતમાં શિવ દેવ સ્વરૂપ મનાય છે. તે નિત્ય, સૃષ્ટિ-સ્થિતિ (રક્ષા) અને સંહારનો કર્ત્તા લેખાય છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એ ચાર પ્રમાણ ન્યાય મતને સંમાન્ય છે, જ્યારે વૈશેષિકમત પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એવા માત્ર ત્રણ પ્રમાણોજ માને છે.

શિષ્ય—આપે ન્યાયમતે જે સોળ પદાર્થો અને વૈશેષિકમતે છ પદાર્થો કહ્યા તે કયા કયા ?

સૂરિ—(૧) પ્રમાણ, (૨) પ્રમેય (૩) સંશય (૪) પ્રયોજન (૫) દ્રષ્ટાંત (૬) સિદ્ધાંત, (૭) અવયવ (૮) તર્ક (૯) નિર્ણય (૧૦) વાદ (૧૧) જલ્પ (૧૨) વિતંડા (૧૩) હેત્વાભાસ (૧૪) છળ (૧૫) જાતિ અને (૧૬) નિગ્રહ સ્થાન એ સોળ પદાર્થ ન્યાય મતમાં છે. જ્યારે (૧) દ્રવ્ય (૨) ગુણ (૩) કર્મ (૪) સામાન્ય (૫) વિશેષ અને (૬) સમવાય એ છ પદાર્થ વૈશેષકને મતે છે.

શિષ્ય—વૈશેષિક મતમાં જે છ પદાર્થ માન્ય હોવાનું આપે જણાવ્યું તેનો કંઇ વિસ્તાર હશે ?

સૂરિ—વૈશેષિકો દ્રવ્યના નવ ભેદ પાડે છે—જેમકે (૧) પૃથ્વી (૨) જળ (૩) તેજ (૪) વાયુ (૫) આકાશ (૬) કાળ (૭) દિશા (૮) આત્મા અને (૯) મન. આ નવ પદાર્થોમાં પૃથ્વી, જલ, તેજ અને વાયુ એ ચાર દ્રવ્ય કારણરૂપથી નિત્ય અને કાર્યરૂપે અનિત્ય ગણાય છે. આકાશ, દિશા, કાળ, આત્મા તથા મનને કેવળ નિત્ય માનવામાં આવે છે. વૈશેષિક મતમાં ગુણની સંખ્યા ૨૪ની છે અને તે અનુક્રમે આ પ્રમાણે લેખાય:—(૧) સ્પર્શ, (૨) રૂપ (૩) રસ (૪) ગંધ (૫) સંખ્યા (૬) પરિમાણ (૭) પૃથક્ત્વ (૮) સંયોગ (૯) વિભાગ (૧૦) પરત્વ (૧૧) અપરત્વ (૧૨) બુદ્ધિ (૧૩) સૌખ્ય (૧૪) દુઃખ (૧૫) ઇચ્છા (૧૬) દ્વેષ (૧૭) પ્રયત્ન (૧૮) ધર્મ (૧૯) અધર્મ (૨૦) સંસ્કાર (૨૧) ગુરૂત્વ (૨૨) દ્રવત્વ (૨૩) સ્નેહ અને (૨૪) શબ્દકર્મના પણ તેઓ પાંચ ભાગ પાડે છે. (૧) ઉત્ક્ષેપણ એટલે ઉપર ફેંકવું તે (૨) અપક્ષેપણ એટલે નીચે ફેંકવું તે (૩) આંકુચન એટલે ખેંચી લેવું તે (૪) પ્રસારણ એટલે પહોળું કરવું તે અને (૫) ગમન એટલે જવું તે. એ પ્રમાણે કર્મ પણ પાંચ પ્રકારના હોય છે એમ તેઓ કહે છે. સામાન્યના બે પ્રકાર છે (૧) પર તથા (૨) અપર. વિશેષત્વ નિત્ય દ્રવ્ય ઉપર રહેનારા વિશેષ પરમાણુઓમાં હોય છે. અવયવ અને અવયવી, ગુણ અને ગુણી ઇત્યાદિ અયુત સિદ્ધ વસ્તુમાં માંહોમાંહે રહેલો જે આધારાધેય ભાવ રૂપ સંબંધ

સામાન્ય અનુમાન કહેવાય. સાદ્દશ્યથી એટલે સરખાપણાથી કોઇ ચોક્કસ વસ્તુ સિદ્ધ કરવી તે ઉપમિતિ પ્રમાણ ગણાય. જેમકે બળદ અને રોઝ બંનેના સાસ્નાદિ અવયવો સરખા હોવાથી બળદ સરખો રોઝ કહેવો તે ઉપમિતિ જાણવી. આપ્ત પુરૂષ કહેતાં જેમનામાં રાગ-દ્વેષ આદિ દોષો નથી એવા પુરૂષનું કથન તે આપ્ત વાકય અથવા આગમ કહેવાય. આગમ પણ એક પ્રમાણ સ્વરૂપ ગણાય છે. ભિન્ન ભિન્ન મતવાદીઓના આપ્ત પુરૂષો પણ ભિન્ન ભિન્ન હોય છે. શબ્દાર્થનું જ્ઞાન બરાબર ન થતું હોય તો તે બરોબર થવાને અર્થે જે પ્રમાણ લેવાય તે અર્થાપત્તિ કહેવાય. દ્રષ્ટાંત તરીકે " ભણનારો બાળક દિવસે ભોજન કરતો નથી " તથાપિ તે દેહ રૂષ્ટ-પુષ્ટ રહે છે. આ વાકયનો અર્થ બરાબર બંધ બેસતો નથી. કારણકે ભોજન વિના દેહ સબળ અને પુષ્ટ કેમ રહે એ પ્રશ્નનો ખુલાસો થવો બાકી રહે છે. ભણનારો બાળક દિવસે ભોજન કરતો નથી અને છતાં જો રૂષ્ટ-પુષ્ટ રહે છે તો તે રાત્રી કાળે ભોજન કરતો હોવો જોઇએ એમ અર્થાત્ જ સિદ્ધ થઇ જાય છે. આનું નામ અર્થાપત્તિ. આ પાંચે પ્રમાણોથી જે વસ્તુ સિદ્ધ ન થાય તે અભાવ પ્રમાણથી સિદ્ધ કરાય છે. જેમકે ઓરડામાં ઘડો નથી; કારણ કે તે જણાતો નથી. આ અભાવ પ્રમાણ થયું. વાદીઓએ તત્વના પ્રમાણથી પોતપોતાના મતનું આ રીતે સ્થાપન કર્યું છે. બાકી પરમાર્થથી જે સત્ય અને તત્વ હોય તે જે વડે સધાય તે પ્રમાણ કહેવાય.

શિષ્ય—એ બધા શાસ્ત્રો અને રહસ્યો અમારા ભાગ્યમાં ક્યાંથી હોય ?

સૂરિ—મનુષ્ય માત્રે બધા શાસ્ત્રો અને રહસ્યો સમજવા જ જોઇએ અને એ સમજાય તો જ તેનું કલ્યાણ થાય એવો કંઈ નિયમ નથી. એક અક્ષર પણ જો સમ્યક્‌પણે શીખાયો હોય અને આચારમાં ઉતર્યો હોય તો તે બહુ કીંમતી થઇ પડે છે. મ્હોટાં થોથાંઓ કંઠસ્થ કરવા કરતાં આચારમાં બની શકે તેટલું નીતિમાન અને ચારિત્રવાન બનવું એ હજાર દરજ્જે ઉત્તમ છે. લાખ મણ જ્ઞાન કરતાં આચારની એક રતિ જેટલી માત્રા મહા મૂલ્યવાન ગણાય છે. મારી કહેવાની મતલબ એટલીજ છે કે જે શીખો તે બરાબર શીખો; એટલુંજ નહીં પણ તેને તમારા વર્ત્તનમાં–વ્યવહારમાં આવવા દો. હાથ–પગ અફળાવવાથી તરી શકાય એમ મ્હોટેથી બુમો પાડ્યા કરવી અને વખત આવે ડૂબી મરવું તેના કરતાં એ જ્ઞાનને ક્રિયામા મુકી જીવન બચાવી લેવું એ શું ખોટું છે ? પાળેલો પોપટ "બીલ્લી આવે તો ઉડી જવું–બીલ્લી આવે તો ઉડી જવું" એમ ગોખ્યા કરે પણ બીલ્લી આવી પોપટનું ગળું દબાવે અને છતા ઉડવાનું ન સૂઝે તો તે ગોખેલા જ્ઞાનની કીમત કેટલી આવી ? માટે પુનઃ પુનઃ કહેવાનું છે તે એટલુંજ કે શાસ્ત્રના રહસ્યો ભલે થોડા સમજો પણ તેને શ્રદ્ધા પૂર્વક અમલમાં મુકતા જાઓ. આત્મ હિતનો એજ રાજમાર્ગ છે.

શિષ્ય—એમ જ્યારે સદ્‌ગુરુદેવો સામાન્ય નીતિની બા-

શાંત અને સુજ્ઞ પુરૂષો એવી વાણી સાંભળી ગર્વમાં આવી જતા નથી. કદાચ પંડિત લોકો પ્રશંસા કરે તો તેથી અભિમાન ઉપજે અને એ વાસ્તિવિક છે. પણ તેવે પ્રસંગે અભિમાન તો ન જ આવવું જોઇએ. એવે પ્રસંગે પોતાની પ્રશંસા સાંભળી પોતાના ગુણનો નિશ્ચય કરવો અને એ ગુણને વધારે ખીલવવો એજ કર્ત્તવ્ય છે. આપણે પોતે પણ પારકાનો ગુણ સ્વલ્પ પ્રમાણમાં હોય તો તેને મ્હોટો કરી જોવો અને યથા પ્રસંગે તેની પ્રશંસા પણ કરવી. એમાં એકંદર આપણને પોતાનેજ લાભ થાય છે. ગુણ પ્રત્યે આદર બુદ્ધિ ન હોય તો માણસ પશુવત્ ગણાય છે. ગુણાનુરાગથી જ આપણામાં મ્હોટા સદ્ગુણો દાખલ થઇ શકે છે. ગુણાનુરાગી મનુષ્ય અન્યની ગુણાવલી જોઇ પ્રફુલ્લિત થાય, પણ પોતાના ગુણની જાહેર ખબર જ્યાં ત્યાં ફેલાવવાનું મથન તો કદાપિ કાળે પણ ન જ કરે. જેઓ પોતાના મહાન ગુણને અલ્પ રૂપે જોઇ શકે તેજ અન્યના અલ્પ ગુણને મહાન્ રૂપે નીરખી શકે. તમે પૂછયું કે કોઇ આપણી નિંદા કરે તો શું કરવું ? એવા સમયે નિંદા સાંભળી ઉશ્કેરાઈ ન જતાં નિંદકના શબ્દોનો ગુઢ અભિપ્રાય સમજવાનો પ્રયત્ન કરવો અને આપણામાં નિંદા કરવા જેવાં કંઇ અંશો હોય તો તેનો ત્યાગ કરવા સદા ઉજમાળ રહેવું. શઠં પ્રતિ શાઠયં કરવું એ નીતિ ઉત્તમ કોટીની નથી અને એટલા માટે ભૂંડા વચન કહેનારને સામા તેવાજ વચનો સંભળાવવા એ સજ્જનોને માટે પ્રશંસનીય નથી.

શિષ્ય—ન બોલ્યામાં નવગુણ એમ માની કેટલાકો તદ્દન મૌનપણે બેસી રહે છે એ શું ઇષ્ટ ગણાય ?

સૂરિ—બોલવાનો યોગ્ય અવસર પ્રાપ્ત થયા છતાં મૌન સેવવું એ હિતકારક નથી. હા, યોગીઓ અને મુનિઓને માટે એક જૂદી બાબત છે. જે સ્થળે વાતની મધુરતા સાચવી શકાતી હોય, લોકોનું હિત થઇ શકતું હોય, આપણું પોતાનું ભલું થાય એવા સંયોગો વિદ્યમાન હોય, રાજા તથા પ્રજા ઉભયને કલ્યાણકર થઈ શકાય એવી પરિસ્થિતિ હોય ત્યાં આગળ ધર્મને બાધ ન આવે તથા દેશ-કાળને બંધ બેસતું થાય એવું વચન બોલવામાં કંઇ હરકત નથી. મૌન રહેવું સારૂં છે, પણ તે કયે પ્રસંગે તેનો વિચાર કરવો જોઈએ.. જે સ્થળે પોતાની તથા પારકાની ગુહ્ય વાત પ્રકટ થઇ જવાનો ભય રહેતો હોય, જ્યાં કેવળ અન્યના મર્મોજ ભેદાતા હોય અને જ્યાં આપણને ઉશ્કેરાઈ જવાનું નિમિત્ત મળતું હોય તેવે સ્થળે મૌન રહેવું એ અલબત્ત વિધેય છે. ડાહ્યા માણસો સાંભળવા છતાં બહેરા રહી શકે છે એનો પરમાર્થ એવો સમજવાનો છે કે પોતાને ગુસ્સો ઉપજે એવી વાણી સાંભળવા છતાં તેઓ તે પ્રત્યે બધિર જેવાજ બની રહે છે અને તેથી તે આક્ષેપ રૂપી વચન બાણ પોતાની મેળે જ નિષ્ફળ થઈ જાય છે. વિવેકી પુરૂષને તેવું વચનબાણ વીંધી શકતું નથી.

શિષ્ય—કોઇ વખતે આપણો પોતાનો અભિપ્રાય દર્શાવવાની આવશ્યકતા આવી પડે તો ?

સૂરિ—અભિપ્રાય આપતાં પહેલાં મૂળ વાતનો અને
ી સાથે સંબંધ ધરાવનારી યુકિતઓનો શાંત ચિત્તે વિચાર
વો જોઇએ. મગજને સમતોલ રાખી બધી બાજુનો વિચાર
ી જે અભિપ્રાય આપવામાં આવે તેજ આદરણીય થઇ શકે
આપણા અભિપ્રાયની કિંમત આપણે પોતે પ્રથમ આંકતાં
ખવું જોઈએ. જેમને પોતાના અભિપ્રાયની કીંમત નથી
ને વાત-વાતમાં અભિપ્રાય ફેંકી દે છે, તેઓ હાસ્યાસ્પદ
ા વગર રહેતા નથી. ધારો કે કોઇ વિષય એવો હોય કે જે
ં આપણે પોતેજ ચોક્કસ અભિપ્રાય બાંધવાને અશકત
ઇએ, તેવે વખતે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય મુલતવી રાખ-
ાંજ ખરૂં ગૌરવ સમાએલું છે. આંખો મીંચીને કોઇની
ાં હા મેળવી દેવી અને ચાલતી વેલમાં ચડી બેસવું એ
દ્ધિમત્તાનું પરિચાયક નથી. "હા, હા એ તો એમજ છે."
વો સ્પષ્ટ અને ભારદર્શક અભિપ્રાય આપતાં પહેલાં ખુબ
ચાર કરવો. કેટલાક માણસો વિના માગ્યે સલાહ આપવાને
થવા શિખામણ આપવાને તૈયાર થઇ જાય છે તે પણ અનુ
ત છે. જે સ્થળે આપણી સલાહ અથવા શિખામણ ઉપયોગી
ર એવી ખાત્રી રખાતી હોય ત્યાંજ સલાહ કિંવા શિખામ
ા શબ્દો ઉચ્ચારવા. વણમાગી સલાહ આપવાથી કંઇ સારૂં
રિણામ આવતું નથી, બલ્કે કેટલીકવાર કલેશ-કંકાસ પણ
જાય છે. વિના પૂછે કોઇને કંઇ કહેવું તે એક મ્હોટું
ડુસ ગણાય છે, એ વાત યાદ રાખશો.

શિષ્ય—કદાચ કોઇને કઠોર શબ્દો સંભળાવવાનો પ્રસંગ આવી પડે તો ?

સૂરિ—તો તેવે પ્રસંગે અન્યોક્તિ-વ્યંગ્યોક્તિ કે કાંઇ મિષપૂર્વક વચનોચ્ચાર કરવો એ સદ્વિદ્વાનમત છે. બનતાં સુધી કોઇનું વાંકું ન બોલવું, કઠોર વાણીમાં પણ ઇર્ષા કે દ્વેષ ન હોવાં જોઇએ. પોતાના માબાપ, માંદો માણસ, આચાર્ય, અતિથિ, ધણી, તપસ્વી, વૃદ્ધ, બાળક, દુર્બળ, વૈદ્ય, પોતાના લાડકવાયા સંતાન, ચાકર, સસરો, આશ્રિત, સંબંધી તથા મિત્ર એટલાની સાથે ભાષણ કે વાર્તાલાપ કરતાં કઠોર કે અપ્રિય શબ્દોચ્ચાર ન થાય તે બાબતનું ખાસ લક્ષ રાખવું. જો એવું લક્ષ રાખવામાં ન આવે તો કલેશ થતાં વાર લાગતી નથી. બાળકો, વૃદ્ધો, તપસ્વીઓ તથા આશ્રિતો કઠોર વાક્ય સહન કરી શકતાં નથી. તેમનાં ચિત્ત એટલાં બધાં દુર્બળ બની ગયાં હોય છે કે તેઓ નજીવી બાબતમાં એકદમ ઉશ્કેરાઈ જાય છે અને કાગનો વાઘ બનાવી દે છે. એટલા માટે ઉપર જે જાતના મનુષ્યો ગણાવ્યા તેમની સાથે સરળતા અને મધુરતાવાળોજ વાણીવ્યવહાર ચાલુ રાખવો. ખાસ કરીને જ્યાં કંઇ કાર્ય કરાવી લેવું હોય ત્યાં તો બહુજ નમ્રતા રાખવી. અન્યોક્તિ અને દ્રષ્ટાંતવાળી મીઠી-મધુરી વાણીથી કાર્ય સધાતું હોય તો પછી કઠોર વાણી વદી બાજી બગાડી નાખવાનું કયો બુદ્ધિમાન્ નર ઇચ્છે ?

શિષ્ય—વાર્તાલાપ દરમીયાન વચમાં બોલી નાંખવું હોય તો ?

સૂરિ—કોઇ પણ માણુસ વાત કરતું હોય ત્યારે તેની વચમાં બોલી ઉઠવું એ અશિષ્ટતા છે. પ્રથમ તો તે શું કહેવા માગે છે તે બરાબર સાંભળવું અને ત્યારપછી નિરાંતે તેનો ઉત્તર વાળવો. ખાસ કરીને આપણા માલેક અથવા ગુરૂના વચન ઉપર તકરાર કરવાનું તો હમેશાં મુલતવી રાખવું જ જોઇએ. તેઓ વાત કરતા હોય તેવે વખતે એકદમ ઉતાવળા થઇ વચમાં કોઇ કાળે પણ ન બોલવું એવો ઉપદેશ કરવામાં આવ્યો છે. વચમાં બોલવાથી કાંતો રસક્ષતી થાય છે અથવા તો કોઈને ક્રોધે ભરાવાનું નિમિત્ત મળે છે. આપણે જે બોલવાનું હોય તેજ જો આપણી પહેલાં કોઇએ કહી નાંખ્યું હોય તો પછી વધારે વખત બરબાદ કરવાની આવશ્યક્તા રહેતી નથી. એવી વેળાએ તો પોતાના અભિપ્રાયને મળતું અન્ય કોઈનું વચન હોય તો તેનેજ પ્રમાણ કરી દેવું. આથી સમયની સાર્થક્તા થાય છે.

શિષ્ય—પુનરૂક્તિ દોષ ન કરવો એજ આપનો કહેવાનો આશય છે ને ?

સૂરિ—કેટલાકોને એકની એક વાત ફરી ફરીને કરવાની ટેવ હોય છે તેથી તે લોકોમાં અપ્રિય થઇ પડે છે. એકજ વાત પકડી રાખી તેના ઉપર ચુંથણા ચુંથ્યા કરવા એ શુદ્રતા સૂચવે છે. વાતમાં લોકોને રસ પડવો જોઇએ. જો એવો રસ ન પડે તો બોલનારનો શ્રમ પ્રાય: નિષ્ફળજ જાય છે. અહીંઆ એક વાત યાદ રાખવાની છે. અનુવાદ, આદર, અદેખાઇ,

અન્યોક્તિ, સંભ્રમ, હેતુ, આશ્ચર્ય સ્તુતિ, વીપ્સા, અને સ્મરણ એટલામાં કાંઈ કારણ હોય તો પુનરૂક્તિ દોષ ગણાતો નથી.

શિષ્ય—કોઇને કંઈ વચન આપવું હોય તો તે પહેલાં કેટલી બાબતોનો વિચાર કરવો ?

સૂરિ—પહેલી મહત્વની બાબત તો એજ કે હું જે વચન આપું છું તે મારાથી બરાબર પળી શકશે કે નહીં ? તેનો પુખ્તપણે વિચાર કરવો. વિચારનો અંતે જો આપણા મનમાં એવો દૃઢ નિશ્ચય બંધાય કે વચન પાલનમાં કોઈ જાતની હરકત નહી આવે તોજ વચન આપવું. વચન આપ્યા પછી પ્રાણાંતે તે પાળવુંજ જોઈએ.એવો દૃઢ નિશ્ચયી પુરૂષોનો આગ્રહ હોય છે. આપણા ઇતિહાસમાં કેટલાયે મહાપુરૂષોએ પોતાના વચન અને ટેકને ખાતર રાજ્યરિદ્ધિ અને પ્રાણનો પણ ભોગ આપ્યો છે. આપણે એજ નેક-ટેકવાળા પિતાના સંતાનો છીએ એટલા માટે આપણે પણ યથાશક્તિ નેક-ટેક અને વચનનું પરિપાલન કરવાને તૈયાર રહેવું જોઇએ. આજ-કાલ કેટલાક ગૃહસ્થો ઉદારતા પૂર્વક ચોક્કસ પ્રકારનું વચન તો આપી દે છે પણ તેનું પાલન કરવાની બીલકુલ દરકાર કરતા નથી. ઘણા માણસો અમુક ગૃહસ્થને ત્યાં આંટા-ફેરા ખાઈ છેવટે નિરાશ બની નિઃશ્વાસ નાંખે છે. પોતાથી ન બની શકે એમ હોય તો ચોખ્ખી ના પાડી દેવી. પરંતુ કોઇને આ-

માં ને આશામાં રઝળતો મુકી દેવો એ ક્રૂરતા છે. વચન કે-
ટલી મુદતમાં પાળી શકાશે તેનો પણ વચન આપતા પહેલાં
વિચાર કરી લેવો જોઇએ. આપણો સમય નિષ્ફળ ન જાય
એટલા માટે જેટલી કાળજી આપણે રાખીએ છીએ તેટલીજ
કાળજી અન્યને માટે પણ રાખવી જોઇએ. આપણા આળસ
કેવા પ્રમાદને લીધે અન્યનો સમય બરબાદ જાય એ આપ-
ણને પોતાને અસહ્ય લાગવું જોઇએ. વખત કોઇને માટે રાહ
જોતો નથી. તેમાં પણ ગરીબ–દીન આશ્રિત જનોને ટુંક સ-
મયમાં ઘણાં કામો કરવાના હોય છે. તેથી કરીને આપવામાં
આવેલું વચન કેટલી મુદતમાં ફળીભૂત થશે તેની મર્યાદા
બાંધીનેજ કોઇને વચન આપવું.

શિષ્ય—આપે આજે વાગસંયમ અને વચન આપવા
વિષે જે વિવેચન કર્યું તે મારા મનમાં બરાબર ઠસી ગયું છે.
હું યથાસાધ્ય કોઇ કાળે અસત્ય, અપ્રિય અને અનાવશ્યક
વાણી નહીં બોલવાનો નિશ્ચય કરૂં છું, એટલુંજ નહીં પણ
કોઇને વચન આપી વચનથી બેદરકાર નહીં રહેવાની દ્રઢતા
મારામાં આવે એમ અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું. હવે વાણીની
માફક દ્દષ્ટિના વિષયોનું નૈતિક જ્ઞાન આપની તરફથી પ્રાપ્ત
થાય એવી પ્રાર્થના કરવાની તક લઉં છું.

સૂરિ—શું જોવું અને શું ન જોવું એ વિષે બહુ વિ
સ્તાર કરવાની મને જરૂર નથી. અપૂર્વ તીર્થસ્થાનો, જૂદા
જૂદા દેશો. વિવિધ પ્રકારની મનોરંજક વસ્તુઓ, અલૌકિક

પુરૂષો, છાયા પુરૂષો તથા શકુનો જોવાનો, મનુષ્યને સ્વાભાવિક રીતેજ શોખ હોય છે. તીર્થસ્થાનોમાં જવાથી આત્મા નિર્મળ થાય છે, ત્યાંના પવિત્ર વાતાવરણમાં મોટો કાળ નિવાસ કરવાથી આપણો દેહ તથા આત્મા પણ પવિત્ર બને છે. સદ્ગુરૂનો સમાગમ પણ એવા સ્થળોમાં બની શકે છે. વિવિધ દેશોમાં પ્રવાસ કરવાથી ગૃહસ્થોને ઘણું ઘણું નવીન જાણવાનું અને શીખવાનું મળી આવે છે. એથી જ્ઞાનમાં અને અનુભવમાં વૃદ્ધી થાય છે. વિવિધ વસ્તુઓ નિહાળવાથી તેની ઉપયોગિતા સમજાય છે અને એ રીતે હુન્નર તથા કળાને ઉત્તેજન મળે છે. અલૌકિક પુરૂષોના દર્શનનો લાભ તો પૂર્વના કોઈ મહાપુણ્યના યોગેજ પ્રાપ્ત થતો હોવાથી તે વિષે વધુ વિવેચન કરવાની કંઈ આવશ્યકતા હોય એમ મને લાગતું નથી. છાયા પુરૂષના દર્શન પણ એક આશ્ચર્યજનક વ્યતિકર આ સંસારમાં દેખાય છે. શુકન વિષે હું આગળ વિસ્તારથી બોલી ચુકયો છું એટલે પુનરૂક્તિ કરવાની જરૂર નથી.

શિષ્ય—કઈ કઈ વસ્તુઓ ન જોવી ?

સૂરિ—સર્વકાળ સૂર્ય તરફ જોયા કરવું એ સારૂં નથી. કારણ કે એમ કરવાથી દૃષ્ટિ બગડી જાય છે. સૂર્ય-ચંદ્રનું ગ્રહણ જોવાનો પણ કેટલાક ગ્રંથોમાં નિષેધ કરવામાં આવ્યો છે. મોટા કુવાની અંદર પાણી જોવા જતાં ઘણાંને ચક્કર આવી જાય છે અને સહેજ ગફલત થતાં પ્રાણની હાની પણ થઈ બેસે છે. એટલા માટે ઉંડા-ભમરીયા કુવામાં ઉંડી દૃષ્ટિ નાંખવાનો

પ્રયત્ન ન કરવો. સંધ્યાકાળને સમયે આકાશ તરફ જોવું એ પણ અનિષ્ટ ગણાય છે. તે ઉપરાંત ડાહ્યા મનુષ્યો સ્ત્રી પુરૂષનો સંભોગ, નગ્ન અવસ્થામાં રહેલી તરૂણ સ્ત્રી; બાળકન્યાની યોની અને પશુની રતિક્રિડા ભૂલેચુકે પણ નીહાળતા નથી. કેટલાકોને પોતાના મુખનું પ્રતિબિંબ તેલમાં, જળમાં, ચળકતા હથીયારમાં, મૂત્રમાં, તથા લોહીમાં જોવાની આદત હોય છે. એવી આદત નિંદવા યોગ્ય મનાય છે. કારણ કે તેમ કરવાથી આયુષ્ય ત્રુટે એવો ઉલ્લેખ શાસ્ત્રમાં મળી આવે છે.

શિષ્ય—વિવિધ વિકારોને લીધે મનુષ્યની દૃષ્ટિ પણ વિકૃત બની જાય એ શું સત્ય છે ?

સૂરિ—ક્રોધ, ક્ષોભ, કામ અને વ્યગ્રતાને લીધે દૃષ્ટિમાં પણ તેવા ફેરફાર થઇ જાય છે. મનુષ્યની દૃષ્ટિ તેના હૃદયનું પ્રતિબિંબ સૂચવી આપે છે. એક ભાવ અથવા વિચાર ગુપ્ત રાખવાને મનુષ્ય ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ તેની દૃષ્ટિ એટલી બધી સત્યવક્તા હોય છે કે તેના હૃદયના ભાવો, દૃષ્ટિમાં પ્રકટ થયા વિના રહી શકતાં નથી. અનુભવી અને વિચારશીલ મહાત્માઓ સામા મનુષ્યની દૃષ્ટિ જોતાંની સાથેજ તેના હૃદયને વાંચી લે છે અને ત્યાં કયો વિકાર પ્રધાનપણે પ્રવર્ત્તે છે તેનો નિર્ણય કરી લે છે.

શિષ્ય—મનુષ્યની દૃષ્ટિમાં તેનું હૃદય કેવી રીતે વાંચી શકાય ?

સૂરિ—પ્રસન્ન મનુષ્યની દૃષ્ટિ સરલ તથા ઉજ્વળતાવાળી હોય છે. જ્યારે તમે કોઈ મનુષ્યની દૃષ્ટિમાં સરલતા તથા ઉજ્વળતા ભાળો ત્યારે સમજવું કે સામો માણસ પરમ પ્રસન્નતામાં છે. ક્રોધમાં હોય ત્યારે તેવા માણસની દૃષ્ટિ જોઈ આપણને ભય લાગે છે, જે દૃષ્ટિ વાંકી અને ભયપ્રદ લાગતી હોય તે દૃષ્ટિવાળા મનુષ્યના હૃદયમાં ક્રોધાગ્નિ ધમધમી રહ્યો હોય એમ સમજવું. પ્રફુલ્લિત દૃષ્ટિ ઉદાર અને પુણ્યમય હૃદયની સાક્ષી આપે છે. પાપી પુરૂષની દૃષ્ટિ નીચી, વ્યગ્ર ચિત્તવાળાની શૂન્યતાવાળી, રાગી પુરૂષની પાકી વળનારી, મધ્યસ્થ પુરૂષની મધ્યપ્રદેશમા રહેનારી, સજ્જન પુરૂષની સરળ, નિરૂદેશ માણસની આડી-અવળી, કામી પુરૂષની વિકારવાળી, અદેખાઈ કરનાર માણસની ભમરના વારંવાર મરડને લીધે વક્રતાવાળી, મદોન્મત્ત પુરૂષની આમતેમ ભમનારી, દીન પુરૂષની આંસુથી મલીન થયેલી, ચોરની ચંચળ, નિર્ગુણ મનુષ્યની [illegible] અને ડરી ગયેલા માણસની દૃષ્ટિ ચકિત [illegible] વાળી હોય છે. આ સિવાય બીજા પણ દૃષ્ટિના ઘણા ભેદો છે, પરન્તુ તે બધાનું વર્ણન કરવાનો અત્રે પ્રસંગ નથી.

શિષ્ય—નેત્ર પરીક્ષા [illegible] મનુષ્યનું ભાવી કેવી રીતે શકાય [illegible] સમજાવો?

સૂરિ—[illegible] સ્વાભાવિક રીતે નિ- [illegible] તેવાજ નિર્મળ [illegible] તેવીજ રીતે ઝીણી કાળી તથા

[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જાય છે. ક્રૂર આંખવાળો પુરૂષ દુષ્ટ, કુકડા સરખી આંખવાળો કજીઆખોર, સર્પના જેવી આંખવાળો નેત્રરોગી અને બીલાડાના જેવી આંખવાળો મનુષ્ય પાપી હોય છે. શ્યામ આંખવાળો મનુષ્ય દૈવશાળી, સ્નિગ્ધ આંખોવાળો ભોગી, જાડી આંખવાળો બુદ્ધિમાન અને દીન આંખોવાળો નિર્ધન હોય છે. ઉંડી આંખ દીર્ઘ આયુષ્ય સૂચવે છે. ઉઘડી આંખ અલ્પાયુષ સૂચવે છે અને તદ્દન ગોળ આંખ અતિ અલ્પાયુષ પ્રકટ કરે છે. પાતળી-લૂખી અને જેમાંથી પાણી ઝર્યા કરતું હોય એવી આંખો નિર્ધનતા જાહેર કરે છે. આંધળો માણસ ક્રૂર હોય, કાણો તે થકી પણ વધારે, કેકર નેત્રવાળો કાણાથી પણ અધિક ક્રૂરતાવાળો અને કાકર નેત્રવાળો તો સૌથી અધિક ક્રૂર હોય છે.

શિષ્ય—ભૂત-પ્રેતવાળી આંખોની પરીક્ષા શી રીતે થાય ? વૈદ્યો નેત્ર જોઇ વાત-પિત્ત અને કફનું નિદાન કરે છે તે શી રીતે ?

સૂરિ—ભૂત વળગેલા માણસની દૃષ્ટિ પ્રાયઃ ઉંચે ને ઉંચે જ રહે છે. પુદગળ જેને વળગે તે માણસની દૃષ્ટિ મીંચાયેલી રહે છે અને દેવતા વળગેલા માણસની દૃષ્ટિ દુઃસહ-આકરી હોય છે. શાકિની વળગેલા માણસની દૃષ્ટિ નીચું જોનારી તથા ભયાનક હોય છે. રેપલાથી પીડાતા મનુષ્યની દૃષ્ટિ શૂન્યતામય ચંચળ તથા ભયત્રસ્ત હોય છે. વાત રોગથી પીડાતા મનુષ્યની દૃષ્ટિ રાતી તથા શ્યામ વર્ણની હોય છે. પિત્ત રોગવાળાની

પીળી તથા પોપટના પીછાં જેવી લીલા રંગની હોય છે. કફ રોગવાળાની દૃષ્ટિ મિશ્ર હોય છે. વૈદ્યો નેત્રમાંના વર્ણની બારીક પરીક્ષા કરી વાત-પિત્ત તેમજ કફની ચિકિત્સા કરે છે.

શિષ્ય—આપે વાણી તથા દૃષ્ટિ સંબંધી જે નીતિ-નિયમો સૂચવ્યા તેવી રીતે ગતિ સંબંધે કંઇ ખાસ કહેવા જેવું આપને લાગે છે ?

સૂરિ—ક્યારે ક્યાં જવું, કેવી રીતે ચાલવું, ચાલતી વખતે દૃષ્ટિ ક્યાં આગળ રાખવી, માર્ગમાં કઇ વસ્તુઓ ન ઓળંગવી, બ્હાર ગામ જવા નીકળતા પહેલાં શું શું ન કરવું, કોઇને વળાવવા જવું હોય તો ક્યાં સુધી જઇને પાછું ફરવું, હાથી, ગાડાં અને શીંગડાવાળા પશુઓથી કેટલું દૂર રહેવું, માર્ગમાં વિસામો લેવાની જરૂર પડે તો કયે કયે સ્થળે ન ઉતરવું એ બધી બાબતો ગૃહસ્થે એ જાણવી જોઇએ. આપણા નૈતિક ગ્રંથોમાં ઉપલી બાબતોનો ચંક્રમણ વિધિના મથાળા નીચે ઉલ્લેખ મળી આવે છે.

શિષ્ય—આપે જે ચંક્રમણ સંબંધી પ્રશ્નો ઉભા કર્યા તેનો ખુલાસો મળે તો પણ અમારે માટે તે બસ ગણાય.

સૂરિ—પહેલી વાત ગૃહસ્થોએ જવા-આવવા સંબંધી લક્ષમાં રાખવા જેવી છે. તે એ છે કે વિના કામે વિના પ્રયોજને કોઇને ત્યાં જવું નહીં; કદાચ જવું પડે તોપણ જેટલો સમય બેસવાની જરૂર હોય તેથી વધુ વખત ગપ્પા હાંકતા બેસી રહેવું નહીં. કારણ કે એમ કરવાથી બંનેનો સમય

નિષ્ફળ જાય છે. સામો માણસ ગંભીર હોય તો સ્પષ્ટ રીતે નિષેધ ન કરે, તો પણ નિરર્થક વાતોમાં વખત ચાલ્યો જતો જોઈને મનમાં ખિન્ન થાય એ સ્વાભાવિક છે. માર્ગે ચાલતાં તાંબુલ સિવાય બીજું કાંઇ પણ ચાવવું એ અભદ્રતા બતાવી આપે છે.

શિષ્ય –માર્ગે ચાલતાં દૃષ્ટિ કયાં આગળ રાખવી ?

સૂરિ—માણસે માર્ગે ચાલતાં પોતાના શરીરની તેમજ પારકા જીવોના રક્ષાને અર્થે હંમેશા ગાડાના ધોંસરા જેટલી આગળ દૃષ્ટિ રાખી સાવચેતી પૂર્વક પગલું માંડવું. દેડકાની માફક, ગધેડાની માફક કે ઉંટની માફક ચાલ ચાલવી એ મનુષ્યને માટે શોભાવહ નથી. ગજની, હંસની તથા બળદની ધીમી–ધીર–ગંભીર ચાલ સર્વથા અનુકરણીય મનાય છે. માર્ગે ચાલતા જો સામે રોગી, વૃદ્ધ, બ્રાહ્મણ કે આંધળો મળે તો પ્રથમ તેને માર્ગ કરી આપવો જોઇએ. તેવીજ રીતે ગાય, પૂજ્ય પુરૂષ, ગર્ભિણી સ્ત્રી કે માથે ભાર ઉંચકી આવનાર મજુરને પણ આગળ માર્ગ કરી આપવા સજ્જનોએ એક બાજુ ખસી જવું જોઇએ. એમ કરવામાં ભક્તિભાવ દર્શાવાય છે. એટલુંજ નહીં પણ દયા અને કર્તવ્ય પ્રત્યેનો પ્રેમ પણ વ્યક્ત થઇ જાય છે. માર્ગમાં કોઇ સ્થળે કાચું–પાકું ધાન્ય પડેલું હોય, પૂજવા યોગ્ય મંત્રમંડળ પ્રતિષ્ઠિત કર્યું હોય, ન્હાવાનું પાણી નાખી દીધેલું હોય અથવા લોહી તથા મૂત્ર શબ પડયું હોય તો તેટલા વાના કદિ ઉલ્લંઘવા નહીં. તે

સિવાય થુંક, કફ, વિષ્ટા, મુત્ર, સળગતો અગ્ની, સર્પ અને શસ્ત્રધારી મનુષ્યને તો કદિ પણ ઓળંગવાનો પ્રયત્ન ન કરવો. કારણકે તેમ કરવાથી આરોગ્યને, કિંવા જીવનને હાની થવાનો પુરેપુરો ભય રહે છે. કોઈ એકલાના ઘરમાં ગૃહસ્થે એકાકી જવું એ પણ સહિસલામત નથી. તેજ પ્રમાણે કોઈ ગૃહસ્થના ઘરમાં ઉપર ચઢીને અકસ્માત્ પ્રવેશ કરવો એ પણ સભ્યતા ભરેલું નથી ગણાતું. ઉપર સૂચના મોકલાવ્યા પછી કે બ્હારથી સાદ કર્યા પછી ગૃહસ્થોના ઘરમાં દાખલ થવાનો પ્રયત્ન કરવો જોઇએ.

શિષ્ય—મનુષ્યે એક સ્થાનકથી અન્ય સ્થાનકે પ્રયાણ કરવું હોય તો ?

સૂરિ—કોઇ કામને અર્થે પ્રયાણ કરવું હોય ત્યારે જે બાજુની નાડી વહેતી હોય તે બાજુનો પગ પ્રથમ આગળ મુકાય તો વાંછિત ફળની સિદ્ધિ થાય એવો સ્વરશાસ્ત્રનો સિદ્ધાંત છે. વિવેકી પુરૂષો દૂધ વાપરીને, સ્ત્રી-સંભોગ કરીને, ન્હાઈને, પોતાની સ્ત્રી સાથે કલેશ-કંકાસ કરીને, થુંકીને કે કોઇને રોતા [illegible]ને પ્રયાણ કરતા નથી. હજામત કરા[illegible] વીને, [illegible] તથા અનુકુળ શુકન જોઇને પરગામ જવું એ પણ અનિષ્ટ [illegible] કે [illegible] પણ પ્રકારનો ઉત્સવ ચા[illegible] લતા હોય ત્યારે [illegible] તેમજ [illegible] દિવસોમાં દૂર ગમન કરવું એ નિષિદ્ધ છે.

શિષ્ય [illegible] ત્યાં સુધી પોતાના આ[illegible] [illegible] ?

સૂરિ—પોતાના કોઈ સ્નેહી જન પરદેશ જતા હોય તો તેમને નદીના પાર સુધી, ગાયોના સ્થાનક સુધી, રાયણ કે વડ જેવા દૂધાળા વૃક્ષ સુધી અથવા જળાશય સુધી વળાવી પાછું વળવું જોઈએ.

શિષ્ય—માર્ગે મુસાફરી કરતાં કેટલી જાતની સાવચેતી રાખવી ?

સૂરિ—કોઈ ડાહ્યા માણસને કે વિશ્વાસુ માર્ગદર્શકને સાથે લીધા વિના અજાણ્યા, ભયવાળા માર્ગમાં જવું એ હાથે કરીને જોખમ ખેડવા જેવું છે. અજાણ્યા માણસોની સાથે તેમજ નોકરોની સાથે તદ્દન બપોરે અથવા રાત્રીને સમયે મુસાફરી ન કરવી, કોઈ કોઈ સ્થળે પોતાના સગા ભાઈની સાથે પણ માર્ગે ન ચાલવું એવો સ્પષ્ટ નિષેધ મળી આવે છે. મુસાફરી લાંબી હોય તો સાથે ભાતું લેવાનું ભૂલવું નહીં. જ્યાં મુકામ કર્યો હોય ત્યાં તદ્દન બેદરકારપણે ઉંઘવું એ પણ જોખમકારક છે મુસાફરીમાં નોકર વર્ગ ઉપર હદ ઉપરાંતનો વિશ્વાસ રાખવાથી તેનું સારૂં પરિણામ આવતું નથી, રાત્રિને સમયે વૃક્ષ નીચે પડાવ નાંખવો એ પણ ઇચ્છવા યોગ્ય નથી

શિષ્ય [illegible] ?

સૂરિ [illegible] ઉપર બેસી [illegible] નથી પરંતુ લક્ષ્મીની પ્રેચ્છા રાખ [illegible] પણ [illegible] ઉ[illegible] નથી [illegible]ની [illegible]

શિષ્ય—માર્ગમાં હાથી, ઘોડા કે ગાડા સામા મળે તો તેમનાથી કેટલું દૂર રહેવું?

સૂરિ—માર્ગે જતાં હાથી સામો દેખાય તો તેનાથી એક હજાર હાથ દૂર ખસી જવું, ગાડાથી માત્ર પાંચ હાથ, ઘોડાથી અને શીંગડાવાળા પ્રાણી માત્રથી દશ હાથ દૂર રહી ચાલવું એ સલામતી ભરેલું છે.

શિષ્ય—રસ્તે ચાલતાં નદી કે સરોવર આવે તો?

સૂરિ—તો વહાણમાં બેસવાને કંઈ વાંધો નથી, પણ વહાણ તદ્દન જીર્ણ થઈ ગયેલું હોય તો તેનો આશ્રય ન લેવો. બુદ્ધિમાન મનુષ્યો જળમાં અથવા સ્થળમાં રહેલા વિષમ કિલ્લાઓ, વિષમ અટવીઓ તથા ઉંડું પાણી એટલી વસ્તુઓનું કંઈ સાધન વિના ઉલ્લંઘન કરતા નથી, એટલા માટે એવા પ્રસંગે કોઈએક સાધનનો આશ્રય લેવામાં હરકત નથી. નદીમાં કે જળાશયમાં પાણી બહુ ઉંડું નહીં હોય એમ વગર વિચારે માની લઇ કૂદી પડવું એ જીવને જોખમમાં નાંખવા બરાબર ગણાય.

શિષ્ય—મુસાફરીમાં કોઈ સ્થાને આશ્રય લેવો હોય તો કેવું સ્થળ શોધવું?

સૂરિ—મુસાફરીમાં ઠગારા લોકો, ક્રૂર માણસો, નરપિશાચો તથા ચુગલીખોરોના ઘણા ઉપદ્રવો નડે છે. એ ઉપદ્રવોથી દૂર રહેવું હોય તો એવા લુચ્ચા અને ઠગારાઓના

આશ્રમોમાં કદાપિ કાળે પણ આશાએસ લેવા ન ઉતરવું એટલું જ નહીં પણ ઉપર કહ્યા તેવા લોકો સાથે વાતચીત કરવાનો કે ક વખતે હરવા ફરવાનો પણ પ્રસંગ ન પાડવો. ખરાબ મિત્ર જેમ આપણી અંદર રહી ધીમે ધીમે ફોલી ખાય છે તેવી રીતે લુચ્ચા અને દગાખોર માણસો પ્રથમ ઉપર ઉપરથી મીઠું બોલી, મોહપાશમાં ફસાવી ધન, અને લોહી ચુસી લે છે. મારો કહેવાનો હેતુ એવો છે કે ઠગારાના ઘરમાં, ભર જંગલમાં, ગણિકાના ઘરમાં, ધર્મના સ્થાનકમાં તથા પાણીની પરબમાં ઉતારો ન રાખવો. તેમજ ત્યાં લાંબા વખત સુધી વાતોના ગપાટા મારતા બેસી પણ ન રહેવું. બંદીખાનું, ફાંસી દેવાનું સ્થાનક, જુગારીનો અખાડો, જ્યાં પોતાનો એકવાર પરાભવ થયો હોય તેવું સ્થાનક, ભંડાગાર તથા અન્યના અંતઃપુરમાં આશ્રય ન લેવો. જે સ્થાન મનને પ્રથમ દ્રષ્ટિએ જ અણગમો ઉપજાવે એ સ્થાનનો પરિત્યાગ કરી દેવો. સ્મશાનમાં, શૂન્ય સ્થાનકમાં, બજારમાં, કોતરા તથા સુકું ઘાસ જ્યાં છવાયેલું પડયું હોય તેવા સ્થાનમાં આવતાં-જતાં કષ્ટ ઉપજાવે એવા સ્થાનકમાં, કચરા, કીચડ-વાળા મકાનમાં, ખારી ભૂમિમાં, વૃક્ષની ઉપર, પર્વતની ટુંક ઉપર, નદી અથવા કુવાને કાંઠે, રાખ, વાળ, ખોપરી તથા અંગારા જે જગ્યાએ પડયા હોય તેવા સ્થાને પણ આરામ લેવા ન ઉતરવું એવો ડાહ્યા પુરૂષોનો નિર્વિવાદ અભિપ્રાય છે.

શિષ્ય—આજે ઘણીખરી વહેવારિક બાબતોના સમા-

ધાન થઇ ગયા. હવે મને સામાન્ય ગૃહસ્થ-નીતિના સંબધમાં કંઈ પૂછવાપણું રહ્યું નથી.

સૂરિ—પરંતુ માત્ર એટલા ખુલાસાઓમાંજ ગૃહસ્થની સર્વ પ્રકારની વહેવારૂ નીતિઓનો સમાવેશ થઇ જાય છે એમ માની લેશો તો પાછળથી પસ્તાવું પડશે. હજી ગૃહસ્થોને માટે વિશેષે કરીને જે નિયમો અત્યાવશ્યક છે. અને જેની ઉપર સાંસારિક સુખ-સમૃદ્ધી અને કીર્ત્તિનો આધાર રહેલો છે, તેવો વિશેષ-ઉપદેશ તો બાકીજ રહી ગયો છે. જ્યારે તમે એ વિશેષ ઉપદેશ સાંભળશો ત્યારે તમને એવી પક્કી ખાત્રી થશે કે વિશેષોપદેશ ન સાંભળ્યો હોત તો અત્યારસુધીનો વાર્ત્તાલાપ પ્રાયઃ અપૂર્ણ જ રહી જાત. એક ગૃહસ્થ પુરૂષ સંસારમાં સુખ-શાન્તિ પૂર્વક જીવન ગુજારતાં કેવી રીતે યશ-માન મોભો જાળવી શકે તે એકી સાથે વિશેષ-ઉપદેશમાં જ કહી દેવા માટે મેં બાકી રાખ્યું છે. આજના જેટલી બળવતી જીજ્ઞાસા રાખી કાલે આવશો તો તમને ઘણું નવું જાણુવાનું મળશે એમ હું માનું છું.



૧૩ કર્ત્તવ્ય—વિચારણા.

શિષ્ય—આજે આપે નીતિ સંબંધી વિશેષ ઉપદેશ સંભળાવવાનું કહ્યું હતું.

સૂરિ—વિશેષ ઉપદેશમાં મારે ઘણી અગત્યની વાતો

રજુ કરવાની છે. અત્યાર સુધી આપણે જે એક વિષયને લક્ષમાં રાખી વાર્તાલાપ લંબાવતા તેમ આજના વિષયમાં નહી બની શકે. કારણ કે હું કંઈ એકજ બાબત ઉપર વિશેષ કથન નથી રજુ કરવા ઈચ્છતો. મતલબ એ છે કે ભિન્ન ભિન્ન વિષયો ઉપર ચર્ચા ચલાવવાની હોવાથી એક વાતનો બીજી વાત સાથે સંબંધ ન જણાય તો તેથી અકળાશો નહીં. એ વાત તો પ્રકટજ છે. અને તે એ કે વિષયને એકબીજા સાથે ભલે દેખીતો સંબંધ ન હોય, તોપણ જીવનને તો એ બધી વાતો સાથે એક સરખો સંબંધ રહેલોજ છે.

શિષ્ય—મને તેમાં હરકત નથી. ખાસ પુછવા જેવું હશે તોજ આપને પ્રશ્ન કરીશ. બાકી આપના અસંબદ્ધ જણાતા ઉપદેશને માટે મારૂં હૃદય તો ખુલ્લુંજ રહેશે એવી ખાત્રી આપું છું.

સૂરિ—અસ્તુ! આપણે આજ સુધી જે સ્થળે જ્ઞાનચર્ચા કરતા આવ્યા છીએ તે સ્થળ એક ધર્મસ્થાનક તરીકે પ્રસિદ્ધ છે. અહીંઆ આપણી જ્ઞાનગોષ્ટી ચાલતી હોય તેવે વખતે ગમે તે આવીને બેસી જાય અને પોતાની બુદ્ધિ કે યોગ્યતા અનુસાર બોધામૃતના બે-ચાર બિંદુ લઈ જાય એમાં આપણને કશી હાની ન જ હોય, બલ્કે એવો પ્રસંગ આનંદ ઉપજાવે એમ કહું તો પણ અતિશયોક્તિ ન ગણાય. પરંતુ ગૃહસ્થ પુરૂષોની તમામ વાતો પ્રકટમાં જ કરવા જેવી હોય એમ નથી બનતું. તેમને મસલત ચલાવવાને માટે ખાસ સ્થાનોની પસંદગી કરવી પડે છે.

ધાન થઇ ગયા. હવે મને સામાન્ય ગૃહસ્થ–નીતિના સંબંધમાં કંઇ પૂછવાપણું રહ્યું નથી.

સૂરિ—પરંતુ માત્ર એટલા ખુલાસાઓમાંજ ગૃહસ્થની સર્વ પ્રકારની વહેવારૂ નીતિઓનો સમાવેશ થઇ જાય છે એમ માની લેશો તો પાછળથી પસ્તાવું પડશે. હજી ગૃહસ્થોને માટે વિશેષે કરીને જે નિયમો અત્યાવશ્યક છે. અને જેની ઉપર સાંસારિક સુખ–સમૃદ્ધી અને કીર્તિનો આધાર રહેલો છે, તેવો વિશેષ–ઉપદેશ તો બાકીજ રહી ગયો છે. જ્યારે તમે એ વિશેષ ઉપદેશ સાંભળશો ત્યારે તમને એવી પક્કી ખાત્રી થશે કે વિશેષોપદેશ ન સાંભળ્યો હોત તો અત્યારસુધીનો વાર્તાલાપ પ્રાયઃ અપૂર્ણ જ રહી જાત. એક ગૃહસ્થ પુરૂષ સંસારમાં સુખ–શાન્તિ પૂર્વક જીવન ગુજારતાં કેવી રીતે યશ–માન મોભો જાળવી શકે તે એકી સાથે વિશેષ–ઉપદેશમાં જ કહી દેવા માટે મેં બાકી રાખ્યું છે. આજના જેટલી બળવતી જીજ્ઞાસા રાખી કાલે આવશો તો તમને ઘણું નવું જાણવાનું મળશે એમ હું માનું છું.



૧૩ કર્ત્તવ્ય—વિચારણા.

શિષ્ય—આજે આપે નીતિ સંબંધી વિશેષ ઉપદેશ સંભળાવવાનું કહ્યું હતું.

સૂરિ—વિશેષ ઉપદેશમાં મારે વધુ અગત્યની વાતો

આળસુ, દીર્ઘસૂત્રી અને ઢોંગી હોય તે આપણું દારિદ્રય દૂર કરવામાં કેવી રીતે ઉપયોગી થાય ? મસલતના સંબંધમાં બીજી પણ એક વાત લક્ષમાં રાખવા જેવી છે. મસલત પુરી થઇ ગયા પછી ત્યાંને ત્યાં લાંબો વખત બેસી રહેવાથી કોઈ આવતા-જતા પથિકને શંકા કરવાનું કારણ પ્રાપ્ત થાય છે અને મસલત કરનારના સંબંધમાં વિવિધ-વિચિત્ર અફવાઓ બહાર આવે છે. જગતમાં ચિત્ર-વિચિત્ર પ્રકૃતીવાળા અસંખ્ય મનુષ્યો હોય છે. તેઓ પોતાની ક્ષુદ્ર બુદ્ધિ અનુસાર કલ્પનાઓ કરે છે અને આપણા ઉંચા ઉદ્દેશોને પણ વ્યર્થ બનાવી દે છે. એક સ્થળે કહ્યું છે કે જે સમાજમાં ક્રોધી, સુખના લોલુપી અને કૃપણ લોકો મ્હોટા પ્રમાણમાં વસતા હોય છે તે સમાજ પોતાનું કલ્યાણ સાધી શકતો નથી. વિચાર કરો કે જ્યાં સૌ કોઈ પોતપોતાની સુખસગવડ અને સમૃદ્ધિ વધારવામાં ગાંડાતૂર જેવા બની ગયા હોય ત્યાં પોતાના અન્ય ધર્મબંધુઓનો ઉદ્ધાર કરવા જેટલો ખ્યાલ પણ કેમ ઉદ્ભવે ? જે સમાજમાં આત્મભોગ, પરહિત અને ત્યાગના તત્વો અદ્રશ્ય થઇ ગયા હોય તે સમાજ છિન્ન ભિન્ન થઇ જાય, એના થોકબંધ દાખલા ઇતિહાસના પ્રકરણોમાં મળી આવે છે.

"હું નિર્બળ છું, મારાથી શું થઇ શકે ?" એવા નિર્બળતાના વિચારોને હૃદયમાં સ્થાન આપવાથી થોડી-ઘણી શક્તિ હોય છે તે પણ લુપ્ત થઇ જાય છે. એક વિદ્વાન્ નીતિકારે તો

એટલે સુધી કહ્યું છે કે વિવેકી પુરૂષે હંમેશાં મ્હોટા મનોરથો કરવા. કારણ કે દૈવ પણ જેના જેવા મનોરથો હોય છે તેવાંજ ફળો આપવાને નિરંતર પ્રયત્ન કરે છે. નિરાશા અને દુઃખથી દબાઈ ન જતાં સંસારયુદ્ધમાં પ્રસન્ન મને સદા તત્પર રહેનાર ગૃહસ્થ સર્વ વિજયી નીવડે છે. ક્લેશ કે દુઃખને તાબે થઈ જવાથી ક્લેશાદિ આપત્તિઓ ચાલી જતી નથી. ઉલટું તે પોતાનો ભયંકર પ્રભાવ દાખવી મનુષ્યોનું સત્વ ચુસી લે છે. ગમે તેવી વિપત્તિ આવી પડે તો પણ પુરૂષાર્થી જનોએ પોતાનું કર્તવ્ય ન ચુકવું. કર્તવ્યશીલ પુરૂષ વ્હેલો યા મ્હોડો આખરે વિજયલક્ષ્મીની વરમાળ પહેરવા ભાગ્યશાળી થાય છે. કાયર કિંવા બીકણુ મનુષ્યો કે જેઓ નજીવી આફત દૂરથી જોઈને ગભરાઈ જાય છે, તેઓ પોતાના પૂર્વના ઉદ્યમના ફળને પણ ગુમાવી બેસે છે. કેટલાક કળાવાન અને વિચારવાન મનુષ્યો પણ બ્હારથી જોતાં એવા નિર્બળ અને કાયર જેવા જણાય છે કે તેમને જોઈ આપણને દયા આવ્યા વિના ન રહે. સંસારીઓની મધ્યમાં આવા ભોળા-ભદ્રિક પ્રાણીઓ અણુધાર્યા છુંદાઈ જાય છે.

શિષ્ય—આપનું કહેવું યથાર્થ છે. પણ તેથી બચવાનો કંઈ ઉપાય બતાવશો ?

સૂરિ—જયની વાંછા કરનાર પુરૂષે સર્વ કાર્યોમાં પોતાનું સામર્થ્ય બતાવી આપવું જોઇએ. " અમે લોકોના પાદ પ્રહાર નીચે ચગદી જવાને માટે ઉત્પન્ન નથી થયા, પણ કંઈક

કરી બતાવવાને આ જગતમાં મ્હારૂં અવતરવું થયું છે" એમ છાતી ઠોકીને દ્રષ્ટાંતો દ્વારા સંસારને સિદ્ધ કરી આપવું જોઇએ. સારા કળાવાન્ મનુષ્યો પણ તેમની અંધારી કોટડીમાં ભૂખે પડ્યા રહેતા અને ગમે તે રીતે જીવન નીભાવતા જોવામાં આવે છે. શું તેઓ પારે તો સ્વાર્થની સાથે જગત ઉપર ઉપકાર ન કરી શકે ? પણ નહીં, તેઓ પોતાનું આત્મવીર્ય સ્ફુરાવી બ્હાર મેદાનમાં આવી શકતા નથી અને તેથી તેમના કાર્યની કદર પણ થઇ શકતી નથી. એટલા માટે જ એક સ્થળે વાજબી રીતે કહેવામાં આવ્યું છે કે દક્ષ પુરુષોએ ઉત્તમ એવી કંઇક પણ પોતાની પ્રસિદ્ધિ રાખવી. કોઇ પણ કળાવાન-કસબી મનુષ્યે અંધારા ખુણામાં પડી રહી જીવનને વ્યર્થ જેવું નહીં બનાવી દેવું જોઇએ. જગતમાં કેટલીક વાર બાહ્ય આડંબર કરવાની પણ જરૂર પડે છે. એકલી સરળતાથી કામ નથી ચાલતું, એટલા વાસ્તે પોતાના મનની સરળતા-ભદ્રિકતા સર્વ સ્થળે પ્રકટ થઇ જાય એવો દેખાવ ન કરવો વ્યવહારના ક્ષેત્રોમા જ્યા જ્યાં ધૃષ્ટતા અને આડંબરની જરૂર જણાય ત્યા ત્યા તેનો આશ્રય લેવો જોઇએ. આડંબર ન રાખનાર માનુષની પ્રાય માનખંડના થાય છે. માટે બુદ્ધિશાળી પુરૂષે પોતાનો આડંબર કોઇ પણ સ્થળે ન મૂકવો.

કેટલાક ગૃહસ્થો થોડા ઘણા મીઠા શબ્દો સાંભળી ગમે તેની ઉપર વિશ્વાસ મુકી મુગ્ધ થઇ જાય છે. સંસારના બીપણ સંગ્રામમાં એવી વિશ્વાસ નિર્ભરતા ભયંકર થઇ પડે છે. વિ-

વેકી પુરૂષો બારીક કસોટી કર્યા વિના કોઈની ઉપર વિશ્વાસ રાખતા નથી. તેમાં પણ કેવલી ભાષિત ધર્મની ઉત્થાપના કરનારા, પોતાનો મત સ્થાપવાના કદાગ્રહથી આર્ત્ત, રૌદ્ર ધ્યાન કરનારા, પાખંડી, નિર્દય, યવન દેશના રહીશ, ઠગ, એકવાર આપણી સાથે લડેલા–ઝઘડેલા, બાળક, સ્ત્રીઓ, સોની, જળ, અગ્ની, સ્વામી, અસત્ય બોલનારા, નીચ લોકો, આળસુ, પરાક્રમી, લડવૈયા, કૃતઘ્ન, ચોર અને નાસ્તિક એટલા લોકોનો કોઈ કાળે પણ વિશ્વાસ ન જ કરવો, એમ આપણા પ્રાચીન ગ્રંથોમાં અનેક પ્રસંગોએ પુરવાર કરવામાં આવ્યું છે. આ ઉપરથી સત્પુરૂષોનો પણ બીલકુલ વિશ્વાસ ન કરવો એમ માની લેવાનું નથી. આપણે જેની પાસે હંમેશા રહેતા હોઈએ. પ્રસંગોપાત જેમની પાસે નિરંતર આવ–જા થયા કરતી હોય અને જેમનામાં ઠરેલપણું વિગેરે ગુણોની ખાત્રી થઈ ચુકી હોય તેમની સાથે વિશ્વાસયુક્ત પ્રસંગો પાડવામાં વાંધો ન લઈ શકાય. સમાગમ વિના પુરૂષની કે સ્ત્રીની પરીક્ષા થતી નથી. એટલા માટે પ્રથમ સામાન્ય પ્રસંગો પાડી અમુક માણસ વિશ્વાસપાત્ર છે કે નહીં તેનો નિર્ણય કરવો અને ત્યાર પછી તદનુસાર વર્તન રાખવું. પરિચય અથવા સંત-સમાગમનાં પરિણામે જો કોઈ સંત સમશીલ અને ત્યાગી પુરૂષના સંગે આવો લાભ મેળવે તો તેને જીવનનું એક મહત્વાકાંક્ષી [illegible] ધ્યેય સાધવા પુરૂષો ઉપર વિશ્વાસ રાખ્યા વિના ચાલી શકતું નથી. [illegible] સમશીલ પુરૂષો જગતમાં બહુ

દુર્લભ છે. તેઓ જગતના આક્ષેપો અને સંકષ્ટો સુખે મ્હોડે સહન કરવાને ટેવાયેલા હોવાથી આપણા અસભ્ય ચહેવારને માટે વાંધો ઉઠાવતા નથી. પરંતુ એનો અર્થ એવો તો ન જ થવો જોઇએ કે ક્ષમાશીલ પુરૂષ પ્રત્યે નિર્દય-ક્રૂર બનવું એ સહિસલામત છે. સુગંધી ચંદનનું મથન કરવા છતાં ચંદન તો આખર સુધી પોતાનું કર્તવ્ય બજાવે જાય છે અને જગતને સુગંધી પુરી પાડે છે. સત્પુરૂષો પણ તેવીજ રીતે પોતાનો ધર્મ બજાવે છે. પરંતુ આપણે તેમના પ્રત્યે જેમ બને તેમ ભક્તિવાન અને શ્રદ્ધાવાન બનવાની કોશેષ કરવી જોઇએ. મલય પર્વત ઉપરના સાગનાં તથા બીજા એવા વૃક્ષો ચંદનના સંગમાં રહેવાથી ચંદન સરખાજ બની જાય છે એવી કિંવદન્તી છે. જો જડ પદાર્થ આવી રીતે સમાગમનો ઉત્તમ લાભ લઈ એ લોભ ચિરસ્થાયી રાખી શકતા હોય તો મનુષ્ય પ્રાણીએ મહાપુરૂષોની સારી સોબતનો લાભ લઈ આત્મકલ્યાણ કરવા શા માટે ઉજમાળ ન થવું ? મ્હોટા પંડિતો, ધર્મશાસ્ત્રના પારંગત પુરૂષો, સારા ઉપદેશકો અને પ્રૌઢ વયના પુરૂષોની સેવા કરવાનો પ્રસંગ કવચિતજ પ્રાપ્ત થાય છે. એવો પ્રસંગ ભાગ્ય યોગે પ્રાપ્ત થાય તો તે સાર્થક કરવા ચુકવું નહીં, બ્હારથી સારા લાગતા માણસના વચનમાં અથવા વ્યવહારમાં શિથિલતા-દંભ કે વ્યવહારથી વિરૂદ્ધ વર્તન જોવામાં આવે તો ડાહ્યા સુરૂષોએ તેથી ભરમાઇ નહીં જતા એવા મનુષ્યોનો સમાગમ વર્જવો; કારણ કે જે માણસ

પોતાનું હિત કે કલ્યાણ ન કરી શકે તે આપણું કલ્યાણ શી રીતે કરે ? સજ્જનની પરીક્ષા કરવામાં તેના હીનકુળનો બહુ લાંબો ખ્યાલ દોડાવવાની આવશ્યક્તા નથી, હીનકુળમાં ભાગ્ય દોષને લીધે મનુષ્ય ઉત્પન્ન થાય તેથી કરીને તે હીનજ હોય અને સદા હીન જ રહે એમ કંઇજ નથી. ગમે તેવા કુલનો માણસ પોતાના પરાક્રમથી, તપસ્યાથી, જ્ઞાનથી અને ધનથી ક્ષણ માત્રમાં સારા કુલીન લોકોમાં ગણાય છે. જ્યારે એથી ઉલટું અપકર્મો–પાપકર્મો અને ભયંકર આચારોથી ક્ષણ માત્રમાં પોતાની કુલીનતા ગુમાવી દે છે. ઉત્તમ દરજ્જે ચડતી વખતે મનુષ્ય માત્રે એક સાવચેતી રાખવી જોઇએ. જે પદાર્થ જેટલો ઉંચો ચડે છે, તેટલોજ પાછો કાળપ્રભાવે કે અન્ય કોઇ અદ્દષ્ટ કારણે પાછો પડે છે. મનુષ્યના સંબંધમાં પણ પ્રાય: તેમજ બનતું જોવામાં આવ્યું છે અને આવે છે. વિધિની અનુકુળતાને લઇને ઉંચે દરજ્જે ચડેલા પુરૂષો જ્યારે અધ:પાત પામે છે ત્યારે તે તેમને અસહ્ય થઇ પડે છે. ધન દોલત અને વૈભવના ગિરિ–શિખરે ચડી પાછું નીચે પડવાનું પ્રાપ્ત થાય તો તેવે વખતે ચિત્તને ખુબ દ્રઢ બનાવી સંસારની અનિત્યતા અથવા અસ્થિરતા ચિંતવી પ્રસન્નતા પૂર્વક સઘળું વેદી લેવું જોઇએ. જો તેટલું સામાર્થ્ય અંતરાત્મામાં ન હોય તો બહેતર છે કે ઉન્નતિના શીખરે પહોંચવા કરતાં મધ્યમ સ્થિતિમાંજ સંતુષ્ટ બની સરળતા અને સાદાઇમાં જ ખરૂં સુખ માની લેવું.

મારૂં કુળ કેવું ? મેં શાસ્ત્રનો કેટલો અભ્યાસ કર્યો છે?

મારે આજે ખાસ કરીને કયા કયા કર્ત્તવ્યો કરવાનાં છે? મારી આવક અને જાવક કેટલી છે? મારા વચનમાં કેટલી શક્તિ રહેલી છે? મારે કેટલો શ્રમ લેવાનો છે? મારો બુદ્ધિવૈભવ કેટલો છે? મારી શક્તિ કેટલા પ્રમાણમાં છે? મારા દુશ્મનો ક્યા ક્યા છે? હું કોણ છું? હમણાં કેવો કાળ વર્ત્તે છે? મારા હાથમાં કેવા કેવા સાધનો છે? મારા સહાયકો કોણ કોણ છે? મારા કાર્યનું પરિણામ શું આવશે? દેશ તથા કાળની આખા સમાજ ઉપર કેવી અસર થઈ રહી છે? મારી સામગ્રી કેટલી છે? મારા વિરોધીઓ મને અમુક વિષયમાં બાંધી લેવાનો પ્રયત્ન કરે તો મારે તેમની સામે કેવા ઉત્તરો તૈયાર રાખવા? આવી અને બીજી અનેક બાબતો ગૃહસ્થોએ વિચારવી જોઈએ. અવિચારીપણે જ્યાં ત્યાં પ્રવેશ કરવાથી આખરે માનહાની થાય છે, એટલુંજ નહીં પણ જે કંઈ સાધન-સામગ્રી પાસે હોય તે પણ ગુમાવી દેવી પડે છે. વિચાર એજ મનુષ્યોનું મનુષ્યત્વ છે. ભવિષ્ય માટે તૈયારીઓ કરવી અને એ તૈયારીઓ બરાબર થાય એટલા માટે પોતાનો વર્તમાન અને ભૂતકાળ બરાબર વિચારવો એ ડાહ્યા પુરૂષોનું પ્રધાન લક્ષણ હોય છે. જેઓ ઉપર કહ્યા તેવા પ્રશ્નો વિચારી અગાઉથી તેના નિર્ણયો કરી રાખે છે તેઓ વ્યવહારમાં કદાપિ નાસીપાસ થતા નથી. જીવન એક પ્રકારનો સંગ્રામ છે. સંગ્રામમાં-યુદ્ધમાં જતાં પહેલાં સૈનિક જેવી રીતે પોતાના સામર્થ્ય અને સાધનની બધી તૈયારીઓ કરી લે, તેવીજ રીતે મનુષ્ય

માત્રે વ્યવહાર–સંગ્રામમાં પડતાં પહેલાં આસપાસની તમામ પરિસ્થિતિનો એકાગ્રચિત્તે વિચાર કરી લેવો જોઇએ. પોતાની શક્તિ ઉપર હદ ઉપરાંતનો વિશ્વાસ રાખનાર મનુષ્ય જેવી રીતે ખુવાર થાય છે, તેવીજ રીતે પોતાની શક્તિ ઉપર લેશ માત્ર વિશ્વાસ નહીં રાખનાર મનુષ્ય પણ ખુવાર થાય છે. પોતાની યથાર્થ શક્તિ અને સાધનના સંબંધમાં યોગ્ય અભિમાન હોવું એ વિજયની અર્ધી ખાત્રી છે. વિજયની પ્રાપ્તિમાં વિઘ્ન નડે તો તેથી નિરાશ ન થવું. આશાની સાથે નિરાશા તો વળગેલીજ છે. એ દ્વંદ્વોનો નાશ થઈ શકે તેમ નથી. જેમ સુખની સાથે દુઃખ, આનંદની સાથે શોક, એક બીજાની પાછળ લાગેલાજ છે, તેવી રીતે લાભ અને હાની, જય અને પરાજયના સંબંધમાં પણ સમજી લેવું. મનુષ્યે પોતાથી બને તેટલો પ્રયત્ન કરવો. પરિણામ તો હંમેશાં પૂર્વના સંચિતાનુસારજ આવી મળે છે. જો આપણને એમ લાગે કે કોઇ એક પ્રકારનો દૈવી ઉપદ્રવ અથવા માનુષી વિરોધ સદંતર નડ્યા કરે છે તો દૈવી ઉપદ્રવ દૂર કરવાને પુણ્યકાર્ય–શાંતિકર્મ કરવાં અને માનુષી ઉપદ્રવ હોય તો તે પોતાનાં બળ અને બુદ્ધિ–પરાક્રમથી દૂર કરવો. પરંતુ હતાશ થઇને લમણે હાથ મુકીને બેસી તો નજ રહેવું. ઉત્તમ પુરૂષો વિઘ્નથી પુનઃ પુનઃ પરાભૂત થવા છતાં પોતાના પ્રારબ્ધ કાર્યને કદિ પણ ત્યજતા નથી. આખર સુધી પ્રમાણિકતા અને સત્યનિષ્ઠા પૂર્વક તે હેતુને વળગી રહે છે. તમારે પણ એવીજ રીતે ઉત્તમ પુરૂષની કોટીમાં પ્રવેશ કરવાનો ઉત્સાહ દર્શાવવો જોઇએ.

મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. તે એકલો રહી શકતો નથી. તેને પોતાના કુટુંબીઓ, જ્ઞાતિબંધુઓ અને અડોશી-પાડોશીઓ સાથે વ્યવહારિક સંબંધોમાં આવ્યા વિના ચાલતું નથી. સમાજમાં રહેનારે પોતાના સુખ-સગવડની સાથે પોતાની આસપાસના માણસોનાં સુખ-સગવડનો પણ વિચાર કરવો જોઈએ. જો તે તેમ ન કરે તો તે ઘણા સ્વાર્થી અજ્ઞાન અને દુરાગ્રહી મનુષ્ય આ જગતમાં તે સર્વેનો પીડાકારક થઈ પડે છે, તે ઉપરાંત તે પોતાના આત્માને પણ ભયંકર અધોગતિમાં લઈ જાય છે. સમાજમાંના એક માણસ તરીકે મનુષ્યે પાળવાં જોઈતાં સંબંધિ ફરજો અત્યાવશ્યક છે. " આપણે કોઈને વચન આપ્યું હોય તે તો ગમે તે ભોગે પણ પાળવું " એ વાત જ્યાં સુધી સમાજમાં પ્રતિષ્ઠા પૂર્વક રહેવું હોય ત્યાંસુધી ખાસ સ્મરણમાં રાખવી. તેની સાથે એક નીતિકાર એમ પણ કહે છે કે—" કબુલ કરેલા વચનનો ભંગ, ગઈ વસ્તુનો શોક અને કોઈનો નિદ્રાભંગ એ ત્રણ વાનાં કોઈ કાળે પણ ન કરવાં. " આ સ્પષ્ટ કથન વિષે હું ધારૂં છું કે વિશેષ વિવેચનની જરૂર નથી.

શિષ્ય—સમાજમાં હંમેશાં જ્ઞાતીના અને કુટુંબના ઝઘડા તો ચાલતાજ હોય, અમારે સમાજના એક અંગતરીકે કેવું વર્તવું ?

સૂરિ—જે વ્યક્તિ પોતાની છતી શક્તિએ જ્ઞાતિ, કોમ કે કુટુંબના દુઃખ-કષ્ટ દૂર કરવાનો પ્રયત્ન ન કરે તે જાતિદ્રોહી

માત્રે વ્યવહાર–સંગ્રામમાં પડતાં પહેલાં આસપાસની તમામ પરિસ્થિતિનો એકાગ્રચિત્તે વિચાર કરી લેવો જોઇએ. પોતાની શક્તિ ઉપર હદ ઉપરાંતનો વિશ્વાસ રાખનાર મનુષ્ય જેવી રીતે ખુવાર થાય છે, તેવીજ રીતે પોતાની શકિત ઉપર લેશ માત્ર વિશ્વાસ નહીં રાખનાર મનુષ્ય પણ ખુવાર થાય છે. પોતાની યથાર્થ શકિત અને સાધનના સંબંધમાં યોગ્ય અભિમાન હોવું એ વિજયની અર્ધી ખાત્રી છે. વિજયની પ્રાપ્તિમાં વિઘ્ન નડે તો તેથી નિરાશ ન થવું. આશાની સાથે નિરાશા તો વળગેલીજ છે. એ દ્વંદ્વોનો નાશ થઈ શકે તેમ નથી. જેમ સુખની સાથે દુઃખ, આનંદની સાથે શોક, એક બીજાની પાછળ લાગેલાજ છે, તેવી રીતે લાભ અને હાની, જય અને પરાજયના સંબંધમાં પણ સમજી લેવું. મનુષ્યે પોતાથી બને તેટલો પ્રયત્ન કરવો. પરિણામ તો હંમેશાં પૂર્વના સંચિતાનુસારજ આવી મળે છે. જો આપણને એમ લાગે કે કોઈ એક પ્રકારનો દૈવી ઉપદ્રવ અથવા માનુષી વિરોધ સદંતર નડ્યા કરે છે તો દૈવી ઉપદ્રવ દૂર કરવાને પુણ્યકાર્ય–શાંતિકર્મ કરવાં અને માનુષી ઉપદ્રવ હોય તો તે પોતાનાં બળ અને બુદ્ધિ–પરાક્રમથી દૂર કરવો. પરંતુ હતાશ થઈને કમળે હાથ મુકીને બેસી તો નજ રહેવું. ઉત્તમ પુરૂષો વિઘ્નથી પુનઃ પુનઃ પરાભૂત થયા છતાં પોતાના પ્રારબ્ધ કાર્યને કદિ પણ ત્યજતા નથી. આખર સુધી અસ્થિરતા અને સત્વનિષ્ઠા પૂર્વક તે હેતુને વળગી રહે છે. તમારે પણ એવીજ રીતે ઉત્તમ પુરૂષની કોટીમાં પ્રવેશ કરવાનો ઉત્સાહ દર્શાવવો જોઈએ.

મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. તે એકલો રહી શકતો નથી. તેને પોતાના કુટુંબીઓ, સગા-સંબંધીઓ અને અડ-શોશી-પાડોશીઓ સાથે અનેકવિધ સંબંધો રાખ્યા વિના ચાલતું નથી. સમાજમાં રહેનારે પોતાના સુખ-સગવડની સાથે પોતાની આસપાસના સગા-સ્નેહીઓના સુખ-સગવડના પણ વિચાર કરવો જોઈએ. જો તે તેમ ન કરે તો તે મહા સ્વાર્થી અજ્ઞાન અને સ્વાર્થાંધ મનુષ્ય આ જગતમાં તેના સર્વનો ધીક્કારપાત્ર થઈ પડે છે, તે ઉપરાંત તે પોતાના આત્માને પણ ભયંકર અધોગતિએ લઈ જાય છે. સમાજશરીરના એક પ્રાણી તરીકે મનુષ્યે ઘણાં ઘણાં બંધનો સ્વીકારવા આવશ્યક છે. " આપેલું કોઈને વચન આપ્યું હોય તો તે ગમે તે ભોગે પણ પાળવું " એ વાત જ્યાં સુધી સમાજમાં પ્રતિજ્ઞા પૂર્વક કહેવું હોય ત્યાંસુધી ખાસ સ્મરણમાં રાખવી. તેની સાથે એક નીતિકાર એમ પણ કહે છે કે-" જુગાર રમવો, વચનનો ભંગ, પર વસ્તુનો લોભ અને કોઈનો વિશ્વાસભંગ એ ચાર વાનાં કોઈ કાળે પણ ન કરવાં. " આ સ્પષ્ટ કથન વિષે હું ધારું છું કે વિશેષ વિવેચનની જરૂર નથી.

શિષ્ય—સમાજમાં હંમેશાં જ્ઞાતીના અને કુટુંબના ઝઘડા તો ચાલતાજ હોય, અમારે સમાજના એક અંગતરીકે કેવું વલણ લેવું ?

સૂરિ—જે વ્યક્તિ પોતાની છતી શક્તિએ જ્ઞાતિ, કોમ કે કુટુંબના દુઃખ-કષ્ટ દૂર કરવાનો પ્રયત્ન ન કરે તે જાતિદ્રોહી

માટે અવકાશ-સંગ્રામમાં પડતાં પહેલાં આસપાસની તમામ પરિસ્થિતિનો એકાગ્રચિત્તે વિચાર કરી લેવો જોઈએ. પોતાની શક્તિ ઉપર હદ ઉપરાંતનો વિશ્વાસ રાખનાર મનુષ્ય જેવી રીતે ખુવાર થાય છે, તેવીજ રીતે પોતાની શક્તિ ઉપર લેશ માત્ર વિશ્વાસ નહીં રાખનાર મનુષ્ય પણ ખુવાર થાય છે. પોતાની સ્વાભાવિક શક્તિ અને સાધનના સંબંધમાં યોગ્ય અભિમાન હોવું [illegible]

મનુષ્ય એક સામાજીક પ્રાણી છે. એ એકલો રહી શકતો નથી. તેને પોતાના કુટુંબીઓ, સગા-સંબંધીઓ અને અડોશી-પાડોશીઓના સાથે વ્યવહારિક સંબંધ રાખ્યા સિવાય ચાલતું નથી. સમાજના કલ્યાણ [illegible] [illegible] વરની સાથે પોતાની [illegible] [illegible] [illegible] સમાજનો પણ વિચાર કરવો જોઈએ, કે જે [illegible] ન કરે તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સર્વનો [illegible] થઈ જાય છે, તે [illegible] તે [illegible] આત્માને પણ [illegible] [illegible] થઈ જાય છે. સમાજમાંના એક પ્રાણી તરીકે મનુષ્યે ઘણાં ઘણાં બંધનો [illegible] આવશ્યક છે. " આપણું કોઈને વચન આપ્યું હોય તો તે ગમે તે ભોગે પણ પાળવું " એ વાત જ્યાં સુધી સમાજમાં પ્રતિજ્ઞા પૂર્વક કહેલું હોય ત્યાં સુધી ખાસ સ્મરણમાં રાખવી. તેની સાથે એક નીતિકાર એમ પણ કહે છે કે " કબુલ કરેલા વચનોના ભંગ, નહીં વસ્તુના [illegible] અને કોઈના નિકાલ [illegible] [illegible] વાના કોઈ કાળે પણ ન કરવા " આ સ્પષ્ટ કથન વિષે હું ધારું છું કે વિશેષ વિવેચનની જરૂર નથી.

શિષ્ય— સમાજમાં હંમેશ શાન્તિ અને કુટુંબના ઝઘડા તો ચાલતાજ હોય, તેમ છે સમાજના એક અંગ તરીકે કેવું વર્તન કરવું ?

સૂરિ — જે વ્યક્તિ પોતાની ઉંચી પ્રતિષ્ઠા [illegible] શાન્તિ, કોમ કે કુટુંબના કંકાસ દૂર કરવાનો પ્રયત્ન ન કરે તે [illegible]

ગણાય. સમાજના એક અંગ તરીકે જો આપણે ગણાવા ઈચ્છતા હોઈએ તો જાતિ કે કોમના સુખ-દુઃખને આપણે પોતાનાજ સુખ-દુઃખ માની લેવાં જોઈએ. પેટને કંઈ પીડા થતી હોય તો હાથ-પગ વિગેરે અવયવો શું બેદરકારપણે બેસી રહે ખરા ? શું તે વખતે આંખ-કાન-નાક-જીભ વિગેરે મળી પેટને કહેવા લાગી જાય કે-" સારૂં સારૂં ખાવાનું તો તું ભરી રાખે છે, અમે તારા દુઃખમાં શામાટે મદદ કરીએ ? " અંગાંગીભાવમાં એવા વિવાદને સ્થાન નથી. સમાજના એક અંગ તરીકે આપણે સમાજના દુઃખ-કષ્ટની અવગણના ન કરવી જોઇએ. કોમ કે જ્ઞાતીમાં જો કલેશ અને કુસંપ ચાલતા હોય તો કોમના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકે તમારો તે કલેશ-કુસંપ દૂર કરવા એ તમારૂં અન્યતમ કર્ત્તવ્ય છે. કોમની નિંદા અથવા અવનતિ એ તમારી પોતાનીજ નિંદા અથવા અવનતિ છે. કોઈ પણ કોમમાં જ્યારે કુસંપ વધે છે ત્યારે બ્હારના લોકો કોમની નિંદા તો કરે છેજ; પરંતુ તેની સાથે કોમના પ્રતિષ્ઠિત આગેવાનો અને માનનીય ગૃહસ્થોની પણ અપકીર્ત્તિ કર્યા વિના રહેતા નથી. અને એમ બને એ તદ્દન સંભવિત છે. સારાંશ એ છે કે જ્ઞાતિની, સંઘની કે સમાજની કુસંપ-કલેશવાળી સ્થિતિ સુધારવાનું નિરંતર લક્ષ રાખવું જોઇએ. " જ્ઞાતીમાં કુસંપ ચાલે છે એમાં અમને શું ? " એમ વિચારી ઉપેક્ષા ન કરવી. એક સ્થળે કહ્યું છે કે-" જ્ઞાતિઓ એક-બીજાની સાથે કલેશ-કુસંપ કરવાથી પ્રાયઃ

પાયમાલ થઈ જાય છે. તેજ જ્ઞાતી જો એક-બીજાની સાથે સંપ અને સદ્ભાવ પૂર્વક વર્તન-વ્યવહાર રાખે તો જળમાં જેમ કમલિની વધે તેમ વૃદ્ધિ પામે. આપણી જ્ઞાતીઓ, જળમાં કમલિની વધે અને પૂર ભભકાથી ખીલે તેવી રીતે ઉન્નતિમાં આગળ વધે અને પ્રફુલ્લિત થાય એવો દરેક પ્રયત્ન જ્ઞાતિના હિતચિંતકોએ અને જ્ઞાતીના સેવકોએ કરવો જોઈએ.

શિષ્ય—જ્ઞાતીમાં વૈર-વિરોધ કેમ વધતા હશે અને તે વૈર-વિરોધોનું નિકંદન શી રીતે થાય ?

સૂરિ—મતભેદને લીધે પ્રાયશઃ જ્ઞાતિમાં ભાગ કે તડા પડી જાય છે. મતભેદનું ઔષધ થઇ શકતું નથી, કારણકે મતભેદ અનિવાર્ય છે. પણ જો મતભેદને પરિણામે ઉપજનારાં વૈર-વિરોધ અટકાવવાં હોય તો ડાહ્યા મનુષ્યોએ બહુમતીને માન આપી જ્ઞાતીની એકતા જાળવી રાખવી જોઇએ. " હું જ ખરો, મારૂં ધાર્યુંજ થવું જોઇએ " એવો દુરાગ્રહ રાખવાથી કલેશના મૂળ રોપાય છે. આપણા પ્રમાણિક મત-ભેદો અલબત્ત રજુ કરવા અને જ્ઞાતિ બંધુઓને સમજાવવાનો પ્રયત્ન કરવો; પરંતુ ગમે તે ભોગે તે મતભેદને માન મળવુંજ જોઇએ અને તેનો સ્વીકાર થવોજ જોઈએ એવો આગ્રહ જ્ઞાતિના હિતૈષીઓને માટે યોગ્ય ન ગણાય. હું આગળજ કહી ગયો છું કે સમાજમાં રહેનાર પ્રાણીને ઘણી વાર પોતાની ઇચ્છાઓ-મનોરથો અને યોજનાઓના સંબંધમાં સંયમિત થવું પડે છે. આવા મત-ભેદના પ્રસંગમાં પણ સંયમ, શાંતિ

અને ધીરજતાથી કામ લેવું એ શ્રેયસ્કર છે. વૈર-વિરોધની આગાહી થતાંજ કેટલાક ડાહ્યા ગણાતાં પુરૂષો જ્ઞાતીની આગેવાનીમાંથી ખસી જાય છે, એ પણ ઈચ્છવા યોગ્ય નથી. સુજ્ઞ મનુષ્યે સર્વ શુભ કાર્યોમાં આગેવાની ભર્યો ભાગ લેવા અમુક જોખમે પણ તૈયાર રહેવું જોઇએ. જો આવો ભાગ નિસ્પૃહતા પૂર્વક અને સેવાની ભાવનાથી લેવાય તો તો ઘણુંજ ઉત્તમ ગણાય. કપટતા વાળી નિસ્પૃહતા બતાવનાર મનુષ્યો પણ જો પોતાના ઉદ્દેશો ભલી રીતે પાર પાડે છે, તોપછી અંતઃકરણ પૂર્વક જે માણસ નિસ્પૃહતા ધરાવતો હોય તે સમાજનું સઘળું દારિદ્રય જોત જોતામાં દૂર કરી દે એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? આગેવાનોમાં એક ગુણ મુખ્યત્વે હોવો જોઇએ અને તે એજ કે અનિર્ષા. અર્થાત્ આગેવાનમાં ઈર્ષા કે મત્સર ન હોવાં જોઇએ. ઈર્ષા અને મત્સરવાળો આગેવાન જ્ઞાતીરૂપી જહાજને ભર દરીયે લઇ જઇ ઉંધું વાળી દે છે. તેમ કરતાં તેને લેશ પણ આંચકો નથી લાગતો. કારણકે તે પોતે ઈર્ષા અને મત્સરતાની ડાકણોના પંજામાં એવો આબાદ રીતે ફસાએલો હોય છે કે તેને સારાસારનો વિચાર કરવા જેટલો અવકાશ પણ મળી શકતો નથી એટલાજ માટે કહેવામાં આવ્યું છે કે સારા પુરૂષોએ ઈર્ષા મત્સરતાથી કોઈપણ કાર્ય કરવા ઉત્સુક ન થવું. તેમજ કોઈ સુયોગ્ય પાત્ર પ્રત્યે પણ ઈર્ષા-મત્સરભાવ ધારણ ન કરવો. જ્ઞાતીના એક આગેવાન બનવા માગતા હો તો આ સૂત્ર ખાસ સ્મરણમાં રાખજો.

સમાજના ગૃહસ્થોને શિરે એક બીજી પણ જવાબદારી રહેલી છે. પોતાનો કોઈ મિત્ર કે સ્વધર્મી બન્ધુ અણધારી આફતમાં આવી પડયો હોય તો તેને તન–મન–ધનનો ભોગ આપી બચાવવો અને તેને સારી સ્થિતિમાં લાવી મુકવો એ જ્ઞાતીના સભ્ય તરીકેનું એક મુખ્ય કર્ત્તવ્ય છે. વિચાર કરો કે આપણી પાસે પુરતી સત્તા અને સંપત્તિ હોય અને એટલું છતાં આપણે આપણા સ્વધર્મી બન્ધુઓ, મિત્રો અને ભાઈ–બ્હેનોને કોઇ પણ રીતે ઉપયોગી ન થઇ શકીએ તો તે સત્તા તથા સંપત્તિ શું કામની? દીન બન્ધુઓ અને બ્હેનોના ઉદ્ધારમાંજ સત્તા કિંવા સંપત્તિની ખરી સાર્થકતા રહેલી છે. બાકી ખાવું–પીવું–એશ–આરામ કરવો એ તો કાયર અને દ્રોહી મનુષ્યોથી પણ બની શકે છે. પણ તેમાં કંઇ પુરૂષાર્થ નથી. ડાહ્યા મનુષ્યે દરિદ્રી અવસ્થામાં આવી પડેલા પોતાના મિત્રની, સ્વધર્મી બન્ધુની, પોતાની અપેક્ષાએ કુળ મર્યાદામાં અને ગુણમાં શ્રેષ્ઠ દરજ્જાના હોય તેવા માણસની તેમજ વિધવા કે વાંઝણી બ્હેનની યથાશક્તિ આસના–વાસના અવશ્ય કરવી જોઇએ. ગૃહસ્થ ધર્મ યથાયોગ્ય રીતે પાળવા ઈચ્છતા સજ્જનોએ ઉક્ત કથન હંમેશા સ્મરણમાં રાખવું એટલુંજ બસ નથી તેનું પાલન પણ થવુ જોઇએ.

શિષ્ય—આ જગતમા સૌ કોઈ લોકપ્રિય થવા બનતું કરે છે. છતા કેટલાક લોકપ્રિય થવાને બદલે ઉલટા હાસ્યાસ્પદ થઇ પડે છે તેનું શુ કારણ ?

પોતાની બડાઇ હાંક્યા કરે અને " હું શૂરવીર પુરૂ-
ષોમાં અગ્રણી છું" એમ સમજી સૌને પોતાની બેદરકારી દે-
ખાડે તે પુરૂષ અંતે મિથ્યાભિમાનમાં ને મિથ્યાભિમાનમાંજ
પોતાની કીર્ત્તિ વિગેરે હારી જાય છે. જે માણુસ લક્ષ્મીની પ્રાપ્તિ
થવાથી વિકાર પામે, વાચાળતામાંજ પાંડિત્ય સમાયેલું છે એમ
માની પોતાને પંડિતમાં ગણાવે અને જોશીના કહેવા માત્રથી
પોતે ભવિષ્યમાં રાજા થશે એમ માની રાજ્યપદની વાંછા રાખ્યા
કરે તેઓ પ્રકટપણે મૂર્ખતા બતાવી લોકોમાં દયાપાત્ર થઇ
પડે છે. જે માણુસ કોઇ ન સમજે એવાં ક્લીષ્ટ વચનો બોલી
પોતાને કવિ માને, પંડિત પુરૂષોની સભામાં પોતાના
વખાણ પોતેજ કર્યા કરે અને જે શાસ્ત્રનું નામ સ્વપ્નમાં
પણ ન સાંભળ્યુ હોય એવા શાસ્ત્રની વ્યાખ્યા કરવા તૈયાર
થઇ જાય તે માણુસને લોકો છેટેથી નવ ગજના નમસ્કાર કરી
દૂર રહેવા માને છે. જે ઘણાં ખુશામતીવાળાં મીઠાં વચનો બોલી
વિશ્વાસ ઉપજાવે, હસતાં હસતાં પારકાના મર્મ ભેદવાનો પ્રયત્ન
કરે અને પોતે નિર્ગુણી છતાં ગુણી પુરૂષોની નિંદા કરવામાં
આનંદ માન લે તે માણુસ જનસમુદાયમાં કરવતના જેવો ગણાઈ
જાય છે, અર્થાત્ તેની જીભમાં કરવતની માફક માત્ર ગમે તેમ
વહેરી નાંખવાની જ શક્તિ છે, એમ બધે મનાઇ જાય છે. જે
માણુસ અવિદ્વાન છતાં મ્હોટી બૂમો પાડી પોતાની વિદ્વત્તા જાહેર
કરવા મથે, જે કૃપણ પુરૂષ પાસેથી પણ મ્હોટા ધનના બદ-
લાની ઇચ્છા રાખે અને અવસર જાણ્યા વિના જ્યાં ત્યાં માથું

માટે તેવા માણસો પણ અકારા થઇ પડે છે, ઉપર કહ્યા તે દોષોમાં તો એક દોષ પણ હોય તો તે ભારે અનર્થકારક થાય છે. ખરેખરા લોકપ્રિય થવું હોય અને એ રીતે લોકહિત કરવું હોય તો ઉક્ત વિવેચનમાં મનુષ્યની જે ખામીઓ બતાવવામાં આવી છે તે ઉપર વિચાર કરશો અને દોષો હોય તો તેનું પ્રક્ષાલન કરી દોષોના સ્થાને ગુણનો અભિષેક કરશો તો આપણો શ્રમ સાર્થક થશે.

શિષ્ય—પરંતુ લાંબા કાળના દોષો દૂર કરવા એ કંઇ સહજ નથી. આપના જેવા કૃપાળુ મહાત્માઓના કૃપા-પ્રસાદે કદાચ તેમ બની શકે; પરંતુ અમે પોતે અમારી જાતને સુધારીએ એ તો અશક્ય જેવું જ લાગે છે.

સૂરિ—ગુરૂઓ તો માત્ર અંગુલી નિર્દેશ કરે. બાકી પોતાના આત્માને કુમાર્ગે જતો અટકાવવામાં તો સૌ સૌનો આત્મા જ મુખ્ય ભાગ ભજવે છે. તમને બીજો કોઇ આવીને સુધારી દે એમ જો માનશો તો તમે કોઇ કાળે પણ તમારો ઉદ્ધાર નહીં કરી શકો. આત્માનો ઉદ્ધાર આત્મા જ કરી શકે છે. તે સ્થળે બહારની મદદો કંઇ વિશેષ કામ નથી કરી શકતી. સમુદ્રમાં જ્યારે ભરતી આવે છે, ત્યારે આપણને ક્ષણવાર એવો ભાસ થાય છે કે આ મોજાંઓ આખા વિશ્વનો ગ્રાસ કરી જશે કે શું ? પરંતુ પોતાની મર્યાદાએ પહોંચ્યા પછી ભરતીનાં મોજાંએ પોતાની મેળે જ પાછાં ફરે છે અને વિશાળ

સમુદ્રમાં સમાઈ જાય છે. વિચાર કરો કે આ ભરતીને કોણ અટકાવે છે ? સમુદ્ર પોતે જ કે બીજું કોઇ ? જો સમુદ્રની પ્રચંડ ભરતીને સમુદ્ર પોતે જ અટકાવી શકે છે, તો પછી મનુષ્ય માત્ર પોતાની કુત્સિત પ્રવૃત્તિઓને કેમ પાછી વાળી ન શકે ?

શિષ્ય—આપની યુક્તિ એવી સજ્જડ હોય છે કે તેની સામે કંઇ બોલવા જેવું જ રહેતું નથી.

સૂરિ—હવે સારા અને સંમાન્ય ગણાતા ગૃહસ્થો પણ કેવી રીતે ખુવાર થઇ જાય છે તે વિષે બે શબ્દો કહી આજનો આ વિશેષોપદેશ સમાપ્ત કરીશું.

શિષ્ય—ઘણા માનનીય અને અખૂટ લક્ષ્મીસંપન્ન ગૃહસ્થોને મેં દરિદ્રાવસ્થામાં ટળવળતા અને પોતાના વિવિધ પાપોનો પશ્ચાત્તાપ કરતા પ્રત્યક્ષ નીહાળ્યા છે. પરંતુ એવી શોચનીય સ્થિતિ પ્રાપ્ત થવામાં શું કારણો હશે તેની પુરેપુરી કલ્પના થઇ શકી નથી. આજે આપે એક એવા વિષયનો અવતરણ કરી છે કે જો ગૃહસ્થને એ વિષય સાંભળવાનો પ્રસંગ મળે તે ખરેખર જ પોતાને ભાગ્યશાળી સમજે.

સૂરિ—પ્રમાણીકતા અને નીતિની રક્ષા કરી શકાય એવા વ્યાપાર-ધંધા છોડી દઇ ચોરી-જુગારી જેવા હીણા ધંધામાં બહોળું દ્રવ્ય પ્રાપ્ત થશે એવી જે કોઇ આશા રાખે, છતિ શક્તિએ ઉદ્યમ કરવામાં આળસ રાખે, ફળ મેળવવાનો વખત આવે તે જ અવસરે ભોગ વિલાસમાં પડી રહી કાળને વ્યર્થ

વીનતી કે, યોગ્ય સમય ન હોય ત્યારે [illegible] સમજે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] છે ? [illegible] [illegible] ધર્મનો [illegible] કરીને [illegible] ઉત્પત્તિની આશા રાખે તથા પિતાનો એક વંશ [illegible] ચાલે છે એમ નિશ્ચય પૂર્વક માની પુરૂષ અને ધર્મ [illegible] ન જાણે, તે આ લોકમાં અને પરલોકમાં દુઃખી થાય, એમાં કંઈ નવાઈ નથી.

પોતાની મોટાઈ અને ધન-મીલકત લાંબા વખતસુધી ટકી રહે, એ માટે ગૃહસ્થોને ઘણી ઘણી બાબતની સાવચેતીઓ રાખવાની હોય છે. હલકી લોકોના સપાટામાં ભૂલે ચૂકે પણ ન આવી જવાય, ઠગ તથા કુલટા સ્ત્રીઓના વચન સાંભળી આપણા હાથથી નહી કરવાના કાર્યો ન થઈ જાય તથા સારા પુરૂષોની અવગણના ન થાય એ બધી બાબતોનો પગલે પગલે વિચાર કરવો પડે છે. જેઓ લંપટ લોકોની સાથે હરીફાઈમાં ઉતરી ધન ઉડાવી દે છે, પોતાની સ્ત્રી ઉપર કોપ કરી બીજી લાવી પરણવા તૈયાર થઈ જાય છે, તેમજ સ્ત્રી ઉપર અત્યંત આસક્તિ રાખી બુદ્ધિ અને વિવેકને વેચી દે છે, તે મનુષ્ય

પાછળથી પશ્ચાત્તાપના સાગરમાં ડૂબી જાય છે. વેશ્યાના જાર ની સાથે વૈર કરનાર, સ્ત્રીના ભયથી ભીખારીઓને દાન આપવામાં સંકોચ રાખનાર, તેમજ દુર્લભ વસ્તુ દઈને પણ સ્ત્રીની સાથે વિષયભોગ કરનાર પુરૂષ પોતાની તથા પોતાના પૂર્વજોની કમાએલી પ્રતિષ્ઠા તથા ધન દોલત ઉપર પાણી ફેરવે છે એમાં શક નથી. જેઓ બુદ્ધિબળનો પુરેપુરો સદુપયોગ કર્યા વિના કાર્યની સિદ્ધિ વાંછે છે, દુઃખના દરીયામાં ડુબકી ખાવા છતાં પોતાને પરમ સુખી બતાવવાનો પ્રયત્ન કરે છે અને દેવું કરીને પણ ઘરબાર ખરીદી પોતાની મ્હોટાઈનો ઢંઢેરો પીટાવે છે, તે પુરૂષ મૂર્ખના સરદારોમાં પોતાનું નામ અગ્ર ભાગે નોંધાવે છે. ઉડાઉ અને દુરાચારી પુત્રના હાથમાં સર્વસ્વ ધન-સંપત્તિ અર્પણ કરી પોતે દૈન્ય ભોગવનાર, સ્ત્રીના તાબામાં બધું સમર્પી દઈ ભીખ માગનાર, અને દાન દઈ પાછળથી પસ્તાવો કરનાર માણુસોની સ્થિતિ ખરેખર દયાજનક થઈ હોય છે. જે કોઈ દુષ્ટ મંત્રિથી બેદરકાર રહે, કૃતઘ્ન માણુસ તરફથી ઉપકારની આશા રાખે અને દુષ્ટ રાજા પાસેથી ન્યાય મેળવવાની ઈચ્છા રાખે તે પોતાની ચઢતી આ ભવમાં તો કદિ પણ કરી શકે નહીં. જે વેપારી દાણનો બચાવ કરવા ચોર માર્ગે ધંધો ખેડવા જાય, જે માણુસ ભોજનના અવસરે ક્રોધે ભરાઈ રીસ કરે અને પોતાના કુળના મદથી ચાકરી કરવામાં શરમ જેવું સમજે, એવા મંદમતી મનુષ્યો પણ સંસારમાં સુખી થઇ શકતા નથી, જે કીમીયામાં

ધન ખોવે, જે રસાયણ ઉપર અનહદ પ્રીતિ રાખે તથા પરીક્ષાને માટે ઝેર ખાતાં પણ વિચાર ન કરે તે મનુષ્ય હાથે કરીને અનર્થને આમંત્રણ આપે છે એમ કહીએ તો ખોટું નથી. જે પોતાની છાની વાત કહીને પરવશ થાય, જે કુકર્મ કરીને પોતાના ચાકરનો ડર રાખે તથા જે ક્રોધના આવેશમાં આવી અકાર્ય કરી નાંખે તે ત્રણે જાતના પુરૂષો કાયમને માટે અપયશના સ્થાનક જેવા બની જાય છે. જે માણસ ગુણનો અભ્યાસ કરવામાં ક્ષણ માત્ર પણ રૂચી ન કરે, એથી ઉલટું જે દોષ કાઢવામાં ઘણી ઉત્કંઠા રાખે તથા જે ઘણું ખોઇને થોડાની રક્ષા કરે તેવા માણસો લક્ષ્મીદેવીની કૃપા મેળવી શક્તા નથી એટલે લક્ષ્મી હોય તે પણ ક્રમે ક્રમે ચાલી જાય છે. જે રોગી હોવા છતાં પરહેજ ન રાખે, શીખામણ દેવા આવે તેની ઉપર ક્રોધ કરે, રોગી નહીં હોવા છતાં વ્હેમથી દવાઓ ખાધા કરે, તે આરોગ્ય અને ધનથી ખુવાર થઈ, મૃત્યુ પામે એ નિ:શંક છે. જે પોતાની સ્ત્રી સુંદર છતાં પરસ્ત્રીની વાસના રાખે, રસોઇ તૈયાર થયા પછી બહાર ફરવા નીકળી જાય અથવા બીજા કામમાં રોકાઈ જાય, તેમજ પોતે દરિદ્ર હોવા છતાં વાતો અને પારકી પંચાતોમાંથી નવરો ન થાય તે પુરૂષ મૂર્ખ અને આળસુઓના સરદાર તરીકે સર્વત્ર પ્રસિદ્ધ થાય છે; એટલુંજ નહીં, તન-મન-ધનની પણ પાયમાલી કરે છે.

જેઓ પારકાની સારી-નરસી વસ્તુઓને પોતાની માની લઈ તે ઉપર વેપાર ખેડવા લાગી જાય તથા પોતાના કુળને


અમુક કાર્ય શોભાસ્પદ થશે કે નહીં તેનો વિચાર કર્યા વિના હીન ધંધામાં દ્રવ્યની લાલચથી ઝંપલાય, તેઓ જનસમાજની વચમાં મ્હોટાઈ મેળવી શકતા નથી. જેઓ હંમેશા પોતાના મિત્રને પણ ઉદ્વેગ ઉપજાવે, ઠગ લોકોને ભરોંસે ઠગાઇ જાય અને પોતે ગુણી છતાં બીજા ગુણી પુરૂષોની અદેખાઇ કરે તે ત્રણે પુરૂષોની કળા કોઇને કશા ઉપયોગમાં આવતી નથી. જે દૂત થઇ સંદેશો ભૂલી જાય, જે ગવૈયો થઈ કઠોર સ્વરે ગાય, તથા જે યોગી થઈ ગૃહસ્થાશ્રમમાં રહે તે ત્રણે પુરૂષો જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં ઉદ્વેગ–ખેદ ઉપજાવનારા થઇ પડે છે. જેઓ મોભાદાર મંડળમાં જઇ કુટેવને લીધે કાખ વગાડે, શીસોટીઓ મારે, કારણ વિના તરખલાના કટકા કરે, શરીરને વાજીંત્રની પેઠે વગાડવા લાગે, દાંત વતી નખ ઉતારવા કે નખથી ભૂમિ ખોતરવા લાગી જાય તેઓ પોતાની જંગલીપણાની ટેવને લીધે માનપાત્ર થઇ શકતા નથી. માણસોના દેખતાં રાજા વિગેરેના અવર્ણવાદ બોલવા, ગુણી પુરૂષોની નિંદા કરવી તથા દુરાચારી માણસોના વખાણ કરવા એ સંકટ શિર પર વ્હોરી લેવા જેવું છે. ગૃહસ્થાશ્રમીઓએ (૧) ઘરનાં છિદ્ર, (૨) મંત્ર (૩) ધન (૪) આયુષ્ય, (૫) મર્મ વચન (૬) ઠગાઇ (૭) અપમાન તથા (૮) પોતાનો ધર્મ એ આઠ વાનાં કોઇની પાસે કદિપણ પ્રગટ ન કરવા.

મનુષ્યોને આખા જન્મમાં પગલે પગલે જે કૃત્યો કરવાં પડે છે અને જે જે વિઘ્નોની સામે થવું પડે છે તેમજ જે જે

સાવધતાઓ રાખવી પડે છે તે સર્વનું વર્ણન, પુનરૂક્તિનો દોષ ક્વચિત વ્હોરી લઇને પણ તમારી સમક્ષ રજુ કર્યું છે. ક્વચિત વિવેકપૂર્વક જો એ ઉપાયો અને સાવચેતીઓનું શરણ લેશો તો તમારો ગૃહસ્થાશ્રમ પરમ સુખ અને આનંદના નિકેતન સરખો બની રહેશે એમ કહેવાની જરૂર નથી. મેં તમને આ વાર્ત્તાલાપની શરૂઆતમાંજ કહી દીધું હતું કે ગૃહસ્થોચિત કર્ત્તવ્યોના સંબંધમાં ભિન્ન ભિન્ન વિષયો ઉપર મારે પ્રકીર્ણ સ્વરૂપે એટલું બધું કહેવાનું હતું કે તે સર્વનો એકબીજા સાથે સંબંધ સાંધવો લગભગ અશક્યજ હતો; તથાપિ ગૃહસ્થ ધર્મને જ્યાંસુધી લાગે વળગે છે, ત્યાંસુધી મને ખાત્રી છે કે મારા આજના વક્તવ્યમાંથી પ્રચુર ઉપાદેય સામગ્રી તમને મળી રહેશે. મારા ઉપદેશને તમારે અક્ષરશઃ વળગીજ રહેવું જોઇએ એમ પણ હું કહેવાનું સાહસ કરી શકતો નથી. જે સ્થળે જે ઉપદેશને અમલમાં મુકવાની આવશ્યકતા આવે તે સ્થળે તેનો પરમ વિવેકથી ઉપયોગ કરવો; તેમાં પણ દેશ-કાળની પરિસ્થિતિ વિચારવી એ સૌથી વિશેષ અગત્યનું છે. માત્ર શબ્દોને વળગી રહેનાર ઉપદેશનું યથાર્થ રહસ્ય સમજી શકતો નથી. મને ખાત્રી છે કે તમારામાં જે યોગ્યતા હું જોતો આવ્યો છું તે યોગ્યતા તમને તમારા નિર્ણયોમાં અવશ્યમેવ માર્ગદર્શક થઇ પડશે.

શિષ્ય—આપનો આજનો ગૃહસ્થધર્મ સંબંધીનો ઉપદેશ હું કાયમને માટે મારા હૃદયમંદિરના સિંહાસન ઉપર

પરમ માનબુદ્ધિ પૂર્વક સાચવી રાખીશ અને આપે સૂચવ્યું તેમ યથાશક્તિ-યથામતિ વિવેક વાપરી તેનો ઉપયોગ કરીશ. આપ એક ત્યાગી પુરૂપ હોવા છતાં મારા જેવા ગૃહસ્થોને જે સદ્બોધામૃતનું પાન કરાવો છો તે બદલ આપનો કેવા કીમતી શબ્દોમાં આભાર માનવો તે હું વિચારી શકતો નથી અને એટલા માટે આપના પવિત્ર પાદપંકજમાં એકવાર પુનઃ નમન કરી કૃતાર્થ થવાની ભાવના રાખું છું.



(૧૪) સ્વરશાસ્ત્ર.

શિષ્ય—આપે આગળ એક વખત સ્વરશાસ્ત્ર વિષે મુખ્ય મુખ્ય વાતો કહેવાનું સ્વીકાર્યું હતું તે આપના સ્મરણમાં હશે.

સૂરિ—સ્વરશાસ્ત્ર એક ઘણુંજ પવિત્ર શાસ્ત્ર છે. તે વડે વ્યવહાર અને આત્મકલ્યાણની સાધના થઇ શકે છે. શ્રીજીનેંદ્ર દેવ તથા ગણધર મહારાજાઓ પણ આ શાસ્ત્રના પ્રાણાયામ આદિ અંગ-ઉપાંગો બહુ સારી રીતે જાણતા હોવા જોઇએ એમ શાસ્ત્ર વચનો ઉપરથી સિદ્ધ થાય છે. જીનાગમમાં પણ લખ્યું છે કે—' શ્રી મહાવીર ભગવાનની પછી ચૌદમી પાટે શ્રી ભદ્રબાહુ સ્વામી થયા. તેમણે સૂક્ષ્મ પ્રાણાયામના ધ્યાનનું પરાવર્તન કર્યું હતું, તે વખતે સમસ્ત સંઘે મળી તેમને વિજ્ઞપ્તિ પણ કરી હતી. " જૈન ઇતિહાસમાં પણ એવા અને

અનેક દૃષ્ટાંતો મળી આવે છે. પૂર્વનાં જે મહાન્ અધ્યાત્મયોગી પુરૂષોના વર્ણનો આપણે સાંભળીએ છીએ તેઓ સઘળા પ્રાયઃ યોગાભ્યાસની વિધિ સંપૂર્ણ રીતે જાણતા હતા અને એને પ્રતાપે તેઓ મહાન્ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકતા હતા. આજ કાલ એક તો શરીરની શક્તિ જ ક્ષીણપ્રાયઃ થઇ છે તેમજ લોકોને શ્રદ્ધા પણ જેવી જોઇએ તેવી રહી નથી. આવી સ્થિતિમાં સ્વરશાસ્ત્ર સમજવાની તકલીફ કોણ અને શા માટે લે? યોગાભ્યાસ—પ્રાણાયામ વિગેરે આત્મકલ્યાણમાં અંગ-સ્નો ભાગ ભજવે છે. પ્રાણાયામની જે દશ ભૂમિકાઓ કહી છે, તેમાં સ્વરશાસ્ત્ર આવી જાય છે. સ્વરશાસ્ત્રના અભ્યાસથી મહાન્ ગુપ્ત ભેદો જાણી શકાય છે એટલું જ નહીં પણ અનેક રોગોની પણ નિવૃત્તિ થઇ શકે છે.

શિષ્ય—સ્વરોદયનો અભ્યાસ વર્તમાન જમાનામાં કેમ લોપ પામી ગયો હશે?

સૂરિ—સ્વરોદય પદનો શબ્દાર્થ શ્વાસ નીકળવો તે છે. તેમાં શ્વાસને ઓળખી લેવાની ખુબી આવડવી જોઇએ. સ્વરોદયના પારંગત પુરૂષો નાક ઉપર હાથ રાખતાં જ કેટલીક ગુપ્ત વાતોનાં રહસ્યો ચિત્રવત પોતાની દૃષ્ટિ આગળ જોઇ શકે છે. કેટલાક કારણોને લીધે ગૃહસ્થો આ વિષયનો સંપૂર્ણ અભ્યાસ કરી શકતા નથી. પહેલી વાત તો એજ છે કે આ વિષય ઘણો કઠિન છે અને તેમાં અનેક સાધનોની આવશ્યક્તા પડે છે. બીજું આ વિષયના જે પ્રાચીન ગ્રંથો મળી આવે છે

તેમાં ઘણી વાતો અતિ કઠિન તથા સંક્ષિપ્ત હોય છે. તેથી તે સહેલાઇ પૂર્વક સમજી શકાતી નથી. ત્રીજું આજકાલ એ વિષયનું ગુરૂગમ પૂર્વક જ્ઞાન આપી શકે એવા યોગી-મહાત્માઓ દુર્લભ છે. આટલી મુશ્કેલીઓ છતાં તેની પાછળ લાગ્યા રહે છે તેઓમાં ભાગ્યેજ કોઇ ફત્તેહમંદ થાય છે.

શિષ્ય—સ્વરશાસ્ત્રનું સ્વરૂપ તથા તેના આવશ્યક નિયમો કયા કયા છે ?

સૂરિ—નાસિકાની અંદરથી જે શ્વાસ નીકળે છે તેને સ્વર કહેવામાં આવે છે. સ્થિરચિત્તે તે વિષે વિચાર કરવાથી શુભાશુભ કાર્યોનો નિર્ણય થઇ શકે છે. આ સ્વરનો સંબંધ નાડીઓ સાથે હોય છે. શરીરમાં નાડીઓ તો જો કે ઘણી છે, પણ તેમાં ૨૪ નાડીયો મુખ્ય ગણાય છે. ૨૪ માં પણ ૯ નાડીઓ અતિ પ્રધાન અને ૯ માંયે ત્રણ નાડીયો અતિશય પ્રધાન મનાય છે. એ ત્રણના નામ અનુક્રમે, ઇંગલા, પિંગલા અને સુષુમ્ના છે. નાકની જમણી તરફથી જે શ્વાસ નીકળે છે તેને ઇંગલા નાડી અથવા સૂર્યસ્વર કહેવામાં આવે છે, ડાબી તરફથી નીકળે તેને પીંગલા નાડી અથવા ચંદ્રસ્વર કહેવામાં આવે છે તથા બન્ને બાજુએથી સમાન શ્વાસ નીકળે અથવા થોડી વાર જમણી બાજુએથી અને થોડો વાર ડાબી બાજુએથી નીકળે તેને સુષુમ્ના અથવા સુખમતા સ્વર કહેવામાં આવે છે. આવો સ્વર પ્રાયઃ સ્વર બદલવાનો હોય છે તેજ વખતે ચાલે છે. સારા નિરોગી માણસને દીવસ રાત્રી દરમી-

યાન કલાકે કલાકે ચંદ્ર અને સૂર્ય સ્વરની અદલ બદલ થયા કરે છે. ડાબી બાજુનો સ્વર ચાલતો હોય ત્યારે ચંદ્રનો ઉદય તથા જમણી બાજુનો ચાલતો હોય ત્યારે સૂર્ય ઉદય જાણવો.

શિષ્ય—ચંદ્રસ્વર ચાલતો હોય ત્યારે કેવી જાતનાં કાર્યો કર્યાં હોય તો ઠીક ગણાય ?

સૂરિ—શીતલ અને સ્થિર કાર્યો ચંદ્રસ્વર ચાલતો હોય તેવે સમયે કરવા યોગ્ય ગણાય. દાખલા તરીકે કોઇ નવા મંદિરની શરૂઆત કરવી હોય, પાયો નંખાવવો હોય, મૂર્તિની પ્રતિષ્ઠા કરવી હોય, મંદિર ઉપર દંડ તથા કલશ ચઢાવવાં હોય, ધર્મશાળા, ઉપાશ્રય, વિદ્યાશાળા, પુસ્તકાલય, ઘર, દુકાન, ગઢ, મહેલ વિગેરે બનાવવાં હોય, ને દાન દેવું હોય, નગરમાં પ્રવેશ કરવો હોય, નવા ઘરમાં રહેવા જવું હોય, નવા કપડાં તથા ઘરેણાં ખરીદવાં હોય, પહેરવાં હોય, અધિકાર લેવો હોય, ઔષધ બનાવવું હોય, બાગ-બગીચો બનાવવો હોય, રાજા જેવા મોટા માણસો સાથે ભાઇબંધી બાંધવા જવું હોય તથા યોગનો અભ્યાસ કરવો હોય; ઈત્યાદિ કાર્યો ચંદ્રસ્વર ચાલતો હોય તે વખતે કર્યાં હોય તો મહા કલ્યાણકારી અને સફળ થાય.

શિષ્ય—ત્યારે સૂર્ય નાડી ચાલતી હોય તે વખતે કેવાં કાર્યો કરવાં જોઇએ ?

સૂરિ—ક્રૂર અને ચર કાર્યો, આ સૂર્ય સ્વર વખતે ઉચિત ગણાય છે. દાખલા તરીકે વિદ્યારંભ કરવો હોય, ધ્યાન

–સાધના તથા મંત્ર કે દેવની આરાધના કરવી હોય, અરજી કરવી હોય, વૈરી સાથે લડત ચલાવવી હોય, સર્પનું ઝેર ઉતરાવવું હોય, વિઘ્નની શાંતિ કરવી હોય, હાથી-ઘોડા જેવાં વાહનોપયોગી પશુ ખરીદવાં હોય, ભોજન-સ્નાન-વ્યાપાર વિગેરે કરવાં હોય, સ્ત્રીને ઋતુદાન દેવું હોય, વૈરીના મકાનમાં દાખલ થવું હોય, કોઈની પાસેથી રૂપીયા ઉછીના લેવા હોય, અથવા દેવા હોય તો સૂર્ય સ્વરમાં લાભદાયક થાય. સ્વરની અદલ-બદલ થવાની હોય તે વખતે પાંચ-સાત મીનીટ સુધી બન્ને સ્વર ચાલે છે, તેને સુષુમ્ના કહે છે. આ સ્વર ચાલતો હોય તે વખતે કંઈ પણ કાર્ય ન કરવું. કારણ કે તેવે સમયે કાર્ય કરવાથી લાભને બદલે ઉલટી હાની થાય છે.

શિષ્ય–ક્યારે કઈ નાડી ચાલતી હોય તો શ્રેષ્ઠ ગણાય ?

સૂરિ—મહીનામાં કૃષ્ણપક્ષ તથા શુકલપક્ષ એમ બે પખવાડીયા આવે છે, તેમાં અંધારીયાનો સ્વામી સૂર્ય અને અજવાળીયાનો સ્વામી ચંદ્ર ગણાય છે. હવે જો કૃષ્ણપક્ષની પ્રતિપદાના દિવસે પ્રાતઃકાળે સૂર્યસ્વર ચાલે તો આખું પખવાડીયું આનંદમાં પસાર થાય. શુકલપક્ષની પ્રતિપદાના દીવસે પ્રાતઃકાળે ચંદ્રસ્વર ચાલે તો તે પખવાડીયું બહુ સુખ અને આનંદ આપનારૂં થઇ પડે. તેથી જો ઉલટું બને અર્થાત્ ચંદ્રની તિથિમાં (શુકલપક્ષની પ્રતિપદાના પ્રાતઃકાળે) સૂર્યસ્વર ચાલે તો કલેશ અને પીડા સહન કરવી પડે તેમજ

દ્રવ્યની પણ ક્ષતિ થાય; તેજ પ્રકારે સૂર્યની તિથિમાં (કૃષ્ણ-પક્ષની પ્રતિપદાના પ્રાતઃકાળે) જો ચંદ્રસ્વર ચાલે તો પીડા, ક્લેશ તથા ચંચળતા અને રાજનો ભય આવી નડે. કદાચ કૃષ્ણ અને શુક્લપક્ષના પડવાને દિને પ્રાતઃકાળમાં સુષુમ્ના સ્વર ચાલતો જણાય તો આખા માસમાં લાભ–હાની સરખે સરવાળે થઈ રહે.

શિષ્ય—પખવાડીયાના પંદરે દિવસો વિષે એજ નિયમ લાગુ પડે ?

સૂરિ—અંધારીયાની પંદર તિથિઓમાં અનુક્રમે ત્રણ ત્રણ તિથિઓ સૂર્ય અને ચંદ્રની હોય છે. જેમકે પડવો, બીજ અને ત્રીજ એ ત્રણ તિથિઓ સૂર્યની અને ચોથ, પાંચમ તથા છઠ્ઠ એ ત્રણ ચંદ્રની ગણાય. આ રીતે અમાવાસ્યા સુધી સમજી લેવું. તેમાં ચંદ્રની તિથિમાં ચંદ્રસ્વર અને સૂર્યની તિથિમાં સૂર્ય સ્વર ચાલતો હોય તે કલ્યાણકારી ગણાય. અજવાળીયામાં પણ લગભગ એવો જ નિયમ છે. તેમાં અનુક્રમે ત્રણ ત્રણ તિથિઓ ચંદ્ર તથા સૂર્યની હોય છે. જેમકે પડવો, બીજ અને ત્રીજ એ ત્રણ ચંદ્રની તથા ચોથ, પાંચમ અને છઠ્ઠ એ ત્રણ સૂર્યની ગણાય. આ રીતે પૂર્ણિમા પર્યંત સમજી લેવું. ચંદ્ર તિથિમાં ચંદ્રસ્વર અને સૂર્ય તિથિમાં સૂર્યસ્વર પ્રાતઃકાળે ચાલે તે કલ્યાણકારી લેખાય.

શિષ્ય—રાશીઓમાં કઈ કઈ રાશીઓ ચંદ્ર તથા સૂર્યની ગણાય ?

સૂરિ—વૃશ્ચિક, સિંહ, વૃષ તથા કુંભ એ ચાર રાશીઓ ચંદ્ર સ્વરની ગણાય છે. તે વખતે સ્થિર કાર્યો કર્યાં હોય તો ઉત્તમ ફળ પ્રાપ્ત થાય. કર્ક, મકર, તુલ, તથા મેષ એ ચાર રાશી સૂર્ય સ્વરની ગણાય છે. તે વખતે ચર કાર્યો કર્યાં હોય તો લાભદાયક થાય. મીન, મિથુન, ધન અને કન્યા એ ચાર સુષુમ્નાની દ્વિસ્વભાવ લગ્ન રાશી ગણાય છે, તે વખતે કાર્ય કરવાથી ઉલટી હાનિ થાય. બાર રાશીયો ઉપરથી બાર મહિના પણ સમજી લેવા. અર્થાત્ સંક્રાન્તિ પ્રમાણે સૂર્ય, ચંદ્ર તથા સુષુમ્નાનો નિર્ણય થઈ શકે.

શિષ્ય—પ્રશ્ન વિચારની સાથે સ્વરશાસ્ત્રનો શો સંબંધ છે ?

સૂરિ—જો કોઈ માણુસ પોતાના કોઈ કાર્યને અંગે પ્રશ્ન કરવા આવે અને તે સમયે તે આપણી સામે, ડાબી બાજુએ અથવા ઉંચે રહે; તેમજ આપણો ચંદ્રસ્વર ચાલતો હોય તો કહી દેવું જોઈએ કે—જા, તારૂં કાર્ય સિદ્ધ થશે. જો આપણી નીચે, પાછળ અથવા જમણી બાજુ ઉભો રહી પ્રશ્ન કરે અને તે વખતે આપણો સૂર્ય સ્વર ચાલતો હોય તો પણ કહી દેવું કે—તારૂં કાર્ય સિદ્ધ થશે. જો કોઈ જમણી તરફ ઉભો રહી પ્રશ્ન કરે અને તે વખતે આપણો સૂર્યસ્વર ચાલતો હોય તથા લગ્ન, વાર અને તિથિ એ બધાનો યોગ મળી રહે તો કહેવું કે " તારૂં કાર્ય અવશ્યમેવ સિદ્ધિ પ્રાપ્ત કરશે. " આ સ્થળે એક વાત સ્મરણમાં રાખવાની છે. મંગળ, શનિ અને રવિ

એ વારોને વિષે સૂર્યસ્વર તથા સોમ, બુધ, ગુરૂ અને શુક્રને વિષે ચંદ્રસ્વર સ્વામી તુલ્ય ગણાય છે. જો પ્રશ્નકર્તા આપણી જમણી બાજુ ઉભો રહી અથવા બેસી સવાલ કરે અને તે વખતે આપણો ચંદ્રસ્વર ચાલતો હોય તો સૂર્યની તિથિ અને વાર વિના તે ખાલી દિશાનો પ્રશ્ન સિદ્ધ ન થાય. જો કોઈ આપણી પાછળ ઉભો રહી પ્રશ્ન કરે અને તે વખતે આપણો ચંદ્રસ્વર ચાલતો હોય તો કહી દેવું કે-" તારૂં કાર્ય સિદ્ધ નહીં થાય. " જો કોઈ ડાબી બાજુ ઉભો રહી પ્રશ્ન કરે અને તે વખતે આપણો સૂર્યસ્વર ચાલતો હોય તો ચંદ્રયોગ સ્વરના વિના તે કાર્ય સિદ્ધ ન થાય. એજ પ્રકારે જો કોઈ આપણી સામે આવી અથવા ઉંચે રહી પ્રશ્ન કરે તથા તે વખતે સૂર્યસ્વર ચાલતો હોય તો ચંદ્રસ્વરના સઘળા યોગો મળ્યા વિના તે કાર્ય કોઈ કાળે સિદ્ધ ન થાય.

શિષ્ય—સ્વરમાં પાંચ તત્ત્વનો પણ સમાવેશ થાય છે તે શી રીતે ?

સૂરિ—સ્વર જ્ઞાનની સાથે પાંચે તત્ત્વ અને તેમના રંગ, આકાર તથા કાળનું જ્ઞાન ખાસ આવશ્યક ગણાય છે. પૃથિવી, જળ, અગ્નિ, વાયુ, અને આકાશ એ પાંચ તત્ત્વ ગણાય છે. તેમાં પહેલા બે-પૃથિવી અને જળનો સ્વામી ચંદ્ર અને છેલ્લા ત્રણનો સ્વામી સૂર્ય છે. પૃથ્વી તત્ત્વનો વર્ણ પીળો, જળ તત્ત્વનો સફેદ, અગ્નિ તત્ત્વનો લાલ, વાયુ તત્ત્વનો ભૂરો તથા આકાશનો કાળો હોય છે. પૃથિવી તત્ત્વ સામે ચાલે છે તથા

નાસિકાની બ્હાર ૧૨ આંગળ સુધી દૂર જાય છે અને તેના સ્વરની સાથે સમચોરસ આકાર ધારણ કરે છે. જળતત્ત્વ નીચે તરફ ચાલે છે, તે નાસીકાથી સોળ આંગળ દૂર જાય છે અને ચંદ્રમાની માફક ગોળ આકાર ધારણ કરે છે. અગ્નિતત્ત્વ ઉપરની દિશાએ ચાલે છે, તે નાસિકાથી આઠ આંગળ દૂર જાય છે અને ધ્વજાની સમાન આકાર લે છે. આકાશતત્ત્વ નાસિકાની અંદરજ ચાલે છે અર્થાત્ બન્ને સ્વરોમાં રહે છે. આકાશ શૂન્ય પદાર્થ હોવાથી તેનો આકાર નથી હોતો, નાક ઉપર આંગળી રાખ્યા પછી જો શ્વાસ બાર આંગળ દૂર જતો જણાય તો પૃથ્વી તત્ત્વ, સોળ આંગળ દૂર જાય તો જળતત્ત્વ એમ અનુક્રમે સમજી લેવું. પ્રત્યેક સ્વર એક એક કલાક વહે છે. તેમાં પૃથ્વી તત્ત્વ પચાસ પળ, જળતત્ત્વ ચાળીસ પળ, અગ્નિ તત્ત્વ ત્રીસ પળ, વાયુ તત્ત્વ વીસ પળ, અને આકાશતત્ત્વ દશ પળ એવી રીતે ત્રણે નાડીઓ, ત્રણે સ્વરો ઉક્ત પાંચે તત્ત્વોની સાથે દિવસ અને રાત પ્રકાશિત થયા કરે છે.

શિષ્ય—પણ એ પાંચે તત્ત્વોનું જ્ઞાન સહેજ શી રીતે થાય ?

ગુરૂ—જે રંગો મેં આગળ વર્ણવ્યા તે પાંચે રંગોની પાંચ ગોળીઓ તથા એક વિચિત્ર રંગની ગોળી બનાવવી. આ છ ગોળીઓ પાસે રાખી લેવી. જ્યારે મનમાં કોઈ એક તત્ત્વનો વિચાર આવે ત્યારે પેલી છ ગોળીઓમાંથી એક ગોળી આંખ મીંચીને ઉપાડી લેવી. જો ગોળીનો અને [illegible]

રંગ એક સરખો આવે તો તત્વ મળ્યાં લેખાય. અથવા તો કોઈ એક તટસ્થને કહેવું કે-તમે કોઈ એક વર્ણની ધારણા કરો. પછી જ્યારે તે એક રંગની કલ્પના કરે ત્યારે આપણે આપણા નાકમાંના ચાલતા સ્વર ઉપરથી તત્વનો નિર્ણય કરવો અને તે ઉપરથી તટસ્થ પુરૂષના મનનો રંગ કહી દેવો. જો આપણે કહેલો અને પેલા તટસ્થનો ધારેલો રંગ એક સરખો મળી જાય તો તત્વનું મીલન યથાયોગ્ય થયું માનવું. અથવા તો કાચના દર્પણને બરાબર હોઠ પાસે લઈ જઈ તેની ઉપર જોરથી શ્વાસ છોડવો એમ કર્યાથી દર્પણ ઉપર જેવા આકારનું ચિન્હ થાય તે આકારની હું આગળ કહી ગયો તે આકારોની સાથે સરખામણી કરવી આમ કરવાથી પણ તત્વનો પરિચય થઈ શકશે. તમે જો તમારા પોતાના બે કાન બે અંગુઠાવડે બંધ કરો, નાકનાં નસકોરાં વચલી આંગળીઓ વતી બંધ કરો, છેલ્લી અને અનામિકા વડે મ્હોં બંધ કરો અને અંગુઠાના જોડની તર્જનીવડે આંખ બંધ કરો તો અ[illegible]ના પ્રભુ ધણું આગે ધીમે ધીમે પીળા, ધોળા, રાતા, [illegible] અને બીજી કાંઈપણ જાતની ઉપાધી વગરના તત્વો [illegible] ગુરૂગમ પૂર્વક જો આ તત્વોનો બરાબર અ[illegible] [illegible] તો આવાના પરિણામો ઘણા ખરા હસ્તામ[illegible]

શિષ્ય—સ્વરમાં ઉદિત થતા તત્વો દ્વારા વર્ણફળ શી [illegible] શકાય ?

સૂરિ—જ્યારે મેષ રાશીની સંક્રાન્તિ થાય ત્યારે શ્વાસને રોકી સ્વરમાંના તત્ત્વને નિહાળવો. જો તે વખતે ચંદ્ર સ્વરમાં પૃથ્વીતત્ત્વ ચાલતું જણાય તો સમજવું કે વરસ બહુ સારૂં આવશે, રાજા-પ્રજા સુખમાં રહેશે, પશુઓને માટે ઘાસ પુષ્કળ ઉગી નીકળશે, રોગ-શોક-ભય આદિ ઉપદ્રવો નહીં નડે. તેમજ ચન્દ્ર સ્વરમાં જળતત્ત્વ જણાય તો પણ તે ઉત્તમ ગણાય. કારણ કે વરસાદ બહુ થાય, અપરિમિત ધાન પેદા થાય, પ્રજા સુખી થાય, રાજા અને પ્રજા ધર્મમાર્ગે ચાલે અને પુણ્ય, દાન તથા ધર્મની ઉન્નતિ થાય. હવે જો તેજ વખતે સૂર્ય સ્વરમાં પૃથ્વીતત્વ અને જળતત્વ ચાલતું જણાય તો સમજવું કે ફળ જેવું જોઈએ તેવું સારૂં નહીં આવે. ઉપર કહ્યા તે સમયે જો બે સ્વરોમાંના કોઈ પણ સ્વરમાં અગ્નિ તત્ત્વ ચાલતું લાગે તો સમજવું કે વરસાદ બરાબર નહીં થાય, રોગ-પીડાનો ઉપદ્રવ વધશે, દુર્ભિક્ષ પડશે અને દેશમાં દુઃખ ફેલાશે; તેમજ ગમે તે સ્વરમાં, ઉક્ત સમયે વાયુતત્વ ચાલતું જણાય તો સમજવું કે રાજ્યમાં વિગ્રહ-લડાઈ થશે, વરસાદ પુરતો નહીં થાય, પશુઓને માટે યથાયોગ્ય ઘાસ ચારો નહીં થાય; આકાશતત્વ ચાલતું જણાય તો મ્હોટો ભયંકર દુષ્કાળ પડશે તથા પશુઓ ઘાસ ચારા વિના ટળવળશે એમ સમજવું.

શિષ્ય—તે સિવાય સ્વરશાસ્ત્ર ઉપરથી વર્ષફળ જાણવાની બીજી પણ રીતિઓ હશે શું ?

સૂરિ—જો ચૈત્ર શુદ પડવાને દિવસે પ્રાતઃ કાળે ચંદ્રસ્વરમાં પૃથ્વીતત્વ ચાલતું હોય તો વરસાદ પુષ્કળ પડે, વર્ષ બહુ સારૂં નિવડે, રાજા-પ્રજા ઉભયને હિતકારી થાય. જો તે દિવસે ચંદ્રસ્વરમાં જળતત્ત્વ જણાય તો વર્ષ ઘણુંજ સારૂં થાય તથા અન્ન તેમજ ધર્મની અતિશય વૃદ્ધિ થાય, સઘળે પ્રકારે આનંદ-મંગળ વર્ત્તે. જો તે દિવસે પ્રાતઃકાળે સૂર્યસ્વરમાં પૃથિવીતત્ત્વ અથવા જળતત્ત્વ ચાલતું હોય તો વર્ષ મધ્યમ પ્રકારનું સમજવું, અર્થાત્ સાધારણ ફળ મળે. જો તે દિવસે પ્રાતઃકાળમાં ચંદ્રસ્વરમાં અથવા સૂર્યસ્વરમાં અગ્નિ-વાયુ અને આકાશ એ ત્રણે તત્ત્વો ચાલતાં હોય તો મેષ-સંક્રાન્તિની માફક જ ફળ સમજી લેવું. અર્થાત્ સૂર્યસ્વરમાં અગ્નિતત્ત્વ ચાલતું હોય તો પ્રજામાં રોગ-શોક ઉદ્ભવે, દુર્ભિક્ષ પડે, રાજાના ચિત્તમાં ચેન ન રહે. સૂર્યસ્વરમાં વાયુતત્ત્વ ચાલતું હોય તો રાજ્યમાં લડાઈ-અખેડા થાય, વૃષ્ટિ ઓછી પડે તથા જો સૂર્યસ્વરમાં સુષુમ્ના ચાલતી હોય તો પોતાનું મૃત્યુ થાય, છત્રભંગનો પ્રસંગ આવે અને કોઈ સ્થળે ઘાસ ચારો થાય ને કોઈ સ્થળે દુષ્કાળ પડે. તે ઉપરાંત એક ત્રીજી રીત પણ વર્ષફળ જાણવાની છે. જો માઘ શુદિ સપ્તમીએ અથવા અક્ષય તૃતીયાના દિવસે પ્રાતઃકાળમાં ચંદ્રસ્વરમાં પૃથ્વીતત્ત્વ અથવા જળતત્ત્વ ચાલતું લાગે તો પૂર્વે કહ્યું તે પ્રમાણે તેનું ફળ એમ સમજવું. જો તેજ દિવસે તેજ સમયે અગ્નિ આદિ ત્રણે તત્ત્વો ચાલતાં હોય તો તેનું ફળ નિકૃષ્ટ પ્રકારનું સમજવું. જો તેજ દિવસે તેજ સમયે સૂર્યસ્વરમાં પૃથ્વી-

તત્ત્વ અને જળતત્ત્વ ચાલતું હોય તો સાધારણ ફળ સમજવું. જો તેજ દિવસે તેજ સમયે છેલ્લાં ત્રણે તત્ત્વો ચાલતાં હોય તો તેનું ફળ આગળ કહ્યું તે પ્રમાણે વિચારી લેવું.

શિષ્ય—પોતાનાં શરીર, કુટુંબ તથા ધન-સંપત્તિ સાથે સ્વરશાસ્ત્રનો શો સંબંધ હશે ?

સૂરિ—જો ચૈત્ર શુદિ પ્રતિપદાને દિવસે પ્રાતઃકાળે ચંદ્રસ્વર ચાલતો ન હોય તો ત્રણ મહીનાની અંદર હૃદયમાં મહુજ કલેશ અને ચિંતા ઉત્પન્ન થાય, ચૈત્ર શુદ બીજને દીવસે પ્રાતઃકાળે ચંદ્રસ્વર ન ચાલતો હોય તો પરદેશ વેઠવો પડે અને ત્યાં અધિક દુઃખ ભોગવવું પડે એમ સમજવું. તેજ પ્રમાણે ચૈત્ર શુદિ ત્રીજને દિને ચંદ્રસ્વર ન ચાલતો હોય તો શરીરમાં ગરમી, પિત્તજ્વર, રક્તવિકાર વિગેરે રોગો થાય. ચોથ, પાંચમ છઠ્ઠ, સાતમ અને આઠમને દિને તેમ થાય તો અનુક્રમે નવ માસમાં મૃત્યુ થાય, રાજ્ય તરફથી કાંઈ ભય આવી પડે, ચાલુ વર્ષની અંદર જ ભાઈનું મરણ થાય, ચાલુ વર્ષમાં જ સ્રીનું મૃત્યુ થાય, તથા આ વર્ષમાં જ કષ્ટ તેમજ પીડા પ્રાપ્ત થાય, સુખ મળે તો તેટલો ભાગ્યયોગ સમજવો. તે ઉપરાંત જો ઉપલા દિવસોમાં ચંદ્રસ્વરમાં પૃથ્વીતત્ત્વ તથા જળતત્ત્વ આદિ શુભતત્ત્વ ચાલતાં જણાય તો તે શ્રેષ્ઠ સમજવાં.

શિષ્ય—પાંચ તત્ત્વો ઉપરથી વિવિધ પ્રશ્નોના ખુલાસા શી રીતે થઈ શકે ?

સૂરિ—ચંદ્રસ્વરમાં જ્યારે પૃથ્વીતત્ત્વ વા જળતત્ત્વ

ચાલતું હોય ત્યારે કોઈ પ્રશ્ન કરે તો કહી દેવું કે–" તારૂં કાર્ય અવશ્ય સિદ્ધ થશે." ચંદ્રસ્વરમાં અગ્નિ તથા વાયુતત્ત્વ ચાલતાં હોય ત્યારે કોઈ પ્રશ્ન કરે તો ઉત્તરમાં જણાવી દેવું કે–" તારૂં કાર્ય કોઈ પણ પ્રકારે સિદ્ધ થવા યોગ્ય નથી." અહીંઆ એટલું સ્મરણમાં રાખવાનું છે કે ચન્દ્રસ્વરમાં જળતત્ત્વ તથા પૃથ્વીતત્ત્વ સ્થિર કાર્યોને માટે જ સારાં છે, ચર કાર્યને માટે ઠીક નથી. વાયુતત્ત્વ, અગ્નિતત્ત્વ તથા આકાશતત્ત્વ એ ત્રણ ચર કાર્યને માટે સારાં ગણાય છે. પરંતુ તે પણ સૂર્યસ્વરમાં હોય તો જ, ચંદ્રસ્વરમાં નહીં. જો કોઈ પુરૂષ રોગ વિષયક પ્રશ્ન કરવા આવે અને તે વખતે ચંદ્રસ્વરમાં પૃથ્વીતત્ત્વ અથવા જળતત્ત્વ ચાલતું હોય તેમજ પ્રશ્ન કરનાર પણ ચંદ્રસ્વરની તરફ ડાબી બાજુએ બેઠેલો હોય તો કહેવું કે " રોગી નહીં મરે " જો ચંદ્રસ્વર બંધ થઇ સૂર્યસ્વર ચાલવા લાગ્યો હોય અને પ્રશ્નકર્તા ડાબી બાજુએ બેઠો હોય તો કહી દેવું કે " રોગી જીવે એવી આશા મુકી દો." જો કોઇ પુરૂષ ખાલી દિશામાં આવી જે તરફનો સ્વર ચાલતો હોય તે દિશાને છોડી બાકી સર્વ દિશાઓ ખાલી હોય છે પ્રશ્ન કરે તો કહેવું કે–" રોગી નહીં બચી શકે." પરંતુ જો ખાલી દિશામાંથી આવી ભરી દિશામાં એટલે અર્થાત્ જે તરફનો સ્વર ચાલતો હોય તે તરફ બેસી પ્રશ્ન કરે તો કહેવું કે " રોગી સારો થશે." જો પ્રશ્ન કરતી વખતે ચંદ્રસ્વરમાં જળતત્ત્વ અથવા પૃથ્વીતત્ત્વ ચાલતું હોય તો જાણવું કે–" રોગીના શરીરમાં એકજ રોગ છે " પણ જો

પ્રશ્ન કરતી વખતે ચંદ્રસ્વરમાં અગ્નિતત્ત્વ આદિ તત્ત્વો ચાલતાં હોય તો સમજવું કે—"રોગીના શરીરમાં મિશ્રિત રોગો છે." જો પ્રશ્ન કરતી વેળા સૂર્યસ્વરમાં અગ્નિ, વાયુ અથવા આકાશતત્ત્વ ચાલતું હોય તો સમજવું કે—"રોગીના શરીરમાં એકજ રોગ છે." પરંતુ જો પ્રશ્નસમયે સૂર્યસ્વરમાં પૃથ્વીતત્ત્વ અથવા જળતત્ત્વ વર્ત્તતું હોય તો સમજવું કે "રોગીના શરીરમાં એકથી અધિક રોગો રહેલા છે." ધ્યાનમાં રાખવું કે વાયુ અને પિત્તનો સ્વામી સૂર્ય છે. કફનો સ્વામી ચંદ્ર તથા સન્નિપાતનો સ્વામી સુષુમ્ના છે. જો કોઇ પુરૂષ, ચાલતા સ્વર તરફથી આવી ચાલતા સ્વરની તરફ ઉભો રહી અથવા બેસી પ્રશ્ન કરે તો કહી દેવું કે—"જા તારો મનોરથ સિદ્ધ થશે." જો કોઈ પુરૂષ ખાલી સ્વર તરફથી આવી, ખાલી સ્વરની તરફ જ ઉભો રહી અથવા બેસી પ્રશ્ન કરે તો કહેવું કે—"તમારૂં કોઈ પણ કાર્ય સિદ્ધ નહીં થાય." જો કોઈ પુરૂષ ખાલી સ્વર તરફથી આવી ચાલતા સ્વરની બાજુમાં ઉભો રહી અથવા બેસી પ્રશ્ન કરે તો કહેવું કે—"તમારૂં કાર્ય બેશક સિદ્ધ થશે." જો કોઈ પુરૂષ ચાલતા સ્વર તરફથી આવી, ખાલી સ્વર તરફ ઉભો રહી અથવા બેસી પ્રશ્ન કરે તો કહી દેવું કે—"તમારૂં કાર્ય સિદ્ધ નહીં થાય" જો ગુરૂવારે વાયુતત્ત્વ, શનિવારે આકાશતત્ત્વ, બુધવારે પૃથિવી તત્ત્વ, સોમવારે જળતત્ત્વ અને શુક્રવારે અગ્નિતત્ત્વ પ્રાતઃ કાળમાં ચાલતું જણાય તો સમજવું કે—"શરીરમાંનો પૂર્વનો કોઇ રોગ મટી જવો જોઇએ."

શિષ્ય—પરદેશ જવું હોય ત્યારે સ્વરશાસ્ત્ર ઉપરથી કંઇ સૂચન થાય ખરૂં ?

સૂરિ—જે પુરૂષ ચન્દ્રસ્વર વ્હેતો થકો દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પરદેશ જાય તે પરદેશમાં સુખથી ફરી આવી પોતાના ઘરમાં સુખોપભોગ કરે. સૂર્યસ્વરમાં પૂર્વ અને ઉત્તરની તરફ પરદેશ ખેડવો શુભકારી ગણાય. ચંદ્રસ્વરમાં પૂર્વ અને ઉત્તરની તરફ પરદેશગમન કરવું સારૂં નથી. સૂર્યસ્વરમાં દક્ષિણ અને પશ્ચિમની તરફ પરદેશ જવું ઠીક ન ગણાય. ઉંચી દિશા ચંદ્રસ્વરની લેખાય છે. એટલા માટે ચંદ્રસ્વરમાં પર્વત આદિ ઉર્ધ્વ દિશામાં જવું સારૂં છે. પૃથિવીના તળ ભાગનો સ્વામી સૂર્ય છે. એટલા માટે સૂર્યસ્વરમાં પૃથ્વીના તળભાગમાં જવું સારૂં છે. પરંતુ સુષુમ્ના સ્વરમાં પૃથ્વીના તળ તરફ પ્રયાણ કરવું એ ઠીક નથી.

શિષ્ય—પરદેશમાં રહેલા સ્નેહી જનની સ્થિતિ કેવી રીતે સમજી શકાય ?

સૂરિ—પ્રશ્ન કરતી વખતે ગમે તે સ્વર ચાલતો હોય પણ જો તેમાં જળતત્ત્વ વર્ત્તતું હોય તો ઉત્તરમાં એટલુંજ કહેવું કે-" સર્વ કામો સિદ્ધ કરીને તે પરદેશી તુરતમાંજ આવી જશે. " જો પૃથ્વીતત્ત્વ ગમે તે સ્વરમાં વર્ત્તતું હોય તો કહેવું કે " તે પુરૂષ પોતાના સ્થાને બેઠો છે, તેને કોઇ પણ જાતની તકલીફ નથી. " જો વાયુતત્ત્વ પ્રવર્ત્તતું હોય તો કહેવું કે " તે પુરૂષ એક સ્થાનેથી બીજે સ્થાને ગયો છે તથા

તેના હૃદયમાં ચિંતા ઉત્પન્ન થઇ રહી છે.” જો અગ્નિતત્ત્વ ચાલતું હોય તો પ્રશ્ન કર્ત્તાને કહેવું કે “ તેના શરીરમાં રોગ છે.” જો આકાશતત્ત્વ ચાલતું હોય તો કહેવું કે “તે પુરુષ આ સંસારમાં જીવિત નથી.”

શિષ્ય—સ્વરશાસ્ત્ર સંબંધી બીજી કંઇ પ્રકીર્ણ બાબતો જાણવા જોગ છે ખરી ?

સૂરિ—ક્યાંઇ જતાં પહેલાં અથવા ઉંઘમાંથી ઉઠવા પછી બીછાનાથી નીચે પગ માંડતી વેળા જો ચંદ્રસ્વર ચાલતો હોય અને વાર પણ ચંદ્રમાનો હોય તો પહેલા ચાર પગલાં ડાબા પગથી મુકવા. જો સૂર્યનો વાર હોય અને સૂર્યસ્વર ચાલતો હોય તો પહેલા ત્રણ પગલાં જમણા પગથી માંડવા. આવી રીતે જે માણસ તત્ત્વ વિગેરેનું જ્ઞાન મેળવી તદનુસાર વર્ત્તે તેના પ્રાયઃ સઘળાં કાર્યો સિદ્ધ થાય એમાં શંકા કરવા જેવું નથી. પશ્ચિમ દિશા જળતત્ત્વ રૂપ છે. દક્ષિણ દિશા પૃથિવીતત્વરૂપ છે, ઉત્તર દિશા અગ્નિતત્વરૂપ છે, પૂર્વ દિશા વાયુતત્વરૂપ છે તથા આકાશની દિશા સ્થિર છે. જય, તુષ્ટિ, પુષ્ટિ, રતિ, ખેલકુદ અને હાસ્ય એ છ અવસ્થાઓ ચંદ્રસ્વરની ગણાય છે. જ્વર, નિદ્રા, પરિશ્રમ, અને કંપન એ ચાર અવસ્થાઓ જ્યારે ચંદ્રસ્વરમાં વાયુતત્વ તથા અગ્નિતત્ત્વ ચાલતાં હોય ત્યારે શરીરમાં ઉત્પન્ન થાય છે. ચંદ્રસ્વરમાં આકાશતત્વ ચાલે ત્યારે આયુષ્યનો ક્ષય અથવા મૃત્યુ થાય. મનુષ્ય જો સૂર્યસ્વર વખતે ભોજન કરે, ચંદ્રસ્વર વખતે પાણી

પીવે અને ડાબે પડખે સૂવે તો તેના શરીરમાં કદી પણ રોગ ન થાય. તેથી ઉલટું ચંદ્રસ્વરમાં ભોજન અને સૂર્યસ્વરમાં જળપાન કરે તો રોગ થયાં વિના રહે નહીં. શૌચને માટે જવું હોય તો ચંદ્રસ્વર અને પેશાબને અર્થે કે શયનને માટે જવું હોય તો સૂર્યસ્વર ઉત્તમ ગણાય છે. જો કોઈ માણસ એવો અભ્યાસ રાખે કે દિવસનો ઉદય થતાંજ ચંદ્રસ્વર ચાલુ કરે અને રાત્રી પડતાં સૂર્યસ્વર ચાલુ કરે તો તે સંપૂર્ણ આ-સુષ્ય ભોગવા ભાગ્યશાળી થાય. જો આઠ પહોરોમાં સૂર્યસ્વરજ ચાલે અને તેમાં વાયુતત્વ હોય તો. તેનું આયુષ્ય ત્રણ વર્ષનું સમજી લેવું. જો સોળ પહોર સુધી સૂર્યસ્વરજ ચાલ્યા કરે, ચંદ્રસ્વર મુદ્દલ આવેજ નહીં તો તેનું બે વર્ષની અંદરનું આ-યુષ્ય સમજી લેવું. જો ત્રણ દિવસ સુધી એક સરખો સૂર્યસ્વર ચાલ્યા કરે તો એક વર્ષમાં મૃત્યુ થાય. જો સોળ દિવસ સુધી બરાબર સૂર્યસ્વર જ ચાલ્યા કરે તો એક મહિનામાં મૃત્યુ આવવું જોઈએ. જો એક મહિના સુધી સૂર્યસ્વર નિરંતર ચાલ્યા કરે તો બે દિવસનું આયુષ્ય સમજી લેવું. જો સૂર્ય, ચંદ્ર અને સુષુમ્નામાંથી એકે સ્વર ન ચાલે પણ મુખથીજ શ્વાસ લેવો પડે તો ચાર ઘડીમાં મૃત્યુ આવી પહોંચે. જો આખો દિવસ ચંદ્રસ્વર ચાલે તથા આખી રાત સૂર્યસ્વર ચાલે તો આયુષ્ય ઘણું લાંબુ હોવું જોઈએ. જો આખો દિવસ સૂર્યસ્વર ચાલે અને આખી રાત બરાબર ચંદ્રસ્વર ચાલે તો તેનું આયુ-ષ્ય બરાબર છ મહિનામાં પુરૂં થઈ જવું જોઈએ. જો ચાર, આઠ, બાર, સોળ અથવા વીશ દીવસ અને રાત બરાબર ચંદ્રસ્વર

ચાલે તો તેનું આયુષ્ય બહુ લાંબું હોય એમ સમજવું. જો ત્રણ રાત અને ત્રણ દિવસ સુધી સુષુમ્ના ચાલે તો એક વર્ષનું આયુષ્ય અને જો ચાર દિવસ સુધી બરાબર સુષુમ્ના ચાલે તો છ મહિનાનું આયુષ્ય સમજી લેવું જોઈએ.

શિષ્ય—સ્વરશાસ્ત્રના આધારે પુત્ર કે પુત્રી પેદા થશે, એમ શી રીતે કહી શકાય ?

સૂરિ—જ્યારે ચંદ્રસ્વર ચાલતો હોય ત્યારે સામેથી આવી કોઈ પ્રશ્ન કરે કે–ગર્ભવતીને પુત્ર થશે કે પુત્રી ? તો ઉત્તરમાં કહેવું કે " પુત્રી થશે. " સૂર્યસ્વર ચાલતો હોય અને સામે આવી કોઇ પ્રશ્ન કરે તો " પુત્ર " અને સુષુમ્ના ચાલતી હોય ત્યારે પ્રશ્ન કરે તો " નપુંસક " થશે એમ કહેવું. જ્યારે સૂર્યસ્વર ચાલતો હોય ત્યારે સામેથી આવી કોઇ સવાલ કરે અને સવાલ કરનારનો પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તો કહેવું કે " પુત્ર થશે તો ખરો, પણ તે લાંબો વખત જીવશે નહીં. " જો પ્રશ્ન વખતે બન્નેનો સૂર્યસ્વર ચાલતો હોય તો કહેવું કે પુત્ર થશે અને ચિરંજીવી થશે. " જો આપણો ચંદ્રસ્વર ચાલતો હોય અને પ્રશ્નકર્ત્તાનો સૂર્યસ્વર ચાલતો હોય તો કહેવું કે " પુત્રી થશે અને દીર્ઘાયુષી થશે. " જો સૂર્યસ્વરના પૃથિવીતત્વમાં તેજ દિવસે પ્રશ્ન કરે તો કહેવું કે " પુત્ર થશે અને તે રૂપવાન રાજ્યવાન તથા સુખી થશે. " જો સૂર્યસ્વરમાં જળતત્વ ચાલતું હોય તો કહેવું કે " પુત્ર થશે અને તે સુખી, ધનવાન અને છ રસોનો ભોગી થશે. " જો ચંદ્રસ્વ-

રમાં ઉક્ત બન્ને તત્વ–પૃથિવી અને જળ વર્તમાન હોય તો કહેવું કે "પુત્રી થશે અને તે પણ ઉપર કહ્યાં તેવાં લક્ષણોવાળી થશે." જો ઉક્ત સ્વરમાં અગ્નિતત્વ ચાલતું હોય તો કહેવું કે ગર્ભ ગળી જશે અને કદાચ સંતતી થશે તોપણ તે જીવશે નહીં." જો વાયુતત્વ ચાલતું હોય તો કહેવું કે "કાંતો પિંડાકૃતી બંધાઇ જશે અને નહીં તો ગર્ભ પડી જશે." જો સૂર્યસ્વરમાં આકાશતત્વ ચાલતું હોય તો નપુંસકની અને ચંદ્રસ્વરમાં આકાશતત્વ ચાલતું હોય તો વંધ્યા પુત્રીની ઉત્પત્તિ થાય એમ પ્રશ્નકર્તાને કહી દેવું. સુષુમ્ના સ્વર ચાલતો હોય તે વખતે કોઇ પ્રશ્ન કરે તો કહેવું કે "બે પુત્રીઓ થશે." બન્ને સ્વરો ચાલતા હોય તે વખતે ગર્ભ સંબંધી જો કોઈ પ્રશ્ન કરે અને તે વખતે ચંદ્રસ્વર તેજીથી ચાલી રહ્યો હોય તો કહેવું કે "બે કન્યાઓ થશે." સૂર્યસ્વર તેજીથી ચાલતો હોય તો કહેવું કે "બે પુત્રો થશે." એવી રીતે ગર્ભ સંબંધી પ્રશ્નોના ખુલાસા સ્વરશાસ્ત્રને અવલંબી સમજી લેવાના છે.

શિષ્ય—પ્રસંગોપાત એક વિશેષ પ્રશ્ન પૂછી આજનો વિષય સમાપ્ત કરીશું. પરગામ જતાં જે શુકન થાય તેમાં કયા કયા શુકન શ્રેષ્ઠ અને કયા કયા નિકૃષ્ટ જાણવા ?

સૂરિ—પરગામ જતી વખતે જો કુમારી કન્યા, સધવા સ્ત્રી, ગાય, ભરેલો ઘડો, દહીં, ભેરી, શંખ, ઉત્તમ ફળ, પુષ્પમાળા, ધુમાડા વિનાનો દેવતા, ઘોડા, હાથી, રથ, બળદ, રાજા, માટી, ચમ્મર, સોપારી, છત્રી, તૈયાર ભોજનનો થાળ, વેસ્યા,

ચોરોનું ટોળું, અરીસો, માંસ, મધ, મુકુટ, મધુવાળું, ઘૃત, ગોરોચન, ભાત, રત્ન, વીણા, કમળ, સિંહાસન, તમામ પ્રકારના હથીઆરો, મૃદંગ આદિ બધા વાજીંત્રો, ગીત ધ્વની, સપુત્રસ્ત્રી, વાછડા સાથે ગાય, ધોએલાં વસ્ત્રો લઇ આવતો ધોબી, ઓઘા અને મુહપત્તિવાળા સાધુ, તિલકવાળો બ્રાહ્મણ, વગાડવાનું નગારૂં તથા ધ્વજા–પતાકા આદિ શુભ પદાર્થો સામે મળે અથવા વિદાય થતી વખતે " પધારો ! ફત્તેહ કરીને આવો ! વ્હેલા વ્હેલા વાંછિત ફળ પ્રાપ્ત કરો " એવા ઉદ્‌ગારો સાંભળવામાં આવે તો સમજવું કે આપણું ધારેલું અવશ્યમેવ સિદ્ધ થાય એમાં કોઇ પણ પ્રકારનો શક નથી.

જો પરગામ જતાં સામે અથવા જમણી બાજુ છીંક થાય, કાંટામાં વસ્ત્ર ભરાઈ જાય–ફાટી જાય, કાંટો લાગે, કોઇ અકળાતું હોય એવો શબ્દ સાંભળવામાં આવે અથવા સાપ કે બિલાડી નજરે પડે તો ગમન મુલતવી રાખવું જોઇએ: ચાલતી વખતે નીલચાસ, મોર, ભારદ્વાજ તથા નોળીઓ નજરેપડે તે સારા ગણાય છે, સુરઘાનું ડાબી તરફ બોલવું, રાજાનાં ડાબી બાજુએ દર્શન થવાં. ડાબી બાજુએ ગધેડાનું મળવું ઉત્તરોત્તર વધારે સારા ગણાય છે. જમણી તરફ નાહર મળે તો ઉત્તમ ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય. તમામ પ્રકારના નખના શસ્ત્રો ડાબી બાજુએ નીકળતી વખતે મળે અને દાખલ થતી વખતે જમણી બાજુએ મળે તો મંગળકારી થાય. ઘેરથી નીકળતી વેળા ગધેડું ડાબી બાજુએ અને

ગામમાં દાખલ થતાં જમણી બાજુ મળે તો તે સારું ગણાય. આગળ-પાછળ ગધેડું ભૂંકતું હોય તે પણ સારા શુકનમાં લેખાય છે. ચાલતી વખતે ગર્દભ મૈથુન કરતો જણાય તો ધનનો લાભ તથા કાર્યની સિદ્ધિ થાય. પોપટ ડાબી બાજુએ બોલે તો ભય, જમણી બાજુએ બોલે તો મહાલાભ, સુકેલી લાકડી ઉપર બેસી બોલે તો ભય અને સામે આવીને બોલે તો બંધનનું દુઃખ નડે. મેના જો સામે આવીને બોલે તો કલહ, જમણી બાજુએ બોલે તો લાભ-સુખ, ડાબી બાજુએ બોલે તો અશુભ તથા પીઠ પાછળ બોલે તો મિત્ર સમાગમ થાય. ગામની બ્હાર નીકળતાં જો બગલો પોતાના ડાબા પગને ઉપાડી જમણા પગના આધારે ઉભો રહેલો દેખાય તો લક્ષ્મીનો લાભ થાય. પ્રસન્ન થયેલો બગલો બોલતો સંભળાય અથવા આકાશની તરફ ઉડતો જણાય તો કન્યા અને દ્રવ્યનો લાભ તથા સંતોષ થાય, જો તે ભયભીત બની ઉડવા લાગે તો ભય ઉત્પન્ન કરે. જો ગામથી નીકળતા એકથી અધીક બગલા એક સ્થાને બેઠેલા દેખાય તો મહા લાભ અને સંતોષ [illegible]. તેમજ ભયભીત બની ઉડતા દેખાય તો ભય ઉત્પન્ન [illegible] ડાબી બાજુ દેખાય તો મહા સુખ, લાભ [illegible] મિત્ર સમાગમ, [illegible] થાય તથા જો [illegible] લાભ થાય, પરંતુ [illegible] નિષિદ્ધ છે જેથી પ્રયત્ન [illegible] તો કાર્યની સિદ્ધિ થાય તથા ડાબી બાજુ

બોલે તો તેનું ફળ નિકૃષ્ટ મળે. જતી વખતે જળકુકડી પાણીમાં બોલતી હોય તો કાર્યની સિદ્ધિ થાય પણ જો પાણીની બ્હાર નીકળી બોલતી હોય તો નિકૃષ્ટ ફળ મળે. ગામમાંથી નીકળતી વખતે મોર એક શબ્દ એકવાર બોલે તો લાભ, બે વાર બોલે તો સ્ત્રી લાભ, ત્રણ વાર બોલે તો દ્રવ્ય લાભ, ચાર વાર બોલે તો રાજાની કૃપા તથા પાંચવાર બોલે તો કલ્યાણ થાય છે. જો નાચતો થકો મોર દેખાય તો ઉત્સાહ ઉત્પન્ન થાય, મંગળકારી તથા લાભદાયક પણ ગણાય. સમળી પોતાના આહારની સાથે વૃક્ષની ઉપર બેઠેલી જણાય તો મ્હોટો લાભ થાય, જો આહાર વગરની બેઠેલી હોય તો પરગામ જવું નિષ્ફળ થાય. જો ડાબી તરફ બોલતી હોય તો ઉત્તમ ફળ થાય તથા જમણી બાજુ બોલતી હોય તો ઉત્તમ ફળ ન ફળે. જો ઘુવડ ડાબી બાજુ બોલતું હોય તો ઉત્તમ ફળ પ્રાપ્ત થાય, જો જમણી તરફ બોલતું હોય તો ભય ઉત્પન્ન થાય, જો પીઠની પછવાડે બોલતું હોય તો વૈરી વંશમાં આવે, જો સામે બોલતું જણાય તો ભય ઉત્પન્ન થાય, જો અધિક શબ્દ કરતું હોય તો અધિક વૈરીઓ ઉત્પન્ન કરે, જો ઘરની ઉપર બોલે તો સ્ત્રીનું મૃત્યુ થાય અથવા કોઈ એક ગૃહજન મરણ પામે. જો બરાબર ત્રણ દિવસ સુધી બોલે તો ચોરી થશે એવું સૂચન સમજવું. ચાલતી વખતે કબુતર જમણી બાજુ મળે તો લાભકારી ગણાય, ડાબી તરફ મળે તો ભાઈ અને પરિજનને કષ્ટ ઉત્પન્ન કરે, પાછળ ચાલતું હોય તો ઉત્તમ ફળ પ્રાપ્ત થાય, જો મુરઘો સ્થિરતા પૂર્વક ડાબી બાજુએ શબ્દ કરતો જણાય તો લાભ

અને સુખ થાય; પણ જો ભયભીત બની બોલતો હોય તો ભય અને કલેશ ઉપજાવે. જો નિલકંઠ પક્ષી સામે અથવા જમણી બાજુએ ક્ષીર વૃક્ષ ઉપર બેસીને બોલે તો સુખ અને લાભ થાય. જો જમણી બાજુએ તોરણ ઉપર બેસે તો અત્યંત લાભ અને કાર્યસિદ્ધિ થાય. જો તે ડાબી તરફ સ્થિરચિત્તે બોલતો લાગે તો ઉત્તમ ફળ પ્રાપ્ત થાય. પણ જો તે ચુપચાપ બેઠો રહે તો ઉત્તમ ફળ ન મળે. નિલકંઠ અને નીલિંયા પક્ષીનું દર્શન શુભકારી ગણાય છે, પરગામ જતાં તેનું દર્શન થાય તો સર્વ સંપત્તિઓ આવી મળે. પરદેશ જતાં અથવા કોઈપણ શુભ કાર્યનો આરંભ કરતાં જો ભમરો ડાબી બાજુએ ફુલ ઉપર બેઠેલા દેખાય તો હર્ષ અને કલ્યાણ ઉપજાવનારો ગણાય, જો સામે ફુલ ઉપર બેઠેલો જણાય તો તે પણ શુભકારક ગણાય; પરંતુ જો બે ભમરા લડતા લડતાં શરીર ઉપર આવી ને પડે તો અશુભ સૂચક ગણાય. એમ બને તો વસ્ત્રસહિત સ્નાન અને કાળા પદાર્થનું દાન કરી નાંખવું એટલે સર્વ દોષ નિવૃત્ત થઈ જશે. કરોળીઓ જો ડાબી બાજુએથી જમણી તરફ ઉતરે તો તે દિવસ પરગામ જવાનું મુલતવી રાખવું. જો ડાબી બાજુએ જાળ બાંધતો દેખાય તો કાર્યસિદ્ધ થાય. જો જમણી તરફથી ડાબી બાજુએ ઉતરે તો પણ શુભ ગણાય છે. જો પગ ઉપર થઈ જાંઘ ઉપર ચડે તો અશ્વની પ્રાપ્તિ થાય; જો ગળા સુધી ચઢે તો વસ્ત્ર અને આભૂષણની પ્રાપ્તિ થાય, જો મસ્તક પર્યંત ચઢે તો રાજમાન પ્રાપ્ત થાય તથા શરીર ઉપર ચઢે તો વસ્ત્રની પ્રાપ્તિ થાય. એકંદરે તેનું ઉપર ચઢવું શુભકારી અને નીચે ઉતરવું તે


[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
અથવા ન સુખકારી ગણાય છે. ઉંદર ડાબી બાજુએ બોલે તો સારું, જમણી બાજુએ બેઠો હોય તો કલેશકારી અને ઉંદરી સામે આવે તો શુભ શુકન ગણાય. ગામમાંથી નીકળતાં જો ગધેડું પોતાના ડાબા સીધા અને પગથી ચરતો બેઠેલો જણાય તો સારું ગણાય, કારણ કે તેથી સુખ અને લાભની પ્રાપ્તિ થાય. પણ જો જમણા અંગથી પૃથ્વી ખોદતો આગે તો અશુભ જાણવું. બળદ અને પાડો એકઠા ઉભેલા નજરે પડે તો પણ અશુભ ગણાય, એવી સ્થિતિમાં પરગામ જવાનું બંધ રાખવું. છતાં જો કોઇ જાય તો તેના પ્રાણનો સંદેહ સમજી લેવો. ગર્જના કરતો સાંઢ સામે મળે તો તે સારો ગણાય. જો ગાય ડાબી તરફ શબ્દ કરતી જણાય અથવા વાછડાને દૂધ પાતી દેખાય તો લાભ, સુખ અને સંતોષની પ્રાપ્તિ થાય, પણ જો પાછલી

રાતે ગાય બોલે તો કલેશ ઉપજાવે. જો ગર્દભ ડાબી તરફ જાય તો સુખ અને સંતોષ થાય, પાછળની બાજુ અથવા જમણી તરફ જાય તો કલેશ થાય. જો બે ગર્દભો પરસ્પરમાં એક બીજાની કાંધને ખંજોળતા ઉભા હોય, દાંત દેખાડતા હોય, અથવા ડાબી તરફ જતા હોય તો બહુજ લાભ અને સુખ થાય, રાખમાં આળોટતા અથવા લડતા લાગે તો અશુભ અને કલેશકારી ગણાય. જો નીકળતી વખતે ગર્દભ ડાબી બાજુએ અવાજ કરે અને દાખલ થતી વખતે જમણી તરફ બોલે તો શુભકારી ગણાય. પરગામ જતાં વાંદરો જમણી તરફ મળે તો તે સારો ગણાય, મધ્યાન્હ કાળ પછી ડાબી બાજુ મળે તો પણ શુભકારી જ ગણાય. જો કુતરો મુખમાં કંઇ ભક્ષ્ય પદાર્થ લઈ સામે મળે તો સુખ, કાર્યસિદ્ધિ, અને લાભ થાય. ખીલેલા વૃક્ષની નીચે વાડીમાં, લીલી કચેરીઓમાં, દ્વારની ઇંટ ઉપર, ધાન્યના ઢગલા ઉપર જો કુતરો પેશાબ કરતો જણાય તો મહા લાભ અને સુખની પ્રાપ્તિ થાય. જો તે ડાબી બાજુએ ઉતરે અથવા જાંઘ, પેટ હૃદય તથા પાછલા જમણા પગને ચાંટતો અથવા ખંજવાળતો નજરે પડે તો લાભ થાય. જો ઝુંપડા ઉપર, સ્મશાનમાં અથવા પત્થર ઉપર પેશાબ કરતો દેખાય તો બહુ કષ્ટ ઉત્પન્ન થાય એમ સમજવું. એવું શુકન જોઈ પરદેશ ન જવું. [illegible] જો કુતરો ઉંચે સ્થાને બેસી કાન, મસ્તક [illegible] હલાવતું કિંવા ચાટતું દેખાય અથવા જે [illegible] જાય તો કાર્યસિદ્ધિ થાય એમ [illegible]

ઉપર આળોટતું અથવા પોતાના ધણી સાથે લાડ કરતું ખાટલા કે પાટ ઉપર બેઠેલું દેખાય તો તે મ્હોટો કલેશ ઉપજાવે. નીકળતી વખતે પોતાના મુખમાં કોઇપણ જાતનો ભક્ષ્ય પદાર્થ લઇ બીલાડી સામે આવતી જણાય તો લાભ અને કુશળ થાય. પણ જો બે બીલાડીઓ અંદર અંદર લડતી અને ઘુર ઘુર શબ્દ કરતી હોય તો ઠીક ન ગણાય. જો બીલાડી આડી ઉતરે તો ગામાંતર જવાનું માંડી વાળવું. છછુંદરનું ડાબી બાજુએ ઉતરવું ઉત્તમ તથા જમણી બાજુએ ઉતરવું ખરાબ ગણાય છે. પરગામ જતાં જો પ્રાતઃકાળમાં હરણાઓ જમણી તરફ ઉતરે તો સારૂં; પરંતુ જો તે પોતાના સીંગડા ને ઠોકતા, માથાને હલાવતા, મળ-મૂત્ર કરતા તથા છીંકતા હોય તેમજ જમણી તરફ ઉતરતા હોય તે ઠીક ન ગણાય. બ્હારગામ જતાં ઘુવડનું ડાબી બાજુ બોલવું તથા દાખલ થતાં જમણી બાજુ બોલવું ઉત્તમ ગણાય છે.

શિષ્ય—સ્વરશાસ્ત્ર તથા શુકન શાસ્ત્રના વિવેચનમાં આજે ઘણો સમય નીકળી ગયો છે. પુરુષ-ગર્ભ સંબંધી વિચાર હવે આવતી કાલને માટે રહેવા દઈએ એજ ઉચિત ગણાશે.

ગુરુ—તથાસ્તુ !



(૧૫) ધર્માધર્મ વિવેક.

શિષ્ય—આત્મકલ્યાણના સાધકોએ પાપ–પુણ્યનો બંધ કેવી રીતે થાય અને તેની નિર્જરા શી રીતે કરી શકાય એ વિષય બરાબર સમજી લેવો જોઈએ એમ આપે ઘણીવાર કહ્યું છે. આજે હું અનુક્રમે પાપ–પુણ્ય સંબંધી જ કીમતી ઉપદેશ આપના શ્રી મુખથી સાંભળવા ઈચ્છું છું.

સૂરિ—પાપ–પુણ્યની આત્મા ઉપર શી અસર થાય છે એ વિષય તત્વજ્ઞાન કિંવા અધ્યાત્મ વિદ્યાને લગતો છે. એટલે પામર અથવા મૂઢ મનુષ્યો આત્માના સ્વાભાવિક નિર્મળ સ્વરૂપને અને પાપના આવરણને યથાયોગ્ય સ્વરૂપે ન સમજી શકે એ બનવા જોગ છે. પાપકર્મથી આત્માની અખૂટ શક્તિઓ કેમ દબાઈ રહે અને તેથી આત્મિક પ્રગતિમાં કેટલો વિલંબ થાય એ વાત પણ સૌ કોઈ ન સમજી શકે; પરંતુ પાપનાં ફળો તો સર્વત્ર જોવામાં આવે છે. પાપના પરિણામે મનુષ્ય માત્રને જે કઠોર દંડ સહન કરવો પડે છે તે તો ઠામે ઠામે પ્રત્યક્ષ થઇ શકે એમ છે; છતાં આશ્ચર્ય છે કે કદાગ્રહને લીધે મનુષ્યો પાપનું કડવું ફળ ચાખવા છતાં તેથી નિવૃત્ત થઈ શકતા નથી. નીશામાં ચકચૂર બનેલા દારૂડીયા લોકો જેવી રીતે પોતાના તન મન–ધનની પ્રત્યક્ષ હાની નીહાળવા છતાં અટકી શકતા નથી તેવી રીતે સંસાર–ભ્રમણમાં જ આનંદ માનનારા જીવો પાપ અને તેના પરિણામોને પ્રત્યક્ષ અનુભવવા

છતાં તે થકી વિરમતા નથી. જેઓ છતી આંખે આંધળા બનવા માગતા હોય તેમને વિશેષ શું કહી શકાય ?

શિષ્ય—પાપકર્મ શી શી રીતે બંધાય ?

સૂરિ—જીવહિંસા, મદ્યપાન, અસત્ય ભાષણ, ચોરી, અને ચાડી એ પાંચ મનુષ્યને નરકમાં લઇ જનારાં ભયંકર દૂત ગણાય છે. પારકાને ઠગવાથી, મ્હોટો આરંભ કરવાથી, પરિગ્રહ રાખવાથી, કદાગ્રહથી, પરસ્રીના સંગથી, અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવાથી, વિકથા અને ખોટી પ્રરૂપણા કરવાથી, પોતાના આત્માને વશમાં નહીં રાખવાથી, કૃષ્ણ, કાપોત, અને નીલ એ ત્રણ લેસ્યાથી, માઠા અધ્યવસાયથી તથા આર્ત્ત-રૌદ્ર ધ્યાન કરવાથી, દુઃખને ઉપજાવનારૂં, સંતાપને વધારનારૂં, જન્મ-મરણના ત્રાસદાયક દુઃખને આપનારૂં અને નારકીના દુઃખોમાં નાંખનારૂં પાપકર્મ બંધાય છે.

શિષ્ય—આપે કહ્યું કે પાપનું ફળ સંસારમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે તો તે કયું ફળ ?

સૂરિ—તમે આ સંસારમાં કોઇવાર કોઇ માણસને પાંગળો, ઠુંઠો, દુભાગી, વિષયી અને નપુંસક જેવો નીહાળ્યો છે ? તેમ થવામાં શા શા હેતુઓ રહેલા હોવા જોઇએ તે વિષે કદી વિચાર કર્યો છે ? એક માણસને મજબૂત હાથ-પગાદિ અવયવો છતાં ખમા-ખમાના અવાજો સાથે પાલખીમાં બેસી જતો. કેટલેક ઠાંએ અને એક માણસને દેહમાં પુરતી શક્તિ ન હોવા છતાં મજુરી કરતો અને મરણતોલ અવસ્થામાં દીવસો

ગુજારતો જોઇએ છીએ તેનું શું કારણ ? આ સ્થિતિના ભેદમાં કંઇ પણ મહત્વનું કારણ તો હોવુંજ જોઇએ. આનું કારણ બીજું કંઇજ નહીં પણ પૂર્વનાં પાપ-પુણ્યજ સમજી લેવાં. મનુષ્ય પોતાની સાથે પૂર્વકર્મનું જે ભાતું લઇને આવે છે તેનો જ પ્રાય: સંસારમાં ઉપભોગ કરે છે. જો એ ભાતું પુણ્યકર્મનું હોય તો તે સર્વત્ર માન-આદર અને સુખ-શાંતિ ભોગવે અને જો પાપકર્મનું હોય તો તે બધે દુ:ખ-નિરાશા અને આપત્તિઓથી ઘેરાએલોજ રહે. મનુષ્યની વર્તમાન સ્થિતિ ઉપરથી જ પાપ-પુણ્યનાં ફળોનો નિર્ધાર થઇ શકે છે. આ ખુલ્લી અને સ્પષ્ટ વાત પણ જેઓ જોઇ અને સમજી શકતા નથી, તેઓ સંસારના યથાર્થ સ્વરૂપને કદિ પણ સમજી શકતા નથી. એક આત્મા રાજાને ત્યાં દેહ ધારણ કરે છે અને એક આત્મા એવી ગરીબ ઝુંપડીમાં જન્મ લે છે કે જ્યાં ગર્ભવતીને પણ પુરૂં પોષણ ન મળી શકતું હોય, તો પછી આ નવા બાળકનો તો ભાવ જ કોણ પૂછે ? પાપ-પુણ્યની પ્રેરણા જો ન માનવામાં આવે તો ઉક્ત સમસ્યાનો નિર્ણય થઇ શકતો નથી. ટૂંકામાં પાપથી જ માણસ પારકાનો દાસ, મલિન, કોઢિઓ, બોબડો, મુંગો, અને દરિદ્રી થાય છે. પૂર્વના પાપને લીધેજ મનુષ્ય નારકી અને પશુયોનીમા જન્મ ધારણ કરી અસહ્ય દુ:ખો અને યાતનાઓ વેઠે છે. પાપને પ્રતાપેજ મનુષ્ય હીનકુળ, મતિમંદ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થોથી ભ્રષ્ટ અને સદા રોગી રહે છે આ વસ્તાનમાં જીવને જે કંઇ માઠું ફળ પ્રાપ્ત થાય,

મનને જે કાંઈ પણ દુઃખ પ્રાપ્ત થાય તે સર્વ પાપનું જ ફળ સમજવું. પાપ-પુણ્યના પાયા ઉપરજ આ વિશ્વની સ્થિતિ રહેલી છે. આ રીતે જેઓ પાપનાં કારણોનો વિચાર કરી શકતા હોય, પાપથી કેવાં કેવાં દુઃખો-કષ્ટો-વેદનાઓ વેઠવી પડે છે તેનો મનમાં સાક્ષાત્કાર કરી શકતા હોય, તેઓ હમેશાં પાપના હેતુઓ ધ્યાનમાં રાખી પુણ્યનો સંચય કરવાને જ પ્રયત્નશીલ રહે છે. જો તમે પણ સુખમાં રહેવાની ઇચ્છા રાખતા હો તો તમારે પણ પાપના હેતુઓથી બચવાને સતત ઉદ્યમશીલ રહેવું જોઇએ.

શિષ્ય—પાપથી બચવાનાં માર્ગો દર્શાવો તો આ પામર પ્રાણી ઉપર મહા ઉપકાર થાય.

સૂરિ—જીવો આ લોકમાં કષાય, વિષય, પ્રમાદ, આર્ત્ત-રૌદ્રધ્યાન, વિરતિનો અભાવ અને અજ્ઞાનથીજ નવાં કર્મો બાંધે છે, એમ શાસ્ત્ર તથા ગુરૂમુખ દ્વારા હજારો વાર સાંભળવામાં આવ્યું હશે. સંસારને એક બંદિખાનાની ઉપમા આપવામાં આવી છે. બંદિખાનાના જીવતા-જાગતા પહેરેગીર તરીકે ક્રોધ, માન, માયા અને લોભ આદિ કષાયો કામ કરી રહ્યા છે જીવરૂપી બંદિવાનને એજ પાગીઆઓ સંસારમાં મજબૂત રીતે પકડી રાખે છે

શિષ્ય——ક્રોધ, માન, માયા, લોભ વિગેરે શી રીતે જીવને પકડી રાખે છે?

સૂરિ—ક્રોધ એક દાવાનલ સરખો પણ ભયંકર છે.

ક્રોધથી માણસ પોતાને તો હાનિ કરે છે જ; પરંતુ તેની સાથે બીજાને પણ હાની ઉપજાવતો જાય છે. જેવી રીતે એક ઘરમાં લાગેલી આગ વખતસર કાબુમાં ન આવે તો બીજા ઘરને, ત્રીજા ઘરને અને એ રીતે ધીમે ધીમે અનેક ઘરોને સળગાવતી વ્યાપી જાય, તેવી રીતે ક્રોધ કષાય પણ પોતાના આત્માની શુભ સંપત્તિને બાળતો થકો આસપાસના મનુષ્યોને પણ નુકશાન કરતો જાય છે. ક્રોધાવેશમાં મનુષ્ય પોતાનું હિત વિચારી શકતો નથી, તેથી તેનો સંસાર વૃદ્ધિ પામે છે અર્થાત્ બંદિખાનાની મુદત લંબાતી જાય છે. વિવેકી પુરૂષોએ ક્રોધને દુર્ગતીનું એક મહા કારણ માનીને તે થકી બચવાનો પ્રયત્ન કરવો જોઇએ. ચંડકૌશિક નાગની પૂર્વ ભવની કહાણી ક્રોધનું ભયંકર પરિણામ રજુ કરે છે તે વિચારવું.

અભિમાનના પણ અનેક પ્રકાર જોવામાં આવે છે. કોઇને કુળનું, કોઇને જાતિનું, કોઇને પોતાની તપસ્યાનું તો કોઇને રૂપનું, બળનું, લાભનું, શાસ્ત્રજ્ઞાનનું કે લક્ષ્મીનું પણ અભિમાન છે. આવા અભિમાનથી મનુષ્ય ફુલાઇ જાય છે અને જગતને–જગતના પ્રાણીઓને તૃણવત્ લેખી કાઢે છે. અભિમાનને લીધે જ રાવણની લંકાનો નાશ થયો એમ કેટલાક માનસશાસ્ત્ર વેત્તાઓ કહે છે. આ ક્ષણભંગુર સંસાર કે જ્યાં મનુષ્યના રૂપ–જાતિ–બળ–દ્રવ્ય વિગેરે ચિરકાળ રહેવાનાં નથી, જેનો વિયોગ એક કાળે અનિવાર્ય છે, તેનું અભિમાન મૂર્ખાઓ સિવાય ભાગ્યેજ કોઇને શોભા આપે! જે વસ્તુ આપણી પોતાની નથી તેનુ અભિમાન આપણે શી રીતે

રાખી શકીએ? આત્માની સમૃદ્ધિનું-સત્તાનું અભિમાન રાખી એ સમૃદ્ધિના ભંડારો ખુલ્લાં રાખ્યાં હોય તો આપણને પોતાને તેમજ જગતને પણ લાભ થાય; પરંતુ એથી ઉલટું ઉપર કહી તેવી ક્ષણિક વસ્તુઓનું અભિમાન કરવાથી તેજ વસ્તુઓ પરભવમાં હલકા રૂપે પ્રાપ્ત થાય છે. અર્થાત્ કૂળના અભિમાનીઓ પરભવમાં હલકું કૂળ અને રૂપના અભિમાનીઓ પરભવમાં ઘૃણાપાત્ર થવાય એવું રૂપ પામે છે; એ રીતે અભિમાની જીવોની સંસાર ભ્રમણા વધતી જાય છે.

માયા-કપટ એ દૌર્ભાગ્યને ઉત્પન્ન કરનારૂં, દુર્ગતીએ પહોંચાડનારૂં તથા પુરૂષને સ્ત્રીનો જન્મ આપનારૂં હોઇ વિવેકી પુરૂષોએ માયા-કપટનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. શ્રી મલ્લીનાથ ભગવાને પોતાના પૂર્વભવમાં તપસ્યાના સંબંધમાં માયા-કપટનું સેવન કર્યું તેથી તેમને સ્ત્રીવેદપણું પ્રાપ્ત થયું. માયાવી કે કપટી સ્ત્રી-પુરૂષ આ વિશ્વમાં કોઇના પ્રીતિપાત્ર થઇ શકતા નથી, એટલુંજ નહીં પણ પરભવમાંયે તેના વિષમય ફળો તેમને ચાખવાં પડે છે.

સફેદ વસ્ત્ર કાજળમાં બોળવાથી જેમ મલીન થાય છે તથા આછણથી દુધ જેમ બગડી જાય છે, તેમ સ્ત્રી-પુરૂષનાં સંખ્યાબંધ ગુણો એક માત્ર લોભના દુર્ગુણથી મલીન થઇ જાય છે. કૃપણ પુરૂષ કે સ્ત્રીનું મ્હોં જોવું એ પણ સંસારમાં એક અપશુકન ગણાય છે. પુદ્ગલ ઉપર લોભ રાખવા કરતાં જો આત્મિક ઋિદ્ધિ પ્રાપ્ત કરવા તરફ તેવો લોભ રાખવામાં આવે તો મનુષ્ય જાતિનું કેટલું બધું કલ્યાણ થાય?

જે માણસ ઉપરના ચાર કષાયો ઉપર વિજય પ્રાપ્ત કરી પોતાની ઇંદ્રિયો ઉપર સંયમ રાખતા શીખે તેને શૂરવીરતા, ગંભીરતા, ઉદારતા, શુભ ધ્યાન, અધ્યયન અને તપસ્યાની પ્રાપ્તિ થયા વિના રહે નહીં.

શિષ્ય—પાપનાં પરિણામો તથા કારણો સમજાયાં. તેવીજ રીતે પુણ્યનાં પરિણામો અને કારણો જાણ્યાં હોય તો પુણ્યાચરણ સરલ થાય એમ હું માનું છું: તો કૃપા કરીને પુણ્યના વિષયમાં જરા વિશેષ સમજણ આપશો?

સૂરિ—પુણ્યનાં શુભ પરિણામો એટલા બધા વિવિધ પ્રકારનાં હોય છે કે તેનો સંપૂર્ણ ખ્યાલ આપવો અશક્ય છે. પુણ્ય કિંવા ધર્મથીજ જગતમાં પ્રશંસા કરવા યોગ્ય કુળ, ઉત્તમ જાતિ, મનોહર રૂપ તથા આશ્ચર્યજનક સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. પુણ્યથીજ મનુષ્યોને નીરોગીપણું, લાંબુ આયુષ્ય, ભોગવવા યોગ્ય ધન તથા જ્ઞાન પ્રાપ્ત થાય છે. વધારે શું કહું? ધર્મથીજ આ વિશ્વમાં મેઘની વૃષ્ટિ થાય છે, પુણ્યથીજ સર્વત્ર વિશુદ્ધિ જળવાઈ રહે છે, ધર્મથીજ સમુદ્ર પોતાની મર્યાદાને કોઈ કાળે પણ છોડતો નથી, આ જગતમાં જેટલું સુંદર–મનોહર–સુખકર તથા કલ્યાણકર છે એ બધો પુણ્યનો જ પ્રતાપ સમજવો. ધર્મના પ્રભાવથીજ પૃથ્વી રસાતળે જતી બચીજાય છે, ધર્મથીજ મનુષ્યો ચાર પુરૂષાર્થોની સિદ્ધિ કરી શકે છે. સ્વર્ગ, મોક્ષ વિગેરે બીજી જે કોઈ મનગમતી ચીજ જીવને મળે છે તે સર્વ ધર્મના પ્રભાવથીજ હોય છે. પુણ્યનો

પ્રભાવ આથી વધુ અસરકારક શબ્દોમાં વર્ણવવાને હું અશક્ત છું.

શિષ્ય—આપ જે ધર્મનો આવો અનહદ પ્રભાવ વર્ણવો છો તેનો પ્રત્યક્ષ પુરાવો આ જગતમાં કેમ દૃશ્યમાન નહીં થતો હોય ?

સૂરિ—જગતમાં જયવંતો ધર્મ, પરલોક, દેવ અને તત્વ એ ચારે છે જ, એમાં બીલકુલ શંકા કરવા જેવું નથી. પણ મનુષ્યમાં પોતાનામાં જે સત્વ જોઈએ તે ક્યાં છે ? શસ્ત્ર-અસ્ત્ર બધા વર્તમાન હોય પણ લડનારમાં-પોતાનામાંજ જો સત્વ-માલ ન હોય તો પછી સાધનો બિચારાં એકલાં શું કરી શકે ? ધર્મનો પ્રભાવ દ્રષ્ટિગોચર ન થાય તો તે દોષ ધર્મનો નહિ; પરંતુ મનુષ્યનોજ લેખાવો જોઈએ.

શિષ્ય—મનુષ્યનો દોષ શી રીતે ?

સૂરિ—જે મનુષ્ય પોતાના માઠા અધ્યવસાયોને લઈને પોતાની ઇંદ્રિયોને સંયમમાં ન રાખે, ચિત્તવૃત્તિને જ્યાં ત્યાં ભટકવા દે, સંસારના પૌદ્‌ગલિક ભોગોપભોગમાંથી ક્ષણમાત્રનો પણ અવકાશ ન મેળવી શકે અને એટલું છતાં એમ કહે કે “ ધર્મનું કંઇ પરિણામ ન આવ્યું-ધર્મનો પ્રભાવ કંઇ પ્રત્યક્ષ ન થયો ” તો તે એક પ્રકારનો મિથ્યાલાપ નહીં તો બીજું શું કહેવાય ? જો એક માણસ પોતાના મનને જ કાબુમાં ન રાખી શકે અને છતાં દેવ-દેવતાઓને વશ કરવાની સાધનાઓ કરે તો તે શી રીતે ફળીભૂત થાય ? જ્યાંસુધી આપણે આપણી

પોતાની મનોવૃત્તિઓને આંતર્મુખી ન કરી શકીએ ત્યાંસુધી ધર્મનો કે કેવળીના વચનનો વાંક કાઢવો એ પોતાની હલકાઇ બતાવવા જેવું છે. કહ્યું પણ છે કે "કુગુરૂ, કુક્રિયા, પૂર્વભવના અંતરાય તથા કાળદોષને લીધે કેવળીનાં વચન પ્રમાણે ફળ ન આપે તો તેમાં કેવળીના વચનનો શો દોષ ?" મનુષ્ય માત્રે પોતાનું આત્મવીર્ય પ્રકટાવવું જોઇએ. સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક સદ્ગુરૂનું શરણ લઇ, સુવિહિત ક્રિયાઓ દ્વારા ધર્મનું પાલન કરવું જોઇએ. જો એટલું થાય તો ધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ થયા વિના રહે નહીં. માઠા અધ્યવસાયોને લીધે સમિપ આવેલી સિદ્ધિઓ પણ ચાલી જાય છે, તો પછી જે સિદ્ધિઓનો પત્તો પણ નથી અને કોણ જાણે તે કેટલીયે દૂર હશે તેવી સિદ્ધિઓ કેવળ વાતો અને દંભથી પ્રાપ્ત કરવાની અભિલાષા રાખવી એ નિરર્થક છે. ધર્મ પ્રત્યે આદરબુદ્ધિ ઉદ્ભવવી જોઇએ. જેમ આદર ન કરનાર માણસ પાસે કોઇ જતું નથી તેમ ધર્મ પ્રત્યે અનાદર રાખનાર માણસ પાસે ધર્મપ્રભાવ કે ઋદ્ધિ–સિદ્ધિ પણ જઇ શકતી નથી.

જે લોકો પોતાના મનમાં એમ માની બેઠા છે કે–"અમને આ ભાવમાં સુંદર શરીર, મનોરમ ભાર્યા, તથા રાજકૃપા વિગેરે અનાયાસે પ્રાપ્ત થઇ ચૂકયાં છે, તોપછી અમને હવે ધર્મ કરવાની શી જરૂર છે ?" તેઓ સંસારના યથાર્થ સ્વરૂપને નહીં સમજી શકવાને લીધેજ એમ બકે છે. આ નશ્વર સંસારમાં કોઇનું શરીર કે રૂપ, ધન–ધાન્ય કે કુટુંબ–પરિવાર અજર–અમર રહી શકયાં છે ? જે વસ્તુમાં ક્ષણે ક્ષણે પરિવ-

-ર્તન થયા કરે છે તેની ઉપર આસક્તિ રાખી બેસી રહેવું એ માનવ-જીવન રૂપી રત્નને કાચની માફક ફેંકી દેવા બરાબર છે. રાજાની કૃપા, ધન, પ્રીતિ, દેહ, દુર્જન અને આયુષ્ય એટલી વસ્તુઓને વિઘટતાં વાર લાગતી નથી. છતાં જેઓ સંસારના પૌદ્ગલિક વ્યામોહમાં ફસાઈ, પાપ-પુણ્યમાં રહેલો પ્રત્યક્ષ ભેદ જોઇ કે વિચારી શકતા નથી, સદ્ગુરૂનો ઉપદેશ સાંભળી તે પ્રમાણે વર્ત્તી શકતા નથી તેમની સ્થિતિ ખરેખર શોચનીય-દયાજનક છે. સુતેલા માણસો જેવી રીતે ફોગટ-માંજ રાત્રી વીતાવી દે છે તેવી રીતે ધર્માચરણ વિનાની પ્રમાદી જીંદગી ગુજારનાર પોતાના મનુષ્યત્વને ફોગટજ ગુમાવી દે છે. મારો કથિતાશય માત્ર એટલોજ છે કે હરકોઇ પ્રકારે ધર્માચરણ કરવું, ધર્મનું તત્ત્વ સમજવું અને જીવનને ધર્મમય બનાવવું. એટલું કરશો તો પછી ધર્મનો પ્રભાવ અનુભવવાને તમારે દૂર નહીં જવું પડે. ધર્મ પોતેજ તમને તેનો પોતાનો પ્રભાવ બતાવશે.

શિષ્ય—આપ જે ધર્મની આટલી પ્રશંસા કરો છો તેનું કંઈ સ્વરૂપ કે પ્રકાર વર્ણવશો ?

સૂરિ—તે ધર્મના દાન, શીળ, તપસ્યા અને ભાવના એમ ચાર પ્રકાર છે, અને તેથી ક્રમે ક્રમે મુક્તિ પણ પ્રાપ્ત કરી શકાય છે. દાન, શીલ, તપ અને ભાવ વિના ધર્મ કેવા પ્રકારનો હોય તેની કલ્પના થઇ શકતી નથી. જેઓ એ ચાર વસ્તુઓનું યથાયોગ્ય સ્વરૂપ વિચારી શકતા નથી તેમને

ધર્મની વાતો કરવાનો પણ અધિકાર મળી શકતો નથી. “ મારો અમુક ધર્મ શ્રેષ્ઠ છે ” એમ ઘણા માણસો વાતવાતમાં કહ્યા કરે છે અને વસ્તુતઃ પોતાના ધર્મ સંપ્રદાયનું સૌને ન્યૂનાધિક પ્રમાણમાં અભિમાન હોય એ સ્વાભાવિક છે. એક સ્થળે શ્રેષ્ઠ ધર્મનું સ્વરૂપ સમજાવતાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે— “ તપસ્યા, ક્ષમા, મૃદુતા, આર્જવતા, સત્ય, પવિત્રતા, અપરિગ્રહ, દયા, બ્રહ્મચર્ય અને દાન એ દસ વસ્તુઓ જેમાં હોય તે ધર્મ શ્રેષ્ઠ ગણાય છે. ” ધર્મ પરીક્ષામાં આ વાત યાદ રાખવી જોઇએ, તેમજ ઉક્ત દસ વાતોમાંથી કઇ વાતનું પાલન આપણાથી થાય છે તેનો આત્મસાક્ષીએ વિચાર કરીનેજ પોતાની ધાર્મિકતાની બડાઇ હાંકવી જોઇએ. કેટલાક માણસો તપ, ક્ષમા, દયા, સત્યને નામે મ્હોટું આમળા જેવું મીંડુ મુકાવતા હોય; છતાં પરમ ધાર્મિક પુરૂષોમાં ખપવાનો દંભ કર્યા વિના રહેતા નથી. સાચા ધાર્મિકની અને ધર્મની પણ કસોટી ઉક્ત કથન ઉપરથી સહેજે કરી શકાય છે.

શિષ્ય—ધર્મો બાહ્ય દૃષ્ટિએ જોતા તો બધા એક સરખાજ લાગે છે તેનું કેમ ?

સૂરિ—ગાયનું દૂધ અને આકડાનું દૂધ બાહ્ય દૃષ્ટિએ જોતાં તો એક [illegible] અને શુભ્ર જણાય છે પરંતુ તે [illegible] ગુણ છે એમ [illegible] [illegible]

રથી જોતાં સર્વ સ્થળે એકસરખું ઉંડું હોય એવો ભાસ થાય; પરંતુ ડાહ્યો માણસ એમ વિના વિચારે માની લેતો નથી. તેવીજ રીતે બ્હારથી જોતાં સર્વધર્મો સમાન લાગતા હોય તેથી કરીને સર્વધર્મમાં દયા, ક્ષમા, મૃદુતા, સત્ય, બ્રહ્મચર્ય વિગેરેનું સ્વરૂપ એકજ પ્રકારે વર્ણવામાં આવ્યું હશે એમ માની લેવાનું નથી. શુદ્ધ પરિણામવાળો માણસ દાન-શીળ-તપ અને ભાવના તારતમ્ય ઉપરથી ધર્મની કસોટી કરી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રનું પાલન કરે તો તેવા નરપુંગવને મુક્તિરૂપી સ્ત્રી બળાત્કારે પણ આલિંગન કરે એમાં શક નથી. અર્થાત્ એવો પુરૂપસિંહ સહેજે શિવ વધુને વરે.

શિષ્ય—દાન, શીળ, તપ તથા ભાવનાનું સ્વરૂપ જરા વિસ્તારથી સમજાવશો ?

સૂરિ—દાનના ચાર પ્રકાર છે. (૧) જ્ઞાનદાન (૨) અભયદાન, (૩) ધર્મોપકરણ દાન-અર્થાત્ વસ્ત્ર, પાત્ર પ્રમુખ વસ્તુઓનું દાન અને (૪) અનુકંપાદાન. જ્ઞાનદાન સર્વોત્કૃષ્ટ છે. જ્ઞાનનો પ્રચાર કરવો, સત્યાસત્ય સમજી શકે એવા પ્રકારની વિદ્યાવૃદ્ધિ કરવી એ જ્ઞાનદાન ગણાય છે. જ્ઞાન વિનાનો નર પશુવત્ મનાય છે. આપણા સ્વધર્મબન્ધુઓ તથા માનવ બન્ધુઓને જ્ઞાન પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા કરવી એ જ્ઞાનદાનનો ઉત્તમ પ્રકાર છે. જીવને મૃત્યુના પંજામાંથી મુક્ત કરવો એ અભયદાન છે. શત્રુને પણ તેના દુશ્મનોથી અભય આપવું એ મહાન સર્વોત્કૃષ્ટ ધર્મ છે, તેવીજ રીતે પ્રાણીમાત્રને પ્ર-

તાના આત્મવત્ લેખી તેમનું રક્ષણ કરવું એ દ્વિતીય દાનનો એક પ્રકાર મનાય છે. ધર્મોપકરણ દાનમાં વસ્ત્રદાન તથા પાત્રદાનનો સમાવેશ થઇ જાય છે. જે ત્યાગી જ્ઞાની અને સંયમી પુરૂષોને વસ્ત્ર કે પાત્ર વિગેરેની આવશ્યકતા હોય તેમને તે માન અને ભક્તિ પૂર્વક અર્પણ કરવાં એ આ તૃતીય દાનનો મુખ્ય હેતુ છે. ચોથું અનુકંપા દાન-કોઇ પ્રાણીને ભૂખ-તરસ કે પરિશ્રમથી રીબાતું જોઇ તેને આહાર, પાણી કે આશ્રય આપી શાતા ઉપજાવવી એ આ ચતુર્થ પ્રકારનો મૂળ ઉદ્દેશ છે. ધર્મી પુરૂષો આ ચારે દાનના સ્વરૂપ વિચારી યોગ્ય પ્રસંગે તેનું પાલન કરવા ચૂકતા નથી. એક વાત ખાસ યાદ રાખવાની છે કે-કેવળ દાન કરવાથી જ ધર્મની પ્રાપ્તિ થાય એમ માની લેવાનું નથી. દાનશીલતાની પાછલ ધર્મબુદ્ધિ જોઇએ, શુભભાવના જોઇએ, ભૂતદયા જોઇએ. કેટલાક લોકો પોતાની પ્રસિદ્ધિને ખાતર મ્હોટા મ્હોટા દાનો કરે છે, પણ તેવા કીર્તિદાનની વિવેકી પુરૂષો બહુ પ્રશંસા કરતા નથી. કીર્ત્તિની ખાતર દાન કરવું એ એક પ્રકારનું વ્યસન ગણાય છે. વ્યસનમાં લાંબો વિવેક કે સહૃદયતા નથી હોતી અને તેથી દાન દેનારની આત્મિક પ્રગતિમાં તેવું દાન સહાયક થઇ શકતું નથી. દાન આપતી વેળા પાત્રાપાત્રનો પણ વિચાર કરવાનો છે. કુપાત્રે દાન આપવું તે પણ કલ્યાણકારી નથી. કારણ કે સર્પને દૂધ પાવાથી વિષ સિવાય અન્ય કઇ વસ્તુની વૃદ્ધિ થઇ શકે ? જે દાન કપટથી, અહંકારથી, ગાનમથી કે ઉપકારનો બદલો વાળવાને અર્થે દેવાય તે પણ

લગભગ વ્યર્થજ જાય છે. મેં કહ્યું તેમ એવા દાનમાં કાં તો કીર્ત્તિની લાલસા અથવા વ્યાપારી લાભની વૃત્તિ રહેલી હોય છે. દાન તો વિશુદ્ધ અંતઃકરણ પૂર્વક, કોઇ પણ પ્રકારના બદલાની ઇચ્છા વિના અને ધર્મ બુદ્ધિથી જ થવું જોઇએ.

હવે શીલનો વિષય લઇએ. જે પુરૂષ હૃદયમાં વૈરાગ્ય-ભાવ આણી સ્ત્રીને એક શૃંખલારૂપ ગણે અને વિષય-ક્રિડાને વિષવત્ માને તે મ્હોટો વિવેકી ગણાય છે. શીલવૃત્ત પાળવાની જીજ્ઞાસાવાળાઓએ પરમ વિવેકના ચક્ષુ ઉઘાડી સ્ત્રી-પુરૂષની યથાર્થ રચના વિચારી બ્રહ્મચર્યનું પાલન કરવાને ઉદ્યમશીલ થવું જોઇએ. ત્યાગી અને સંયમી મુનિવરો આજીવન એ વૃત્તનું પાલન કરે છે. તેમની વાત એક બાજુએ રહેવા દઇએ તોપણ આ લોકમાં તથા પરલોકમાં સુખી થવા ઇચ્છતા ગૃહસ્થમાત્રે ઉચિત એવું શીલવૃત્ત પાળવુંજ જોઇએ.

શિષ્ય—ગૃહસ્થો શી રીતે શીલવૃત્ત પાળી શકે ?

સૂરિ—જે પુરૂષ પોતાની-સ્વસ્ત્રીમાં સંતોષ માની તિર્યંચની, દેવતાની અને ભુવનપતિની સ્ત્રીઓનો તથા મનુષ્યમાં પરસ્ત્રીનો ત્યાગ કરે તે ગૃહસ્થોચિત શીલવૃત્ત કહેવાય. બુદ્ધિવાન અને સદાચાર પરાયણ સ્ત્રી-પુરૂષોએ આવું શીલવૃત્ત અવશ્યમેવ પાળવું જોઇએ. જો પ્રમાદને લીધે કોઇ સમયે કવચિત સ્ત્રીનાં મોહક અંગોપાંગો ઉપર દ્રષ્ટિ જાય અને વૃત્તિ ક્ષુબ્ધ થાય તો તેવે પ્રસંગે મનુષ્યના શરીરમાં રહેલી મળ-મૂત્ર વિગેરે ઘૃણાજનક વસ્તુઓને ચિંતવી તે ઉપર વૈરાગ્ય આ-

જુવો. જે વસ્તુ બહારથી સુંદર અને મનમોહક જણાય છે તે વસ્તુતઃ કેવા દુર્ગંધી પદાર્થોથી પરિપૂર્ણ છે એનું ધ્યાન કરી વિષય-વાસનાને રોકી રાખવી એજ વિવેકી પુરૂષોનું પ્રધાન કર્ત્તવ્ય છે. જે શહેરને ગામડીયાઓએ કદાપિ ન જોયું હોય તે લોકો પોતાના ક્ષુદ્ર ગામડાની જ પ્રશંસા કરે, તેવી રીતે જેઓ આત્માના પરમાનંદનો અનુભવ લેવાને છેક નિષ્ફળ નિવડેલા હોય છે તેઓ જ વિષય સેવનમાં સુખની કલ્પના કરી પોતાના આત્મસામર્થ્યને ગુમાવી દે છે. વસ્તુતઃ જ્ઞાન દર્શન અને ચારિત્ર્યનો જે આનંદ છે તેની પાસે વિષયનો આનંદ તો એક બિન્દુ માત્ર પણ નથી. પરમાનંદમાં મગ્ન રહેનાર સંયમી પુરૂષોને વિષય-વાસના રંજાડી શકતી નથી; કારણ કે તેઓ એક એવા અદ્ભૂત આનંદસાગરમાં સ્નાન કરતા હોય છે કે તેમને વિષય-વાસનાના ગંદા પાણીમાં પડવાનું રૂચેજ નહિ. ગૃહસ્થ પુરૂષોએ અને સ્ત્રીઓએ યથાક્રમે સ્વદારા અને સ્વપતિમાં સંતોષ માની ગૃહસ્થોચિત શીલ પાળવાનો દરેક પ્રયત્ન કરવો જોઈએ. શીલના મહાત્મ્યના અનેક અપૂર્વ દ્રષ્ટાન્તો શાસ્ત્રમાં મળી આવે છે. શીલવૃત્ત શૂળીનું સિંહાસન બનાવી શકે છે એ વાત તો તમે સાંભળીજ હશે. આ વૃત્ત સાધુ-મુનિઓને જેટલું ઉપયોગી છે તેટલુંજ ગૃહસ્થોને પણ છે

શિષ્ય--તપના પ્રકાર તથા સ્વરૂપ વિષે કંઈ વિવેચન કરશો ?

ગુ.

સૂરિ—તપના એકંદરે બાર પ્રકાર વર્ણવવામાં આવ્યા છે. પ્રથમ છ પ્રકાર બાહ્ય તપના અને બાકીના છ અંતરંગ તપના. બાહ્ય તપમાં (૧) રસત્યાગ (૨) કાયક્લેશ (૩) ઉણોદરી—પ્રમાણ કરતાં ઓછો આહાર (૪) ઉપવાસ (૫) અંગોપાંગ સંકોચીને બેસવું તે અને (૬) વૃત્તિસંક્ષેપ ઈત્યાદિ તપોનો સમાવેશ થાય છે. અંતરંગ તપમાં (૧) પ્રાયશ્ચિત્ત (૨) શુભ ધ્યાન (૩) સ્વાધ્યાય (૪) વિનય (૫) વૈયાવચ્ચ અને (૬) કાઉસગ્ગ એ છ બાબતો આવી જાય છે. ખરો તપસ્વી સૌ પ્રથમ પોતાનાં મનનાં પરિણામોને શુદ્ધ કરી, સર્વ ઇંદ્રિઓને સમાધિમાં રાખી, સર્વ પ્રકારના આરંભ—સમારંભોનો ત્યાગ કરી દુઃખના સમુદાયને ટાળવાને અર્થે તપસ્યા કરે છે. જે અલ્પ બુદ્ધિવાળો માણસ જગતમાં પૂજનિક થવાને માટે કોઈ એક સાંસારિક લાભ અર્થે કે ખાલી પ્રસિદ્ધિને અર્થે તપસ્યા કરી શરીરને સૂકવે છે તે તપસ્યાનું ખરૂં ફળ મેળવી શકતો નથી. વિવેક વગર તપસ્યા કરવાથી માત્ર શરીરને તાપ ઉપજે છે એટલુંજ. બાકી એવા અજ્ઞાન કષ્ટોથી બહુ ફળ પ્રાપ્ત થતું નથી. તપશ્ચર્યા જ્ઞાન, વિવેક અને પવિત્ર ઉદ્દેશની સિદ્ધિ અર્થે જ થવી જોઇએ.

શિષ્ય—ભાવના એટલે શું ? તે કેટલા પ્રકારનો છે ?

સૂરિ—સત્ય અને હિતકર દ્રઢવિચાર કે જે જીવન ઉપર ચિરસ્થાયી અસર કરે તેને ભાવના કહેવામાં આવે છે. મનુષ્ય વૈરાગ્ય યોગ પાળી શકે એટલા માટે બાર ભાવનાઓ

રૂપી ભૂમિકા શાસ્ત્રકારે નક્કી કરી છે. (૧) અનિત્ય ભાવના (૨) અશરણ ભાવના (૩) સંસાર ભાવના (૪) એકત્વ ભાવના (૫) અન્યત્વ ભાવના (૬) અશુચી ભાવના (૭) આશ્રવ ભાવના (૮) સંવર ભાવના (૯) નિર્જરા ભાવના (૧૦) લોક ભાવના (૧૧) બોધિદુર્લભ ભાવના અને (૧૨) ધર્મ ભાવના. આ ભાવનાઓની સાથે જો શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવામાં આવે તો મોક્ષ પ્રાપ્તિમાં તે અગત્યને ભાગ ભજવે, આંધળા અને પાંગળાના મેળાપથી જેમ એક બીજા પરસ્પરને પરમોપયોગી થઈ પડે તેવી રીતે ક્રિયાની સાથે જ્ઞાનજન્ય ભાવનાઓ પણ પરસ્પરને સહાયક થઈ પડે એ નિર્વિવાદ છે.

પહેલી અનિત્ય ભાવનાદ્વારા આ જગત્‌ની અનિત્યતાનો વિચાર કરવાનો છે. આ શરીર, યુવાવસ્થા, ધન દોલત અને એ સિવાય સઘળા પ્રકારના સુખ સંજોગો અનિત્ય છે એમ માની સંસાર ઉપરનો મોહ દૂર કરવાનો પ્રયત્ન કરવો. બીજી અશરણ ભાવના દ્વારા આ જગતના પદાર્થો કે સગા સંબંધીઓ પણ અંતે કંઇજ કામ આવતા નથી એમ ચિંતવવાનું છે. ઇંદ્ર તથા ચક્રવર્તી વિગેરે પણ કાળ મર્યાદા પુરી થયે મરણ પામે છે, તેમને એક ઘડી પણ કોઇ બચાવી રાખી શકતું નથી. તો પછી અન્ય સામાન્ય નર નારીઓની તો વાતજ શું પૂછવી ? જગતમાં મરણ સમયે કોઇ કોઈને શરણ આપી શકતું નથી. સૌને પોતાની આયુષ્યની મુદત પુરી કરીને ચાલી નીકળવું પડે છે. આવી ભાવના ભાવી આત્માને સ્થૂળ

બંધનોથી અલગ કરતા જવું અને સાથે સાથે સૂક્ષ્મ શક્તિઓની ખીલવટ કરવી એ આ ભાવનાનો હેતુ છે. ત્રીજી સંસાર ભાવના છે. એ ભાવના દ્વારા સંસારની અસારતા વિચારવાની છે. તે આ રીતે કે જીવ સંસાર રૂપ નાટકમાં નાટકીયાની પેઠે કર્મના યોગે ઉત્તમ, મધ્યમ તથા અધમ એવા નાનાવિધ વેષ ધારણ કરે છે, વસ્તુતઃ તે તેની મૂળ અને ચિરસ્થાયી સ્થિતિ નથી. આમ વિચારી વૈરાગ્યવાન થવું એ આ ભાવનાનો ઉપદેશ છે. સંસાર ભાવનાવડે રાગ-દ્વેષનો ત્યાગ કરતાં શીખવું જોઈએ. સંસાર દુઃખમય છે, પરિવર્તનશીલ છે અને જન્મ મરણના ચક્રમાં ફરતાં ખરી રીતે લેશમાત્ર સુખ નથી એવી દૃઢ માન્યતા રાખવી. ચોથી એકત્વ ભાવના દ્વારા આત્માનું એકાકીપણું ચિંતવવાનું છે. જીવ એકલો જન્મ લે છે, મરણ પણ એકલો જ પામે છે અને સુખ-દુઃખ પણ તે એકલો જ ભોગવે છે, બીજો કોઇ પણ તેના જન્મ-મરણ અને સુખ-દુઃખાદિમાં ભાગ પડાવી શકતું નથી. પાંચમી અન્યત્વભાવના દ્વારા સમજવાનું કે જેવી રીતે આત્મા એકલોજ કર્ત્તા અને ભોકતા છે તેવી રીતે સર્વ વસ્તુઓથી અર્થાત્ દેહ, ધન, બાંધવ, મિત્ર વિગેરેથી તદ્દન ન્યારો છે. દેહ, બાંધવ કે ધનની ચડતી પડતીમાં આત્માએ રાગ-દ્વેષ ન માનવો જોઇએ, છઠ્ઠી અશુચી ભાવના મનુષ્યને તેના દેહનું યથાર્થ સ્વરૂપ સમજવામાં મદદ કરે છે. જે દેહ ઉપર આટલો બધો મોહ રાખવામાં આવે છે, જે દેહની ખાતર ન્હાનાં-મ્હોટાં પાપ કર્મો કરવામાં આવે છે, તે દેહ કેવા અપવિત્ર પદાર્થોથી ભરેલો છે તેનું અ-

શુચી ભાવના દ્વારા મનુષ્યને જ્ઞાન થવું જોઈએ. રસ, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને વીર્ય એ સાત ધાતુઓથી બનેલું અને નવ દ્વારથી વીંટળાયેલું એવું શરીર પવિત્ર ક્યાંથી હોઈ શકે અને એવા અપવિત્ર દેહ ઉપર ખરું મોહ રાખવો એ સુજ્ઞ પુરૂષોને કેમ છાજે ? હવે આત્મા કેવી રીતે નિર્મળ અને પ્રગતિશીલ બને એ સવાલ ઉભો થાય છે. આત્મા શું છે તે સમજ્યા પછી અને દેહ તથા સંસારનું સ્વરૂપ વિચાર્યા પછી આત્માને કર્મરૂપી જે મેલ લાગ્યો હોય તે દૂર કરવા ઉજમાળ થવું જોઇએ. કર્મો કેવી રીતે આત્માને લાગે છે અને શી રીતે તેમને અટકાવવા તેમજ વીખેરી નાંખવા એ વિધિનું સૂચન આશ્રવ, સંવર તથા નિર્જરા ભાવનામાં થાય છે. મિથ્યાત્વ, અવિરતી, કષાય, વિષય, પ્રમાદ તથા આર્ત્ત–રૌદ્ર ધ્યાન આદિ જે દોષોથી આત્માને કર્મ વળગે છે તે દોષોનું જ્ઞાન મેળવવું અને ભાવના ભાવવી કે એ દોષો મારામાંથી દૂર થવા જ જોઈએ. આ ભાવના આશ્રવ ભાવનાના નામથી ઓળખાય છે. નવાં કર્મ આત્માને વળગે નહીં તેટલા માટે કર્મ વળગે તેવા દોષોનો નિરોધ કરવો અર્થાત્ સમ્યગ્ જ્ઞાનના શસ્ત્રવડે મિથ્યાત્વને હઠાવવું, વિરતીદ્વારા અવિરતીનો રોધ કરવો, ક્ષમાવડે ક્રોધનો પરાજય કરવો ઇત્યાદિ વિધિનો સંવર ભાવનામાં સમાવેશ થાય છે જે પુરૂષો આ ભાવનાનું અવલંબન ગ્રહી સંવર દ્વારા નવા કર્મોની ઉત્પત્તિને રોકી શકે છે તેઓ ખરેખર ધન્ય છે. શાસ્ત્રમાં એમ સ્પષ્ટ પણે કહેવામાં આવ્યું છે કે " નવા કર્મની ઉત્પત્તિને અટકાવનાર સંવરને હું નમસ્કાર

કરૂં છું. કારણ કે સંવર સમતા રુપ શસ્ત્રથી શુભાશુભ કર્મોને તોડી નાખે છે. ” જૂનાં કર્મોને ખપાવવાનું કાર્ય નવમી નિર્જરા ભાવનાવડે બજાવવાનું રહે છે. મહાત્મા પુરૂષો સારા સંયમથી અને નિષ્કામ તપસ્યા રૂપ અગ્નિથી સંસાર વધારનારાં કર્મોને બાળીને ભસ્મીભૂત કરી દે છે. આ વાત લક્ષમાં રાખી આત્માને કર્મથી મુક્ત કરવાની ભાવના રાખવી તે નિર્જરા ભાવના ગણાય. લોકનો વિસ્તાર કેવો છે, કેટલો છે અને કેવી કેવી ઋદ્ધિવાળા જીવો તેમાં રહેલાં છે, કેવી કરણી દ્વારા તેઓ ઋદ્ધિને પ્રાપ્ત થયેલા છે અને ઉચ્ચતમ ઋદ્ધિ પ્રાપ્ત કરનાર સિદ્ધભગવાન ક્યાં વિરાજી રહ્યા છે, તેનું ચિંતન આ દશમી લોકભાવના દ્વારા કરવાનું છે. શાસ્ત્ર-ગ્રંથોમાં લોકનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવામાં આવ્યું છે;-“સીધો સરાવળો નીચે અને ઉંધો સરાવળો ઉપર રાખ્યો હોય તો તે શરાલ સંપુટ કહેવાય. તે શરાલ સંપુટની નીચે એક ઉંધો સરાવળો રાખ્યો હોય તેવા આકારમાં રહેલું આ જગત્ ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામનારા જીવ, અજીવ પ્રમુખ દ્રવ્યથી પરિપૂર્ણ ભરેલું છે એમ સાધકે ચિંતવવાનું છે. ” સત્યજ્ઞાન દુર્લભ છે માટે સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલાં સિદ્ધાંતો ઉપર શ્રદ્ધા રાખવી, સત્‌ને સત્ તરીકે અને અસત્‌ને અસત્ તરીકે ઓળખવું તથા તેમાં પારંગત થવું એ ભાવનાને “ બોધિદુર્લભ ” એવું નામ આપવામાં આવ્યું છે. કોઈક આસન્નસિદ્ધ જીવજ પરિપૂર્ણ ઈંદ્રિયોવાળો મનુષ્ય ભવ પામી શ્રુત, ગુરૂ વિગેરે સામગ્રીઓનો યોગ મેળવી તત્ત્વ નિશ્ચય કરી બોધ પામે છે. બોધિ દુર્લભ

ભાવનાવડે તત્ત્વ નિશ્ચય અને સમ્યગ્ શ્રદ્ધાનમાં ક્રમશઃ આગળ વધવું એજ આ ભાવનાનો ઉદ્દેશ છે. છેલ્લી ભાવના ધર્મ ભાવના છે. કેવળજ્ઞાની તીર્થંકર પ્રભુએ જગત્‌ના હિતાર્થે લોકોને જે જ્ઞાન આપ્યું છે અને શ્રેષ્ઠ ધર્મનું જે સ્વરૂપ સમજાવ્યું છે તે ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી દેશ વિરતી તથા સર્વ વિરતી રૂપ ઉપદેશાયેલા ધર્મનું પાલન કરવું એ આપણું કર્ત્તવ્ય છે. આ છેલ્લી ભાવનાના ચિંતનથી તેમજ અનુસરણથી આત્મા પોતાનું શ્રેય સાધી શકે છે. ભાવના વિનાની ક્રિયા જેવી જોઇએ તેવી સફળ થતી નથી. ગુણસ્થાનકની શ્રેણીએ ચડવા માટે પણ આવી ભાવનાઓની આવશ્યક્તા સ્વીકારવામાં આવે છે. હું પ્રથમ આંધળા અને પાંગળાના દૃષ્ટાંતથી સૂચવી ગયો છું કે ક્રિયા અને ભાવનાને એક બીજા સાથે ઘણો ગાઢ સંબંધ રહેલો છે. થોડી ક્રિયા પણ જો ઉપર્યુક્ત ભાવનાની મદદ પૂર્વક કરવામાં આવે તો તે આત્માને બહુ શ્રેયસ્કર થઇ પડે છે. ભવ્ય જીવોએ શુભધ્યાન પૂર્વક ઉપર કહી તેવી બાર ભાવનાઓ ભાવવી. કારણ કે તે ભાવનાઓ જીવનો સંસાર નાશ કરવામાં અમોઘ શસ્ત્રનું કાર્ય બજાવે છે.



(૧૬) જીવતત્ત્વ.

શિષ્ય—આપણો વાર્ત્તાલાપ સમાપ્તિને પામે તે પહેલાં તત્વના સંબંધમાં કંઇક જાણવાનું મળે એવી મ્હારી નમ્ર પ્રાર્થના છે.

સૂરિ—તમારી આ તત્વજીજ્ઞાસા સાંભળી મને ખરેખર અત્યાનંદ થાય છે. અત્યારસુધી મેં તમારી યાચનાને માન આપી કેટલાક વ્યવહારના તથા પરમાર્થના વિષયો ચર્ચ્યા છે; પરંતુ તત્ત્વ સંબંધી વાત કરવાનો જેવો જોઇએ તેવો પ્રસંગ મળ્યો નથી. ખરૂં છે કે પૂર્વભવના શુભ સંસ્કારથી અથવા સદ્ગુરૂના પ્રાસાદથી જ કોઇ શુદ્ધ મનવાળા જીવને તત્વ જાણવાની–સમજવાની જીજ્ઞાસા થાય છે. પાંજરા ઉપર મોહી રહેલા પામર મનુષ્યો પાંજરાને,જ યત્નથી સાચવ્યા કરે છે; પણ તેમાં રહેલા હંસ રૂપ જીવનું શું થાય છે તેની તેઓ બહુ પરવા રાખતા નથી. પાંજરાનું રક્ષણ કરવું એ જ્ઞાન અલબત્ત જરૂરનું છે, પણ તેના કરતાં યે અધિક જરૂરનું તો જીવનું કલ્યાણ કેમ થાય તે ચિંતવવાનું છે. તમને આજે જીવતત્વ સમજવાની ઈચ્છા ઉદ્ભવી એ તમારૂં સદ્ભાગ્ય સૂચવી આપે છે. જગતમાં એવા ઘણા પંડિતો મળી આવશે કે જે વિવિધ કળાઓ અને પ્રપંચોના સંબંધમાં અસાધારણ જ્ઞાન ધરાવતા હોય; પરંતુ જ્યાંસુધી અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન ન થાય ત્યાંસુધી બીજી કોઈપણ કળા કે શાસ્ત્ર જીવનું–આત્માનું શ્રેય કરી શકતું નથી. જેવી રીતે અજ્ઞાન લોકોનો સંસાર પાત્ર–વાસણ વિગેરે સાધનોથી નિત્ય વધતો જાય છે તેવી રીતે પંડિત ગણાતા લોકોનો સંસાર પણ અધ્યાત્મજ્ઞાન વગરના બીજા ઘણા નકામા શાસ્ત્રોથી વધતો જાય છે. ઘણા વિદ્વાનો વિવિધ પ્રકારનાં પુસ્તકો 'લખી જગતનું કલ્યાણ કરીએ છીએ' એવી મિથ્યા બડાઇ હાંકે છે; પરંતુ હું પૂછું છું કે

આવાળ સરખા ઘણા ગ્રંથો રચવાથી શું લાભ થવાનો હતો? ખરા પંડિત અને મુમુક્ષુએ તો શરીરની અંદર રહેલા દિવ્ય જ્યોતિરૂપ મ્હોટા જીવતત્વનો વિચાર કરવો એજ તેમને માટે શોભાસ્પદ છે.

શિષ્ય—પંડિત તેમજ જ્ઞાની પુરૂષોને તો તત્ત્વજીજ્ઞાસા અવશ્યમેવ થવી જોઈએ. છતાં ઘણે ભાગે તેમ બનતું જોવામાં નથી આવતું એનું શું કારણ હશે?

સૂરિ—વાતો સાંભળવી અને શાસ્ત્રીય ચર્ચાઓ કરવી એ ઘણું સહેલું છે, પણ ઘણા જુના કાળના મલિન સંસ્કારો તેમજ જુના અભ્યાસોથી મુક્ત થવું એ સરલ વિષય નથી. ભલભલા જ્ઞાની અને સુજ્ઞ ગણાતા મનુષ્યો પણ આવી તત્ત્વની બાબતમાં તો બાળક જેવા જ જોવામાં આવે છે. “ હું સુખી છું, અથવા દુઃખી છું, હું ગોરો છું અથવા કાળો છું, હું મજબુત છું અથવા નબળો છું, હું ઠીંગણો છું અથવા લાંબો છું, હું યુવાન છું અથવા વૃદ્ધ છું. ” એવા વિકલ્પો કિંવા અધ્યવસાયોથી કોઇ વિરલા નર જ મુક્ત થઇ શકે છે. એવા અધ્યવસાયો એટલા બધા લાંબા કાળથી આપણામાં ઘર કરીને રહેલા છે કે સખ્ત પ્રયત્ન અને સતત્ પરિશીલન સિવાય તે દોષોથી નિવૃત્ત ન થઈ શકાય. કેટલાક માણસો આ જગતમાં એવા પણ જોવામાં આવે છે કે જેમણે તત્ત્વના અભ્યાસની પાછળ કંઇક પરિશ્રમ કર્યો હોય, પરંતુ એટલું છતાંયે જો તેમનામાં જાતિ અને પાખંડના વિચારો રહી ગયા હોય તો

સમજવું કે તેમનો શ્રમ નિષ્ફળજ ગયો છે. એવા મનુષ્યે તત્વ કદાચ સાંભળ્યું હોય તો તે વાર્ત્તા રૂપે સાંભળ્યું હોય, પણ પરમાર્થથી તો તત્વની વાતનો નિર્ધાર નહીંજ કર્યો હોય એવી ખાત્રી મળી શકે છે. તત્વની વાત કયાંસુધી બરાબર સમજવામાં આવી છે અને તે કેટલે અંશે પરિણમી છે તેનો તોલ કેવળ એકજ વાત ઉપરથી કરી શકાય. જ્યાં સુધી પોતાનું અને પારકું એવો ભેદ રહ્યો હોય ત્યાંસુધી તત્વની વાત લેશમાત્ર પણ સમજવામાં નથી આવી એમ સમજી લેવું. જ્યાંસુધી નગરમાં અને ગામડામાં તફાવત દેખાય ત્યાંસુધી તત્વની વાત નથી પરિણમી એમ માની લેવું, તત્વ સમજવું અને પચાવવું એ મહાભાગ પુરૂષોથીજ બની શકે છે. તેવા પુરૂષોનું કુટુંબ પણ તેવુંજ મહાભાગ હોય છે. તત્વ વિચારકોનું કુટુંબ કેવું હોય તે વિષે કહેવામાં આવ્યું છે કે એવા પુરૂષોનો પિતા ધર્મ, માતા ક્ષમા, ભાર્યા દયા, અને પુત્ર સદ્ગુણ હોય છે. એ સિવાય બીજું સર્વ તેમને ભ્રમરૂપ જ લાગે છે.

શિષ્ય—યોગી પુરૂષોજ તત્વને સમજી શકે એવો આપના કથનનો આશય હોય એમ જણાય છે. યોગ-સાધના વિષે કંઇ ઉપદેશ મળશે ખરો ?

સૂરિ—યોગીઓને ઘર-બાર નથી હોતા એ તો તમે જાણતાજ હશો. પગરૂપ મજબુત પાયાવાળું, કેડરૂપ મધ્ય ભાગવાળું, ભૂજારૂપ ભુંગળવાળું, સાત ધાતુરૂપ ભીંતવાળું

અને નવદ્વારવાળું એવું શરીર તેજ ભલા યોગીનું ઘર હોય છે. છતાં સમાધિને માટે એક ખાસ સ્થાનની આવશ્યકતા માનવામાં આવે છે. સત્પુરૂષોએ સમાધિને અર્થે એવું સ્થાનક શોધી કહાડવું કે જે મનોહર, શાંત, એકાંતવાળું, પવિત્ર, વિશાળ, સરલ તથા સમતા ઉપજાવનારૂં હોય, તેથી વિપરીત પ્રકારનું-ગૃહ ચિત્તવૃત્તિને વિક્ષિપ્ત કરી નાંખે છે અને તેથી મનની એકાગ્રતામાં વિઘ્નકર થાય છે. સ્થાનની યોગ્યતા કરતાં પણ સાધકની યોગ્યતા વિષે તો બહુજ સૂક્ષ્મરીતે વિચાર કરવાનો છે. સૌ કોઈને યોગ સાધનાનો કે ધ્યાનનો એક સરખો અધિકાર મળી શકતો નથી.

શિષ્ય—ધ્યાન કરવાનો અધિકારી કોણ હોઈ શકે ?

સૂરિ—જેનો જઠરાગ્નિ કફાદિ દોષ, રસાદિ ધાતુ અને મલ સમાન હોય, અર્થાત્ વૈદક શાસ્ત્રમાં જેનું જેટલું પ્રમાણ કહ્યું છે તે તેટલાજ પ્રમાણમાં હોય તથા જેના ઇંદ્રિય અને મન સુપ્રસન્ન હોય તેવો [illegible] અધિકારી [illegible] તેટલાજ [illegible]

ઠેકાણે પ્રતિબંધ ન રાખનારો હોય. પર્વતની પેઠે નિશ્ચળ, ચંદ્રમાની પેઠે જગતને આનંદ ઉપજાવનારો, બાળકની પેઠે સરલ સ્વભાવનો, સર્વ ક્રિયાઓમાં નિર્લેપ રહેનારો, પોતાને વિષે પોતાને જાણનારો, જગત્‌ને આત્મતુલ્ય જાણનારો, મોક્ષમાર્ગને વિષે આસક્ત થયેલો તથા સંસારથી વૈરાગ્ય પામેલો હોય એવો બુદ્ધિશાળી પુરૂષ ધ્યાનક્રિયા કરવાને યોગ્ય ગણાય છે.

શિષ્ય—યોગીઓના ચિત્તની સ્થિતિ કેવા પ્રકારની હોય?

સૂરિ—ખરા યોગીઓનું ચિત્ત સર્વથા નિર્મળ હોય છે. એવા યોગી પૂર્વના પુણ્યયોગેજ મળે છે. એક સ્થળે કહ્યું છે કે કુલીન, પંડિત તથા સુશીલ પુરૂષો સહેલાઈથી જગત્‌માં મળી આવે છે; પરંતુ તત્વના જાણ અને વિશુદ્ધ ચિત્તવાળા યોગીઓ મળવા બહુ દુર્લભ છે. કેટલાકો બહારથી તો બહુજ સ્વચ્છ દેખાવાનો પ્રયત્ન કરે છે; પરંતુ તેમના અંતઃકરણમાં ઉતરીને જોઇએ તો ત્યાં કામ-ક્રોધ માન-માયાદિના કીડાઓ ઉછળી રહ્યા હોય છે. તમેજ કહો કે આવી ઉપરની સ્વચ્છતાથી જીવનું કલ્યાણ શી રીતે થાય? દાડિમ જ્યારે પાકે છે ત્યારે તેમાં કંઇક મિષ્ટતા આવે છે પણ અંદર તપાસીને જોઇએ તો જણાય કે દાડિમનું બીજ તો કઠ્ઠું જેવું ને તેવુંજ કડવું રહી ગયું છે. મહત્વની વાત તો એ છે કે મિષ્ટતા કે સ્વચ્છતા અંદરથી આવવી જોઇએ. યોગીઓનાં ચિત્તવૃત્તિ બહારથી અને અંદરથી સમાન આવવાવાળી હોય છે તેઓ જ્યારે ધ્યાનસ્થ-

…ામાં તલ્લીન થાય છે ત્યારે તેમનો શુદ્ધ આત્મા જગતને …ગભગ ઘેલા જેવુંજ નીહાળે છે; છતાં ખૂબી એ છે કે તેમ…માં સમભાવ એટલો બધો ગંભીર હોય છે કે જગતનું …પહાસ કરતા નથી. વચનની મર્યાદાનો પણ ભંગ થવા દેતા …થી. તેમનું કોઇ આવીને અપમાન કરે તો પણ તેઓ સા…ાન્ય માણસની માફક ક્રોધ કે વૈરથી ધમધમી ઉઠતા નથી. …ેમના મનમાં વિકલ્પો ઉદ્દભવતા હોય તેઓજ અમુક વસ્તુને …ાન અને અમુક વસ્તુને અપમાન ગણે; પરંતુ જ્યાં વિક…લ્પનોજ અભાવ હોય ત્યાં માન–અપમાન આદિની કલ્પના …ી રીતે સંભવે ? સાધક પુરૂષોને એમ પણ નથી લાગતું …—" અહો હો ! આ જગતમાં મારા કેટલા બધા અનુયા…ીઓ છે ? હું કેવો ભાગ્યશાળી છું ! " તેમ એવો પણ …ોચ નથી થતો કે—" અરેરે ! આ જગતમાં મારે જોઇએ …ેટલા અનુયાયીઓ નથી ! લોકો કેટલા કૃતઘ્ની છે ! " મત…લબ કે સાધકો અને નિર્મલ આત્માવાળા યોગીઓને એવી …બાબતમાં હર્ષ–શોક થતા નથી. વિચાર કરો કે જે માણસને …જુદી જુદી રૂચીવાળા આત્માની અને મનની સાથે સીધી મૈત્રી …બંધાઇ હોય તેને યોગમાં વિઘ્ન ઉપજાવે એવાં સ્થૂલ ઇંદ્રિય …રૂપી મિત્રોની સાથે કૌતુક કરવાની ઇચ્છાજ શી રીતે ઉદ્દભવે ? …ન્દ્રિયો તો અનુચરો માત્ર છે ! રાજાની સાથે જ્યાં સીધો સંબંધ …ચાલતો હોય ત્યાં પાળીયાઓના કે રક્ષકના ભાવ કોણ પૂછે ?

શિષ્ય—યોગીઓ અભક્ષ્ય ભોજી તેમજ અપેય પીનારા …અને અગમ્ય ગામી ગણાય છે એ શું સત્ય હશે ?

સૂરિ—એક રીતે એ સત્ય છે. યોગીઓ નહીં ખાઇ શકાય એવી વસ્તુને ખાનારા ગણાય છે, તે આ રીતેઃ—કાળ સર્વ વસ્તુનું ભક્ષણ કરી જાય છે, કાળનો પંજો વસ્તુ માત્રને જીર્ણ બનાવી દે છે, કાળનું ભક્ષણ કોઇ કરી શકતું નથી; પરંતુ આ જગતમાં યોગીઓજ એવા છે કે જે કાળનું પણ ભક્ષણ કરી જાય છે, અર્થાત્ સમાધી અવસ્થામાં કાળનો પ્રભાવ યોગીઓ ઉપર ચાલી શકતો નથી. હવે નહીં પીવા યોગ્ય વસ્તુ પીનારા કેવી રીતે ગણાય તેનો વિચાર કરીએ. બ્રહ્મામૃત રૂપી કળા આ સંસારમાં કોઈ પી શકતું નથી. યોગીઓ તે બ્રહ્મામૃતનું ઘુંટડા ભરી ભરીને પાન કરે છે એટલા માટે તેઓ અપેય પીનારા ગણાય છે. જ્યાં કોઇથી જઈ શકાય નહી એવે સ્થાને યોગીઓ પહોંચી જાય છે. પરમપદ રૂપ અગમ્ય સ્થાનકે પણ યોગીઓ પહોંચી શકે છે એટલા માટે તેમને અગમ્યગામી કહેવામાં આવે તો તે ખોટું નથી. યોગીઓ ખરા બ્રહ્મચારી ગણાય છે. આત્માનું બીજું નામ બ્રહ્મ છે. બ્રહ્મમાંજ રમણ કરનાર તથા બ્રહ્મનુંજ મનન—ચિંતવન કરનાર પુરૂષ ખરો બ્રહ્મચારી ગણાય. જેણે સ્ત્રીનો કે વિષય સંભોગનો ત્યાગ કર્યો હોય, પરંતુ આત્મતત્ત્વ ચિંતનમાં રસ લેતો ન હોય તો તે ખરેખરો બ્રહ્મચારી ન ગણાય. કામભોગને વર્જનારો સાધક સ્થૂળ બ્રહ્મચારી કહેવાય, બાકી બ્રહ્મના આનંદમાં તલ્લીન રહેનારનેજ ખરેખરા બ્રહ્મચારીનું નામ ઘટી શકે. સ્થૂળ બ્રહ્મચર્ય તો નપુંસક પણ પાળી શકે; પરંતુ આત્મધ્યાન વિનાનું તે બ્રહ્મચર્ય એટલું બધું પ્રશંસનીય નથી.

શિષ્ય—મૈત્રી–પ્રમોદ–કરૂણા તથા માધ્યસ્થ આદિ ભાવનાઓનું સ્વરૂપ તથા બહિરાત્મા અંતરાત્મા અને પરમાત્મા વચ્ચેનો ભેદ બતાવશો ?

સૂરિ—જીવ કર્મના વશથી અનેક આકાર ધારણ કરે છે, પણ કર્મથી છુટાયેલા જીવને તેમ કરવાની જરૂર પડતી નથી. એટલા માટે મુક્ત જીવને "એકાકાર" કહેવામાં આવે છે. આ જગતમાં કોઈ પણ જીવ દુઃખી ન થાય, કોઈ પણ જીવ પાપ ન કરે, સંપૂર્ણ જગત્ મોક્ષનો આનંદ ભોગવે તો સારૂં એવી જે મતિ તે મૈત્રી ભાવના કહેવાય છે. કોઈ કાળે કોઇની સાથે રાગ–દ્વેષ વિગેરે કરવાં નહીં, કોઇને રાગ–દ્વેષ કરતાં જોઈ ખુશી થવું નહીં, જગત્‌ના પ્રાણીમાત્રને પોતાના મિત્રવત્ લેખી તેમના સુખમાં આપણું ખરૂં સુખ છે એમ માનવું તે મૈત્રી ભાવના કહેવાય. દોષ રહિત આચરણ કરનાર અને ધર્મના સર્વસ્વરૂપને જાણનાર એવા સત્પુરૂષોના ગુણ ઉપર રાગ તે પ્રમોદ ભાવના કહેવાય. સંતો મહાત્માઓ અને પરોપકારી પુરૂષોના ગુણ જોઇ એ ગુણોનું પાન કરવા ઉજમાળ થવું અને મન થકી એ ગુણોની પ્રશંસા કરવી એ પ્રમોદ ભાવનાનો ઉપદેશ છે. ડરી ગયેલા, રોગથી પીડાતા, દીન અને જીવનના સાધનો જેની પાસે ખુટી ગયાં હોય એવાં પ્રાણીઓને જોઇ શક્તિ અનુસાર તેમની જરૂરીઆતો પુરી પાડવી, તેમને સુખ ઉપજે એમ કરવું એ કરૂણા ભાવનાના નામથી શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે આ જગતમાં કરૂણા લાવવા યોગ્ય પ્રાણીઓનો કયાં

તોટો છે ? જ્યાં જ્યાં કોઈ દુઃખી, અસહાય કે ત્રાસદાયક અ-
વસ્થામાં હોય ત્યાં ત્યાંથી તેમનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરવો
એ આ કરૂણા ભાવનાનો કાર્યપ્રદેશ છે એમ પ્રસંગોપાત
મારે કહી દેવું જોઈએ. મોહાંધતાને લીધે ધર્મનો દ્વેષ કરનારા,
બીક રાખ્યા વિના પાપના પ્રદેશમાં ઘુમનારા અને પોતેજ
પોતાનાં વખાણ કરનારા એવા લોકોનો તિરસ્કાર ન કરતાં
તેમના પ્રત્યે ઉપેક્ષા કરવી. તેમના તરફ બહુ ધ્યાન ન આપ-
વું–એ " માધ્યસ્થ ભાવના " કહેવાય છે. એક માણુસ ગમે
તેવો દુર્ગુણી કે ભ્રષ્ટ હોય તો પણ તેનો તિરસ્કાર ન કરતાં
મધ્યસ્થ વૃત્તિથી સમજાવવો અને એટલું છતાં ન સમજે તો
આપણે આપણા આત્માને તો કોઇપણ કાળે કલુષિત ન થવા
દેવો. કેટલીકવાર એવું બને છે કે એક દુરાચારી માણસને
ઉપદેશ આપવા જતાં અથવા સુધારવા જતાં આપણે પોતેજ
એટલા બધા તિવ્ર અને ઉશ્કેરાએલી વૃત્તિવાળા બની જઈએ
છીએ કે સામા આત્માનું હિત થવું તો દૂર રહ્યું; પણ આપણે
પોતે જ આપણા આત્માને મલીન બનાવતા હોઇએ છીએ.
એવે પ્રસંગે માધ્યસ્થ ભાવનાનું અવલંબન લેવું એજ સ્વ–
પરને હિતાવહ છે.

લક્ષ્મી અને શરીરાદિ પદાર્થો " બહિરાત્મા " ગણાય
છે. શરીરનો અધિષ્ઠાયક તથા કર્મવડે બંધાયેલો જીવ "અંત
રાત્મા " કહેવાય છે. ભય, આકાંક્ષા, વિકલ્પ અને કર્મનો
લેપ એ ચાર વાનાં જેનાં જતાં રહ્યાં હોય, જેના આત્મીય

ગુણોને નાશ અથવા ક્ષય ન થઈ શકે એવા હોય; અર્થાત્ જેના અનંત ગુણ હોય એવો જીવ " પરમાત્મા " ગણાય છે.

શિષ્ય—પ્રત્યેક જીવ શું પરમાત્મા બની શકે ?

સૂરિ—જેમ વનસ્પતીનાં યોગથી લોઢાનું સોનું થાય છે, તેમ જીવ પણ પરમાત્માના ધ્યાનથી પોતેજ પરમાત્મા બની શકે છે. ધ્યાનમાં આત્મવિચારણાને પ્રધાન સ્થાન આપવામાં આવે છે એ ભૂલવાનું નથી. આત્મવિચાર વિના કેવળ શાસ્ત્રમાં રહેલા ધ્યાનથી કાંઈપણ ફળ નીપજતું નથી. પાણીમાં ફળોના પડછાયા પડેલા તો તમે જોયા હશે, તે પડછાયામાંના ફળો ખાવાથી શું કોઈને કદાપિ કાળે તૃપ્તી થાય ખરી ? તેવી જ રીતે શાસ્ત્રમાં ધ્યાનનું વર્ણન કરવામાં આવ્યું છે એમ કહ્યા કરે, તે સંબંધી વિવેચન પણ મુખથી બોલ્યા કરે; પરંતુ આત્મવિચારણા સાથે ધ્યાનમાં પ્રવેશ ન કરે તો તેવા શાસ્ત્રગત ધ્યાનથી જીવનું શી રીતે કલ્યાણ થાય ?

શિષ્ય—ધ્યાન કેટલા પ્રકારનાં છે અને તે કયા કયા ?

સૂરિ—રૂપસ્થ, પદસ્થ, પિંડસ્થ અને રૂપાતીત એ રીતે ચાર પ્રકારનાં ધ્યાનો સંસારરૂપ સમુદ્ર તરી જવામાં નૌકા સ્વરૂપ ગણાય છે. સાધક પ્રથમ ધ્યેય વસ્તુનું રૂપ જુવે છે, પછી પદ કરી તે ધ્યેય વસ્તુની સ્તવના કરે છે, તે પછી પિંડને વિષે તન્મય થાય છે અને પછી અનુક્રમે રૂપાતીત થાય છે એ રીતે ચાર પ્રકારના ધ્યાનની સંક્ષિપ્ત વ્યાખ્યા સમજી લેવી.

શિષ્ય—દ્રષ્ટાંત સાથે એ ચારે ધ્યાનનું રહસ્ય સમજાવશો ?

સૂરિ—તીર્થંકર ભગવાનનું જેવું રૂપ છે. તેવા રૂપનું આલંબન લઈને જે ભગવાનનું હર્ષથી ધ્યાન કરવું તે રૂપસ્થ કહેવાય છે. વિદ્યામાં, મંત્રમાં, ગુરૂની કે દેવની સ્તુતિમાં અને બીજી પણ પવિત્ર વસ્તુની સ્તુતિમાં જે ધ્યાન ધરવામાં આવે તેને પદસ્થ ધ્યાન કહેવામાં આવે છે, તેમાં વિવિધ હેતુઓને અર્થે પદના કે મંત્રના અક્ષરો જુદા જુદા વર્ણમાં ચિંતવવાના હોય છે. ઉદાહરણાર્થ સ્તંભન કરવું હોય તો મંત્રાક્ષરો સોના સરખા પીળા, વશીકરણ કરવું હોય તો રાતા, કોઇને ક્ષોભ પમાડવો હોય તો પરવાળા સરખા ગુલાબી રંગના, મારણ કરવું હોય તો કાળા, દ્વેષ ઉપજાવવો હોય તો ધુમાડા જેવા રંગના, શાંતિ પ્રસરાવવી હોય તો ચંદ્રમા સરખા સફેદ અને આકર્ષણ કરવું હોય તો રાતા રંગના મંત્રાક્ષરો ચિંતવવા એવો નિયમ છે. પરંતુ હું એક વાર્તાલાપ દરમીયાન તમને કહી ચુક્યો છું કે મારણની કે ઉદ્વેગ ફેલાવવાની સાધના એ બહુજ હલકા પ્રકારની છે અને તે તેના સાધકને ઉંડી અધોગતિએ લઇ જાય છે. ભુલે ચુકે પણ એવી મલીન સાધનાના પાશમાં ન ફસાવું. તન્મય ભાવથી શુદ્ધ એવું જે કાંઇ શરીરમાં દેવતાદિકનું ધ્યાન કરવામાં આવે તેને પિંડસ્થ ધ્યાન કહેવામાં આવે છે.

શિષ્ય—કોઇ કોઇ સાધક આ સ્થળે કુંભક-રેચક આદિની વિધિ બતાવે છે તે શા માટે ?

સૂરિ—ડાબી વાટેથી પ્રાણવાયુને શરીરમાં ભરી તેજ બાજુથી પાછા વાયુને બ્હાર કહાડવો અને એ રીતે મનને બ્રહ્મપદે લઈ જવું એવો વિધિ છે; પણ જો મન સ્થિર રહી શકતું હોય તો રેચકાદિકના અભ્યાસની બહુ જરૂર પડતી નથી. મનની સ્થીરતા હોય તો વાયુ પણ પોતાની મેળેજ સ્થિર થઈ જાય છે. જેઓ મન સ્થિર ન કરી શકતા હોય તેઓ કુંભક-રેચકાદિના વિધિથી લાભ મેળવી શકે.

શિષ્ય—મનને કાબુમાં શી રીતે લઇ શકાય ?

સૂરિ—મન ઘણું ચંચળ છે. પ્રત્યેક અર્ધ નિમેષમાં તો તે ત્રણે લોકમાં ફરી વળે એવી તેની ગતિ છે; છતાં આશ્ચર્ય જેવું તો એ છે કે તે યુક્તિથી સ્થિર કરી શકાય છે. મનને કોઈ કોઇ સ્થળે સર્પની પણ ઉપમા આપવામાં આવે છે. ચંચળ મન જો કાંઈ બાધા ન નડે તો સર્પની માફક પોતાની ઈચ્છાનુસાર ગમે ત્યાં ભરાઇ જાય અને એવે વખતે જો તેની સ્વચ્છંદતા સામે અવરોધ મુકવા જઈએ તો સર્પની પેઠે ક્ષોભ પણ પામે છે, મનને સ્થિર થવામાં જે એક મહાન્ સંકટ અથવા વિઘ્ન નડે છે તે અજ્ઞાનતાનું છે. મન રૂપી નેત્ર જ્યાં સુધી અજ્ઞાનરૂપ અંધકારથી વીંટળાયેલું હોય છે ત્યાં સુધી તે બિચારૂં તત્ત્વ દેખી શકતું નથી અને તેથી તે વિપ-વમાજ મુંઝાયા કરે છે, સ્થિરતા પ્રાપ્ત કરવી અશક્ય થઇ પડે છે. અજ્ઞાનના દૂર કરવા મનને ક્ષણે ક્ષણે સમજાવવું જોઈએ કે "હે મન ! જન્મ, મરણ, ધન અને દારિદ્ર એ સર્વ પોત

પોતાના કાળે થયાંજ કરે છે ! તું ફોગટ એની ચિંતા અને હાયવોય કરી શા માટે વ્યથિત થાય છે ? તારે એ બધાની સાથે કયાં લાંબો સંબંધ છે ? " આવી રીતે વિવેકમય પ્રશ્નોમાં મનને તલ્લીન કરવાથી અને યોગ્ય માર્ગે વાળવાથી તે કાબુમાં આવી જાય છે. પછી તો જેમ પવન વિનાના ઘરમાં દીપક સ્થિર રહે તેમ મનની સર્વ વાસનાઓનો લય થવાથી પંડિત પુરૂષો જગતમાં સિદ્ધની પેઠે નિરંતર સ્થિર થઇને રહે છે. મન સ્થિર થવાથી અમૂલ્ય તત્ત્વવિચાર રૂપ રત્નો પણ સ્હેજે પ્રાપ્ત થઇ જાય છે. સમુદ્રમાં જ્યારે મોજાં ઉછળતા બંધ થઈ જાય ત્યારે સમુદ્રના તળીયે રહેલા રત્નો પ્રગટપણે જોઇ શકાય. તેવીજ રીતે વિકલ્પોનો સર્વથા અભાવ થવાથી આત્માની ચૈતન્ય જ્યોતિ પ્રગટ થાય છે અને એ જ્યોતિમાં અનેક અણમૂલ રત્ન સામગ્રી પ્રાપ્ત થઇ શકે છે. મન સમતાને પ્રાપ્ત થાય તે પછી ઇંદ્રિયોને વિષયને વિષે જોડવાની કે વિષયથી વારવાની જરૂર રહેતી નથી. મનની સમતા પોતાની મેળેજ ઇંદ્રિયોને શાંત કરી દે છે. ઇંદ્રિયો સ્વાભાવિક રીતેજ પોતપોતાના વિષયોને વિષે દોડી જાય છે. પણ તે ઇંદ્રિયોની પાછળનું મન જો રાગ-દ્વેષથી મુક્ત હોય તો તેથી બહુ હાનિ થતી નથી. મનની વિશુદ્ધિ ઉપરજ ઘણો ખરો આધાર રહેલો છે એ વાત તમે સમજી શકયા હશો. મનના આદેશમાં રહેલો ઇંદ્રિયોનો સમુહ પોતાની ઇચ્છા માફક ભલે ગમે તે વિષયને વિષે જાય; પણ તેને વાળવો નહીં. કારણ કે બળાત્કારથી વાળવા જતાં તે સિંહ સરખો ક્ષોભ પામે છે. મતલબ

એ છે કે મનને હઠથી કે બળથી રૂદ્ધ કરવાને બદલે તેને ધીમે ધીમે કેળવતાં શુદ્ધ બનાવવું જોઈએ. હઠ કિંવા બળથી રોકેલું મન થોડા સમયને માટે કાબુમાં આવી ગયું હોય તેમ લાગે છે; પરંતુ તેનો પ્રત્યાઘાત સામાન્ય જીવોને માટે અસહ્ય થઇ પડે છે. બળવાન આત્માઓજ તેવા ક્ષોભને સહન કરી શકે છે. એટલા માટે જ્ઞાન–વિવેક અને વૈરાગ્ય પૂર્વક મનને સંયમમાં રાખવું એ સૌથી વધારે હિતાવહ છે.

શિષ્ય—રૂપાતીત ધ્યાનનું સ્વરૂપ શી રીતે ચિંતવાય?

સૂરિ—કર્મલેપ વિનાના, નિરાકાર અને ચિદાનંદમય સિદ્ધ પરમાત્માનું ચિંતન કરવું તે "રૂપાતીત" ધ્યાન કહેવાય છે. સુવર્ણ વિગેરેનું બિંબ બનાવ્યું હોય અને તેના દ્વારની પોલાણ કાઢી નાખી હોય તેમજ બિંબનું સંસ્થાન તેજોમય હોય એવા સ્વરૂપને વિષે રૂપાતીતની કલ્પના થાય છે. તેજ કોને કહેવાય એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. જે દેખાય તે તત્વ ન હોય અને જે તત્વ હોય તે દેખાય નહીં. એટલે દેહ અને આત્માના મધ્યસ્થ ભાવને તેજ તત્વ કહેવામાં આવે છે.

શિષ્ય—આત્માના સ્વરૂપ વિષે વધુ કંઇ વક્તવ્ય સંભવે છે?

સૂરિ—નિકટ રહેલી ઇંદ્રિયો પણ આત્માને દેખી શકતી નથી, છતા આત્મા તો ઇંદ્રિઓને નીહાળતોજ હોય છે. એ કારણને લીધે શાસ્ત્ર આત્માને અલક્ષ્ય પણ કહેવામાં આવે

છે. અન્ય ક્ષેત્રનું વાવેલું બીજ બીજાજ કોઈના ક્ષેત્રમાં વવાય છે. અને તે ક્ષેત્રમાં ક્ષેત્રરૂ તો ઉગે જ જાય છે એ એક મ્હોટું આશ્ચર્ય ગણાય છે. અતિ સૂક્ષ્મ પરમાણુ અને સર્વવ્યાપી આકાશ એ બન્ને વસ્તુને પોતાના માહાત્મ્યથી જીતનારા પરમાત્મા હંમેશા વંદનીયજ છે. તેમના સ્મરણ માત્રથી સંસાર પ્રાગર સોશાઇને ખાબોચિયા જેવો બની જાય છે. અગસ્ત્ય ઋષિ જેવી રીતે સમુદ્રનું પાન કરી ગયા હતા તેવી રીતે પરમાત્માના ધ્યાનથી સંસાર પણ એક કોગળા જેટલોજ બની જાય છે. આત્માની અનેક ઋદ્ધિ-સિદ્ધિઓને ભૂલી જઈ જે લોકો બાહ્ય દ્રવ્ય-ધન-દોલત પ્રાપ્ત કરવા તનતોડ પ્રયત્ન કરે છે તેમની સ્થિતિ ખરેખર દયાજનકજ ગણાવી જોઈએ. ભંડારમાં અસંખ્ય દ્રવ્ય ભર્યું હોય અને છતાં ઘરે ઘરે ભીખ માગવા જાય તેના જેવી બીજી મૂર્ખતા કઇ હોઇ શકે ? આત્માની સમૃદ્ધિનો પાર હજી સુધી કોઈ પામી શક્યું નથી. એવી સમૃદ્ધિ પ્રાપ્ત કરવા પ્રતિ જે લોકો બેદરકાર રહે છે તેઓ સાચું સુખ શી રીતે પ્રાપ્ત કરી શકે ? તેમના ભાગ્યમાં તો રખડવાનું અને કુટાવાનુંજ નિમાયેલું હોય છે. કસ્તુરીવાળો મૃગ જેવી રીતે પોતાની નાભીમાં કસ્તુરી હોવા છતાં કસ્તુરીની ખાતર જંગલોમાં રખડી-રખડી પોતાનું જીવન નિષ્ફળ ગુમાવી નાંખે છે, તેવી રીતે આત્માની શક્તિ અને સમૃદ્ધિ ઉપર વિશ્વાસ નહીં રાખનારા મનુષ્યો પણ પોતાનું જીવન વ્યર્થજ ગુમાવી નાંખે છે. એમ કહીએ તો ખોટું નથી.

શિષ્ય—સંસાર, મોક્ષ તથા સ્વર્ગગામીનો શો અર્થ કરવો જોઈએ ?

સૂરિ—કર્મથી વીંટળાયેલા જીવને પંડિતો સંસાર કહે છે, કર્મથી મુક્ત થએલા જીવને મોક્ષ કહે છે. જે જીવ કર્મે કરીને રહિત થાય અને કેવળજ્ઞાનથી સૂર્ય સમાન પ્રકાશી, લોક તથા અલોકને જાણે તે કેવળી ગણાય, તેમને સર્વગામી પણ કહી શકાય. જીવ શુભાશુભ કર્મનો અત્યંત ક્ષય થવાથી જ્યારે એકાકી થાય છે ત્યારે તેજ જીવ શૂન્ય પણ કહેવાય છે.

શિષ્ય—ત્યારે ધ્યાન કેવા આત્માનું કરવું ?

સૂરિ—ડાહ્યા પુરૂષે ત્રણ લિંગથી મુકાએલા સિદ્ધ, એક, નિરંજન, નિરાકાર એવા આત્માનું ધ્યાન કરવું. એવા આત્મધ્યાનથી ઇંદ્રિયો વશીભૂત થાય છે, શરીર હળવું થાય છે, કોમળતા ઉત્પન્ન થાય છે, મન-વચન અને કાયા પરમ પ્રસન્ન રહે છે, ચેતનાનો ઉદય થાય છે, ક્ષુધા, મત્સર, કામવિકાર, અહંકાર, કપટ, ભય, ક્રોધ, નિદ્રા અને લોભ ઇત્યાદિક વિકારનો નાશ થાય છે.

શિષ્ય—ધ્યાનાવસ્થામાં રહેલો જીવ બહારથી કેવો દેખાય ?

સૂરિ—અભ્યાસથી ધ્યાનમાં તલ્લીન થએલો અને પરમાત્માના દર્શનથી આનંદ પામેલો જીવ જાગ્રત હોય તો પણ સૂતેલાની પેઠે નિશ્ચય દેખાય છે. વિવેકી પુરૂષોએ મન-વચન-

અને કાયાથી આરંભ-સમારંભ વર્જી, સર્વત્ર ઉદાસીનપણે વર્ત્તી નિશ્ચળ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેટલાકો એવો પ્રશ્ન કરે છે કે પુણ્યના અર્થે પણ શું આરંભ ન કરવો ? મુક્તિની અભિલાષા રાખનારાઓ એવો પ્રયત્ન કરવા ઇચ્છતા નથી. કારણ કે પાપ-પુણ્યનો સમૂળો નાશ થાય ત્યારે જ મુક્તાવસ્થા મળે એવો જગપ્રસિદ્ધ નિયમ છે. કહેવાની મતલબ એટલી જ છે કે પાપ-પુણ્ય બન્નેને વિષે સમતા રાખવી એ મુમુક્ષુઓનો આંતરિક ઉદ્દેશ હોય છે. તમારે પણ સંસારમાં જ્યાં કાંઈ સુખ જેવું જણાય ત્યાં દ્રષ્ટિભ્રમ કે દ્રષ્ટિનો ભેદ સમજી તે પ્રત્યે ઉદાસીન ભાવ જ ધારણ કરવો. વેદ, યજ્ઞ, તપસ્યા, શાસ્ત્ર, સંયમ એ સર્વેને એકઠા કરીએ તો પણ તે બધા સમતાની બરાબરી કરી શકતા નથી. તત્ત્વના વિચારકો સમતા પ્રાપ્તિના રાજમાર્ગે પ્રયાણ કરવા પોતાનો અભ્યાસ ચાલુ રાખે છે. પછી તે ગમે તે ધર્મ કે સંપ્રદાયના હોય તેની ચિંતા કરવાની રહેતી નથી. જૂદા જૂદા રંગની સર્વ ગાયોને વિષે દૂધ તો એકજ પ્રકારના રંગનું હોય છે તેમ ધર્મનું બાહ્ય સ્વરૂપ જૂદા જૂદા પ્રકારનું હોવા છતાં પરમ તત્ત્વ તો એકજ હોય છે. અને તત્ત્વના અભ્યાસીઓ એજ તત્ત્વનો સ્વીકાર કરી આત્મહિતના માર્ગમાં આગળ વધે છે.

શિષ્ય—ચાર્વાક આદિ નાસ્તિકો જે આત્માનો અસ્વીકાર કરે છે તેમને કાંઈ યુક્તિપૂર્વક ઉત્તર આપવામાં આવે છે શું ?

સૂરિ—તેમની વિચિત્ર શંકાઓ અને તેના અસરકા-

રક ઉત્તરો જાણવા જોગં છે. તેઓ એક એવી દલીલ કરે છે:કે "" એક લાખ ચોટાડી મજબુત બંધ કરેલી કોઠીમાં એક ચોર રાખ્યો હતો, તે મરણ પામ્યો. હવે છિદ્ર વિનાની તે વસ્તુમાંથી ચોરનો જીવ બ્હાર શી રીતે નીકળ્યો ? તેમજ તેના શરીરે બીજા કૃમિરૂપ જીવ પડ્યા હતા તે શી રીતે અંદર પેઠા ? " આનો અસરકારક ઉત્તર એવી રીતે વાળવામાં આવે છે કે કોઠીમાં ચોર હતો તેણે જ્યારે શંખધ્વનિ કર્યો ત્યારે તે અવાજ બહાર શી રીતે નીકળ્યો ? બીજો પ્રશ્ન એ પણ ઉદ્દભવે છે કે અગ્નિ તો આકારવાળો છે; છતાં તે લોઢાના ધગધગતા ગોળામાં શી રીતે દાખલ થઇ જાય છે ? જો સાકાર વસ્તુ અન્ય વસ્તુમાં પેસી અને નીકળી શકે છે તો જીવરૂપ નિરાકાર પદાર્થ કોઠીમાંથી બ્હાર નીકળે અને અંદર દાખલ થાય એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?" આવો ઉત્તર સાંભળી નાસ્તિકો જીવનું અસ્તિત્વ માનવા તૈયાર થઇ જાય છે.

શિષ્ય—જીવનું અસ્તિત્વ હોય તો પછી તે દેખાતો કેમ નથી ? એ પ્રશ્ન તો ઉકેલવો જ જોઈએ.

સૂરિ— [illegible] સમાધાન પણ બહુ સુંદર રીતે કરવામાં આવ્યું છે [illegible] સૂક્ષ્મ. અદૃશ્ય રૂપે [illegible] સ્વીકારે છે. પરંતુ તે [illegible] પણ અંદર [illegible] [illegible] વસ્તુ પણ નથી [illegible]

થઈ શકતી તો પછી જીવને સ્થૂળ દ્રષ્ટિથી નીહાળ્યા પછી જ તેનો સ્વીકાર કરવો એ કદાગ્રહ નહીં તો બીજું શું કહેવાય?

શિષ્ય—નાસ્તિકો આ સ્થળે ત્રીજો પ્રશ્ન એવો કરે છે કે ભલે જીવ પ્રત્યક્ષપણે ન દેખાય, પણ તેનો તોલ તો થવો જોઇએ ને? એક ચોરને જીવતો તોળીએ અને પછી તુરતમાં જ તેને શ્વાસરોધથી મારી નાખીને તોળીએ તોપણ તોલમાં કંઈ વધઘટ થતી નથી તેનું શું કારણ?

સૂરિ—પાણી ભરવાની જે મશક આવે છે તે તો તમે જોઇ હશે. એ મશકને ખાલી તોળીએ કે પવન ભરીને તોળીયે તો પણ તેના વજનમાં કંઈ ફેરફાર થતો નથી તેનું શું કારણ? પવનનું જેમ વજન થઇ શકતું નથી તેવી રીતે જીવનું પણ વજન થઈ શકતું નથી. વજન થાય તો જ વસ્તુ સિદ્ધ થાય એમ માનવું એ બુદ્ધિભ્રંશતા છે.

શિષ્ય—નાસ્તિકો કંઇ એટલી યુક્તિઓ સાંભળીને જ બેસી ન રહે, કેટલાક નાસ્તિકો કહે છે કે “ ચૈતન્ય માનવામાં અમને હરકત નથી; પણ તે ચૈતન્ય કેવું છે? જેમ જળ, લોટ વિગેરે વસ્તુઓના મિશ્રણથી એક નવીજ વસ્તુ ઉત્પન્ન થાય છે અને વિવિધ દ્રવ્યોના મિશ્રણથી મદ્યમાં માદક શકિત આવે છે તેવી રીતે અચેતન પાંચ મહાભૂતના સંમેલનથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે, તેજ જો જીવસ્વરૂપ મનાતું હોય તો અમે તેટલું માનવાને તૈયાર છીએ.”

સૂરિ—પણ ચૈતન્ય તેવું મિશ્રણજન્ય નથી એ વાતની

જેવી જોઇએ તેવી ખાત્રી આપી શકાય તેમ છે. વસ્તુઓ જૂદી જૂદી હોય છતાં એ વસ્તુઓના મિશ્રણમાં કંઇક અદ્ભૂત પ્રકારની શક્તિ આવી જાય એમ માનવું એ અસંગત છે. મિશ્રણમાં તેજ શક્તિ આવી શકે કે જે મૂળ પદાર્થમાં થોડે ઘણે અંશે પણ વર્ત્તમાન હોય; જો વસ્તુમાંજ શક્તિ ન હોય તો પછી સમુદાયમાં તે શી રીતે આવે ? ઘણા બીકણ માણસોનો એક સ્થળે સમાગમ કરીએ તો શું ઘણા બીકણ મળવાથી શુરવીરપણું ઉત્પન્ન થાય ખરૂં ? જે શુરવીરપણું કોઈ એક વ્યક્તિમાં હોય તે જ સમુદાયમાં બ્હાર આવે. મૂળ ન હોય તો પછી તેની શાખા સંભવે જ કેમ ? નાસ્તિકો જો આ વાતનો વિચાર કરે અને વિવિધ વસ્તુઓના ધર્મનું મનન કરે તો તેમને જીવનું સ્વયંસિદ્ધ ચૈતન્ય સમજાયા વિના રહે નહીં.

શિષ્ય--નાસ્તિકો પ્રત્યક્ષ સિવાયના બીજા પ્રમાણને માનતા જ નથી તે કેમ ?

સૂરિ—તે તેમની મ્હોટામાં મ્હોટી ભ્રાંતિ છે. અનુમાન પ્રમાણનો આધાર લીધા વિના ચાલતું નથી. ધુમાડાના હાલવા ઉપરથી જ જેમ વાયુનું અનુમાન નીકળી શકે છે. તેવી રીતે જીવ પણ અનુમાન ઉપરથી જ સિદ્ધ થઈ શકે છે. જેમ સુંદર બીજમા અંકુર, સૂર્યકાંતમણીમા અગ્ની અને ચંદ્રકાંત મણીમા જળ રહેલા છે અને તે યુક્તિથી જ સિદ્ધ કરાય છે, તેવી રીતે શરીરમા રહેલો જીવ પણ યુક્તિથીજ સિદ્ધ કરી શકાય છે.

યુકિત કે અનુમાન વિના ખાલી પ્રત્યક્ષ પ્રમાણને જ વળગી રહેવું એ ખોટો મતાગ્રહ છે. મતનો અંધ આગ્રહ હોય ત્યાં સુધી કોઈ વસ્તુ સંપૂર્ણ રીતે ઓળખીજ કેમ શકાય ?

શિષ્ય—અનુમાન કે યુક્તિ વિના નજ ચાલે એમ કહેવાનું શું પ્રયોજન ?

સૂરિ—પ્રત્યક્ષ પ્રમાણ જ જો માનવામાં આવે તો "તારામાં બુદ્ધિ છે કે નહીં" એ પ્રશ્નનો ઉત્તર આપવો ભારે થઇ પડે ? પ્રત્યક્ષ થઇ શકે એજ વસ્તુને જો તમે માનતા હો તો બુદ્ધિ કે જે પ્રત્યક્ષપણે જોઈ શકાતી નથી, પરંતુ કેવળ લક્ષણ ઉપરથીજ જાણી શકાય તેમ છે તેનો સ્વીકાર શા માટે કરો છો ? ધારો કે તમારૂં કોઈ સગું બ્હાર ગામ ગયું હોય, જો તમે પ્રત્યક્ષ પ્રમાણુજ માનતા હો તો તમારૂં તે સગું તમારી નજરે નથી પડતું માટે તે મરી ગયું હોવું જોઇએ એમ શું તમે કહી શકશો ? આપણે નથી જોઇ શકતા એટલા માટે તે વસ્તુ વિશ્વમા વિદ્યમાન જ ન હોય એમ કહેવું તે ઘોર અજ્ઞાનતા છે જેમ તલમા તેલ, લાકડામા અગ્નિ, દુધમાં ઘી અને ફુલમાં સુગંધી રહેલી જ છે અને તે તેના યુક્તિ સંગત લક્ષણો ઉપરથી નક્કી કરી શકાય છે, તેવીજ રીતે જીવ પણ શરીરમાં રહેલો છે એમ યુક્તિથી સિદ્ધ કરી શકાય છે.

શિષ્ય—જીવનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં શી શી યુક્તિઓ છે ?

સૂરિ—પ્રત્યેક જીવતા શરીરમાં જીવ નિશ્ચયથી રહેલો

જ છે એમ સંજ્ઞા, વિજ્ઞાન, ચૈતન્ય, ચિત્ત વિગેરે લક્ષણો ઉપ-રથી સહેજે સિદ્ધ થઇ શકે છે. બાળકને વિષે ધાવવાની, સંકોચ પામવાના સ્વભાવવાળી વનસ્પતિમાં ભય, અશોક વૃક્ષને વિષે મૈથુન તથા બિલ્વવૃક્ષને વિષે અર્થસંગ્રહ કરવાની જે સંજ્ઞા રહેલી છે તે ચારે સંજ્ઞાઓ જીવને વિષે હોય છે જ. સ્થાવર અને જંગમ જીવોમાં પણ ઇંદ્રિયોની અપેક્ષાએ થોડું ઘણું ચૈતન્ય તો નિશ્ચયે કરીને હોય છે જ, એમાં શંકા કરવા જેવું નથી.

શિષ્ય—તો પછી મનુષ્યમાં જ્ઞાનનું વધતા-ઓછાપણું કેમ જોવામાં આવે છે એમ કોઇ પૂછે તો?

સૂરિ—સત્તામાં તો સઘળા આત્માઓમાં જ્ઞાન સરખું જ હોય છે; પણ મતિ, શ્રુતિ, અવધી, મનઃપર્યવ તથા કેવળ એ પાંચ નિર્મળ જ્ઞાનોમાં કેટલુંક કોઇ ઠેકાણે જ્ઞાનાંતરાયના તુટવાથી જ પ્રકટ થાય છે. એમાં અંતરાયકર્મનો ક્ષય જેટલા પ્રમાણમાં હોય તેટલાજ પ્રમાણમાં જ્ઞાનશક્તિ ખીલે. ચિત્તની વ્યાખ્યા પણ આ સ્થળે સમજી લેવી જોઇએ. અતીત, અનાગત અને વર્ત્તમાન એમ ત્રણે કાળના વિષયની ચિંતાને હંમેશા ધારણ કરનારૂં તથા નાનાવિધ સંકલ્પ-વિકલ્પવાળું ચિત્ત હોય છે. નાસ્તિકો જો આવી રીતે તથ્ય ગ્રહણ કરવાની જીજ્ઞાસાવૃત્તિથી વિષય ચર્ચે તો તેમને સાવ નિરૂત્તરજ થવાનો પ્રસંગ આવે. નાસ્તિકોની નિઃસાર દલીલો આસ્તિકો પાસે બીલકુલ ચાલી શકતી નથી. ખરૂં જો પૂછો તો નાસ્તિકને પ્રશ્ન

તેટલું બધું ભયંકર માનવાનું શું કારણ છે તે હું સમજી શકતો નથી. વિદ્વાન હોય કે સાવ જડ જેવો મનુષ્ય હોય તોપણ સર્વ જીવોને એકવાર મરવાનું તો છેજ, તો પછી વિવેકી પુરૂષોએ મૃત્યુનું નામ સાંભળીને કે તેને પોતાની પાસે આવતું જોઇને શામાટે ગભરાઇ જવું જોઈએ ? અલ્પ ધન છતાં દાન દેવાની ઈચ્છા, દુઃખ આવવા છતાં મનની સ્થિરતા, તથા મરણ સમિપ આવવા છતાં ધીરતા એ સત્પુરૂષોનો સામાન્ય સ્વભાવજ હોય છે. તથાપિ મૃત્યુ મહા ભયંકર અને ત્રાસદાયક લાગતું હોય તો ફરીથી મરણ ન થાય એવું કાંઈપણ કૃત્ય કરવું એ સર્વોત્તમ છે. સારા પુરૂષો પુનઃ પુનઃ જન્મ ધારણ કરી વિશ્વના કલ્યાણની ખાતર સંસારમાં આવતા હોય તો તે એક રીતે વખાણવા યોગ્ય ગણી શકાય. પરંતુ અવિરતિ અને કષાય પરિપૂર્ણ જીવો પુનઃ પુનઃ જન્મે અને મરે એ તો ખરેખર તેમને માટે શરમ ભરેલું છે.

શિષ્ય—જીવને મૃત્યુજ ન આવે એવો કંઈ ઉપાય છે ખરો ?

સૂરિ—સર્વ વસ્તુઓની શક્તિ જાણવા છતાં તથ સર્વ વસ્તુઓ પાસે હોવા છતાં શ્રી જીનભગવાનની તાકાત પણ મૃત્યુને દૂર કરવાનો કે આયુષ્ય વધારવાનો ઉપાય કાઢ્યો નહીં એજ બતાવી આપે છે કે મૃત્યુ તો પ્રાણી માત્રને માટે અનિવાર્ય જ છે વિચાર કરો કે જગત્માં મૃત્યુ ન હોય તો આ લોકની શી સ્થિતિ થાય ? સર્વ જીવના પૂર્વજો તો દૂર રહ્યા

પણ દરેક જીવ જો જગતમાં સ્થિર રહે તોપણ આ આખો લોક તેટલાથી ભરાઇ જાય.

શિષ્ય—મૃત્યુ સુધરે એવો તો કંઇ ઉપાય હશે ને ?

સૂરિ—વિવેકી પુરૂષો મરણ નજીક આવ્યે પ્રાયશ્ચિત્ત, મનોચ્ચાર, અભયદાન તથા દેવગુરૂનાં સ્મરણનેજ વાંછે છે. મૃત્યુ સુધારવાને માટે વ્રત-તપ-જપ વિગેરે ઉત્તમમાં ઉત્તમ સાધનો છે. તપસ્યા વિગેરેનો ઉદ્દેશ પણ સમાધિ મરણનોજ હોવો યોગ્ય છે. એક સ્થળે કહ્યું છે કે આચરેલી તપસ્યા, સમ્યક્ પ્રકારે ભણેલું જ્ઞાન અને સારી પેઠે પાળેલું વ્રત એ ત્રણેનું ફળ સમાધી મરણ વખતે પ્રકટ થયા વિના રહેતું નથી. જે માણસ મરણ સમયે આર્તધ્યાન ન કરે પણ શાંતિમાં રહે તે માણસ તિર્યંચ અથવા નરક ગતિમાં જતો નથી. જે માણસ આખું જીવન ધર્મમય વ્યતીત કરે તે સમાધિ મૃત્યુ પામી દેવતા થાય અને જે અનશન કરી કાળધર્મ પામે તે તો દેવતાનો પણ સ્વામી થાય.

શિષ્ય—પુણ્યશાળી પુરૂષો દેહત્યાગ કેવી રીતે કરતા હશે ?

સૂરિ—બાલ્યાવસ્થાથી માંડી ચિરકાળ સુધી કરેલાં સુકૃતવડે પોતાનો જન્મ સફળ કરીને, ધર્મધ્યાનને વિષે પોતાનું મન તલ્લીન રાખનારા અને મોહનો નાશ કરવાને અર્થે પ્રયત્ન કરનારા એવા પુણ્યશાળી લોકો અવસર આવ્યે

પોતાના આયુષ્યનો છેડો વિશેષ જ્ઞાનથી જાણીને ઉપર કહેલી રીતે અર્થાત્ ધ્યાન–ત્યાગ તથા વૃત્તોચ્ચાર સાથે દેહનો ત્યાગ કરે છે. જે પુરૂષ પોતાનું મરણ જાણે, જે મોહની કર્મનો અત્યંત ક્ષય કરી લોકના અંતે રહેલા શાશ્વતપદને–મુક્તિપદને પામે તેજ પુરૂષ જગતમાં શ્રેષ્ઠ, મનુષ્યોમાં શિરોમણી, સુભટોનો અગ્રેસર, વખાણવા લાયક, પંડિત, કળામાં કૂશળ, મુનિરાજ, યોગી, જ્ઞાની તથા ગુણીલોકોમાં શ્રેષ્ઠ ગણાય.

શિષ્ય—આજે આપની વાણી સાંભળી મૃત્યુનો ઘણો ખરો ભય દૂર થયો. તપ–જપ અને વ્રત વિગેરેને સમાધી મરણની સાથે શો સંબંધ છે તે પણ સમજાયું. હવે તપ–જપનો ઉદ્દેશ સમજાયાથી તેમાં વધારે રસ પડશે એમ મને લાગે છે. આપે મારા બાળોચિત પ્રશ્નોને પણ વધાવી લઇ જે ગંભીર અને ઉપકારક ખુલાસાઓ કર્યા છે તેનો બદલો હું આ ભવમાં તો કોઇ રીતે વાળી શકું તેમ નથી. આપે મને વાર્તાલાપ દરમીયાન વ્યવહાર અને પરમાર્થનું જે જ્ઞાન આપ્યું છે, તે હું હમેશાં મારા સ્મરણ ભંડારમાં સંગ્રહી રાખીશ. આપની ધર્માશિષ મારા જેવા પામર મનુષ્યનું તથા વિશ્વનું કલ્યાણ કરો એજ મ્હારી એક માત્ર અંતિમ યાચના છે.

આ ગ્રંથમાં સ્થળે સ્થળે સૂરિ અને શિષ્યનો જે નામોલ્લેખ કરવામાં આવ્યો છે તેમનો સંક્ષિપ્ત પરિચય આ પ્રકારે છે:—

સૂરિ.

આંબાના વૃક્ષની પેઠે જગતને પ્રીતિ ઉપજાવનાર અને શ્રેષ્ઠ સજ્જનો રૂપ કોકીલાઓથી વ્યાપ્ત એવા "વાયડ" ગચ્છમાં જૈનમત રૂપ નગરીનું રક્ષણ કરનારો જાણે કે એક મહા કોટજ હોયની ? અને વાદિ રૂપ શૂરવીરોથી કદાપિ હાર ન પામે એવા તેમજ સ્થિરતા વિગેરે સદ્ગુણોનું એક મ્હોટું વસતિસ્થાનજ હોયની ? એવા શ્રી રાશિલ્લપ્રભુ થઇ ગયા છે. શ્રી જીવદેવ ગુરૂમહારાજના ગુણોની લીલા તો કંઇ અદ્‌ભૂતજ છે. કારણકે તે ગુણો વિદ્વજ્જનોના મસ્તકરૂપ હીંચકાને કોઇ કાળે પણ મુકતા નથી. અર્થાત્ વિદ્વાનો પણ જે જીવદેવગુરૂ મહારાજના ગુણોને સંસ્મર્યા-પ્રશંસ્યા કરે છે તે જીવદેવ ગુરૂમહારાજની ચરણસેવાથી કલ્યાણની પરંપરા પામેલા એવા શ્રી **જીનદત્તસૂરિ** નામે આચાર્ય કે જે સર્વ આચાર્યોમાં પ્રસિદ્ધ જ છે તેમને પ્રસ્તુત ગ્રંથમાં "સૂરિ" તરીકે સ્વીકારવા.

શિષ્ય.

"બાહુમા" વંશરૂપ સમુદ્રને ઉલ્લાસ પમાડવાને ચંદ્રમા સમાન એવો શ્રી ઉદયસિંહ નામે, જાબાલીપુરનો એક રાજા થઈ ગયો છે. તે રાજાને ઘણો વિશ્વાસુ તથા તેના ભાંડાગારની રક્ષા કરવામાં નિપુણ એવો દેવપાળ નામે એક મ્હોટો મંત્રી હતો. તે મંત્રી બુદ્ધિરૂપ નંદનવનમાં ચંદન સરખો અર્થાત્ બુદ્ધિશાળીઓની સભાને શોભાવે એવો હતો.



શકુનાવલી.

જ્ઞાનમાંજ આનંદ માનનાર, કર્મરૂપી વૈરીયોને જીતનાર, તરણ તારણ, સર્વજ્ઞ શ્રી **મહાવીર તીર્થંકર પ્રભુને** નમસ્કાર કરી, શ્રી ગૌતમ ગણેશનું સ્મરણ કરી, શ્રી શારદા દેવીની કૃપાથી આ શકુનાવલી નામના ગ્રંથનું ગુજરાતી ભાષામાં અવતરણ કરીએ છીએ.

સત્યથીજ સંસાર ચાલે છે, દયાધર્મ એ સત્યધર્મનો પાયો છે એમ વિચારી, નીચે કહેલી વિધિ પ્રમાણે મંત્રાદિનો ઉચ્ચાર કરી, **સોપારી, બેઆની, ચારઆની** કે **વીંટી** વડે, મનમા ધારેલ પ્રશ્નનો ઉત્તર નીચેના કોઠા ઉપરથી મેળવી લેવો એકને એક પ્રશ્નનો એકથી વધારે વાર જવાબ મેળવવાની હઠ ન પકડવી. કેટલાક માણસો પોતાનો મન ગમતો ઉત્તર મેળવવા બેત્રણ વાર કોશેશ કરે છે, પણ તે ઠીક ન



૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪	૧૨૧	૧૨૨	૧૨૩	૧૨૪
૧૩૧	૧૩૨	૧૩૩	૧૩૪	૧૪૧	૧૪૨	૧૪૩	૧૪૪
૨૧૧	૨૧૨	૨૧૩	૨૧૪	૨૨૧	૨૨૨	૨૨૩	૨૨૪
૨૩૧	૨૩૨	૨૩૩	૨૩૪	૨૪૧	૨૪૨	૨૪૩	૨૪
૩૧૧	૩૧૨	૩૧૩	૩૧૪	૩૨૧	૩૨૨	૩૨૩	૩૨
૩૨૧	૩૨૨	૩૨૩	૩૨૪	૩૩૧	૩૩૨	૩૩૩	૩૩
૪૧૧	૪૧૨	૪૧૩	૪૧૪	૪૨૧	૪૨૨	૪૨૩	૪૨
૪૩૧	૪૩૨	૪૩૩	૪૩૪	૪૪૧	૪૪૨	૪૪૩	૪૪



ગણાય. રાજાના હુકમની જેમ કેવલીના વચનને શ્રદ્ધાથી માથે ચડાવવું જોઈએ. સારૂં થવું અથવા નરસું થવું તેનો આધાર કેવળ કર્મ ઉપર છે, તીર્થંકર મહારાજ તો આપણા પ્રશ્નનો માત્ર જવાબજ આપી શકે.

મન અને શરીરથી શુદ્ધ બની, ધુપ-દીપ પ્રકટાવી જો ગુરૂ મહારાજ હાજર હોય તો તેમની રૂબરૂમાં:—

ॐ नमो भगवती कुष्मांडणी सर्व कार्य प्रसाधनी सर्व निमित्त प्रकाशिनी एह्येहि एह्येहि वरं देहि वरं देहि हलि हलि, मातंगानि सत्यं ब्रूहि सत्यं ब्रूहि स्वाहा ॥

આ મંત્રનો સાત વાર પાઠ ભણવો. અને ગુરૂ મહારાજની પાસેજ મનમાં ધારેલા પ્રશ્નનું સમાધાન સાંભળવું.

ઉપરનો મંત્ર સાત વાર ભણ્યા પછી,

महावीरं नमस्कृत्य, केवलज्ञान भास्करं;
वक्ष्ये सद्गुरुणा दृष्टं, ज्ञेयं येन शुभाशुभं.

એમ કહી, " સત્ય હોય તેજ બહાર આવજો, અસત્ દૂર રહેજો " એમ બોલી, નીચેના કોષ્ટક ઉપર ત્રણ વખ હાથની પ્રદક્ષિણા આપી ગમે તે અંક ઉપર આંગળી મૂકવ પાસાની મદદથી પણ ઉત્તર મેળવી શકાય છે.



૧૧૧	૧૧૨	૧૧૩	૧૧૪	૧૨૧	૧૨૨	૧૨૩	૧૨૪
૧૩૧	૧૩૨	૧૩૩	૧૩૪	૧૪૧	૧૪૨	૧૪૩	૧૪
૨૧૧	૨૧૨	૨૧૩	૨૧૪	૨૨૧	૨૨૨	૨૨૩	૨૨
૨૩૧	૨૩૨	૨૩૩	૨૩૪	૨૪૧	૨૪૨	૨૪૩	૨૪
૩૧૧	૩૧૨	૩૧૩	૩૧૪	૩૨૧	૩૨૨	૩૨૩	૩૨
૩૨૧	૩૨૨	૩૨૩	૨૨૪	૩૩૧	૩૩૨	૩૩૩	૩૩
૪૧૧	૪૧૨	૪૧૩	૪૧૪	૪૨૧	૪૨૨	૪૨૩	૪૨
૪૩૧	૪૩૨	૪૩૩	૪૩૪	૪૪૧	૪૪૨	૪૪૩	૪૪



ખુલાસા.

(૧૧૧) હે ભાઈ ! હવે તમારે માટે બહુ સારા દિવસો આવવાના છે, તમે જે મોટા મનોરથો કરી રાખ્યા છે તે સિદ્ધ થવા જોઈએ, લડાઇમાં તમારો વિજય થવાનો, વ્યાપારમાં પણ લાભજ મળવાનો.

(૧૧૨) પ્રશ્ન પૂછનાર ભાઇ ! તું જે કાર્યની સિદ્ધિને માટે આતુર છે તેને હજી વાર છે. હમણાં તો બીજા ધર્મ ધ્યાનમાં લક્ષ આપ અને દેવાધિદેવનું ધ્યાન કર. જો રાત્રીએ તને સ્વપ્ન આવે અને તેમાં કાગડા, ઘુવડ, ગીધ અથવા માખીયો અને મચ્છરો જોવામાં આવે, તેમજ તમારા આખા શરીરને તેલ લાગ્યું હોય એવો ભાસ થાય અથવા તો કાળો નાગ જોવામાં આવે તો સમજજે કે તારે માટે આ જવાબ બરાબર જ છે.

(૧૧૩) ભાઇ! તારા કલેશ અને ચિંતાના દિવસો હવે ગયા સમજ, તું જે સ્થાન અથવા ધનની ઇચ્છા રાખી રહ્યો છે અને તું જે સજ્જનની શોધમાં છે તે તને થોડા વખતમાં આવાં મળવા જોઇએ. આની નિશાની એ કે તારા પેટ ઉપર તલ, મસા અથવા કોઈ ઘાનું કંઇક ચિહ્ન છે.

(૧૧૪) પ્રિય ભાઇ! તારૂં આ શુકન બહુ કલ્યાણકારી છે. તારા કુળની વૃદ્ધિ થશે, જમીનનો લાભ થશે, ધન તેમજ

પુત્રની પ્રાપ્તિ થશે. તારા પ્રિયમિત્રના પણ તને દર્શન થશે, કોઇની સાથે તારો નવો સંબંધ જોડાશે. ત્રણ મહીનાની અંદર તારા મનોરથો સિદ્ધ થવા જોઇએ. તું દેવ-ગુરૂની ભક્તિ કરજે. આ વાતની ખાત્રી કરવી હોય તો જો, તારા શરીરની બંને બાજુએ મસ, તલ અથવા ઘાના ચિહ્ન છે.

(૧૨૧) હે જીજ્ઞાસુ! તેં તારા મનમાં કોઇ એક સારા સ્થાનની આશા રાખી છે, કોઈ સજ્જન પુરૂષના સત્સંગ માટે આતુરતા ધરાવે છે. તારી એ આશા અને આતુરતા ફલિભૂત થશે. ધાતુ તથા ધનસંપત્તિ અને મિત્ર, પરિવાર વિગેરે પણ પહેલાની જેમ તને આવી મળશે. તારૂં જુનું માન-સન્માન પણ તને પ્રાપ્ત થશે. હવે તારા માર્ગમાં કોઇ જાતનું વિઘ્ન નથી. તું તારા સ્વપ્નમાં કોઇ વડીલ પુરૂષને જુવે તો આ વાતની જરૂર ખાત્રી રાખજે.

(૧૨૨) બન્ધુ! ધન, દોલત અને યશનો લાભ તને જરૂર થવો જોઇએ. તને સારૂં કામ-ઠેકાણું અને સન્માન મળશે. તારી મનવાંછિત વસ્તુ તને આવી મળશે. હવે નિઃશંક બની કામ કર, તારા પાપકર્મોનો હવે નાશ થયો છે, તારૂં કલ્યાણ નજીકમાં છે. આ વાતનો પુરાવો એટલોજ કે તું સ્વપ્નમાં અથવા જાગૃતીમા કોઈક ઝઘડો અથવા લડાઈ જોશે.

(૧૨૩) પ્રિયભાઈ! તારા કામની અને ધનની સિદ્ધિ થશે. તારા મનમાં જે મામલા-મુકદમાની ચિંતા છે તે તારે માટે સફળ થશે. તારા કુટુંબની ચઢતી કળા થશે. સ્રીની

તને સંપત્તિ આવી મળશે. આ વાતની તને એટલાથીજ ખાત્રી થશે કે તું જે કામ પાર પડેલાં જોવા માગે છે તે બધા તને સ્વપ્નમાં દેખાશે, અથવા તો સ્વપ્નમાં કોઇ તીર્થંકર મહારાજની પ્રતિમા, મંદિર કિંવા ચંદ્રમાના દર્શન થશે.

(૨૧૧) હે ભાઇ! તેં તારા મનમાં બહુ ભારે મનોરથ કર્યો છે, તારી ધન સંબંધી ફીકર પણ ભારે છે; છતાં બધાં સારાં વાનાં થશે. તને તારા પ્રિય ભાઇઓ અને સ્નેહીઓની મુલાકાત થશે. પુરાવો એટલોજ કે સ્વપ્નમાં તું કોઇ એક ઉંચા મકાનમાં અથવા તો ડુંગર ઉપર ચઢયો હશે અથવા તો ચઢતો જોશે.

(૨૧૨) પ્રિય બંધુ! હવે તારા ગ્રહ સારા છે. તારી ફત્તેહ થવાની છે. તને તારા મિત્રો આવી મળશે. તારા વિવાહ પછી તારા કુળની સારી વૃદ્ધિ થશે. સોના—ચાંદી વિગેરેમાં તને સારી સંપત્તિ પ્રાપ્ત થશે. આનો પુરાવો એજ કે સ્વપ્નમાં તેં ગાય, યા બળદ જોયો છે અથવા જોશે. તું પરદેશ જવાનો વિચાર કરે છે તે કુળદેવીની કૃપાથી સિદ્ધ થશે.

(૨૧૩) ભાઇ! તું કોઇ દ્વિપદ—અર્થાત્ બે પગવાળાં જીવ સંબંધી ચિંતા રાખી રહ્યો છે. તેં કામ તો ઘણાં સારાં વિચારી રાખ્યા છે, પણ તે એક મહીનાની અંદર સિદ્ધ થશે. તને તારા ભાઇઓ અને સત્પુરૂષનો સમાગમ થશે. તારૂં શરીર સુધરશે. તારી ઘણી ભાવનાઓ સિદ્ધ થશે; એટલું યાદ રાખજે કે તારા માતાપિતાની બરાબર ભક્તિ કરજે.

તારા સગાં-સંબંધી પાસેથી જે આશા રાખે છે તે પાર પડશે. આ વાતની ખાત્રી એ છે કે તેં રાત્રીએ પ્રત્યક્ષ અથવા સ્વપ્નમાં સ્ત્રી સાથે વિષય સેવ્યો છે.

(૨૧૪) પ્રિય ભાઈ! તારા ન્હાનાં-મ્હોટાં કેટલાક કામ બગડી ગયા છે, તને નુકશાન પણ થયું છે, કોઈ કોઈ જગ્યાએ તારૂં લેણું બાકી રહી ગયું છે, કોઇ કોઈએ તને દગો પણ દીધો છે. પરંતુ થોડે દૂર ગયા પછી તને લાભ થશે. આજે તેં સ્વપ્નમાં દેવ-દેવી અથવા કુલના વડીલોના દર્શન કર્યા છે અથવા નદી જોઈ છે અથવા તો કોઇ સત્પુરૂષનો સમાગમ થયો છે.

(૨૨૧) મહાશય! આજ સુધી તેં જે કામ કર્યા તેમાં તને કલેશ અને નિરાશાજ મળી છે, સુખ નથી મળ્યું. તું તારા દીલમાં તારૂં સુખ અને ધન વાંછે છે. મ્હોટી અને સારી જગ્યાએ જવાની ચિંતા ધરાવે છે. પણ તારૂં ચિત્ત ચંચળ છે. એટલું છતાં તારા દુઃખ અને કલેશનો આરો હવે આવવો જોઈએ. તારૂં ભલું થવું જોઇએ આની નીશાની એ છે કે સ્વપ્નમાં તું વૃક્ષ જોશે.

(૨૨૨) 'મહેરબાન!' પૂર્વકર્મના પ્રતાપે તારે સજ્જનોની સાથે તકરાર થઈ છે અને દુર્જનો સાથે દોસ્તી થઈ છે. એક દુશ્મન પાછળ [illegible] તને નડયા કરે છે. તું હમેશાં ચિંતાતુર રહ્યા કરે છે અને જે મહાન કામ તેં હાથ લીધું છે તેનું શું થશે તેની ફીકર કરે છે પરંતુ હવે થોડા

(૨૪૧) ભાઈ! તને વિવાહ સંબંધી ચિંતા રહ્યા કરે છે. તું કમાવા માટે અથવા તો કોઈ એક લાભને માટે બહાર જવા માગે છે. તારી મનઃકામના જલદી સિદ્ધ થશે. તારી ચઢતી કળા થશે. આ વાતનો પુરાવો એ કે તેં વિષય સેવવાની વાત કરી છે.

(૨૪૨) ભાઈ! તને તારા પરદેશ ગયેલા સ્વજન-સંબંધીઓની ચિંતા છે. તેમને ગયા આજે લાંબો વખત થઈ ગયો છે. તું તેમને જલદી પાછા આવેલા જોવા ઇંતેજાર છે. તેં જે મનસુબો કર્યો છે તે બહુ સારો છે; પરંતુ ભાવી પ્રબળ છે. તારા મનોરથ એકદમ પાર પડે એવો સંભવ નથી.

(૨૪૩) હે ભાઈ! તારા રોગ-શોક અને દુઃખ દૂર થયાં સમજ. તારા સુખના દિવસો નજીક આવી પહોંચ્યાં છે. તારી મનવાંછિત યોજના પાર પડશે. તારે માથે લટકી રહેલા ઉપદ્રવો શાંત થઈ જશે, અત્યારે તું ધારે છે ત્યાં જવાથી તને લાભ થશે.

(૨૪૪) હે પૂછનાર ભાઈ! તારા દીલમાં જે ફીકર ચિંતા છે તે દૂર થશે અને તારૂં કલ્યાણ થશે. તને હવે [illegible] કાર્યની સિદ્ધિ જ મળવી જોઈએ. જો તારા શુભ અંગ ઉપર [illegible] નીશાન હોય તો આ વાત તારે સાચી જ સમજવી.

([illegible]) ભાઈ, તું દેશાવરમાં જવાનો વિચાર કરે છે અને [illegible] સ્થાન કેવું મળશે કે કેમ? તેની ચિંતા કરે છે. [illegible] તેં કુળદેવી અને ગુરૂદેવનું અંતઃકરણપૂર્વક [illegible]

આરાધન કરશે તો તારા વિઘ્નો વિનાશને પામશે અને તને સારો લાભ મળશે. પુરાવો એ કે તું સ્વપ્નામાં કોઇ એક પહાડ અથવા ઉચ્ચ સ્થાનના દર્શન કરશે.

(૩૧૨) ભાવિક ભાઈ ! તારા મનોરથ પૂર્ણ થશે. તને ધનનો લાભ દેખીતો જ છે. તારા કુટુંબની વૃદ્ધિ અને તારા શરીરનું સુખ તને ધીમે ધીમે પ્રાપ્ત થશે. દેવતાઓ અને ગ્રહોની જે પીડા તું પહેલેથી ભોગવે છે તે દેવાધિદેવની આરાધનાથી દૂર થશે, ઉપસર્ગ સૌ દૂર થશે, તારાં નવાં કામ ફળીભૂત થશે. આ વાતનો પુરાવો એજ કે તું સ્વપ્નમાં ગાય, ઘોડો અથવા હાથી વિગેરે જોશે.

(૩૧૩) પ્રિયબન્ધુ ! તારી પૈસા સંબંધી ચિંતા એ મુખ્ય ચિંતા છે. તું દીલનો જરા નરમ માણસ છે, તેથી તારા દુશ્મનો તને દબાવી પોતાનો સ્વાર્થ સાધી જાય છે. તારા મિત્રો પણ તને જેવા જોઇએ તેવા કામમાં નથી આવતા. તું બહુ ભોળો હોવાથી તારો પૈસો બીજા લોકો ઉડાવી જાય છે. પરન્તુ હવે તારી ચિંતા વધારે વાર નહીં ટકે. તારાં દુઃખો દૂર થશે, અને તારૂં કલ્યાણ થશે. આનો પુરાવો એજ કે તારા ઘરમા એક કજીયો થઇ ગયો છે અથવા થશે.

(૩૧૪) હે ભાગ્યવાન ! આ શુકનના જેવું બીજુ કલ્યાણકારી શુકન નહી હોય. તુ હવે નિશ્ચિંત બની તારા મનોરથ સફળ થએલા જોવા ઉત્સુક છે, એ બધા મનોરથ ધીમે ધીમે પાર પડશે. આનો પુરાવો એ કે સ્વપ્નમ

તું વરસાદ પડતો જોશે અથવા તો સંપત્તિ, તળાવ યા માછલી જેવી ચીજો નજરે ચડશે.

(૩૨૧) હે મહાનુભાવ! તારે માટે આ શુકન સારૂં નથી. તેં જે કામ કરવાનો વિચાર કરી રાખ્યો છે તે ઠીક નથી. હજી એક મહીના સુધી તારા પાપકર્મનો ઉદય છે. માટે હમણાં નવા કામનો વિચાર ન કર. સરકાર અથવા રાજ તરફથી તને આફત નડે એવો સંભવ છે. માટે તું આ સ્થળનો ત્યાગ કરી બીજે કયાંઈક ચાલ્યો જજે. પછી તું આફતથી છુટો થઇ શકશે. પુરાવો એજ કે સ્વપ્નમાં તું ગવૈયાઓ અથવા કોઇ મ્હોટું શહેર જોશે.

(૩૨૨) ભાઈ! બરાબર એક મહીનાથી તું પૈસાનો જાપ જપે છે, તારા મનમાં ઉદ્વેગ અને ઉપાધી તો પારાવાર છે. પરંતુ હવે તારા દુશ્મનો પણ પોતાની દુશ્મનાવટ છોડી તારા દોસ્ત બની જશે. તારૂં ભાગ્ય બુલંદ છે. એટલે તારી સુખ-સંપત્તિ વૃદ્ધિ પામશે. ધનનો લાભ તો જરૂર થવાનો. સરકાર અથવા રાજ તરફથી તને સન્માન પણ મળવાનું આનો પુરાવો એજ કે તેં મૈથુન સંબંધી વાતો કરી છે.

(૩૨૩) હે બન્ધુ! તારા ભાગ્યનો ઉદય થતો જાય છે. હવે તને તકલીફ કે દુ:ખ જેવું કશુંજ નડવાનું નથી. તને રહેવાને સારૂં સ્થાન, ધનનો લાભ, પ્રિય મિત્રો અને સજ્જનોનો સત્સંગ આવી મળશે. તારાં બધાં દુ:ખો નાશ પામશે. તું હવે બે ફિકર રહેજે. આ વાતનો પુરાવો એ કે તું સ્વપ્નમાં તારા પ્રિય સગા-સંબધીઓને નીહાળશે.

(૩૨૪) હે ભાગ્યશાલીન્! તારા મકાન અને જમીનની વૃદ્ધિ થશે. વ્યાપારમાં પણ તને સારો લાભ મળવાનો. તેં મનમાં જે મોટા મનોરથો બાંધી રાખ્યા છે તે પાર પડવાના. તારાં દીલમાં જે એક મોટી ચિંતા ઘર કરી રહી છે તે કાઢી નાંખજે. પુરાવો એટલોજ કે તારા માથામાં એક જખમનું નિશાન છે અથવા રાત્રીએ તું કજીઓ કરીને સૂતો હશે.

(૩૩૧) હે પ્રિય પૃચ્છક! તને તારા કામકાજની; કુટુંબકબીલાની, ઘરબારની તેમજ પૈસાની બહુજ ચિંતા રહ્યા કરે છે, ધનવૃદ્ધિ અને પુત્ર પ્રાપ્ત માટે અહોનિશ ચિંતાગ્રસ્ત રહે છે. કુળદેવની ભક્તિ કરજે, એથી તને આખરે લાભ જ મળશે. સ્વપ્નામાં જો તું ગાય જુએ તો આ શુકનને વિષે સંદેહ ન આણીશ.

(૩૩૨) ભાઈ! તારે માથે આપત્તિ છે એ વાત ખરી છે. તારા મિત્રો અને ભાઈઓ પણ તને અનુકૂળ નથી, તારી એકે યોજના પાર પડતી નથી, અને તને કશો સારો લાભ મળતો નથી. એટલામાટે તારે હવે પરદેશ જવું એજ મુનાસીબ છે. ત્યાં તને ધનનો લાભ થશે. આ વાતની ખાત્રી એ કે સ્વપ્નમાં તું તારા ભાઈઓ અને મિત્રોને જોશે.

(૩૩૩) હે ભાવિક ભાઈ! તારા મનના વિચારો પાર ઉતરવા જોઈએ. સંસાર વ્યવહારની તને ભારે ફીકર છે. સગાંસંબંધીઓની કાળજી પણ કંઈ ઓછી નથી. પણ હવે તારા મનોરથ બધા ફળે એવા સારા સંયોગો આવતા જાય છે.

(૩૩૪) ભાઇ! તું હવે ચિંતા ન કરનો, તારા દુઃખના વસો વહી ગયા છે. તને કોઇક સારા માણસની સોબત થશે. ારા તમામ દુઃખોનો નાશ થયો જોઇએ અને તને ફતેહ ળવી જોઇએ.

(૩૪૧) પ્રિય બન્ધુ! તું કોઇ એક પરાયા માણસ સાથે ાતિ બાંધવા ઉત્સુક છે. ગભરામણ છોડી દેજે, તારૂં સારૂં થવાનું નિર્માયેલું છે. તને સુખ તથા ધન-ધાન્યની સારી ાપ્તિ થશે. સારા માણસની સોબત થશે.

(૩૪૨) હે મહાશય! કોઇ એક પરાયા માણસની ાથે મળવા અને વાતચીત કરવાની તને અભિલાષા છે. તારા દ અને સ્થાનની વૃદ્ધી થવાની છે. પ્રજાની વૃદ્ધિ અને આરો- ની પ્રાપ્તિ પણ તને થશે. સ્વપ્નમાં જો તું વૃક્ષ જુએ તો મજજે કે આ શુકન તારે માટે નિરર્થક નથી.

(૩૪૩) ભાઇ! તને તારા કોઇ દોસ્તે અથવા શત્રુએ ારે દગો દીધો છે, અને એથી કરીને તું બહુ મોટી મુશ્કેલી- ાં આવી પડયો છે. પરંતુ આ શુકનથી જણાય છે કે હજી ાડા દિવસ સુધી તારા જીવને ચેન નહીં પડે. તારી ગુમ થ- લી ચીજ પાછી મળે એવો સંભવ નથી. છતાં વખત જતાં ારૂં કલ્યાણ થશે એ વાત ચોક્કસ છે.

(૩૪૪) હે મહાનુભાવ! તારા કેટલાક કર્મો બહુ ઉમદા અને તેના બદલામાં તારા મનોવાંછિત ફળવા જોઇએ. તને ારા વ્યાપાર તેમજ મિત્રો. અને સ્નેહીઓની જે કાળજી રહે

છે તે દૂર થઇ જશે. આ વાતનો પુરાવો એ કે તારા માથામાં કોઈ એક સ્થાને વાગ્યાનું નિશાન છે, તું હવે આળસ તજી ઉદ્યમ કરજે, કારણ કે સદ્ભાગ્ય તારી રાહ જુએ છે.

(૪૧૧) હે પ્રશ્નકર્ત્તા ભાઇ! સાત વર્ષથી તું આધી, વ્યાધી અને ઉપાધીથી પીડાય છે. તને ધનનો લાભ જેવો જોઇએ તેવો થતો નથી તેમ તારૂં શરીર પણ સારૂં રહેતું નથી. ચિત્તની ચંચળતા તો પારાવાર છે. તેં જે એક કામ માથે લીધું હતું તેમાં નુકશાન ગયું છે. પણ હવે પ્રસન્ન બની કામ કરજે, તારી આધી-વ્યાધી-ઉપાધી દૂર થઈ જશે અને તું સુખી થશે. થોડાજ વખતમાં તને ધન-ધાન્ય અને સુખની પ્રાપ્તિ સારી રીતે થવી જોઇએ.

(૪૧૨) ભાઈ! તું સ્ત્રી સંબંધી ચિંતાથી સળગ્યા કરે છે. તારી કેટલીક થાપણ અથવા લેણું લોકોમાં દબાઇ ગયું છે, અને તને આજ-કાલ કરીને અળગો રાખે છે, ધનસંબંધી તકરારોમાં પણ તને ફતેહ નથી મળતી. હજી થોડા દિવસની રાહ જો, ત્યાર બાદ તારા પાસા સવળા પડશે.

(૪૧૩) પ્રિય બન્ધુ! તારા મનમાં પૈસાની ચિંતા મુખ્યતાએ કરીને છે. તું તારા પ્યારા મિત્રને મળવા માટે ઇંતેજાર છે. તારો હવે વિજય થવાનો, તને હવે એક એવું ઠેકાણું મળવાનું કે જ્યાંથી તને કોઇ ડગાવી નહીં શકે. પુત્રનો લાભ થશે. પરદેશ જવા છતાં તું ત્યાં કુશળક્ષેમ રહી શકશે. થોડા દિવસ પછી તારી ઘણી ઉન્નતિ થશે, તું સ્વ-

ગ્નમાં કાચ જુએ :તો માનજે કે એ શુકન સાવ સત્ય જ નીવડવાનું.

(૪૧૪) ભાઈ ! વીતરાગ દેવની કૃપાથી તારે માટે આં શુકન સારામાં સારૂં છે. તને કોઈ એક દ્વિપદ અથવા કોઇ એક મનુષ્ય વ્યકિતની ચિંતા છે તે એક મહિનાની અંદર મટી જવી જોઈએ. પૈસાની પ્રાપ્તિ અને મિત્રની મુલાકાત થવાની, તારૂં શરીર સુધરવાનું તેમજ મનની આકાંક્ષાઓ પણ પુરેપુરી પાર પડવાની.

(૪૨૧) હે ભવ્યાત્મા ! તું પઈસાદાર બનવાની ઉત્કંઠા રાખે છે. દુનિયામાં તારી પ્રતિષ્ઠા વધશે, પરદેશ જવાથી તારા મનોરથ ફળશે અને તને સારા મિત્રોનો લાભ થશે. શાસન દેવીના શરણે જા, તે તને ઘણી જાતના સરળ માર્ગ બતાવશે. આ વાતનું પ્રમાણ એ છે કે તું સ્વપ્નમાં ધન જોશે અથવા તો તેં આ સંબંધી વાતચીત કરી છે.

(૪૨૨) ભાઇ ! તને બહુ મ્હોટાઇ મેળવવાની મહત્વાકાંક્ષા છે, પણ તારી પાછળ દરિદ્રતા એવી રીતે લાગુ પડી છે કે તને માર્ગ સૂઝતો નથી અને મુંઝાય છે. તારી મુંઝવણનો પાર નથી. તું પારકાના કામ કરી આપે છે પણ જશ નથી મળતો. ત્રણ વર્ષથી તારી આ સ્થિતિ ચાલી આવે છે. એટલા માટે હવે જુના કામ પડયાં મુકી નવા કામમાં ચિત્તને પરોવ. તેમાં તને ફત્તેહ મળશે. તું રાત્રે સ્વપ્નાં જુએ છે પણ તેની તને કશી સમજણ પડતી નથી. પણ તું તારા કુળધર્મને

બરાબર વળગી રહેજે, દેવ–ગુરૂની ભક્તિ કરજે, તારા સર્વ મનોરથ સિદ્ધ થશે.

(૪૨૩) હે ભદ્રિક ભાઇ ! તારો વિજય થશે, શત્રુઓનું સત્યાનાશ જશે. ધન અને ધાન્યની પ્રાપ્તિ થશે. સજ્જનોની સોબત થશે. તારા કુટુંબમાં કુશળક્ષેમ વર્તશે. હવે તારા પાપનો ક્ષય થવા બેઠા છે. તું જે કામે હાથ ધરીશ તેમાં તારી ફત્તેહ થશે. સ્વપ્નામાં જો ઝાડ જોવામાં આવે તો આ શુકન તારે માટે જ છે એમ શ્રદ્ધાથી માનજે.

(૪૨૪) બન્ધુ ! તું એક બહુ ભારે ચિંતાથી પીડાય છે. પણ હવે તો તને પૈસાની પ્રાપ્તિ સારી રીતે થવી જોઇએ એવો તારો ગ્રહ યોગ છે. તને સુખ અને કલ્યાણ આવી મળશે. સજ્જનોની સોબત થશે. પૈસા સંબંધી ચિંતા દૂર થશે. મનને આનંદમાં રાખજે, કારણ કે તારા દુઃખના દિવસો આજથી અસ્ત પામે છે.

(૪૩૧) હે ભવી જીવ! આ શુકનથી તારૂં આયુષ બહુ લાંબું છે એમ માનજે. તું કેટલીક નકામી ચિંતાઓ રાખે છે તે ઠીક નથી. તારો મિત્ર વિયોગ હવે પુરો થાય છે અને તે થોડાજ દીવસમાં તને આવી મળશે. તારા મનોરથ ફળીભૂત થશે, દુઃખ–દોહગ દૂર જશે, દેશાવર જવાથી તને મોટો લાભ થશે એટલુંજ નહીં પણ તું કુશળ ક્ષેમ પાછો સ્વદેશમાં ફરી શકશે. જો સ્વપ્નમાં તું ઉંચો પહાડ ચઢે અથવા કોઇ મકાન જેવું જોવામાં આવે અથવા તારા હાથ–પગ

ઉપર ફેલ્લાનું નીશાન હોય તો આ શુકન તદ્દન સત્ય જ છે એમ સમજજે.

(૪૩૨) હે ભાઇ ! તારા બધા દુઃખ–દોહગ દૂર થયા સમજ. તારૂં કલ્યાણ હવે થવું જ જોઇએ. તને એક સ્થાન વિષે બહુ ચિંતા છે, તેમજ તું કોઇ એક જણને મળવા બહુ આતુર છે. ધીમે ધીમે એ બધું પાર પડશે દેશાવર સેવવાથી તને ધનની સારી પ્રાપ્તિ થશે. અને પાછો સુખ–ચેનથી ઘરે આવી શકશે.

(૪૩૩) હે મહાનુભાવ ! પહેલાં તારી પાસે યથેષ્ટ ધન હતું અને તારા મિત્રો તથા ભાઇઓ વગેરે કુટુંબીજનો તારી આજ્ઞા પ્રમાણે બરાબર ચાલતા; પરંતુ તારા કેટલાક અવિચારી કૃત્યોથી તારૂં પુણ્ય ખવાઇ ગયું છે; પરંતુ હવે ફીકર ન કર, તને ધન તો જરૂર મળવાનું, મન પ્રસન્ન થશે, તારા સ્વપ્નાં સાચાં ઠરશે.

(૪૩૪) ભાઈ ! તું જેનો નાશ થએલો જોવા માગે છે તેને હજી વાર છે. તું જે વસ્તુ સિદ્ધ થએલી જોવા માગે છે તેને પણ થોડો સમય લાગશે. ધીરજ રાખી શાન્ત જોયા કર.

(૪૪૧) પ્રિય બન્ધુ ! તારા આસજનોના દુઃખે તું દુઃખી થાય છે. પણ તારૂં એ દુઃખ અને કલેશ દૂર થવાં જોઇએ. તેં બહુ ફીકરમાં તારા જુના દિવસો વીતાવ્યા છે. હજી તારે અડની પીડા પાંચ પખવાડીયા અથવા પાંચ દિવસની બાકી છે. તેં જે કામ તારા મનમાં નિર્ધારી રાખ્યું છે તે હમણાં

મુલતવી રાખજે, કારણ કે તેમાં તને લાભ નહીં મળે. બીજું કામ કર, અને તેમાં તને લાભ થશે.

(૪૪૨) ભાઈ! તું જે કામ હાથમાં લે છે તેમાં કમભાગ્યે પાછો પડે છે. તારો કોઈ પ્રયત્ન સિદ્ધ નથી થતો. આ શકુન તારે માટે લાભકારક નથી, માટે પહેલાના વિચાર માંડી વાળી બીજા કામમાં મનને પરોવ.

(૪૪૩) હે પ્રશ્નકર્ત્તા ભાઈ! તું બીજાને માટે પ્રાણ આપવા સુધી તૈયાર છે, પણ તું તારે પોતાને માટે જે કામ હાથ ધરે છે તેમાં તને નાસીપાસજ થવું પડશે. તને કયાંઈ જશ મળતો નથી. જુની યોજનાઓ બધી જેમની તેમજ રહેવા દે અને બીજું કામ હાથ ધર. તેમાં તને જરૂર ફત્તેહ મળશે.

(૪૪૪) હે દેવાણુપ્રિય! તું જે કામનો વારંવાર વિચાર કરે છે તે હવે તુરતમાંજ ફત્તેહમંદ થવાનું. તને પુત્રનો તેમજ સારા સ્થાનનો લાભ મળવાનો. ગએલી વસ્તુ ફરીથી તને પ્રાપ્ત થશે. ધનનો લાભ તો તને બહુજ થોડી મુદતમાં થવો જોઈએ.



પાંચમી આવૃત્તિનો ખાસ વધારો

યુરોપની ધરાને ધ્રુજાવનાર

નેપોલીયનની

પ્રિય શકુનાવલી.

એમ કહેવાય છે કે યુરોપમાં નેપોલીયને જે ઉપરાછાપરી ફત્તેહો મેળવી હતી અને સર્વત્ર પોતાનો વિજય વાવટો ફરકાવ્યો હતો તેમાં મ્હોટે ભાગે આ રમલશાસ્ત્ર અથવા શકુનાવલીનોજ પ્રભાવ હતો. લડાઇમાં ઉતરતાં પહેલાં તે પોતાના શકુન અથવા નિમિત્તને બરાબર વિચારતો અને પછી પરિણામની દરકાર કર્યા વિના ઠેઠ સુધી ઝઝૂમતો.

કેટલાકોને હિંદુશાસ્ત્રની શકુનાવલી ઉપર ભારે શ્રદ્ધા હોય છે તો કેટલાકોને આ રમલશાસ્ત્ર ઉપર ભારે વિશ્વાસ હોય છે. એ બન્ને પ્રકારના ભાઇઓને ઉપયોગી થઇ પડે તે માટે શકુનાવલી સાથે અહિં રમલનો પ્રયોગ પણ આપવામાં આવે છે. જે ભાઇઓની શ્રદ્ધા રમલ પ્રત્યે હોય તેમને આ ભાગ અવશ્ય ઉપયોગી થઇ પડશે.



રમલ શકુનાવળી.

આ પુસ્તકમાં પ્રશ્નોના ખુલાસાઓ મેળવવાની એકાદ બે શકુનાવળીઓ, બીજી તરફ આપવામાં આવેલી છે, જે જો કે આ નાના ગ્રંથમાં સંપૂર્ણ ગણાશે, તથાપિ તે પ્રશ્નો-ઉત્તરાવળીઓ આપણા શાસ્ત્રોને આધારે આપવામાં આવી છે, ત્યારે આ શકુનાવળી અંગ્રેજી શાસ્ત્રને આધારે આપવામાં આવી છે. એ શકુનાવળી ફ્રાન્સના ધર્તિ ધ્રુજાવનાર શેહેનશાહ નેપોલિયન બોનાપાર્ટના પુસ્તક સંગ્રહમાંથી મળી આવેલી જણાવ્યામાં આવે છે. તે જો કે બહુ વિસ્તીર્ણ છે, પણ તેમાંથી અગત્ય જોગા જ પ્રશ્નો તારવી કહાડી તેની શુકનાવળી આ જગે આપવામાં આવી છે:-

નીચે લખેલા દિવસો પઇકીના એક પણ દિવસે આ પ્રશ્નોમાંનો કોઈપણ પ્રશ્ન જોવો નહિ અથવા કામ આરંભવું નહિ.

નામ	તારીખો.
જાનેવારી	૧-૨-૪-૬-૧૦-૨૦-૨૨.
ફેબ્રુવારી	૬-૧૭-૨૮.
માર્ચ....	૨૪-૨૬.
એપ્રીલ	૧૦-૨૭-૨૮.
મે	૭-૮.

જુન....	૨૭.
જુલાઈ	૧૭–૨૧
ઓગષ્ટ	૨૦–૨૨
સપ્ટેમ્બર	૫–૩૦
અકટોમ્બર....	૬.
નવેમ્બર	૩–૨૯
ડીસેમ્બર	૬–૧૦–૧૫.

—[o]—

પ્રશ્ન જોવાની રીત.

પ્રથમ એક સલેટ ઉપર અથવા કાગળ ઉપર તમારા ધ્યાનમાં આવે તેટલા મીંડાં ० અથવા શુન્યની ચાર હાર નીચે મુજબ માંડવી:-

000000 | હરેક મીંડાની હાર ગણી
00000 | જુઓ અને બેકી હોય
0000 | તો બે મીંડાં અને એકી
00000 | હોય તો એક મીંડું મૂકીએ.

નીચે મુજબ —

0 0
0
0 0
0 } મુજબ ઉપરની રીત મુજબ મંડાય

ઉપર મુજબ જ્યારે નક્કી તમારાં લખેલાં બીડાં આવે અને તૈયાર થાય પછી પ્રશ્ન જોવાની રીત નીચે મુજબ છેઃ—

ઉપર બતાવ્યા મુજબ પ્રશ્ન જોવા માટે શૂન્યની માળા તૈયારી થઇ એટલે પ્રશ્નના કોઠાના માથાં ઉપર જે માળાઓ છે તેમાં પોતે તૈયાર કરેલી માળા શોધી મેળવવી; પછી કોઠાની ડાબી બાજુએ જે અંકો છે તેમાં પોતાના પ્રશ્નનો અંક જોવો. પછી પોતાની શોધેલી માળા સામે તે પ્રશ્નની લીટી ઉપર જે અક્ષર આવશે તે અક્ષરનાં પાનાંમાં શુન્યોની માળા સામે પ્રશ્નનો જવાબ મળશે. દાખલા તરીકે "આજને દહાડે મને લાભ થશે કે નહીં" એ-પ્રશ્નનો જવાબ શોધવો છે. આ પ્રશ્નનો આંક ૧૫ છે, અને શુન્યની માળા તો ° ° • એ રીતે આપણે તૈયાર કરી લીધી છે. હવે આપણે તૈ ° ° • યાર કરેલી શૂન્યની માળા નીચે ૧૫ મા આંકની સામે 'ત' આવે છે માટે 'ત'નો કોઠો તપાસવો તેમાં આપણી શૂન્યની માળા સામે જ આપણા પ્રશ્નનો જવાબ તૈયાર મળશે.



નીચેના કોલમ પૈકીનો કોઈ પણ તમારા ધ્યાનમાં આવે તે પ્રશ્ન ધારો

મારી ઈચ્છા પૂરી થશે કે નહિ ?	
મને મારા કામમાં જશ મળશે કે નહિ ?	
મને મારા ધંધામાં લાભ થશે કે નહિ ?	
મને પરદેશમાં રહેવું પડશે કે નહિ ?	
ગામ ગયેલો પાછો આવશે કે નહિ ?	
મારી ચોરાયેલી મીલકત પાછી મળશે કે નહિ ?	
મારો મિત્ર મારી સાથે પ્રમાણિકપણે ચાલે છે કે નહિ ?	
મને મુસાફરી કરવી પડશે કે નહિ ?	૮
તે માણસ મને ચાહે છે કે નહિ ?	૯
આ લગન સફળ થશે કે નહિ ?	૧૦
મને કયા પ્રકારની સ્રી અથવા વર મળશે ?	૧૧
તે બાઈને છોકરો થશે કે છોકરી ?	૧૨
તે રોગી સાજો થશે કે નહિ ?	૧૩
તે કેદમાંથી છુટશે કે નહિ ?	૧૪
આજને દહાડે મને લાભ થશે કે નહિ ?	૧૫
[illegible]	૧૬

આંકો	o o o o	oo o oo o	o oo o o	oo o o oo	oo oo oo o	oo oo o oo	oo o o o	oo oo o o	o o oo oo	o o o oo	oo o oo oo	o oo oo oo	o oo oo o	o o oo o	o oo o oo	oo oo oo oo
૧	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત
૨	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક
૩	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ
૪	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ
૫	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ
૬	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ
૭	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ
૮	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ
૯	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ
૧૦	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ
૧૧	ટ	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ
૧૨	ઠ	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ
૧૩	ડ	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ
૧૪	ઢ	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ
૧૫	ણ	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ
૧૬	ત	ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ	ણ

આ ઉપરના પ્રશ્નોના કોઠા ઉપરથી બરોબર જવાબ મળશે.

ક क

જે તું ઇચ્છે છે તે તને જલદીથી મળશે.

દુઃખ તથા સંકટ છે.

જે તું કાંઇ આજ કરે છે તે ઉપર સાવધ રહે; નહિ તો તારા ઉપર સંકટ પડશે.

તે કદી મરશે અને તે બાબત તેના મિત્રને ઘણી ધાસ્તી લાગે છે.

તે હાલ જીવશે, પણ તેને મરવાનો ભય છે.

એક સારી રૂપવાળી પણ કલેશ કરનારી છોકરી થશે.

તને એક ધર્માત્મા તથા સારા ગુણવાળી સ્ત્રી મળશે.

જો તું આ સ્ત્રી સાથે લગન કરીશ તો ઓચિંતે ઠેકાણેથી શત્રુ પેદા થશે.

જો તું આ પ્રીતિ છોડીશ તો સારૂં છે કેમકે તે હમેશની ખરી નથી.

તું મુસાફરી કરવી છોડી દે, તેથી તારો સ્વાર્થ થવાનો નથી.

તારી ચોરાઇ ગયેલી મીલકત પાછી મળવાની નથી.

ગામ ગયેલો પાછો આનંદથી આવશે.

હમણાં જે ઠેકાણે તું છે ત્યાંથી તું ખસવાનો નથી.

સારા કામમાં પરમેશ્વર તુંને સારો આશ્રય આપશે.

તું ઘીણું ભાગ્યવાન છે તેથી સહાય થવાને તું પરમેશ્વર પાસે આજીજી કર.

તમો બંનેમાં સાચી તથા કપટવગરની મિત્રાઈ છે.

---

૫ ख.

જે લાભ તાહારા નસીબમાં છે, તે લેવાને બીજા એકને લોભ પેદા થયો છે.

જે કંઈ તારી આશાઓ છે તે તું હમણાં છોડી દે.

કોઈ એક પુરૂષથી તારા ઉપર કૃપા તથા મહેરબાની થશે એમ દેખાય છે.

તારા કેટલાએક શત્રુઓ છે તે તને ફાંસામાં નાંખીને દુઃખ દેશે.

મોટી મહેનતથી તને ફરીથી માફી અથવા રજા મળશે.

તે રોગી છે; તે બચવાનો નથી.

તે બાયડીને છોકરો થશે. તે ભણેલો તથા શાણો થશે.

તેને એક માતબર વર અથવા સ્ત્રી મળશે.

આ લગનથી તને મોટું ભાગ્ય તથા દોલત મળશે.

આ પ્રીત એક પ્રમાણિક તથા નિષ્કપટી માણસથી છે.

મુસાફરીમાં પરમેશ્વર તારી સંગાથે રહેશે તથા તારૂં કલ્યાણ કરશે.

જે ખોટો તથા ઠગ મિત્ર છે તેથી હુશીયાર રહે.

તારી ચીજ તને એકાએક મળશે.

સ્નેહભાવ માટે તારાથી ઘેર પાછું અવાતું નથી.

તારૂં રહેવાનું અહીંયાં નથી માટે જગા બદલવાની તૈયારીમાં રહેજે.

તને લાભ થવાનો નથી માટે ડાહ્યો થઈને હુશીયાર રહે.

ગ ग.

પરમેશ્વરના આશીર્વાદથી તને મોટો લાભ થશે.

ખરેખરો તું ભાગ્યહીન છે. પરમેશ્વરની સહાયતા સારૂ તેની પ્રાર્થના કર.

તારી ઈચ્છાઓ જો નિર્મલ હશે તો પૂરી પડશે.

તારા મિત્રોમાં શાંતિ તથા વૃદ્ધિ છે એમ દેખાય છે.

આજ સારી પેઠે હુશિયાર રહે, નહિ તો તારાપર સંકટ પડશે.

તે કેદીઓને માફી અથવા છુટ મળવી ઘણી મુશ્કેલ પડશે.

તે રોગી સાજો થઈને આગળ શરીર સંપત્તિ તથા દ્રવ્ય સંપત્તિ ભોગવશે.

તે સ્ત્રીને છોકરી થશે અને દુઃખ પડશે.

તે માણસ પાસે ઘણું ધન નથી, તે મધ્યમ અવસ્થાનો છે.

આ લગન કરીશ નહિ, કરશે તો દુઃખી થઈશ.

લગનને માટે સ્ત્રીની ખુશામત કરવી છોડી દે. તેથી તારો નાશ થશે

[illegible] છે [illegible] તો સારૂં છે.

[illegible] વિશ્વાસ રાખ

[illegible] નથી

ગામ ગયેલો માણસ આજારી છે માટે તે તને મળવાનો નથી.

જ્યાં છે ત્યાંજ રહેવું હાલ ઘટારત છે.

ધ ઘ.

બીજા દેશમાં તને પુષ્કળ ધનદોલત મળશે.

પ્રમાણિકપણે જો તું રહેશે તો તને બમણું મળશે.

પરમેશ્વર તારા નઠારા ભાગ્યને બદલીને તને જશ તથા સુખ આપશે.

તું પોતાની કલ્પના ફેરવ, નહિ તો દુઃખી તથા દિલગીર થઇશ.

તારા ઉદ્યોગમાં ઘણાં વિઘ્ન આડાં આવશે એમ દેખાય છે.

જે કાંઈ વાસનાઓ આજ તારા મનમાં હોય તે કાઢી નાંખ.

આ વખત પણ તે કેદીઓનો બંધ ફરીથી ખલાસ થશે.

રોગીનું દુઃખ ઘણા દિવસનું તથા સંદેહવાળું થશે.

તે સ્ત્રીને એક સ્વરૂપવાન તથા આગળ પડનારો એવો છોકરો થશે.

તે પુરૂષ હલકી પદવીનો છે પણ પ્રમાણિક મનનો છે.

એ લગન તારા કલ્યાણની તથા સંપત્તિની વૃદ્ધિ કરશે.

તારૂં સારૂં બોલતો નથી એવા એક પુરૂષ ઉપર પ્રીતિ કરે છે.

આગળ પાછળ વિચારી જોઇને તું ચાલશે તો તારી મુસાફરી સફળ થશે.

તે જે બોલે છે તેવું તેના મનમાં નથી; કેમકે તે ખોટાં મનનો છે.

કાંઇ પૈસા ખરચ કર્યાથી તથા શ્રમથી તારી વસ્તુ તને ફરી મળશે,

ગામ ગયેલાને ફરીથી જોવાની આશા રાખીશ નહિ.

૭ ઙ.

પરદેશ ગયેલો પાછો આવશે પણ જેમ તું તેની રાહ જોવે છે તે પ્રમાણે તે વહેલો આવવાનો નથી.

તું પોતાના મિત્રોમાં રહે તેથી કરીને તારૂં સારૂં થશે.

જે તું બોલે છે તે તને આગળ મળશે.

તું ભાગ્યહીન છે માટે પરમેશ્વરની પ્રાર્થના કર તથા પ્રમાણિકપણે રહે.

એક મિત્રથી તારી આશા પૂરી થશે.

તારૂં સ્વપ્નું એમ કહે છે કે, તારા શત્રુઓ છે તે તારો નાશ કરવા તથા દુઃખ દેવાનો ઉદ્યોગ કરે છે.

સંભાળ, એક વેરી તારી સાથે કજીઓ કરીને તને દુઃખમાં નાખવાનો ઉદ્યોગ કરે છે.

કેદીને ચિંતા તથા દુઃખ મોટું છે અને તેનો છુટકો થવાનો સંભવ નથી.

રોગી જલદીથી સારો થશે અને હવે તેને ભય નથી.

તે સ્ત્રીને છોકરી થશે તે આબરૂ તથા માનવાળી થશે.

તને દારૂડી સ્ત્રી અથવા વર મળશે તે વ્યસનથી હલકી પદવીનો થશે.

આ લગનથી તને મુફલીસી પેદા થશે માટે ડહાપણ ધર.

તેની પ્રીત તારા ઉપર ખોટી છે તથા બીજા ઉપર ખરી છે.

હવે તું મુસાફરી કરીશ નહિ તેથી તને સંકટ પેદા થશે.

આ માણસ ભલો તથા વગર કપટનો તથા સારૂં માન આપવા લાયક છે.

તારી ખોવાયેલી જણસ મળવાની નથી.

ચ ષ.

ઉતાવળ નહિ કરીશ તો તારી જણસ તને પાછી મળશે.

ગામ ગયેલા માણસનું પાછું આવવું તેના હાથમાં નથી.

પરદેશમાં તને લાભ થશે તથા જશ મળશે.

ધીરજ ધરીને રહે, નસીબમાં મોટો લાભ થવાનો છે.

હમણાં તારૂં કામ થવાને મોટી અડચણ છે.

તારા ઉપર સંકટ તથા દુઃખ પડશે એમ દેખાય છે.

આ દહાડા નઠારા છે માટે તું તારી ધારણા ફેરવ.

કેદીનો બંધ છુટો થઇને છુટી જશે.

તે રોગી સારો થશે, તે વિશે સંદેહ છે.

તે સ્ત્રીને સારો શોભીતો છોકરો થશે.

તને એક ગમતા સ્વભાવનો વર અથવા સ્ત્રી મળશે.

તારી ધારણાઓ તારી શાન્તિ તથા સમાધાનનો નાશ કરશે.

આ પ્રીતિ હમેશની તથા ખરી છે માટે છોડીશ નહિ.

તું મુસાફરી કરવાનો આરંભ કર તેથી તને દુઃખ થવાનું નથી.

હમણાં તારી ઈચ્છાઓ નિષ્ફળ છે.

જો તું આ મિત્ર ઉપર વિશ્વાસ રાખીશ તો તને દુઃખ પેદા થશે.

---

૭ છુ.

આ મિત્ર બીજા સઘળા કરતાં સઘળી વાતે સારો છે.

તારે આ તોટો ધીરજથી સોસવો જોઇએ.

ગામ ગયેલો માણસ એકાએક પાછો આવશે.

તું પોતાનાં સગાં વહાલામાં રહે, તેથી તારા ઉપરની આફત મટશે.


તારા ધંધામાં તને લાભ થનાર નથી.

તારા ઉપર પરમેશ્વર કૃપા કરશે.

નહિ બને.	૦૦૦૦
તું તારા પોતાના શત્રુના હાથમાંથી વહેલો છુટીશ.	૦૦૦૦
તારા ઉપર આફત આવે છે તેમાં તને કષ્ટ પડશે.	૦૦૦૦
તે કેદી મુવા વગર છુટવાનો નથી.	૦૦૦૦
પરમેશ્વરની કૃપાથી તે રોગી સારો થશે.	૦૦૦૦
તે બાઇડીને એક છોકરી થશે પણ તેનું શરીર રોગી રહેશે	૦૦૦૦
તને એક જુવાન શોભીતી સ્ત્રી અથવા પુરૂષ મળશે.	૦૦૦૦
આ લગન રહેવા દેવાથી તને સુખ થવાનું નથી.	૦૦૦૦
આ પ્રીતિ તું છોડી દે.	૦૦૦૦
કોઈ વખત તને બહાર મુસાફરી કરવી પડશે પણ કાંઈક અચાનક કારણથી પાછું તારે ઘેર આવવું પડશે.	૦૦૦૦

૪ જ.

તું પરદેશ જવા નીકળ, તેથી તારા મનમાં છે તેવું થશે.	૦૦૦૦



તારો ઢોંગી મિત્ર તારા ઉપર વેર રાખે છે.

તારી ખોવાયલી મીલકત પાછી મળવાની આશા ફોકટ છે.

કાંઈ એક કામ માટે તેનાથી પાછું અવાતું નથી.

પરદેશમાં તારૂં ભાગ્ય મોટું છે.

આ ધંધો તું મૂકી દે એટલે તારૂં સારૂં થશે.

જે તું ઇચ્છે છે તે તને મળશે.

આજ તારૂં નશીબ ઉઘડશે એમ દેખાય છે.

તું પોતાનાં જીવને ધીરજ આપ, તારૂં જલદીથી નશીબ ઉઘડશે.

ઘણા દહાડા તે કેદમાં રહીને છુટો થશે.

તે રોગી સારો થશે.

તે સ્રીને એક નીરોગી છોકરો થશે.

થોડા દહાડામાંજ તું પોતાની બરોબરીના સાથે લગન કરીશ.

તારૂં કામ થવાનું નથી તારી આશા ફોકટ છે.

જો તું સુખી થવા ચાહતો હોય તો, આ પુરૂષ અથવા સ્ત્રી સાથે લગન કરીશ.

તે માણસની તારા ઉપર પ્રીતિ છે તથા છેવટ સૂધી એમજ રહેશે.

૪ ક.

પ્રીતિ ઘણી છે પણ લોક તેની અદેખાઇ કરશે.

મુસાફરી કરવાથી કાંઇ તને મળવાનું નથી.

તારો મિત્ર તારા જેવો હોય એમ તું ઇચ્છે છે તેવોજ તે પ્રમાણિક છે.

એક ધુતારા માણસથી તારી ચોરાયલી જણસ મળશે.

ગામ ગયેલું માણસ ખુશીથી વહેલું પાછું આવશે.

પરદેશમાં તારૂં સારૂં થનાર નથી.

તારૂં નશીબ વહેલુંજ નઠારૂં થવા માટે ફરશે.

તારા ધાર્યા પ્રમાણે કામ સિદ્ધ થશે.

ાપર સંકટ આવશે એવી જે તને બીક છે તે દૂર થશે એમ દેખાય છે.

તારા વેરીઓ તારૂં નઠારૂં ઈચ્છે છે તે વિશે તું હુશિયાર રહે.

ડા દીવસ પછી તે કેટી વિશેની તારી ચિંતા મટશે.

થકી તુને સુખ થવાનું નથી. તેવી સ્ત્રી અથવા પુરૂષથી તું લગન કરશે.

મેશ્વર તે રોગીને ફરીથી તંદુરસ્તી તથા શક્તિ આપશે.

ઈનું સારૂં કરનાર જે પરમેશ્વર તે ઉપર તું ભરોંસો રાખ.

સ્ત્રીને એક સારી શોભીતી છોકરી થશે.

લગન તારી મરજી પ્રમાણે થનાર નથી.

ત્ર.

ી વિપત્તિ ભોગવવા પછી સુખી થઈશ.

પ્રમાણિક માણસથી આપની પ્રીતિ છે.

ામ. તારી આબાદી થશે.

તું આ માણસની દોસ્તી ઉપર વિશ્વાસ રાખીશ નહિ.

તારી જણસ ચોરાઈ ગઇ પણ તેના ચોરને સજા મળશે.

તું મુસાફરીથી કેટલાએક દહાડા સુધી આવવાનો નથી.

પરદેશમાં તને દ્રવ્ય તથા સુખ મળશે.

હમણાં તારા કામની સિદ્ધિ થવાની નથી.

તારૂં કામ સિદ્ધ થશે.

તું પોતાની ધારણા ફેરવ એટલે તારૂં સારૂં થશે.

તારા પાસે ઘણા ઠગો છે એમ દેખાય છે.

તે કેદી છુટશે.

તે રોગી મરશે.

તે બાયડીને છોકરો થશે.

તું સંપથી રહે એટલે તારૂં કામ વહેલું થશે.

તારૂં લગન થવું કઠણુ છે.

૯ ૮.

તને એક ખુબસુરત સ્ત્રી અથવા વર મળશે.

આ લગનમાં ઘણાં વિઘ્ન પડશે.

આ પ્રીતિ ખોટી તથા ચંચળ છે.

મુસાફરીમાં તને દૈવ સામો થશે.

તારા ઉપર તે માણુસની પ્રીતિ ખરી છે, તું વિશ્વાસ રાખ.

તારી વસ્તુ તને પાછી મળવાની નથી પણ તેના ચોરને સજા થશે.

ગામ ગયેલો માણુસ વહેલો પૈસાદાર થઈને આવશે.

જો તું ઘેર રહેશે તો તારૂં સારૂં થશે.

તને ઘણો લાભ થનાર નથી.

તને સંકટ તથા દુ:ખ પેદા થશે.

તારી મરજી પ્રમાણે તારૂં કામ થશે.	o o / o o o o
તને પૈસા મળશે એમ દેખાય છે.	o / o o o o o o
શત્રુની અદેખાઇને લીધે તું સારૂં કરશે.	o o o / o o o
તે કેદીને કેદખાનામાં ઘણા દીવસ રહેવું પડશે.	o o / o o o
તે રોગી સાજો થશે.	o o / o o o o
તે બાયડીને છોકરી થશે.	o o o o / o o o o

૬ ૬.

આ બાયડીને એક છોકરો થશે.	o o o o
ઘણા પૈસા ખરચ્યાથી તથા ઘણી મહેનત કર્યાથી તારૂં લગન થશે.	o o o / o o o
તે લગન સારી રીતે થશે.	o o o / o o
સ્ત્રી અથવા પુરૂષ આ વખત તારા થવા ઇચ્છે છે.	o o / o o o
બહારગામ ફર્યાથી તારૂં સારૂં થશે.	o o o o / o o o o o

તે માણસ ઉપર ઘણો વિશ્વાસ રાખીશ ના.

એક મૂકરર કરેલા વખતે તારી ખોવાયેલી વસ્તુ મળશે.

મુસાફરનું પાછું આવવું તેની ચાલચલણુ ઉપરથી ખચીત નથી.

પરદેશમાં તારી મરજી પ્રમાણે સિદ્ધ થશે.

લાભની આશા રાખીશ તે ફોકટ છે.

તારી ઇચ્છા કરતાં તને વધુ મળશે.


જે કાંઇ તારી ઇચ્છાઓ છે તે વહેલી પૂરી પડશે.

તને લગનની વાતનું માગું આવશે એમ દેખાય છે.

ખરાબ નસીબ વિષે તને કંઇ ચિંતા કરવી પડશે નહીં.

કોઇ એકને દયા આવ્યાથી તે કેદી છુટો થશે.

રોગીનું સારૂં થવું સંભવિત નથી.



૧૩.

તે રોગી સારો થશે પણ ઘણાં દિવસ જીવવાનો નથી.

તે બાયડીને છોકરો થશે.

તને એક સારો ફળવાન પુરૂષ અથવા સ્ત્રી મળશે.

આ લગન તુંને કાંઇ ફળવાનું નથી.

થોડો વખત ધીરજ રાખ તારા ઉપર તેની મોટી પ્રીતિ છે.

ઘરમાંથી બહાર જઇશ નહિ.

આ માણસ ખરો મિત્ર છે.

તારી ચોરી મળવાની નથી

મુસાફર વહેલો પાછો આવનાર નથી.

પરદેશમાં તું નઠારી સ્ત્રીઓથી દૂર રહે નહિ તો તુંને દુઃખ થશે.

જે કાંઇ થોડું તું ઇચ્છે છે તે વહેલું મળશે.

આ કેદી પોતાના શત્રુના હાથમાંથી છુટશે.

તે રોગી સારો થશે તથા ઘણા દીવસ જીવશે.

તે બાઇડીને છોકરો થશે.

એક જુવાન પૈસાદાર સ્ત્રી અથવા પુરૂષ સાથે લગન કરશે.

તું લગન કરવાની ઉતાવળ કર જેથી તને સુખ મળશે.

તે માણુસ તને દીલથી ચાહે છે.

પરદેશમાં તારા કામની સિદ્ધિ થવાનો નથી.

આ મિત્ર સોના કરતાં વધારે મુલનો છે.

તારી [illegible] મળવાનો નથી.

તે રોગી [illegible] નથી.

તું [illegible] વિદ્વાન [illegible] રહે.

તું [illegible]

તું તારા સારા ભાગ્ય ઉપર વિશ્વાસ રાખીશ નહિ.

જે તું ઇચ્છે છે તે તુંને મળતું જે જશે.

તારૂં સ્વપ્નું એમ કહે છે કે આજ તું હુશીઆર રહે નહિ તો એકાએક જોખમમાં પડશે.

ત ત.

તું તારા મિત્રોમાં ઘણું સુખ તથા આનંદ ભોગવીશ એમ દેખાય છે.

આ દહાડા ઘણા નઠારા છે.

જો તું હમણાં દુઃખ ભોગવે છે તો આગળ મોટી આબરૂ મેળવશે.

તે રોગી સારો થશે પણ ખચીત મરશે.

તે બાઈડીને છોકરો થશે, તે આગળ સારો નીવડશે.

એક નઠારા સ્વભાવની, માતબર સ્ત્રી અથવા વર મળશે.

આ સ્ત્રી યા પુરૂષ સાથે લગન કરીશ તો મૂકરર સુખ મળશે.

આ માણસની તારા ઉપર પ્રીત છે પણ તે ઉઘાડી કરવા ચાહતો નથી.

તું નિર્ભયપણાથી મુસાફરી જા.

તેના ઉપર વિશ્વાસ રાખીશ નહિ, તે ચંચળ તથા કપટી છે.

તને વિચિત્ર રીતે તારી ખોવાયેલી મીલકત પાછી મળશે.

મુસાફર ઘણો વહેલો પાછો આવશે.

તું પરદેશમાં સુખ તથા શાન્તિથી રહીશ.

જો તું પ્રમાણિકપણે રહેશે તો જશ પામશે.

હજી તું વૈભવમાં તથા દોલતમાં રહીશ.

તું પોતાની હમણાંની સ્થિતિમાં રહીશ તો સારૂં છે.



મેઘજી હીરજી બુકસેલર, પાયધુની મુંબઇ નં. ૩

ઉત્તમકુમાર ચરિત્ર–સચિત્ર.

કર્તા—પ્રભાવક શ્રી જીનહર્ષસૂરિ વિરચિત.

આ મહાન્ ચમત્કારી પુરૂષના ગ્રંથમાં નીચેના વિષયો આવેલા છે.

(૧) ગંગા કિનારે આનંદ, (૨) વારાણસી નગરી, (૩) કર્મ પરીક્ષા, (૪) અશ્વ પરિક્ષા, (૫) કૃતઘ્નીને ધિક્કાર, (૬) મદાલસા, (૭) પરનારી સહોદર, (૮) કુબેરદત્તના કુબુદ્ધિ, (૯) શક્તિ હૃદયા મદાલસા, (૧૦) પાપનો ઘડો ફુટ્યો, (૧૧) તિલોત્તમાનો મેળાપ, (૧૨) વિશ્વકર્માનો અવતાર, (૧૩) સર્પદંશ, (૧૪) ઉપકારનો બદલો, (૧૫) પરસ્પર પ્રેમ જાગ્રતિ, (૧૬) સહસ્ર કળા, (૧૭) ત્રિલોચનાની ચિંતા, (૧૮) વિષ પ્રયોગ, (૧૯) સ્વામિ અને શેઠ, (૨૦) પક્ષીની પંડિતાઈ, (૨૧) અભયદાન, (૨૨) ચતુરાની ચોકડી, (૨૩) શત્રુ મિત્ર થયો, (૨૪) પુત્ર સ્મરણ, (૨૫) ગોપાચળમાં યુદ્ધ, (૨૬) કેવળી કથિત પૂર્વભવ, (૨૭) ઉપસંહાર. કિંમત રૂા. ૧–૮–૦

તું નિર્ભયપણાથી મુસાફરી જા.

તેના ઉપર વિશ્વાસ રાખીશ નહિ, તે ચંચળ તથા કપટી છે.

તને વિચિત્ર રીતે તારી ખોવાગેલી મીલકત પાછી મળશે.

મુસાફર ઘણો વહેલો પાછો આવશે.

તું પરદેશમાં સુખ તથા શાન્તિથી રહીશ.

જો તું પ્રમાણિકપણે રહેશે તો જશ પામશે.

હજી તું વૈભવમાં તથા દોલતમાં રહીશ.

તું પોતાની હમણાંની સ્થિતિમાં રહીશ તો સારૂં છે.



મેઘજી હીરજી બુકસેલર, પાયધુની મુંબઇ નં. ૩

ઉત્તમકુમાર ચરિત્ર—સચિત્ર.

કર્ત્તા—પ્રભાવક શ્રી જીનહર્ષસૂરિ વિરચિત.

આ મહાન્ ચમત્કારી પુરૂષના ગ્રંથમાં
નીચેના વિષયો આવેલા છે.

(૧) ગંગા કિનારે આનંદ, (૨) વારાણસી નગરી, (૩) કર્મ પરીક્ષા, (૪) અશ્વ પરિક્ષા, (૫) કૃતઘ્નીને ધિક્કાર, (૬) મદાલસા, (૭) પરનારી સહોદર, (૮) કુબેરદત્તના કુબુદ્ધિ, (૯) શક્તિ હૃદયા મદાલસા, (૧૦) પાપનો ઘડો ફુટ્યો, (૧૧) ત્રિલોચનાનો મેળાપ, (૧૨) વિશ્વકર્માનો અવતાર, (૧૩) સર્પદંશ, (૧૪) ઉપકારનો બદલો, (૧૫) [illegible] પ્રેમ [illegible], (૧૬) સહસ્ર કળા. (૧૭) [illegible] ચિંતા. (૧૮) વિષ પ્રયોગ. (૧૯) [illegible] (૨૦) [illegible] ની [illegible] (૨૧) [illegible] [illegible]



“ તારા જેવા વીરનરથીજ આ ભારતભૂમિ વીરવતી છે ”

(ઉત્તમકુમારના અનેક વિવિધમાર્ગે [illegible])